View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Makwana, Mukesh N., 2007, *રવિ-ભાણ સંપ્રદાયના હરિજન સંત કવિઓઃ એક વિવેચનાત્મક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/236

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિનિયન વિદ્યાશાખામાં પીએચ.ડી.ની
પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ મહાનિબંધ

# "રવિ-ભાણ સંપ્રદાયના હરિજન સંત કવિઓ : એક વિવેચનાત્મક અધ્યયન"

"THE CONTRIBUTION OF HARIJAN SANTS OF RAVI-BHAN CULT" : A CRITICAL STUDY


-:: પ્રસ્તુત કર્તા ::-

**મકવાણા મૂકેશ નાથાભાઈ**

(એમ. એ., બી. એડ.)

-:: માર્ગદર્શક ::-

**ડો. બળવંતભાઇ એસ. જાની**

અધ્યક્ષ-પ્રાધ્યાપક
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
***રાજકોટ-૫***



**રજિસ્ટ્રેશન નંબર: ૩૦૧૮** **તા. ૧૭-૧૦-૨૦૦૩**

# ◈ પ્રમાણપત્ર ◈

આથી હું પ્રમાણિત કરું છું કે ***મકવાણા મૂકેશ એન.*** મારા માર્ગદર્શન હેઠળ ***'રવિ-ભાણ' સંપ્રદાયના હરિજન સંત કવિઓ : એક વિવેચનાત્મક અધ્યયન'*** (રજિ. ૩૦૧૮- તા.૧૭-૧૦-૨૦૦૩) નામનો મહાશોધ નિબંધ વિનયન વિદ્યા શાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે લખીને રજૂ કર્યો છે.

આ મહાશોધ નિબંધમાં એમણે મારા માર્ગદર્શન હેઠળ અને મારી સલાહ સૂચન પ્રમાણે અધ્યયન, સંશોધન કરી પોતાનું સંપૂર્ણ મૌલિક દૃષ્ટિબિંદુ રજૂ કરેલ છે.

ઉપર્યુકત સંશોધન, મહાનિબંધ કે તેનો કોઇ અંશ પ્રકાશિત થયા નથી કે કોઇ પદવી અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી. તેઓ આ મહાનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરે છે.

તા.

**(ડો. બળવંતભાઇ એસ. જાની)**
અધ્યક્ષ-પ્રાધ્યાપક
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

# ◈ ઋણ સ્વીકાર ◈

સંશોધન કાર્યની સફળતા સૌના સાથ અને સહકાર પર આધાર રાખે છે. આથી અહીં રજૂ થયેલ સંશોધન-અભ્યાસમાં અને સાથ અને સહકાર આપનારાઓનો હું ઋણ સ્વીકાર કરતા કૃતજ્ઞતા કૃતકૃત્યતા અનુભવું છું. સર્વપ્રથમ હું મારા સંશોધનની કેડી કંડારનાર (યુ.જી.સી. નેટ એન્ડ જે. આર. એફ) કે જેની પરીક્ષામાં ઉત્તીર્ણ થતા અને જુનિયર રિસર્ચ ફેલોશીપ આપી અને મને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં સંશોધન કાર્ય કરવાનો અવસર મળ્યો એ બદલ (યુ.જી.સી.) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનો અત્રે આભાર વ્યકત કરું છું તદ્ઉપરાંત મારા સંશોધન શિક્ષણની સાથો સાથ જીવન ઘડતરની સાચી દિશા જેમના તરફથી મળી છે એવા ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ-પ્રાધ્યાપક અને મારા ગુરુવર્ય માર્ગ દર્શકશ્રી ડો. બળવંતભાઇ એસ.જાનીનો આ તકે આભાર માનું તેટલો ઓછો છે. તેમના વાત્સલ્ય અને મમત્વ ભરેલા સ્વભાવે મારા કાર્યને પૂર્ણતાએ પહોંચાડ્યું છે.

મારા સંશોધન કાર્યમાં આગળનો રાહ ચીંધનાર ડૉ. નાથાલાલભાઇ ગોહિલ, ડૉ. નિરંજન રાજયગુરુ, ડૉ.મનોજ રાવલ કે જેમણે મને શોધ પ્રવાસ દરમિયાન પ્રાપ્ત થયેલ જૂના લેખો અને પુસ્તકોમાંથી ઊંડાણનું અધ્યયન કરાવીને મારા સંશોધનને સરળ બનાવી આપેલ છે. તેથી તેમનો પણ હું આભારી છું. તેમજ ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના ડૉ. બિપિનભાઇ આશરનો પણ આભારી છું. જેમણે મને સતત માર્ગદર્શન અને શીખ આપતા રહેલ છે. તેમજ ભવનના અન્ય પ્રોફેસરો, તેમજ વહીવટી કર્મચારી રક્ષાબેન, વગેરેનો આ તકે આભારી છું.

મારા સંશોધના કાર્યમાં શોધ પ્રવાસ દરમિયાન જે જે સંતો-મહંતોની જગ્યા સ્થાનકની મુલાકાત લીધી ત્યાંના મહંત, સાધુ કે ગાદીપતિ કે જેમણે મને માહિતી આપી અને મારા કાર્યને સરળ બનાવી દીધું તેથી તેમનો પણ હું ઋણી છું. તેમજ મારા કામમાં અને સાથે પ્રવાસ કરનાર સ્નેહી, મિત્રો, સાથીદાર નામી અને અનામી સર્વનો આ તકે હું આભાર વ્યકત કરું છું.

**મકવાણા મૂકેશ એન.**

# ◈ અનુક્રમણિકા ◈


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| ✦ | ભૂમિકા | ૯-૧૦ |
| ૧. | રવિ-ભાણ સંપ્રદાયનો પરિચય | ૧૧-૪૪ |
| ૨. | રવિ-ભાણ સંપ્રદાયની વાણીના પ્રમુખ પ્રકારો | ૪૫-૭૨ |
| ૩. | રવિ-ભાણ સંપ્રદાયના હરિજન સંતો અને તેની વાણી | ૭૩-૮૫ |
| ૪. | ત્રિકમ સાહેબનું જીવન-કવન | ૮૬-૧૦૦ |
| ૫. | ભીમ સાહેબનું જીવન-કવન | ૧૦૦-૧૦૭ |
| ૬. | નથુરામ સાહેબનું જીવન-કવન | ૧૦૮-૧૧૦ |
| ૭. | લક્ષ્મી સાહેબનું જીવન-કવન | ૧૧૧-૧૧૬ |
| ૮. | દાસી જીવણ સાહેબનું જીવન-કવન | ૧૧૭-૧૩૬ |
| ૯. | અક્કલદાસનું જીવન-કવન | ૧૩૭-૧૪૦ |
| ૧૦. | કરમણ ભગતનું જીવન-કવન | ૧૪૧-૧૪૩ |
| ૧૧. | વાઘા ભગતનું જીવન-કવન | ૧૪૪-૧૪૭ |
| ૧૨. | બાળક સાહેબનું જીવન-કવન | ૧૪૮-૧૫૪ |
| ૧૩. | માણંદ ભગતનું જીવન-કવન | ૧૫૫-૧૫૭ |
| ૧૪. | અરજણદાસનું જીવન-કવન | ૧૫૮-૧૬૦ |
| ૧૫. | પીઠા ભગતનું જીવન-કવન | ૧૬૧-૧૬૭ |
| ૧૬. | ઉપસંહાર | ૧૬૮-૧૬૯ |
| ૧૭. | પરિશિષ્ટ | ૧૭૦-૨૩૬ |

# ◈ ભૂમિકા ◈

**"સંત દર્શન સુખ ઉપજે,**
**મિટે ત્રિવિધ સંતાપ,**
**આલી યહ જગ દેખિયા,**
**બડો સંત પ્રતાપ."**

ભારતની પવિત્ર ધરતીના પાવનકારી સપૂત એવા સંતોની ધારા ઋષિમુનિઓની શરૂ થઇ આજ પર્યન્ત સતત વહેતી રહી છે. ભારતીય સંસ્કૃતિના ભારતીય અસ્મિતાના રક્ષકો-સંવર્ધકો એવા આ સંતરત્નો જમાને જમાને ઝળકયા છે. જ્ઞાન, ભક્તિ, કર્મ, કર્મફળત્યાગ, સંયમ, સત્ય, અહિંસા, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ જેવા ભારતીય સંસ્કૃતિના સત્ત્વોને-માનવ મૂલ્યોને આ અંતર્મુખી સાધકોએ સંવર્ધ્યા છે. ભારતીય ગૌરવને, ભારતીય અસ્મિતાને, ભારતની સંસ્કૃતિને હિમાલય ગિરિશૃંગ રૂપે અડગ અને અચળ રાખી તેની સુવાસને મહેંકતી રાખી છે.

માનવમાંના માનવીય ગૌરવને ગરિમાને જગાડી તદાનુસાર તેનામાંના મનુષ્યત્વને જાગૃત કરી સાચી દિશાએ દોરી જનાર સંતો ખરા પથદર્શક છે. 'પરમહિતકારી' છે. 'જંગમતીર્થ' છે. માણસના આત્મભાનને, આત્મગૌરવને જગાડનાર આતમ ખુમારીથી ભર્યા ભર્યા સંતો આપણી અમૂલખ અમીરાત છે. સંતો આપણું અમૂલ્ય આભૂષણ છે. માનવીય સતદલથી પ્રફૂલ્લિત આ માનવ-પુષ્પ આપણું ગૌરવ છે. સંતો અને તેના ધર્મ સ્થાનકો આપણો ભવ્ય વારસો છે.

આ સંતો-ભકતો અને તેમના સ્થાનકો કર્મ, ભક્તિ અને જ્ઞાનના ત્રિવેણી સંગમથી મહેંકે છે. સંતોએ જે સંસ્કાર વારસો આવ્યો છે. તે આપણી સંસ્કૃતિને ઉજ્જવળ બનાવે છે. સંતોના જીવન અને કવનમાં આધ્યાત્મિક જીવનનો અપૂર્વ બોધ હોય છે. તેમાંથી પ્રેરણા મેળવી જીવન આદર્શમય બની શકે. સંતોએ ભારતીય સંસ્કૃતિને માનવ મૂલ્યોને યથાતથા ઘાટ આપ્યો છે. ભારતભૂમિ ધન્ય અને ભવ્ય બની છે. ઉજવળી અને પવિત્ર બની છે તેમાં આ  સંતોનું મોટું પ્રદાન છે. પાવનકારી પવિત્ર ગંગાના નીર જેવા સંતોના ઊજળા જીવનથી અને તેમની સાચુકલી વાણીથી ભારત ભૂમિ ગૌરવવંતી બની છે.

સર્જન માટે કવિતા માટે પ્રથમ આવશ્યક તત્ત્વ છે. માનવ્ય ભાવ, આ માનવ્યભાવ

સંતોના જીવન આને વ્યક્તિત્વમાં ગુંથાયેલ હોય છે. સંતો માનવ્યભાવથી-માણસાઇથી ધબકતા માનવ છે. તેમના જીવનનો એક-એક પ્રસંગ, જીવનની એક-એક ઘટના, એક-એક પરિસ્થિતિ માનવતાનું ગરવું ગિરિશૃંગ છે. કાળ અને સ્થળને ઓળંગીને પણ સંતોનો શબ્દ સ્પર્શે છે. સંતોની પરાવાણીનો અવાજ અને અર્થ સાયુજય સાધી સમસ્ત ચૈતન્યમાંથી નિસ્પન્ન થાય છે. આ વાણી એટલી શક્તિમંત અને સાર્થ છે કે તે વાણીના સંપર્ક પુરતો તો ભાવક ચોક્કસ ચેતનાની ઊર્ધ્વગતિમાં વિહરે છે. કોઇ, સંકુચિતતા નહિ, કોઇ વાડાબંધી નહિ, સાંપ્રદાયિક સંકુચિતતાથી પર પણ, કોઇ પૂર્વગ્રહ કે મતાગ્રહ નહિ, આવરણ કે આડંબર નહિ, રાગોદ્વેષમુકત નિર્લેપ અને નિસ્પૃહ રહી અપાર કરુણાથી છલકાતું સંતહૃદય સાચો રાહ ચીંધે છે. સહજ અને મસ્ત દશાએ અનુભૂતિનું અભિવ્યકિતમાં રૂપાંતર કાવ્ય સૌંદર્ય જન્માવે છે.

કલા નિર્માણ માટે શિશુ જેવો વિસ્મય ભાવ જોઇએ, જે સંતોમાં સહજ છે. શિશુની જેમ સંતોમાં સહજતા, સરળતા, પ્રેમ, વિસ્મય ઇત્યાદિ ગુણ હોય છે. જે અનાયાસે સ્ફૂરે છે. અને શબ્દલીલા રૂપે વિલસે છે. ત્યારે સર્વોત્તમ કલાપદાર્થ નીપજે છે. આ સાહિત્ય-કલા સર્જનમાં સચ્ચાઇનું તત્ત્વ શિરમોર છે. અનુભૂતિની સચ્ચાઇ કલાને કવિતાને ચિરંજીવ બનાવે છે. શિશુની જેમ સંત પણ વ્યવહારમાં સચ્ચાઇથી ભર્યા ભર્યા હોય છે. અને તેથી જ સંતોની વાણી જીવંત છે. સંતો આ અદ્‌ભુત સૃષ્ટિને વિસ્મય ભાવથી, નિહાળી તેમના રહસ્યને પામવા મથે છે. અને એ રહસ્યને પામીને શબ્દમાં વ્યકત કરે છે.

આ સંતોની વાણી ખૂબી એ છે કે અહીં કોઇ અનુકરણ નથી. હા, અસર કે પ્રભાવ જરૂર છે જેમ રવિ-ભાણ સંપ્રદાયના સંતોને સિધ્ધિ જ પ્રેરણા કે પ્રભાવ કબીર સાહેબનો છે. કેટલુંક સામ્ય પણ જોવા મળે છે. પરંતુ તે દરેકની નિજી પ્રતિભા સંપત્તિ રૂપ અનુભૂતિમાંથી આવે છે. તેથી છેતરપીંડી નથી. એક જ ભાવને બીજા સંત-ભકત પોતાની આગવી રીતે અભિવ્યકત કરે છે. જેમકે....

"દેખો ખાવિંદ કા ખેલ, દર્શન મેં તો દેખ્યા છે,
બાહિર દેખ્યા ઓર, ભીતર ભી દેખ્યા.
દેખ્યા અગમ અપાર રે.."

**-ત્રિકમ સાહેબ**

"બેની! મુને ભીતર સતગુરુ મળ્યા,
આજ તો વરતાણી આનંદ લીલા."

**- કરમણ ભગત**

આ સંતોએ પિંડમાં જ બ્રહ્માંડની ખોજ ચલાવી તેને વાણીરૂપ આપી સંતોએ માનવ સમાજ પર મોટો ઉપકાર કર્યો છે. સંતોની આવી વાણીને ઝીલતા પરમોચ્ચ સિધ્ધિ એ ન પહોંચી શકાય તો પણ આપણો જીવનવ્યવહાર તો વિશુધ્ધ અને રૂડો અવશ્ય બને.

આ સંતોની વાણીનું અહીં સુખદ આશ્ચર્ય એ છે કે એમની વાણી સહજ-અનાયાસ જ અભિવ્યકિત પામે છે. તેથી માવજતનો પ્રજા રહેતો નથી. કવિતાના કોઇ શાસ્ત્રીય અભ્યાસની સંતોને આવશ્યકતા નથી. કે કાવ્ય સિધ્ધાંતો જાણવાની જરૂર નથી. સબબ અનુભૂતિ જ્ઞાનાત્મક સંવેદના સહજ રીતે જ કાવ્યપદારથ નિપજાવે છે. અને અહીંતો આ અધ્યાત્મરંગી કવિઓ, સંતો, ભક્તો એ ત્રીજા નેત્રની પ્રસાદી પામેલ આત્મા છે. તે ઇશ્વરીય બક્ષીસથી ઇશ્વરના ગુણગાન ગાતા રહે છે અને ઇશ્વરની આ રહસ્યભરી સૃષ્ટિને પામીને શબ્દાકારે મઢે છે જેમકે....

"સુન લે સુષ્મના નારી મે અજબ નામ પર વારી,
અજબ નામ હૈ સબસે ન્યારી ખોજ ખોજ સંસારી."

**-ભીમ સાહેબ**

"કોઇ રૂપરંગ સે ન્યારા, ઉસમે કયાં જાને સંસારા રે,
ઓહં સોહમની ઉપર નીરખો બાર આંગલસે બારા,
મતિ મૂરતિ નૈણે નીરખો, નીજ નામ સે ન્યારા."

**- દાસી જીવણ**

આ સંતો, પ્રભુપ્રેમના બંદા, અલખના આરાધક, ખુદાના ખિદમતગાર, ભગવાનના ભક્ત, દાસ, ચાકરએ ગરવા જ્ઞાનના વડલા સમાન છે. તેમની ગંભીર વાણીને સામાજિ ક દૃષ્ટિએ સાધારણ કે સામાન્ય કહેવાતા લોકો પણ પામી શકયા છે. સામાન્ય પ્રજા ઉમંગ હોશ અને ઉલટથી ગાતી હોય તે પદ-કવિતા પ્રત્યે વિદ્વાનોને કાંઇક ઉપેક્ષા રહી છે. કબીર જેવા સમર્થ સંતનો પણ એક વખતે છેદ ઉડાડી દેવામાં આવ્યો. આ સાચા મોતીની ઉપેક્ષા કરવામાં આવી. આ સંતો, ભક્તોની નિંદા, મજાક, મશ્કરી, ટીકા તો ઠીક પણ એથીએ આગળ વધીને તેમના જીવનપથમાં વિઘ્નો ઊભાં કરવામાં આવ્યાં. નરસિંહ મહેતા પર આરોપ મૂકવામાં આવ્યો, અખા પ્રત્યે અવિશ્વાસ જન્મ્યો. મીરાંને ઝેર આપ્યું. કબીરજીને મારી નાખવાના પ્રયત્નો થયા. સંત પલટૂને જીવતા સળગાવવામાં આવ્યા. સરમદની જીવતા ચામડી ઉતરડી નાખી, મન્સૂરને શૂળીએ ચળાવ્યા. દાસી જીવણ, ત્રિકમ સાહેબ, લક્ષ્મી સાહેબ, ભોજા ભગત, મૂળદાસ વગેરેને

લોકોની કસોટીમાંથી પસાર થવું પડયું છે. સંતોની સમાધિ પ્રસંગે પણ લોકોએ વિઘ્નો ઊભાં કર્યાં છે. જેમ સંત ત્રિકમ સાહેબની સમાધિનો પ્રસંગ જાણીતો છે. જનસમાજ પ્રત્યે અપાર કરુણા ધરાવતા સંતો કુમાગેર્ જતા લોકોને સદ્‌માર્ગ ચીંધે છે. ત્યારે લોકોને આ સંત-ભક્ત તેનાથી ઉલટા અને ખોટા લાગે છે. પોતાની મૂળગત દૃષ્ટિથી અવળા લોકવ્યવહાર જોઇ સંતોથી રહેવાતું નથી. અને અંતઃભૂત સચ્ચાઇ અને કરુણાથી કહ્યા વિના પણ રહેવાતું નથી.

"આ પલ જાવે રે કહી લે બંદગી,
ગઇ પલ ફેર નહીં આવે રે,
શિર પર વેરી, લેશે તને ઘેરી,
સૂતે બંદા, નીંદરા કેમ આવે રે."

આ સંતો સાધના ધારા સાથે જોડાયેલ હોય છે. જે તે સંતની વાણીમાં આ સાધનાના સંકેતો સહજ રીતે વણાઇ ગયા હોય છે. અને આથી જ સંત સાહિત્યની મૂલવણીમાં સંતની સાધનાધારા, પંથ, સંપ્રદાય, તેના સિધ્ધાંતો, સાધના સંકેતો, સાધના ભૂમિ-સ્થાન કો. ઇત્યાદિની ચર્ચા અનિવાર્ય બની રહે છે. સંત કવિના જીવન અને કવનની યથાયોગ્ય મૂલવણી માટે પણ આ તત્ત્વોની ચર્ચા જરૂર બની રહે છે.

ભારતીય સંત પરંપરા સૌરાષ્ટ્ર અને કચ્છમાં તેની વિશિષ્ટ પરંપરા જાળવીને વિકસતી જોવા મળે છે. પણ મારા વિષયમાં 'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંતો મોટે ભાગે સૌરાષ્ટ્ર કચ્છના જ છે. કચ્છ અને સૌરાષ્ટ્ર સંત-પરંપરાની દૃષ્ટિએ એકબીજા સાથે જોડાયેલા જોવા મળે છે. તેમાં સંપ્રદાયો અને પંથ પરંપરાઓ પણ એક સાથે જોડાયેલી જોવા મળે છે. કચ્છ અને સૌરાષ્ટ્ર સાથે જોડાયેલ એક પરંપરા તે આ 'રવિ-ભાણ પરંપરા'ની છે. 'રવિ-ભાણ પરંપરા' ના આદ્યપુરુષ ભાણ સાહેબ ગુજરાતના ચરોતર પ્રદેશના અને તેમની પરંપરા સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિસ્તાર પામી. ભાણ સાહેબના બુંદ શિષ્ય ખીમસાહેબ કચ્છ-રાપરમાં જગ્યા સ્થાયીને 'રવિ-ભાણ સંપ્રદાય'ની આધ્યાત્મિક ચેતના ધારા પ્રચલિત કરે છે. ખીમ સાહેબના નાદ શિષ્ય પરંપરા નથુરામ, લક્ષ્મી સાહેબ કચ્છમાં વિસ્તરી અને તેમની શિષ્ય પરંપરામાં ભીમસાહેબ, દાસી જીવણ, બાળક સાહેબ, પીઠાભગત રૂપે સૌરાષ્ટ્રમાં વિસ્તાર પામી, આ 'રવિ-ભાણ સંપ્રદાય' સૌરાષ્ટ્ર અને કચ્છમાં તેમજ ગુજરાતના અન્ય વિસ્તારોમાં તેમની ઉપાસના ધારાને ફેલાવે છે. તેમાં જાતિ-પાંતિનો નિષેધ, નામ માઉમા, નિર્ગુણભક્તિ, સહજયોગ, ગુરુમહિમા, પ્રેમલક્ષણાભક્તિ, અંધશ્રધ્ધા અને વહેમોનો ઉગ્ર વિરોધ દર્શાવીને વસ્તી ચેતાવવાનું કાર્ય કર્યું છે.

'રવિ-ભાણ સંપ્રદાય' ઉપરાંત ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં મહાધર્મ, નિજારપંથ, બારામતી સંપ્રદાય, નિરાંત પંથ, ઉગાપંથ વગેરે અનેક પંથ અને પરંપરાઓ ચાલે છે. પણ 'રવિ-ભાણ સંપ્રદાય' ના જે સંતો, ભક્તો અને તેમની વાણીમાં યોગ, રહસ્ય અને ભક્તિનો જે ત્રિવેણી સંગમ જોવા મળે છે તે વાણીનું લોકમુખે ગુજરાતી કરણ પણ થયું છે અને આ વાણી આજે પણ કંઠોપકંઠય અને લિખિત પરંપરામાં જળવાયેલી છે. મારા સંશોધન કાર્યમાં મને જે પ્રાપ્ત થયું છે તેના આધારે મેં આ કાર્યને મૂલવવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

# ◈ પ્રકરણ-૧ ◈
# રવિ-ભાણ સંપ્રદાયનો પરિચય

આપણો ભારત દેશ એક પુણ્યભૂમિ છે. એની પાસે તત્ત્વજ્ઞાન, ભકિત, અધ્યાત્મ, કવિતા, કર્મ અને ચિરંજીવ માનવ મૂલ્યોની એક સુદીર્ઘ પરંપરા છે. ભારત દેશની સાધનાના આ દીપને વખતોવખત તેલ પૂરીને કે વાટ સંકોરીને અખંડ જલતો રાખવામાં માત્ર ઉજળિયાત વર્ગ જ નહિ; પરંતુ દેશનાં નાનાં-નાનાં ગામડાંઓમાં જન્મનારને જીવનાર તથા સમાજે જેમને તિરસ્કૃત ગણી તેવી જાતિઓનાં અનેક નામી-અનામી સંતો, ભકતો અને વીરોનો પણ નોંધપાત્ર ફાળો છે.

સદીઓથી જે સમાજ ગામડામાં જન્મનાર અને જીવનાર એ સંતો, ભકતો, શૂરવીરો અને જ્ઞાનીઓને સમાજ ભૂલી ગયો છે અને એમાં સમય પણ જવાબદાર હશે ને થોડે ઘણે અંશે કૃતજ્ઞતાનો અભાવ પણ ! પણ એટલું જરૂર કહી શકાય કે એમાંના કેટલાક આપણી સંસ્કૃતિના પ્રખર જયોર્તિધરો છે, તો કેટલાક ઘર દીવડાઓ છે. જેમણે અજ્ઞાનતાને અણસમજના ઘોર-અંધકારમાં સબડતા સમાજને એક કાળે પોતાના સ્થિર, સૌમ્ય, તેજ પાથરી માર્ગ ચીંધ્યો છે. આપણી સંસ્કૃતિના મહાનદની આ બધા ધારાઓ છે. નિજિયા પંથ, કબીરપંથ, નાથ પંથ-આ બધા પંથોએ ભારત વર્ષની અખંડ અધ્યાત્મ સાધનાની સરિતાની ભિન્ન-ભિન્ન ધારાઓ નથી તો બીજું શું છે ?

ભક્તિ માર્ગની આ ધારાઓમાં ભક્તિ સાહિત્યના મહા રચયિતા રામાનંદને માનવામાં આવે છે. રામાનંદ સંસ્કૃતના પારાગામી પંડિત, ઉચ્ચ બ્રાહ્મણ કુળના નબીરા અને એક પ્રભાવશાળી સંપ્રદાયના ગુરુ. રામાનંદે સર્વસ્વનો ત્યાગ કરી દેશી ભાષામાં કવિતા રચના ચાલુ કરી. બ્રાહ્મણથી માંડીને શુદ્રો પર્યન્ત સર્વને રામનામનો મંત્ર દીધો. એના શિષ્યોમાં રોહીદાસ ચમાર હતા. ધન્ના જાટ હતા, સેના હજામ હતા. પીપાજી રાજપૂત હતા અને કબીર વણકર હતા. એ રામાનંદનું ભક્તિબીજ કબીરમાં રોપાયું.

કબીરે દક્ષિણ ભારતીય વૈષ્ણવ ભક્તિની સાથોસાથ ઉત્તર પૂર્વ ભારતના નાથ-સિધ્ધોની મુક્ત વિચારધારા અપનાવી. પશ્ચિમના સૂકીવાદને પણ પોતાનામાં ટપકવા દીધો. કબીરમાં સ્થાપિત થયેલું મધ્યયુગી મહામાર્ગી ભક્તિવાદનું સ્વરૂપ આમ શુધ્ધ રૂપે ભારતીય હતું. કબીરની ભક્તિ માર્ગી કાવ્યધારા, દોહા, સાખી, પદ, ચોપાઇ અને એમની અવળવાણી પરથી ખ્યાલ આવે છે. એ બધા નાથપંથીઓને જ અનુસરી છે. એમાં રહેલી મસ્તી, અજડાઇ, અક્કડવણું ફક્કડપણું કઠોર કુહાડાના પ્રહારો બધાં,

ક્યાંકને ક્યાંક એ શબ્દશ: પેલા પુરોગામીઓના જ છે અને એ બધી વિચારધારાને નિરૂપણ પધ્ધતિ શુધ્ધ ભારતીય છે.

સૌરાષ્ટ્રમાં અનેક પ્રજાઓ આવી અને એકાકાર બની. એમ અનેક સંપ્રદાયો અને પંથો પણ સૌરાષ્ટ્રમાં આવીને એકાકાર બન્યા. જ્ઞાનભક્તિ અને યોગના નિરનિરાળાં સ્વરૂપોએ પણ સૌરાષ્ટ્રોમાં જ્ઞાન-ભક્તિ અને કર્મનું નિરનિરાળું સ્વરૂપ ધારણ કર્યું.

સંત પરંપરામાં મુખ્ય ત્રણ ધારાઓ-સંપ્રદાયો જોવા મળે છે. (૧) મહાપંથ કે સનાતન ધર્મ (૨) નાથ પંથ અને (૩) કબીર પંથ, કબીર પંથના પણ પાછા બે પંથ ચાલ્યા (૧) રામ કબીરિયા અને (૨) સંત કબીરિયા. કબીરને રામનો અવતાર માનનારા રામ કબીરિયા પંથના દીક્ષિતો ભગવાં વસ્ત્રો પહેરે, માથે ટોપી ઓઢે, કાનમાં શ્રવણીઓ નાખે અને ડોકમાં માળા પહેરે. આમ આ ત્રણેય પંથોનો ત્રિવેણી સંગમ સૌરાષ્ટ્રમાં થયો છે. સમયાન્તરે આ ત્રણેય ધારાઓ એકમેકમાં ભળી જતી જોવા મળે છે. પરમતત્ત્વની અનુભૂતિ થયા પછી સંપ્રદાયના બંધન રહેતા નથી. અને આ દરેક સંતોએ ભક્તિના માર્ગે ચાલી પરમતત્ત્વની આરાધના કરી છે. '

"ભક્તિ દ્રાવિડ ઉપજી, લાયે રામાનંદ"[૧]

ભક્તિ આંદોલનનો પ્રારંભ ભલે ઉપનિષદ કાળથી માનવામાં આવે પરંતુ ભક્તિ માર્ગનું મૂળ તો દક્ષિણના આલ્વાર સંતોમાં જોઇ શકાય છે. ભક્તિ આંદોલનના ઇતિહાસ વિશે ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ગ્રંથ ૨માં જણાવ્યું છે કે "દક્ષિણના આલ્વાર સંતોની વાણી દ્વારા ભક્તિના પાતાળજળ સમાજની ધર્મ તૃષા છીપવી રહ્યા હતા. ત્યાં આવ્યો ભક્તિનો મુખ્ય ગ્રંથ ભાગવત પુરાણ. રામાનુજ (ઇ.સ.૧૧મી સદી) આદિઆચાર્યોએ શાસ્ત્રીય ભૂમિકાએ ભક્તિની શરૂઆત કરી. પૂર્વ ભારતમાં કૃષ્ણભક્તિને જયદેવ (ઇ.સ.૧૨મી સદી) ની 'ગીત ગોવિંદ' રચના અને ચૈતન્ય મહાપ્રભુ (ઇ.સ.૧૪૮૫-૧૫૩૩) ની ભક્તિ ચર્ચા દ્વારા અપૂર્વ વેગ મળ્યો. ઉત્તરમાં ગુરુ પરંપરામાં રામાનુજની ૧૪મી પેઢીએ આવાતા રામાનંદ સ્વામી (જન્મ ઇ.સ.૧૩૦૦) દ્વારા રામભક્તિને પ્રાધાન્ય મળ્યું અને એમના ઉદાર નેતૃત્વ નીચે ભક્તિમાર્ગમાં સગુણોપાસના, નિગુણોપાસના અને યોગસાધના દરેકને અવકાશ મળ્યો. દક્ષિણના શ્રીમદ્ વલ્લભાચાર્ય (ઇ.સ.૧૪૭૮-૧૫૩૦) ઉત્તર અને પશ્ચિમ ભારતમાં કૃષ્ણાશ્રયી દૃષ્ટિ માર્ગે પ્રવર્તાવ્યો, જોતજોતામાં ભક્તિનું એક પ્રચંડ આંદોલન દેશમાં ફરી વળ્યું. એ નવી ઋતુમાં અનેક કવિકંઠ ઉઘડયા. એ કવિઓ મોટા ભાગે સંતો હતા. સૌ સંત કવિઓની જીવનચર્યા તેમજ વાણીના પ્રતાપે દેશના જીવનમાં જાણે કે ભક્તિનો જુવાળ ચડ્યો હોય એવું સાંસ્કૃતિક દૃશ્ય મધ્યકાલમાં નજરે પડે છે."[૨]

"જાતિના પૂછો સાધુ કી પૂછ લીજિયો જ્ઞાન,

મોલ કરો તલવાર કા, પડા સહન દૌ મ્યાન "[3]

૧૪માં સૈકામાં દક્ષિણ હિંદના ઉગ્ર એવા નાત-જાતના ઊંચ-નીચપણા સામે અને પ્રભુ-ભક્તિમાં પણ વર્ણાશ્રમના ભેદ સામે આચાર્ય રામાનુજે કોમ કે જ્ઞાતિના ભેદ રહિત પ્રભુભક્તિના સમાન આદેશ આપતો વૈષ્ણવ ધર્મ પ્રબોધ્યો. પ્રભુભક્તિમાં એમણે વર્ણાશ્રમને વર્જ્ય ગણ્યો. પણ આચાર વ્યવહારમાં વર્ણાશ્રમમાંથી નીપજેલ જ્ઞાતિના ઊંચનીચ પણાને સ્પર્શ ન કર્યો. એમની પાંચમી પેઢી એ સમર્થ સ્વામી રામાનંદે રૂઢિગત પૌરાણિકતા અને આચાર નીતિમાં પણ ઉંચ-નીચપણાના વ્યવહાર સામે ધાર્મિક બળવો પોકાર્યો અને ગુરુનો ખોફ વહાર્યો. વૈષ્ણવ ધર્મની મહાગાદીનો ત્યાગ કરી ઉત્તર હિંદમાં આવ્યા અને વેદાંત તથા ભાગવતને લોકવાણીમાં ઉતારી રામનાથનો મંત્ર આપ્યો. એકતા, સમાનતા તથા જાતિ અને આચાર ધર્મની ભકિતનું એક જબરજસ્ત આંદોલન જૂજવા સ્વરૂપે સમગ્ર ઉત્તર ભારતમાં ફરી વળ્યું.

મધ્યયુગના એ રહસ્યવાદમાં નાથ સંપ્રદાયે પણ નાતજાતના ભેદ અને મૂર્તિપૂજા સામે અને કર્મકાંઠી પાખંડ સામે બળવો પોકાર્યો. બોધ્ધધર્મની પડતીમાંથી નીપજેલો સહજયાન પંથ પણ સૂત્રોની જટિલતા અને શાસ્ત્રાર્થના વિતંડાવાદને છોડી લોકો વચ્ચે આવી ઊભો.

મહાપંથ, નાથપંથ અને કબીર પંથ આ ત્રણેય પંથોમાંથી સૌરાષ્ટ્ર ઉપર સૌથી ઘેરી અસર કબીર પંથની પડી છે. સંત-કવિતાઓની પરંપરામાં સૌથી વધારે લોકભોગ્ય પરંપરા આ કબીર પંથમાં ચાલી છે. આપણા જનસમાજમાં સંતો એક રીતે જોઇએ તો રૂઢિચુસ્ત ધર્માચાર્યોનો સામો પડઘો છે. ધર્માચાર્યો પોતાના વાડા બાંધી સંકુચિત થઇને બેઠા, જયારે સંતો વાડ તોડી નાખી સૌ સાથે એક ભાવથી મળ્યા.

કબીર સંપ્રદાય 'રામ કબીર સંપ્રદાય' સ્વરૂપે ગુજરાતમાં પ્રચાર પામે છે. પાટણમાં કબીર સાહેબના શિષ્ય પદ્મનાભ થયા. તેમણે જ ગુજરાતમાં કબીર સંપ્રદાયનો પ્રચાર કર્યો. તેમના શિષ્ય-નીલકંઠદાસે સુરેન્દ્રનગર પાસેના દૂધરેજ ગામે ગુરુગાદી સ્થાયી અને તેમણે રઘુનાથદાસને શિષ્ય બનાવ્યા. રઘુનાથદાસના શિષ્ય થયા. યાદવદાસ અને યાદવદાસના શિષ્ય ષષ્ટમદાસ ઉર્ફે છઠ્ઠાબાવા તરીકે ખ્યાતિ પામ્યા. છઠ્ઠાબાવા કબીરની છઠ્ઠી પેઢીએ થયા. એટલે કબીર પછી પદ્મનાભ-નીલકંઠદાસ-રઘુનાથદાસ-યાદવદાસ-ષષ્ટમદાસ ઉર્ફે છઠ્ઠાબાવા.

આ ષષ્ટમદાસ ઝાલાવાડના રાજપૂત રાજવી હતા. તેમના બે પ્રતાપી શિષ્યો થયા. એક લબ્ધરામદાસ અને બીજા શેરખીના સંત ભાણસાહેબ ગુરુ ષષ્ટમદાસ

તરફથી દીક્ષા વખતે તેમને 'સાહેબ'નું બિરુદ મળેલું. આ સંપ્રદાયના આદ્ય સ્થાપક કબીર સાહેબ છે. તેથી આ પરંપરામાં થયેલા સંતો પોતાના નામની પાછળ 'સાહેબ' સંજ્ઞા લગાડે છે.

ભાણ સાહેબ મૂળ કબીર સાહેબ અને પદ્મનાભની 'રામકબીર સંપ્રદાય'ની પરંપરા સાથે જોડાઇ જાય છે. ભાણ સાહેબે પોતાના ચાલીસ શિષ્યોની ફૌજ તૈયાર કરી તેમણે રામકબીર સંપ્રદાયથી અલગ પોતાનો સંપ્રદાય ચલાવ્યો અને તેમના અનુયાયીઓએ તેને સ્વતંત્ર પંથ તરીકે સ્થાપ્યો અને એ પંથ 'રવિ-ભાણ સંપ્રદાય' તરીકે ઓળખાવા લાગ્યો.

## રવિ ભાણ સંપ્રદાયના સંતો :-

કબીર સાહેબની વિચારધારાને અઢારમા શતકમાં ઉત્તરાર્ધ અને ઓગણીસમા શતકના પૂર્વાર્ધમાં થઇ ગયેલા ભાણ સાહેબથી ગુજરાતમાં ફેલાવો મળ્યો અને કબીર પંથની ગુજરાતમાં જે શાખા પ્રચલિત થઇ તે "રવિ-ભાણ સંપ્રદાય" થી ઓળખાવા લાગી. આગળ જોયું તે મુજબ કબીર સાહેબ પછી શિષ્ટ પરંપરાની છઠ્ઠી પેઢીએ આંબો છઠ્ઠો ષષ્ટમદાસ થયા. તેના સમર્થ શિષ્ય ભાણ સાહેબે શેરખીમાં ગાદી સ્થાયી અને તેમણે 'રવિ-ભાણ સંપ્રદાય'નો પ્રચાર અને પ્રસાર કર્યો. ભાણ સાહેબના બે મુખ્ય શિષ્યો રવિસાહેબ અને ખીમ સાહેબ થયા. એ પછી બંનેની પરંપરાઓમાં મોરાર સાહેબ, ત્રિકમ સાહેબ, ભીમ સાહેબ, નથુરામ, દાસ હોથી, દાસી જીવણ, બાળક સાહેબ, લખીરામપ પ્રેમ સાહેબ, પીઠા ભગત, વગેરે તેજસ્વી સંત કવિઓ થયા છે. આ સંપ્રદાયના સમર્થ સંત કવિઓ આ પ્રમાણે છે.

## ભાણ સાહેબ :-

'રવિ-ભાણ સંપ્રદાય'ના આદ્ય પુરુષ અને સ્થાપક ભાણ સાહેબ છે. તેમને કબીરનો અવતાર માની એમના અનુયાયીઓ "ભાણ કબીર"ના નામે ઓળખે છે. ભાણ સાહેબનો જન્મ ચરોત્તરમાં આવેલા કનખીલોડ ગામે સં. ૧૭૫૪ (ઇ.સ.૧૬૯૮)માં લોહાણા પરિવારમાં થયો હતો. તેમના પિતાજીનું નામ કલ્યાણજી ઠક્કર અને માતાનું નામ અંબાબાઇ હતું. પિતા કલ્યાણજી ઠક્કર ઇશ્વર ભક્ત હતા અને તેમણે તેના પુત્રમાં ઇશ્વરીય અંશ જોયો હતો. લૂંટારાઓના ત્રાસથી ગામ છોડી વારાહી ગામે જઇને વસ્યા હતા. મેઘા ઠક્કરની પુત્રી ભાણબાઇ સાથે તેમના લગ્ન થયા હતા. તેમણે બે પુત્રો થયા હતા. એમાંથી એક પાંચમા વર્ષે અવસાન પામ્યો અને બીજો પુત્ર ખીમદાસ જે પછીથી ખીમ સાહેબ તરીકે ખ્યાતિ પામ્યા. ભાણ સાહેબને ચાલીસ શિષ્યો

હતા. જે 'ભાણફોજ' નામે ઓળખાય છે. આ 'ભાણફોજ'ની નામાવલીનું જાણીતું પદ છે.

"સુણ અનહદ કી ઠોર, ભાણફોજ નિરભે ચડી,
પ્રથમ કુંવરજી સરદાર, ગુરુસે ગુરુગમ જડી,
રવિ રામ રણુંકાર, નામ કી નોહબત ગડી,
જીવણદાસ જુગજીત, મંછા કી તોડી કડી"[૪]

એ ચાલીસ શિષ્યોની ફોજ સાથે ગુજરાત-સૌરાષ્ટ્રમાં ફરીને લોકોને ઉપદેશ આપીને સન્માર્ગે વાળવાના પ્રયાસો કર્યા, પરંતુ ભાણ સાહેબનીએ ઉદાર વિચાર ધારાને સમાજે સાહજિકતાથી નહોતી સ્વીકારી. અનેક સંકટો એમને સહન કરવા પડેલા. એકવાર વડોદરા પ્રાંતમાંથી ભાણ સાહેબ પસાર થઇ રહ્યા હતા. ત્યારે ચોર લોકોએ પોતે ચોરેલા બળદ ભાણ સાહેબના ગાડા સાથે બદલાવી લીધેલા, પરિણામે ભાણ સાહેબને વડોદરાની જેલમાં જવું પડ્યું હતું. એ સમયે એમણે પ્રભુ આરાધના કરતા પદની રચના કરી હતી.

"અસૂરાને મન દયા આણો, એમ ભણે લુહાણો ભાણો રે,
વારે ચડી વેલા પધાર્યા, આંયા આવ્યાં નો છે ટાણો રે,"[૫]

વડોદરાનો મુસ્લિમ પ્રાંતનો સુબો ભાણ સાહેબના વિચારોથી પ્રભાવિત થઇ તેમને પોતાના ગુરુ તરીકે માનતો હતો.

ભાણ સાહેબની અભેદની ઉપાસના અને શુધ્ધ આચારના આગ્રહે જેમ ખળભળાટ મચાવ્યો હતો. તેમ લોકાદર પણ પ્રાપ્ત થયો હતો. તેઓ સંસારી હોવા છતાં સાધુમય જીવન ગાળતા હતા. તેમના શીલમય અને ત્યાગી જીવનનો પ્રભાવ એટલો વધ્યો કે તેમણે લોકોના આગ્રહથી વડોદરા પાસે શેરખી ગામે ગાદી સ્થાપી.

ભાણ સાહેબના મૃત્યુનો પ્રસંગ પણ ધ્યાનાકર્ષક છે. ઉપદેમનો પ્રચાર કરતા કરતા તેઓ વિરમગામ પાસેના કમીજલા ગામમાં આવ્યા. મેપા નામનો ભરવાડ તેમનો ભક્ત હતો. ભાણ સાહેબ પોતાના સાધુ સંગ સાથે એમને ઘેર આવ્યા. પરંતુ એ વખતે મેપો બહારગામ ગયેલો હતો. તેમની પત્નીએ એ બધાની આગતા સ્વાગતા કરી. ભાણ સાહેબ જવાની તૈયાર કરે છે ત્યારે મેપાની પત્ની તેમને રોકાઇ જવા વિનંતી કરે છે.

બહારગામ ગયેલા મેપાને આવતા મોડું થાય છે. આ તરફ ભાણ સાહેબ ચાલતા થયા. થોડીવાર થઇ હશે ત્યાં જ મેપો ઘરે આવે છે. પત્ની પાસેથી ગુરુ આવ્યા

હતા. એ સાંભળી એમને રોકવા માટે તે દોટ મૂકે છે, બૂમો પાડે છે પરંતુ ધૂનમાં તે સંભળાતી નથી. દોડતા એ ભોળાભાવે બોલી ઊઠે છે કે "એ ભાણ બાપુ તમે એક ડગલું પણ આગળ જાઓ તો તમને રામદુઆઇ છે." આ શબ્દો કાને પડતા જ ભાણ સાહેબ ત્યાં જ થંભી ગયા. અને પોતે જયાં ઊભા હતા ત્યાં જ ખાડો ખોદાવી ઇ.સ. ૧૭૫૫માં જીવતા સમાધિ લીધી. ભાણ સાહેબની ઘોડી અને કૂતરીએ પણ તેમની પાછળ પ્રાણ છોડ્યા. એ જગ્યાએ તેમની સમાધિ ઉપર મંદિર બંધાવવામાં આવ્યું છે. તેમાં રામ, લક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ મૂકવામાં આવી છે. ઘોડી તથા કૂતરીની સમાધિ પણ જગ્યાની અંદર છે. આજે પણ કમીજલા ગામમાં આ વાતની સાહેદી પૂરતું ભાણ સાહેબનું સ્મૃતિ મંદિર ઊભું છે.

ભાણ સાહેબ પાસેથી વધુ સંખ્યામાં પદ-ભજનો મળ્યાં નથી. પણ જે મળે છે. તેમાં આત્માનુભૂતિની વેધકતા અને નિરાંડબર ભક્તિથી અમર બન્યાં છે. તેમની વાણી સીધી-સરળ છે. રૂપકો પણ તળપદા પ્રયોજ્યાં છે તેઓએ નિર્ગુણ-નિરાકારની ઉપાસના વર્ણવી છે.

"સતગુરુ મળિયા સ્હેજમાં, જેણે સતનો શબદ સુનાયો,
ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો."[૬]

ભાણ સાહેબના મુખ્ય શિષ્યોમાં રવિ સાહેબ, ખીમ સાહેબ, રાધોદાસ, મૌજુદીન (કચ્છ), દાસ કલ્યાણ, ભીમબાટી (કચ્છ), બાદલ સાહેબ, રતનદાસ અને મોહનદાસ.

## રવિ સાહેબ :-

ભાણ સાહેબના સમર્થ શિષ્ય અને ભાણ સંપ્રદાયમાં એમનો એટલો પ્રભાવ પડ્યો કે આ સંપ્રદાયના નામ સાથે તેમનું નામ જોડી દેવામાં આવ્યું. તે રવિ સાહેબનો જન્મ ગુજરાતના આમોદ તાલુકાના તણછા ગામે સં. ૧૭૮૩ (ઇ.સ.૧૭૨૭)માં વીશા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં પિતા મંછારામ અને માતા ઇચ્છાબાઇને ત્યાં થયો હતો. તેમનો પરિવાર પુષ્ટિ માર્ગી વૈષ્ણવ હતો. પૂર્વાશ્રમમાં વ્યાજ વટાવનો ધંધો કરતા રવજી વણિકને ભાણ સાહેબનો સંસર્ગ થતા તેનો માયલો જાગી ઊઠ્યોને ભાણ સાહેબ પાસેથી દીક્ષા લે છે. નિજાત્મ જ્યોત જાગી ઊઠી અને વૈરાગ્યના રંગે રંગાયા અગમ સ્વરૂપ અલખ ઘણીના દર્શન થયા. ને મરમી વાણી બોલ્યા જે સંતવાણી બની.

આત્મજ્ઞાની અને મરમી સંત રવિ સાહેબ 'ભાણગીતા', 'મન સંયમ તત્ત્વસાર નિરૂપણ', 'છપ્પય-૧-૨', 'સાખી ગ્રંથ', 'ભાણ પરચરી', 'સિધ્ધાંત પ્રકાશ', 'બારમાસી', 'ગુરુમહિમા', 'રામગુંજાર ચિંતામણી', 'બોધ ચિંતામણી', 'પ્રેમપચીસી', તેમજ અનેક

પદ-ભજન રચનાઓ આપી છે. તેમની આગવી વિચારધારા, તત્ત્વજ્ઞાન, ઉપદેશ, મરચીવાણી અને સમજ આ સંપ્રદાય ને નવું રૂપ આપે છે. ભાણ સાહેબની શેરખીની જગ્યા સંભાળી ભકિત માર્ગનો પ્રચાર-પ્રસાર કર્યો.

રવિ સાહેબનો શિષ્ટ વર્ગ વિશાળ હતો. ૧૯ શિષ્યો સદા તેમની સાથે રહેતા હતા. મુખ્ય શિષ્યોમાં મોરાર સાહેબ, ગંગસાહેબ, લાલ સાહેબ, દેશળ સ્વામી, કાદરશા, રામ, ધ્રાંગધ્રા નરેશ અમરસંગ, સ્વરૂપદાસ, વચ્છરાજ જેવા શિષ્યો હતા.

રવિ સાહેબની વાણી મનોહર, મસ્તાની અને હૃદયવેધક છે. સૌરાષ્ટ્રમાં નરસિંહ અને મીરાં પછી જો કોઇ સંત કવિની વાણી વધારેમાં વધારે લોકપ્રિય થઇ હોય તો તે રવિ સાહેબની અને દાસી જીવણની નિગુર્ણોપાસક હોવા છતાં સગુણ  સાકારની ઝંઝટમાં પડ્યા વિના અદ્વૈતની ઉપાસના કરી છે. તેઓ મર્મી સંત હતા એ વિશે જણાવતા મકરન્દ દવે કહે છે કે.

"ભારતના કે જગતભરના મરમી સંતોના મેળામાં ભાગ લેવા આપણે કોઇ ગુજરાતી સંતને મોકલવા હોય તો રવિ સાહેબનું નામ તરત હોઠે ચડે."[૭]

રવિ સાહેબની વાણીમાં આત્મચિંતનાત્મક રહસ્યભાવ, યોગસાધના, સદ્‌ગુરુ મહાત્મ્ય, પ્રેમલક્ષણા ભકિતનો ઉપદેશ જોવા મળે છે. ખીમ સાહેબ સાથેની પ્રશ્નોત્તરીમાં નાદ, બ્રહ્મ, સગુણ તત્ત્વને સદ્‌ગુરુનો મહિમા લૌકિક વાણીમાં આલેખાયો છે. તો સખીભાવનાં અનેક વિરહ પદો તેમણે રચ્યાં છે જેમકે....

"સખી, સાંભળને કહું એક વાતડી, દહાડો અનુપમ દીઠો રે,

મુને સતગુરુએ શબ્દ સુણાવિયો, એ તો સાંભળતા લાગે મીઠો રે."[૮]

ગુરુ ભાણ સાહેબે સ્થાપેલી શેરખીની ગાદી કહાનદાસજીને સોંપેલી પણ પછીથી રવિ સાહેબ આ મંદિરના મહંતપદે આવ્યા અને તેથી આ સ્થાન રવિ સાહેબની જગ્યા તરીકે પ્રસિધ્ધ થયું.

## ખીમ સાહેબ :-

સંત ખીમ સાહેબ ભાણ સાહેબના પુત્ર અને શિષ્ય હતા. તેમના જીવન વિશે અનેક ચમત્કારપૂર્ણ વાતો સાંભળવા મળે છે. એવી માન્યતા છે કે તેઓ દરિયાપીરના અવતાર હતા. તેથી તેમના અનુયાયીઓ તેમને 'ખલક દરિયા ખીમ' કહેતા.

ખીમ સાહેબના મનમાં વસવસો રહેતો કે પિતા પોતાના કરતાં રવિ સાહેબ પર વધુ સદ્‌ભાગ રાખે છે. તેથી તેમને રવિ-સાહેબ પ્રત્યે ઇર્ષ્યા, અણગમો હતો. ખીમ સાહેબ પર અને રવિ સાહેબ વચ્ચે ભજનવાણીમાં જે આધ્યાત્મિક સંવાદ થયો તે

'ખીમ રવિ સંવાદ' તરીકે ઓળખાય છે. જેમાં ઊંડું તત્ત્વજ્ઞાન અને રહસ્ય સમાયેલું છે. ખીમ સાહેબને અનુભવથી પ્રતીતિ થઇ કે રવિ સાહેબ તો યોગ તેમજ આંતર દર્શનમાં પોતાના કરતા અનેકગણા ચડિયાતા છે. ત્યારે તેમનો ગર્વ ગળી ગયો. પિતાની સૂચનાથી રવિ સાહેબ પાસેથી દીક્ષા લઇ તેમને પોતાના ગુરુ બનાવે છે. ખીમ સાહેબ રાપર-કચ્છમાં જગ્યા સ્થાપી સેવા અને સમાજ જાગૃતિનું કાર્ય કર્યું. દરિયા કિનારે રહેતા માછીમાર લોકોમાં જાગૃતિ અને ધાર્મિક ચિંતન ભજનવાણી દ્વારા લાવી કબીર વિચારધારાનો પ્રચાર કર્યો. મૂર્તિપૂજા, તીર્થયાત્રા, બાહ્ય ક્રિયાકાંડ ઇત્યાદિ સામે વિરોધનો સૂર ઉઠાવ્યો. 'ગુરુગમ ખોજો ઘટ માંહી' એ ધ્વનિ વારંવાર ઉલટાવી-ઉલટાવીને પ્રજાને આંતરમુખ થવા પ્રેરે છે. ખીમ સાહેબની વાણીએ કબીરના ઉત્તર તત્ત્વબોધને એ પ્રકારે ઠીક-ઠીક જોર દીધું છે.

ખીમ સાહેબના સમર્થ શિષ્ય થયા હરિજન ગરોડા-બ્રાહ્મણ ત્રિકમ સાહેબ. બીજા શિષ્ય મેઘા ખાચર થયા. ખીમ સાહેબના દર્શન થતા તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી તેમના શિષ્ય બન્યાને ઉપરાંત હર જીવનદાસ નામના એક વણઝારા સંત થઇ ગયા તે પણ ખીમ સાહેબના શિષ્યા હતા.

## રાધોદાસ :-

રાધોદાસ ઉત્તર ગુજરાતના સાંતલપુર ગામના વતની હતા. પૂર્વ જીવનમાં તેઓ ચોરીના રવાડે ચડી ગયા હતા. એક વખત 'વારાહી'માં ભાણ સાહેબનાં ભજન શરુ હતાં ત્યારે એ રાજપૂતના ઘરે ચોરી કરવા જાય છે, પરંતુ ભાણ સાહેબની નજર તેમના પર પડતા અને જ્યોતમાં દિવ્યપ્રકાશ જોતા તે આશ્ચર્યમાં પડી જાય છે. ભાણ સાહેબના ભજનના શબ્દોની ચોટ એવી તો લાગે છે કે તે એમનાં ચરણોમાં પડી જાય છે. ભાણ સાહેબ તેને દીક્ષા આપે છે અને આ સંપ્રદાયના માર્ગે તેઓ આગળ ચાલે છે.

## બાદલ સાહેબ :-

તેઓ કચ્છના વતની હતા. બેવફા પત્ની અને સંસારના સ્વાર્થી સંબંધોની પોકળતાથી એટલા ત્રાસી ગયા હતા કે ભાણ સાહેબ પાસે આવીને દીક્ષા લે છે. ભાણ સાહેબની આજ્ઞાથી તીર્થાટનમાં નીકળે છે. અસાધારણ રોગથી પીડાતા સંત ઉદ્‌વની સેવા શુશ્રૂષા કરે છે. અને 'સાહેબ'ની પદવી પામે છે.

## કલ્યાણદાસ :-

તેઓ રાધનપુર પાસેના કોઇ ગામમાં રજપૂત હતા. તેઓ ભાણ સાહેબની વાણીથી એટલા પ્રભાવિત થયા હતા કે શેરખી આવી દીક્ષા લે છે. અને બાકીનું જીવન

ત્યાં જ વ્યતીત કરે છે.

## રતનદાસ:-

રતનદાસ વાંકાનેરના વતની હતા. ભાણ સાહેબના ભજન ભાવથી રંગાઇને તેમના શિષ્ય બન્યા હતા. તેમની ભજન રચનાઓ મળે છે. વાંકાનેરમાં રવિ સાહેબની જગ્યા છે. સંભવ છે કે આ જગ્યા રતનદાસે સ્થાયી હોય.

ભાણ સાહેબના શિષ્ય મોહનદાસ રાધનપુરના નિવાસી હતા અને ભીમ ખાટી કચ્છના વતની હતા. આવા સમર્થ શિષ્યો ભાણ સાહેબની મોટી દેન છે.

## મોરાર સાહેબ:-

રવિ સાહેબની ભજન વાણીથી પ્રભાવિત થઇ. રાજસ્થાનના થરાદના યુવાન રાજપુત્ર માનસિંહજી વાઘેલા લગ્નજીવનમાં પડવાની ના કહી "મૈયા મેરો મનવો હુયો રે વિરાગી" એમ કહે છે. વિધવા રાજમાતાએ પોતાના પુત્રની આત્મઝંખના સામે નમી. પોતે જ રાજપુત્રને તેડીને રવિ સાહેબ પાસે લઇ ગયા. શેરખીમાં તેમને દીક્ષા આપવામાં આવી. ગુરુના કહેવાથી તેમણે જામનગર પાસેના ખંભાળિયા ગામે જગ્યા સ્થાયી ખભે કાવડ લઇને આસપાસનાં ગામોમાંથી રામરોટી ઉઘરાવતા અને અભ્યાસગતોને જમાડતા.

"સતગરુવેં સત નામ સુનાયો, સોહં શબ્દ મે સૂરતેં પાયો,

જાગ્રત જયોતે જયોત જગાયો, તેજમાં તિમિર ગયા ટળી રે."[૯]

મોરાર સાહેબની વાણીમાં ગુરુ પ્રત્યેનો ભાવ, ગુરુ મહિમા, આત્મ-દર્શનની પ્યાસ તેમજ નિજાનંદ એમની વાણીનો મુખ્ય વિષય છે. બારમાસી, ચિંતામણી, જ્ઞાનવૈરાગ્ય પ્રેરક કુંડલિયા ઉપરાંત બોધ-ઉપદેશ, યોગ, પ્રેમલક્ષણા ભક્તિનાં ભજનો તેમની પાસેથી મળે છે.

મોરાર સાહેબના શિષ્યમાં દાસ હોથી, કરમણ ભગત, દલુરામ, ચરણદાસ, સુંદરદાસ, જીવા ભગત અને સાંઇ કરીમશા મુખ્ય છે.

## સ્વરૂપદાસ :-

સ્વરૂપદાસ એ રવિ સાહેબના શિષ્યા હતા. પોતાની માતાને પ્રસવની પીડામાંથી બનાવનાર રવિ સાહેબથી પ્રભાવિત થઇ તેમના શિષ્ય બન્યા હતા. તેઓ શેરખીમાં થોડો સમય રહ્યા. તેમણે નિર્ગુણ ભક્તિ જ્ઞાન વૈરાગ્યનો ઉપદેશ આવ્યો છે.

## સુજાન :-

સુજાન એ મહિકાંઠાના હલદાર નામના ચૌહાણ રાજપૂત હતા. તેમના દારૂના વ્યસનથી કંટાળી તેમની પત્ની રવિ સાહેબ પાસે આવે છે. રવિ સાહેબ સત્સંગ દ્વારા સુજાનસિંહને દારૂની લત છોડાવે છે. પછી તો સુજાનસિંહ પોતાની સઘળી સંપત્તિ રવિ સાહેબને સોંપી તેમનો શિષ્ય બને છે.

## શ્યામદાસ :-

તેઓ સૌરાષ્ટ્રના ઘોડાસર ગામના ગરાસદાસ હતા. તેઓ 'રવિ-ભાણ સંપ્રદાય'ની વાણીથી પ્રભાવિત થઇ રવિ-સાહેબના શિષ્ય બને છે. તેમણે પણ કેટલીક રચનાઓ આપી છે. જેમાં સંપ્રદાયનું અને સંત કવિઓનું અનુસરણ થયું છે.

## મેરમદાસ:-

મેરમદાસ મહીકાંઠાના કટોસણ પાસેના વરસોઠા ગામના વતની અને જાતે બ્રાહ્મણ હતા. એમને અસાધ્ય રોગ થયો હતો. રવિ સાહેબની સારવાર અને કૃપાએ રોગમુકત થતા તેઓ રવિ સાહેબના શિષ્ય બનીને રહ્યા.

આ ઉપરાંત રાજુલદાસ, ગબલદાસ, અને ધ્રાંગધ્રા નરેશ અમરસંગ રવિ સાહેબ પાસેથી દીક્ષા લે છે અને સંપ્રદાયના અનુયાયી બને છે.

## ગંગસાહેબ :-

ગંગા સાહેબ સાહેબના પુત્ર હતા. રવિ સાહેબે બાળપણથી જ પોતાની પાસે રાખી તેને દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા હતા. ગંગસાહેબે થોડો સમય વારાહીમાં રહી યોગ સાધના કરી હતી, પરંતુ ત્યાં તેમને હેરાન કરવામાં આવતા. તેઓ વારાહી છોડી દે છે. મોરાર સાહેબની હાજરીમાં પોતાના પિતાની સમાધિ પાસે તેઓ પણ સમાધિ લે છે. તેમની આરતી, થાળ, અને જ્ઞાન-ભકિત યોગપરક ભજનો આજે પણ સંત સમાજમાં લોકપ્રિય છે.

ગંગ સાહેબના શિષ્યોમાં ભાવનગરના રાજા વિજયસિંહ તથા જોગીદાસ ખુમાણના પિતા હાદા ખુમાણ તેમજ લાલદાસ, દામોદર પંડિત મુખ્ય છે. શોભારામ અને નાનકદાસ પણ ગંગસાહેબના શિષ્ય હતા.

## લાલ સાહેબ :-

લાલ સાહેબનો જન્મ લોહાણા જ્ઞાતિમાં થયો હતો. તેઓ સિધ્ધપુર પાટણના

વતની હતા. તેમના પિતાનું નામ મનહર અને માતાનું નામ લક્ષ્મીબાઇ હતું. આ ભક્ત દંપતીને ત્રણ સંતાનો હતાં. તેમાંથી લાલને રવિ સાહેબનાં ભજનોનો રંગ લાગ્યો. તે શેરખી આવી ગુરુ રવિ સાહેબ પાસેથી  દીક્ષા લે છે. ગુરૂ આજ્ઞા પ્રમાણે ધર્મદાસ સાથે પાટણમાં રહીને જગ્યા સ્થાયી સંત-સમાજની સેવા કરે છે. અને બોધ-ઉપદેશ આપવાનું કાર્ય કરે છે. મીઠાદાસને ગાદીનો ઉત્તરાધિકારી બનાવી લાલ સાહેબ સમાધિ લે છે.

ધર્મદાસ ચેવલીમાં જગ્યા સ્થાપે છે. તેમનો શિષ્ય હિમદાસ સૌરાષ્ટ્રમાં અમરેલીમાં જગ્યા સ્થાપે છે. અને ઓસોજી નામના લૂંટારાને ઉપદેશ આપી સન્માર્ગે વાળે છે. આમ દરેક સંત આ સંપ્રદાયને ઉજાગર કરવાનું કાર્ય કરતા હતા.

## દાસ હોથી :-

દાસ હોથી નેકનામ ગામના સંઘી મુસલમાન સિકંદરના પુત્ર હતા. તેમના પૂર્વજો કચ્છના સુમરા જાતિના હિન્દુ હતા. પરંતુ વટાળ પ્રવૃત્તિના વખતમાં તેઓ મુસ્લિમ બની ગયા હતા. દાસ હોથી મોરાર સાહેબની ભજન મંડળીમાં બેસતા અને ભજનો ગાતા થયા હતા. તેમના પિતાને આ પસંદ ન હતું. જુવાન દીકરો હાથમાં તલવારને બદલે રામસાગર પકડે એ એમનાથી સહ્યું જતું ન હતું. દાસ હોથીના જીવનમાં પણ કેટલાક ચમત્કારો બન્યાના પ્રસંગોનો ઉલ્લેખ મળે છે. જેમાનો એક પ્રસંગ આ પ્રમાણે છે.

એકવાર હરિજનવાસમાં મોરાર સાહેબના ભજન હતા. અને દાસ હોથી પણ ત્યાં ભજન ગાતા હતા. એવામાં તેમના પિતા રોષે ભરાઇને વિષનો પ્યાલો આપીને હોથીને આપીને કહે છે કે “તું પી કાં તો હું પીઉં” કેમકે આવું બદનામ જીવતર સંધીની કોમમાં હવે નથી સહેવાતું. હોથી એ ઝેર ગટગટાવી ગયા. આ વિષની અસર તેમના પર ન થઇ અને તેઓ જીવી ગયા અને મોરાર સાહેબ પાસેથી દીક્ષા લીધી અને ખંભાલિડામાં તેમણે સમાધિ લીધી.

દાસ હોથી ભાવભીની ભક્તિ વગરની શુષ્ક જ્ઞાનબુધ્ધિને દુર્બુધ્ધિ તરીકે ઓળખાવે છે. બાહ્ય ધર્મ કિયાને પણ અવગણે છે. વાદ-વિવાદમાંથી બ્રહ્મજ્ઞાન નથી મળતું પણ અંત:કરણની ભક્તિ વડે લાધે છે. એમની વાણી સીધી નિરાડમ્બરીને પરિણામે વેધક છે. એકોપાસનાનો જ બોધ તેમણે આપ્યો છે. સંપ્રદાયના વાડાથી એમની વાણીમુકત રહી છે. સંપ્રદાયનો અણસાર પણ તેમાંથી પ્રગટ થતો નથી.

## પ્રેમ સાહેબ :-

પ્રેમ સાહેબ ગોંડલ તાલુકાના કોટડા સાંગાણી ગામમાં કડિયા જ્ઞાતિમાં થઇ ગયા.

તેમનો જન્મ સં.૧૮૪૮ના પોષ વદ બીજ ને દિવસે થયો હતો. તેમનાં માતાનું નામ સુંદરબાઇમાં અને પિતાનું નામ પદમાજી હતું. અને પ્રેમ સાહેબ દાસી જીવણ સાહેબના શિષ્ય હતા. તેમની પાસેથી જે પદો મળે છે તે પદોમાં ગુરુ  મહિમા, બ્રહ્મ ભેદ, યોગરહસ્ય જોવા મળે છે. તેમની વાણીમાં સંપ્રદાયની અસર જોવા મળે છે. અને દાસી જીવણની સ્પષ્ટ અસર જોવા મળે છે જેમકે....

"મીટુ મારી મળીયું રે, બાઇ માટી મેરમજીસે મીટું,

જગના જીવન સાથે ઝગડો કરતા, ગિરધારી સાથે ગુજું ગળીયું રે."[૧૦]

## વિશ્રામ સાહેબ :-

વિશ્રામ સાહેબનો જન્મ સં. ૧૮૮૨માં કોટડા સાંગાણીમાં થયો હતો. તે પ્રેમ સાહેબના પુત્ર હતા અને માતાનું નામ મલુબાઇ હતું. દાસી જીવણ સાહેબ પ્રેમ સાહેબને વચન આપ્યું હતું અને આ વચને જીવણ સાહેબ પ્રેમ સાહેબને ઘેર પુત્ર રૂપે પ્રગટ થયા. નામ રાખ્યું વચનના વિશ્રામ. આજે પણ કોટડા સાંગાણીમાં વિશ્રામ સાહેબની ચરણ પાદુકા તેમના સમાધિ સ્થળમાં જોવા મળે છે.

વિશ્રામ સાહેબનાં જે પદો મળે છે તે સ્વરૂપની દૃષ્ટિએ પદ, સાખી, આરતી, કુંડળીયા, વગેરે પ્રકારો તેમણે પાડ્યા છે. તેમની વાણીમાં પ્રેમલક્ષણા, ગુરુમહિમા, યોગ રહસ્ય, નિર્ગુણનિરાકાર પરમાત્માનું સ્વરૂપ વગેરે જોઇ શકાય છે તેમની વાણી પણ 'રવિ-ભાણ સંપ્રદાય'ના અન્ય સંત કવિઓની વાણી સાથે સામ્ય ધરાવે છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના અન્ય સંત કવિઓ જે સમાજના નીચલા સ્તરેથી આવે છે. જે પછાત છે. એવા હરિજન વિગતે-વિસ્તૃત માહિતી આગળનાં પ્રકરણોમાં આપવામાં આવશે. એ હરિજન સંત કવિઓ છે. ત્રિકમ સાહેબ, ભીમ સાહેબ, નથુરામ, લક્ષ્મી સાહેબ, દાસી જીવણ, અક્કલદાસ, દાસ વાઘો, બાળક સાહેબ, પીઠો ભગત, કરમણ ભગત, અરજણદાસ અને માણંદ ભગત વગેરે....

## રવિ-ભાણ સંપ્રદાયની વિશિષ્ટતા :-

## નિર્ગુણ ભકિત :-

ભક્તિના મુખ્ય બે માર્ગો છે. એક સગુણ સાકાર ભક્તિ કે જેમાં પરમાત્માને જુદા-જુદા સ્વરૂપધારી અવતાર સાથે સાકારરૂપ માનીને તેની ભક્તિ કરવામાં આવે છે. અને બીજો માર્ગ નિર્ગુણ-નિરાકાર સ્વરૂપની ભક્તિ. આ માર્ગમાં પરમાત્માને કોઇ સ્વરૂપ ધારી નહીં પણ અણુએ અણુમાં વ્યાપ્ત-સૂક્ષ્મ સ્વરૂપ ધારી માનવામાં આવે છે.

પરમાત્માને બાહ્ય આચરણ, ક્રિયાકાંડ કે પૂજા પાઠ દ્વારા નહીં પણ આત્મજ્ઞાન દ્વારા ઘટભીતર તેના દર્શન કરવાના છે. 'રવિ-ભાણ સંપ્રદાય'માં આ નિર્ગુણ ભકિત માર્ગ સ્વીકારાયો છે. નિર્ગુણ ભક્તિ વિશે રવિ સાહેબ તેમના એક પદમાં જણાવે છે કે....

"સંતો નિરગુણ કી ગતિ ન્યારી.

સમસ્યા હે સતગુરુ કી એસી, સમજે તો સુખકારી"[૧૧]

આપણી આસપાસ દેખાતું બાહ્ય જગત એક સ્વપ્ન સમાજ છે. બુધ્ધિ, મન, વાણી, સ્થૂળ સૂક્ષ્મ, સગુણ-નિર્ગુણ, આ સર્વથી પર પરમાત્મા છે. બુધ્ધિથી એને પામી શકાતું નથી. શૂન્યાતીત જે તેજ વ્યાપી રહ્યું છે. તે અંદર અને બહાર સવર્ત્ર રમી રહ્યું છે. આ સોહમ સનાતન સત્ય અક્ષરાતીત છે. આ નિરંજન નિરાકાર-નિર્ગુણ તત્ત્વની ઉપાસના 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતોને આપવામાં આવી છે. ભીમ સાહેબ નિર્ગુણ ભકિત વિશે જણાવતા કહે છે કે ....

"ભમ્મર ગુફા મે ભેદ અનુપા,

તેજ પંજર તેજ સરુપા,

શિરગુણ નિરગુણ મધ્યે ઠેરા,

આવે નહિ જાવે ફરે નહિ ફેરા"[૧૨]

ત્રિકમ સાહેબ પણ નિર્ગુણ ભક્તિ વિશે કહે છે કે....

"દેખો ખાવન કા ખેલ રે, દરશન બાર દેખ્યા રે.

બાહીર દેખ્યા ભીતર દેખ્યા, દેખ્યા અગમ અપાર રે."[૧૩]

પરમાત્માનું સ્વરૂપ સ્થૂળ રૂપધારી નહીં પણ જયોતિ રૂપી છે અને જન્મ-મરણથી રહિત છે. આ ઘટભીતર જ 'ભમ્મર ગુફા' બ્રહ્મરન્ધ્રમાં જ આ પરમાત્માનું સ્થાન છે. તેમજ પરમાત્માની માયા જેના દર્શન મળે છે એ બહાર અને ભીતર સબઘટ એ જ રમી રહ્યા છે. ઘટ ભીતર ડોકિયું કરવાથી આ નિર્ગુણ પરમાત્માને જોઇ શકાય છે.

## સહજ યોગ :-

રવિ ભાણ સંપ્રદાયના સાધકો કબીર સાહેબ દર્શાવેલ સહજ યોગ દ્વારા પરમા તત્ત્વને પામવાના પ્રયત્ન કરે છે. આ સંપ્રદાયના અનેક સંત, ભકત કવિઓએ સહજ યોગ વિશે જણાવ્યું છે. કબીર સાહેબ જણાવે છે કે,

"સાધો સહજ સમાધિ ભલી,

ગુરુ પ્રતાપ જા દિન તૈં ઉપજી દિન દિન અધિક ચલી,

જહાં જહાં ડોલો સોંઇ પરિકરમા જો કુછ કરો સો સેવા..."[૧૪]

અષ્ટાંગ યોગ, હઠયોગને બદલે ગુરુના પ્રતાપથી સહન ધ્યાન થતા કબીર કહે છે કે જે દિવસથી સહજ ધ્યાન લાગે છે તે પછી તે સતત ધ્યાન વધતું જાય છે આસન લગાડયા વગર, આંખો બંધ કર્યા વગર પરમાત્માના મનોહર રૂપના દર્શન થઇ શકે છે અને એવા સાધક ને હાલવું-ચાલવું એ જ પરિક્રમા થઇ જાય છે અને જે કાર્ય કરે તે સેવા બની જાય છે. આગળ કબીર સાહેબ કહે છે કે...

"હમ ન મરૈ મરિ હૈ સંસારા, હમકો મિલા જિયાવન હારા,

અબ ન મર્રું મરને મન માના, મરે સોઇ જો નામન જાના"[૧૫]

'હમ' એટલે જેને સદ્‌ગુરુ સંત મળી ગયા છે જેણે ભીતરના દરવાજા ખોલીને જોયેલું છે એવા લોકો મરતા નથી. એના માટે સંસાર નાશ પામી જાય છે. અને તેઓ અજર, અમર, નિજાત્મ સ્વરૂપથી રહે છે. આમ સંસારી મરે છે, અજ્ઞાની ભરે છે પણ જ્ઞાની મરતો નથી. કારણ કે મન પણ એને મરણથી મુકત કરીને પોતે મરવાને માટે તૈયાર થઇ ગયું છે, અને મનને માર્યા વગર દુ:ખનો નાશ થતો નથી. એજ રીતે સહજ સમાધિ વિશે રવિ સાહેબ કહે છે કે...

"જપ, તપ, તીરથ, વેદ પુરાણને શું પઢવાનું કામ ?

સાધન જોગ કલ્પના ધૂના સધળે સરખા રામ,

એવું આવરણ મટિયું રે, ખટપટ સરવે ખળી"[૧૬]

રવિ સાહેબ પણ પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે બાહ્ય ક્રિયાકાંડો તીર્થયાત્રા કે વેદશાસ્ત્રો, પુરાણો વાંચવાની જરૂર નથી. જયાં સુધી મનના સંકલ્પ-વિકલ્પ દૂર નહીં થાય, માયાનું આવરણ હટશે નહિ ત્યાં સુધી એ દેખાશે નહીં. સહજ સમાધિ લાગતા બધાં જ આવરણો હટી જાય છે અને ષડરિપુઓની ચિંતા અને ષડદર્શનો પઢવાની જરૂર રહેતી નથી. ત્રિકમ સાહેબ પણ સહજયોગ વિશે જણાવતા કહે છે કે...

"નાભી કમલથી ઉમટયો આવે, ગગન ધૂન ગરજાના,

ઇંગલા, પીંગલા, સુખમન સાધી. ત્રિવેણી તાર મિલાના."[૧૭]

ઇંગલા, પીંગલા અને સુષુમ્ણા ત્રણેય નાડીઓનું જયાં ત્રિવેણી સંગમ થાય છે. ત્યાં સુરતાને સ્થિર કરવાથી અહર્નિશ વાગતા અનાહત નાદને સાંભળી શકાય છે. ભીમ સાહેબ એક પદમાં કહે છે કે..

"સેજ સુન મેં ત્રિકુટી ધૂન મે, અખંડ જયોતિ ગ્રહે સારી"[૧૮]

ત્રિકોણી-ત્રણે નાડીઓનું જયાં મિલન થાય છે ત્યાં ધ્યાન ધરવાથી અખંડ ધૂન સાંભળવા મળે છે અને જયોતિ સ્વરૂપ પરમાત્માના દર્શન થાય છે. તેઓ દાસી

જીવણને સહજયોગનું જ્ઞાન સમજાવતા કહે છે કે...

"જીવણ, જીવને જયાં રાખીએ, વાગે અનહદ તૂરા,

જયોતિ અખંડ ત્યાં ઝળહળે, વરસે નિરમળ નૂરા."[૧૯]

બહાર ભટકવાનું છોડીને ભીતર થઇ રહેલ અનાહત નાદને સાંભળવાનું અને કાયામાં ઝળહળ જયોત પરમાત્મા જયોત પ્રકાશી રહી છે ત્યાં જીવને સ્થિર રાખવાનું જણાવી સહજયોગ કરવા જણાવ્યું છે.

દાસી જીવણની વાણીમાં પણ સહજયોગ વિશે જણાવાયું છે કે...

"જાપ અજંપા સો ઘર નાંહી, ચન્દ્ર સૂર ત્યાં પોંચત નાંહી,

સુસમ ટેકથી સો ઘર જાય, આપ આપને દીએ ઓળખાય."[૨૦]

જપ-જાપની જરૂર નથી. કારણ કે ત્યાં ચંદ્ર અને સૂર્યને ઉલટ-સુલટ કરવાની પણ જરૂર નથી. કારણ કે એ પણ પરમ પદ સુધી પહોંચતા નથી. શ્વાસોશ્વાસ દ્વારા સહજપણે થતા યોગ દ્વારા જ આત્મ તત્ત્વની ઓળખ થાય છે.

આમ આ સહજયોગ દ્વારા ધ્યાન સ્થિર કરીને ચંચળ વૃત્તિઓને શાંત કરી શકાય છે. જેની સુરતા શૂન્યમાં લાગી જાય છે. પછી તેને મોહ માયાની અસર થતી નથી. કોઇ વાસના કે કામના રહેતી નથી. સહજયોગથી અજ્ઞાન રૂપી અંધારું ટળી જાય છે. ને અક્ષરાતીત પૂર્ણ બ્રહ્મનો ભેટો થાય છે. અહમ્પદનું અભિમાન નાશ પામે છે. આજ વાત આ સંપ્રદાયના રવિ સાહેબ, મોરાર સાહેબ, ત્રિકમ સાહેબ, ભીમ સાહેબ, દાસી જીવણ સાહેબે કરી છે.

## સદ્ગુરુ મહિમા :-

ભારતીય સાધનાધારા અને સંતવાણીમાં તેમજ રવિભાણ સંપ્રદાયમાં સદ્ગુરુનું મહત્ત્વ અનેક ગણું છે. આ ગુરુએ સામાન્ય ઉપદેશક, શિક્ષક, ધર્મગુરુ, સમાજ સુધારક કે કથાકીર્તિકાર નથી. આ સદ્ગુરુ તો અગમભેદ દર્શાવી, અજ્ઞાન અંધારું ટાળી, ઘરભીતર બેઠેલા હરિવરની ઓળખ આપી પરમાત્મા સાથે એક રૂપ બનાવી આ ભવચોરાસીના ફેરામાંથી મુક્તિ અપાવે છે. સદ્ગુરુની કૃપાથી મનનાં સંચયો દૂર થાય છે અને અજ્ઞાન રૂપી અંધારું દૂર થાય છે. સદ્ગુરુના ચરણમાં તન, મન અને ધન અર્પણ કરી સંપૂર્ણ સમર્પણ ભાવ જાગે નહિ ત્યાં સુધી પરમતત્ત્વની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. આ પંથના આદ્ય પુરુષ કબીર સાહેબ સદ્ગુરુને ગોવિંદ-પરમાત્મા કરતાં પણ ઊંચા સ્થાને મૂકતા જણાવે છે કે..

"ગુરુ ગોવિંદ દોઉં ખડે, કાકે લાગું પાય,

બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય."[૨૧]

ત્રિકમ સાહેબ તો ગુરુ અને પરમાત્મામાં કોઇ ભેદ જ જોતા નથી. ગુરુમાં જે ગોવિંદના દર્શન કરે છે.

"ગુરુમાં ગોવિંદ, ગોવિંદમાં ગુરુ,

અલખ પુરુષ એકતારા."[૨૨]

ગુરુમુખી જ્ઞાન આ સંપ્રદાયનો મંત્ર બની રહ્યું છે. ગુરુ અભિમંત્રિત પ્યાલો પીવડાવી શિષ્યના અજ્ઞાન અંધારાને દૂર કરે છે.

ભીમ સાહેબ ગુરુ મહાત્મ્યને વિશેષ રીતે વર્ણવતા 'ગુરુમહિમા ગ્રંથ' રચનામાં સદ્‌ગુરુ જ સર્વશ્રેષ્ઠ છે. સર્વ દેવો પણ સદ્‌ગુરુમાં સમાય જાય છે. એમ જણાવતા કહે છે કે જેને ગુરુ નથી એવો 'નગરો' ભવસાગર પાર ઉતરી શકતો નથી. આમ અનેક પ્રકારે સદ્‌ગુરુના મહત્ત્વને વર્ણવતા કહે છે કે....

"સંતની સેવા ગુરુની ભક્તિ, અવિચળ રૂડો ઉપાય,

આધીનતા રાખો અંતરમાં, તાકુ કાળ ન ખાય."[૨૩]

દાસીજીવણને સદ્‌ગુરુ મળતા અજ્ઞાનરૂપી અંધારું દૂર થાય છે અને એ આનંદને વર્ણવતા કહે છે સદ્‌ગુરુ ભીમ સાહેબ મળતા ચારે તરફ અજવાળું થઇ ગયું છે.

"અંજવાળું હવે અંજવાળું,

ગુરુ, આજ તમ આવ્યે રે મારે અજવાળું"[૨૪]

રવિ-ભાણ સંપ્રદાયના સ્થાપક અને કબીર વિચારધારાને સૌરાષ્ટ્ર કચ્છ અને ગુજરાતમાં ફેલાવનાર ભાણ સાહેબ સદ્‌ગુરુ મહિમા ગાતા જણાવે છે.

"સત્‌ગુરુ મળિયા સ્હેજમાં, જેણે સતનો શબદ સુનાયો,

ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો."[૨૫]

ભાણ સાહેબ કહે છે કે સતગુરુની મને અનાયાસે પ્રાપ્તિ થઇ. તેમણે સતનામ શબ્દો એવો તો સંભળાવ્યો કે મારા જન્મ મરણના ફેરામાંથી મુકિત મળી ગઇ અને અખંડધામના મને દર્શન કરાવ્યા.

"સદ્‌ગુરુની સેવાએ અભેદ પદ પામીએ, ગુરુ સેવા વર્ણવી ન જાય,

અનંત મહિમા ગુરુજી તણો સદ્‌ગુરુ અમરે કારજ થાય."[૨૬]

દાસીજીવણ કહે છે કે સદ્‌ગુરુની સેવા થકી જ અભેદ પદ પામી શકાય છે અને સદ્‌ગુરુની કૃપા તો એવી છે કે શબ્દોમાં તેનું વર્ણન થઇ શકે એમ નથી.

દાસ હોથીની વૃત્તિ અને સુરતા સંતશરણમાં લાગી ત્યારથી મનની ભ્રમણા તૂટી ગઇ. તેમજ સદ્‌ગુરુની કૃપાથી ત્રિવેણીના તીર ઉપર અખંડ ધૂન મોરબી વાગી રહી છે. એ સાંભળવા મળી. સદ્‌ગુરુએ તૃષ્ણા છોડાવી અને જીવન-મરણના ફેરામાંથી મુકિત અપાવી છે.

"સત્‌ગુરુ મુજ પર કરુણા કીધી રે, અંતર પ્રેમ પ્રકાશી રે,
દાસ હોથીને ગુરુ મોરાર મળીયા રે, કાટી જમ કેરી ફાંસી રે."[૨૭]

રવિ ભાણ સંપ્રદાયના અન્ય સંત કવિઓની વાણીમાં પણ આ સદ્‌ગુરુ મહિમા જોવા મળે છે.

"નામ તો જંપી લે નિરવાણ,
સત્‌ગુરુએ અમને મારેલ શબદુના બાણ રે."[૨૮]

**- રવિ સાહેબ**

"માટી કાયા રે બેડી કણકવાને લાગી, રે,
ગુરુજી મને પાર ઉતારો."[૨૯]

**- ત્રિકમ સાહેબ**

"બેની ! મુને ભીતર સત્‌ગુરુ મળિયા રે,
વરતાણી આનંદ લીલા ! મારી બાયું રે."[૩૦]

**- લખીરામ**

આ સંપ્રદાયમાં ગુરુપુજાને મહાપૂજા કરતાં પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. દરેક સંત કવિએ ગુરુ મહિમા પર ભાર મુકયો છે. સત્‌ગુરુની કૃપાથી ભવસાગર તરી શકાય છે. અને પ્રભુભક્તિ અને પ્રાપ્તિ થાય છે. સત્‌ગુરુ વિના બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. આ સંપ્રદાયના સંતોએ સ્થળુ દેહધારી ગુરુથી માંડીને દેહમાં બિરાજમાન થતા અનંત બ્રહ્માંડમાં વ્યાપ્ત સૂક્ષ્મ સ્વરૂપને ગુરુ તરીકે ઓળખાવ્યા છે. સત્‌ગુરુ મહિમાએ 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત ભક્તોને મન અત્યંત આવશ્યક છે. તેના માર્ગદર્શન વિના આ પથ પર આગળ વધી શકાતું નથી.

આમ સદ્‌ગુરુ નો મહિમા-મહાભ્ય એ આ સંપ્રદાયની મહત્ત્વની એક લાક્ષણિકતા કે વિશિષ્ટતા છે.

## પ્રેમલક્ષણા ભક્તિ :-

પરિબ્રહ્મની પ્રાપ્તિ માટે સંતોએ બધા માર્ગોમાં પ્રેમલક્ષણા ભક્તિના માર્ગને શ્રેષ્ઠ ગણાવ્યો છે. કબીર સાહેબ પણ આ ભક્તિ માર્ગને પ્રેમ સાધનાનો માર્ગ કહે છે તેઓ કહે છે કે...

"પ્રેમ ન બાડી નીપજે પ્રેમ ન હાટ બેચાય,

રાજા પ્રજા જેહિ ચાહે શીશ દેઇ લે જાય."[૨૯]

આ પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે કેમ ? શું એ કોઇ વસ્તુ છે કે ખરીદી શકાય ? ના, પ્રેમ તો માથા સાટે મળે છે. આ પરમાત્માને પામવાની સંતોએ પ્રેમ સાધના દર્શાવી છે. જેને નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. તેમાં આત્મા અને પરમાત્માને પ્રિયા-પ્રિયતમની ઉપમા આપી છે. તેમાં આવતો દાસીભાવ, સખીભાવ, પત્નીભાવ, કે રાધાભાવ, એ સ્થૂળ પ્રકારનો નથી. પણ તેમાં ભકત હૃદયની આરત પ્રગટ થાય છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત કવિઓમાં રવિ સાહેબ, મોરાર સાહેબ ત્રિકમ સાહેબ, દાસીજીવનણ વગેરેમાં પ્રેમલક્ષણા ભક્તિનો તલાસટ જોઇ શકાય છે. રવિ સાહેબ આ પ્રેમલક્ષણા ભક્તિનો ભાવ સ્ત્રી સહજ સ્ત્રી સહજ મધુર ભાવે ગાતા કહે છે કે...

"સખી ! ઊંચું જોઉં તો આકાશમાં,
હું હેરું તો હરિ હેઠા રે..
સુઇને જોઉં તો ઝલકે સેજમાં,
બેસું તો વખત પર બેઠા રે..
સખી, પરણી પિયુજીને પીછવે
કુંવારી કંથમાં શું જાણે રે,
કુંવારી રમે ઢીંગલે પોતિયે,
એ તો મેરમને શું માણે રે"[૩૧]

રવિ સાહેબ જાણે પોતાની સખીને સંબોધીને કહેતા હોય એમ સંબોધન કરીને કહે છે કે હે સખી ! મારા પિયુજી મને સર્વત્ર દેખાય છે. ઊંચે જોઉં તો આકાશમાં, નીચે જોઉં તો હરિ નીચે બેઠા છે. જયાં હું પથારીમાં નજર કરું છું તો એ સેજમાં મારી સાથે સૂતા છે ને હું બેસું છું તો હરિને તખત પર બેઠેલા જોઉં છું. પ્રભુના પ્રેમમાં એટલા બધા પાગલ થઇ ગયા છે કે એમને આજુબાજુ ચોતરફ પરમાત્માના જ દર્શન

થાય છે. વળી તેઓ કહે છે કે જેણે પ્રેમભક્તિથી ભગવાનને પોતાના કર્યા છે. એ જ પ્રિયતમની લીલા જાણી શકે, કુંવારી પિયુને શું જાણે ? આત્માનું પરમાત્મા સાથે જોડાણ થાય, લગ્ન થાય ત્યારે અનુભવનો આનંદ મળે.

દાસી જીવણ તો દાસી ભાવે, રાધાભાવે મેરમને મનાવી મોલે લાવવાની વાત કરે છે. મારા આ નાથના નૈણા ઉપર હું તો ઓળઘોળ કરાવ્યો છે. તેના પ્રેમની કટારીએ પ્રાણને વીંધી નાખ્યા છે એવા સાંયાજી ને મળવા સખીઓને કહે છે.

"સાંયાજીને મળવા રે હાલો સખી શૂન્યમાં,

એવી સરવે સાહેલીયો પેરી લ્યો ભગવો ભેખ."[૩૨]

"કલેજા કટારી રે

રૂદિયા કટારી રે

માડી ! મુને માવે લેને મારી."[૩૩]

કટારી બંને બાજુ તીક્ષ્ણ ધારવાળું હથિયાર છે જે બહુ નજીકથી મારી શકાય છે અહીં અત્યંત સામીપ્યનો ભાવ દર્શાવ્યો છે. કટારીનો ઘા બહારથી નાનો લાગે પણ અંદરથી ઘણું બધું કાપી કાઢે છે. ને તેવી વેદના અસહ્ય હોય છે પ્રેમનો ઘા પણ બહારથી દેખાતો નથી. પણ અંદર કાળજુ કપાઇ જાય છે. તેનું દર્દ ખૂબ રિબાવે છે. એવી કટારીનો ઘા દાસીજીવણને લાગ્યો છે.

પ્રેમલક્ષણા ભક્તિનો રંગ યોગમાર્ગના અભ્યાસી ત્રિકમ સાહેબને પણ લાગ્યો છે. તેઓ કહે છે કે

"પ્રેમની, પ્રેમની, પ્રેમની રે,

વાલે મારે, મને મારી કટારી પ્રેમની રે."[૩૪]

અહીં દાસી જીવણ જેવો જ ભાવ ત્રિકમ સાહેબને થાય છે. પ્રેમલક્ષણા ભક્તિની અભિવ્યકિત માટે સમર્પણની ફનાગીરીની ભાવના વ્યકત કરવા માટે 'કટારી'એક સમર્થ પ્રતીક છે. ભીમ સાહેબની વાણીમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે છે. પોતે પ્રિયતમ પરમાત્માની દાસી છે. એ ભાવ વ્યક્ત કરતા કહે કે...

"સાંઇ તુજ આંઉ તો નોકર દાસી,

આજના લેદી આંઉ તો પ્રસી રે."[૩૫]

પ્રિયતમ પરમાત્મા આવે તો દાસી બનીને મળવા આવું એમ ભીમ સાહેબ કહે છે.

આમ ‘રવિ-ભાણ સંપ્રદાય’ના દરેક સંત કવિઓએ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ અપનાવ્યો છે. આમ પ્રેમલક્ષણા ભક્તિ પણ આ સંપ્રદાયની કેટલીક વિશિષ્ટતાઓમાંની એક છે.

## સમાજ સુધારક/ ઉપદેશવૃત્તિ :-

સંત-ભક્તોનું કાર્ય જ સમાજમાં ફરીને માનવ સમાજમાં ફરીને માનવ સમાજને ઉપદેશ આપી, સાચો રાહ બતાવી જાગૃત કરવાનું છે. આ દેહ નશ્વર છે. ક્ષણભંગુર છે. નાશવંત છે. મૃત્યુ શાશ્વત અને નિશ્ચત છે. તેથી આ ભક્ત કવિઓએ સમાજમાં ફરીને પ્રભુસ્મરણ કરી અમૂલ્ય મનુષ્ય અવતાર મળ્યો છે તેને સુધારી લેવા જણાવ્યું છે.

‘રવિ-ભાણ સંપ્રદાય’ના સંત-ભક્તોનાં આદ્ય પુરુષ ભાણ સાહેબે પોતાના ચાળીસ શિષ્યોની ફોજ લઇને સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના ગામડાઓ ઘુમીને જ્ઞાન-ભક્તિ અને યોગનું રહસ્ય સમજાવી સંસારની અસારતા અને માયાના બંધામાંથી છૂટવા અને મનુષ્ય અવતારને સાર્થક કરી જવાનો ઉપદેશ આપ્યો છે.

કબીર સાહેબ સંસાર અને દેહ-કાયાની ક્ષણ-ભંગુરતા દર્શાવતા જણાવે છે કે...

“યહ સંસાર કાગદકી પુડિયાં, બુંદ પડે ઘુલ જાના હે,<br>
યહ સંસાર કાંટ કી બાડી ઉલઝ-પુલઝ મર જાના હૈ,<br>
યહ સંસાર ઝાડ ઓર ઝાંખર આગ લગે બહી જાના હૈ.”[૩૬]

આ સંસાર તો કાગળના પડીકા જેવો ક્ષણ ભંગુર છે. પાણીનું એક ટીપું તેમાં પડતા તે લોચવાઇ જશે. આ સંસાર કાંટાની ઝાડી સમાન છે તેમાં અટવાઇ, ગુંચવાઇ અંતે મૃત્યુ જ નોતરવાનું છે. ઝાડી-ઝાંખરના જંગલ જેવા આ સંસારમાં અજ્ઞાનરૂપી આગમાં બધાએ બળી મરવાનું છે. તેથી કબીર સાહેબ એક માત્ર સદ્‌ગુરુ સાહેબનું નામ જ સાચું છે. એમ જણાવી એમા ધ્યાન ધરવાનું જણાવે છે.

દેહ નશ્વર છે. બાહ્ય દૃષ્ટિએ જણાતું જગત એ માયાનો વિસ્તાર છે. એવું આ સંપ્રદાયના અનેક સંતોએ જણાવ્યું છે. ભાણ સાહેબ આ દેહની અને સંસારની નશ્વરતા વિશે કહે છે કે...

“કૂડી છે કાયાને કૂડી છે માયા, જુઠડો આ જગ જાણો,<br>
સાચો નામ સાહેબ કો જાણો, ભણે લુહાણો ભાણો.”[૩૭]

“શેરી લગણ સુંદરી, ઝાંપા લગી માઁ-બાપજી,

તીર્થ સુધી બે બાંધવા, કોઇ ના'વે તારી સાથ,

હાડ જલે જેમ ગાંસડીને, કેશ જલે જેમ વાસજી,

કંચન સરખી કાયા જલશે, લાગે નહિ પળવાર."[૩૮]

**-દાસી જીવણ**

ભીમ સાહેબે સંસારના સ્વાર્થી સંબંધોની પોકળતા તેમજ સંસાર અને શરીરની ક્ષણભંગુરતા જણાવતા કહ્યું છે કે...

"જૂઠી બાજી જગ વિસ્તારા, તેમાં નહિ કોઇ તેરા,

અંત કાળે કોઇ સંગ નહિ ચાલે, કયાં કરતા મેરા મેરા"[૩૯]

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતો સમાજમાં ફરીને અંધશ્રધ્ધા, અજ્ઞાનતામાંથી બહાર નીકળીને દીનદુ:ખિયાને મદદ કરવાનું જણાવે છે.

"લીધા સરખું નામ હરિનું લઇ શકે તો લે,

દીધા સરખું દાન અન્નનું દઇ શકે તો દે."[૪૦]

**- દાસી જીવણ**

સમાજને બોધ-ઉપદેશ આપતાં અનેક પદ-ભજનોની રચના આ સંપ્રદાયના સંત કવિઓએ કરી છે. સમાજના ભલા માટેના પ્રયત્નો કર્યા છે. એ રીતે સમાજને સુધારવાનું અને દેહ તથા સંસારની નશ્વરતા જણાવી છે.

## બાહ્ય તીર્થાટન કે કર્મકાંડનો વિરોધ :-

રવિ-ભાણ સંપ્રદાયના સંત કવિઓએ આંતરખોજ કરી આત્માને સાક્ષાત્કાર કરવા જણાવ્યું છે. બાહ્ય ક્રિયાકાંડ, ધાર્મિક અનુષ્ઠાનો વિધિ-વિધાન, ભગવાં વસ્ત્રો પહેરવાની કે દેહનું દમન કરવા જેવી પ્રવૃત્તિ કરવાની સ્પષ્ટ ના પાડી છે. સમાજ જયારે બાહ્ય આચારોમાં ડૂબી જાય છે. ત્યારે સત્ય એક બાજુ રહી જાય છે. સાધ્યને બદલે સાધનની બોલબાલા થવા લાગે છે.

ભક્તિના નામે કેટલીક અંધશ્રધ્ધાઓ પ્રર્વતી હોય છે, મંત્ર-તંત્ર કે બાહ્યાચારથી પ્રભુ-પ્રાપ્તિ થતી નથી. ભગવા કપડા, ટીલાં-ટપકાં, જટા વધારવાથી કે દાઢી રાખવાની હરિ મળશે નહિ. મન પવિત્ર હોય ત્યાં સુધી પ્રભુના દર્શન શક્ય નથી. તે માટે ત્રિકમ સાહેબ કહે છે કે ....

"જપ તપ તીરથ જોગ જુગતે

કરણી કયાં લગી જાય ? "[૪૧]

"જોગી હોકર જટા વધારે, અંગ લગાવે વિભૂતા,

દમડી કારણ દેહી જલાવે, જોગી નહિ પણ જગધૂતા"[૪૨]

જગતને છેતરનારા યોગી નથી અને તેઓ પૂર્ણ પદને પામી શકતા નથી. 'ભેખ લઇને ભગવા પહેર્યા. ભાર ઉપાડયો ત્યારે' આ સંતો કહે છે કે ભેખ ધરવાની જરૂર નથી. જરૂર છે મનમાં રંગાઇ જવાની.

"નાઇ-ધોઇને કરે અસ્નાના,

મયલાનો મેલ તારો નંઇ જાવે,

ધ્યાન વિનાનો ધૂન મચાવે,

ત્યાં સાહેબ મારો નહિ આવે."[૪૩]

માત્ર નાહિ-ધોઇને કે પૂજા-પાઠ કરવાથી સાહેબ- પરમાત્માની દર્શન થતા નથી. જયાં સુધી મનની મલિનતા દૂર નહિ થાય ત્યાં સુધી આત્મા દર્શન થવું શકય નથી. નિર્મળ ચિત્તે ધ્યાન ધરાવથી પરમ સ્વરૂપને પામી શકાય છે. અંધશ્રધ્ધા-ભૂત-પ્રેત, ભૂવાઓના દોરા-ધાગા સામે પણ વિરોધ પ્રદર્શિત કર્યો છે. પીઠો ભગત કહે છે કે...

"ભૂવો તેડાવી જોશ જોથરાવે હા,

ઓસડ નો કાંઇ પાર નહિ, પાર નહિ,

પીઠો ભગત કહે સર્વે પાપરા,

હરિ વિના આધાર નહીં."[૪૪]

પ્રભુ ભક્તિમાં ઇશ્વરની પ્રાપ્તિ માટે સંત કવિઓએ વેશ-ટેકને આડી ગલી જણાવી છે. સ્નાન, પૂજા-પાટ, જટા વધારવી, ભભૂતિ લાગવવી, શીશ મૂંડાવવું, દાઢી રાખવી કે માળાના મણકા ફેરવવાથી હરિ મળતા નથી. કથા, તીર્થ, ગંગાસ્થાનો કોઇ અર્થ નથી. શુધ્ધ ચિત્ત વિના અંતરની ભક્તિ-વિના મુક્તિ નથી. 'પ્રભુ હોમહવનમાં નથી' એમ જણાવી સંતો બાહ્ય તીર્થાટન કે કર્મકાંડ કરવાને બદલે આંતરખોજ કરીને પરિબ્રહ્મને પોતાનામાં જ શોધવા, સાચા દિલથી ભજન ભક્તિ કરવાનું વાણી દ્વારા સંતો કહે છે.

## નામ મહિમા :-

આપણી દરેક સંત પરંપરામાં 'નામ'નો વિશેષ મહિમા જોવા મળે છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં પણ શ્રવણ, કીર્તન અને સ્મરણનો મહિમા ગાવામાં આવ્યો છે. કબીર સાહેબે નામ મહિમા વર્ણવતા કહ્યું છે કે...

"આદિ નામ નિજ મૂલ હૈ ઓર મંત્ર સબ ડાર,

કહ કબીર નિજ નામ બિનુ બુડી મુઆ સંસાર."[૪૫]

કબીર સાહેબ કહે છે કે આદિનામ એ જ પોતાના સ્વરૂપનું મૂળ છે. બીજા બધા મંત્રો તો ડાળમાં છે. આ નિજનામ (આત્માતત્ત્વ)નું રહસ્ય નહિ સમજ્યાથી જ આ સંસાર ડૂબી મરે છે.

આ નામ મહિમા 'રવિ-ભાણ સંપ્રદાય'નું એક લક્ષણ છે. આ સંપ્રદાયના સંતો જયારે શિષ્યને દીક્ષા આપે છે. ત્યારે 'રામનામ' મહામંત્ર આપવામાં આવે છે. ભીમ સાહેબ સત્‌નામ વિશે જણાવતા કહે છે કે...

"સૂન લે સુષુમણા નારી, મે અજબ નામ પર વારી,

અજબ નામ હૈ સબ સે ન્યારા, સોજ ખોજ સંસારી."[૪૬]

આ અજબ નામ બધાથી ન્યારું-અલગ છે. આ નામની શોધ તો બધાં સંસારીઓ, જોગી જતીઓ કર્યા કરે છે. સનાતન કાળથી આ શોધ ચાલુ છે. ભીમ સાહેબ કહે છે કે હું આ અજબ નામ પર વારી જાઉં છું. પછી તો કબીર સાહેબને પણ રામના અવતાર માની તેની સાકાર ભક્તિ થવા લાગી છે. પણ ત્રિકમ સાહેબ તો નિર્ગુણ-નિરાકાર એવા 'નામ' તત્ત્વનો મહિમા વર્ણવતા કહે છે કે...

"મન પવન કા મેળા હુઆ, નૂરતી નીજ ઘર પાઇ,

સોહી બ્રહ્મ સતનામ હૈ, નહીં ધૂપ છાંઇ વરતાઇ."[૪૭]

તો દાસી જીવન 'નામ' નો મહિમા વર્ણવતા જણાવે છે કે....

"કોઇ રૂપ રંગ સે ન્યારા, ઉસમે કયાં જાને સંસારા રે જી,

ઓહં સોહમની ઉપર નીરખો બાર આંગલ છે બારા,

મતિ મૂરતિ નૈણે નીરખો, નીજનામ છે ન્યારા."[૪૮]

આ નામને અજબનામ, અલખનામ, સત્‌નામ, સોહી બ્રહ્મ, નીજનામ તરીકે ઓળખવામાં આવે છે. આ નામને સંસારથી પર રૂપરંગથી ન્યારું, કહીને સ્પષ્ટ જણાવે છે કે એ નામ તે ઓહમ સોહમની ઉપર એકવીસ વરમંડની ઉપર બિરાજેલ પરબ્રહ્મ, પરમાત્મા બ્રહ્મ છે. તે જ છે. આ નામની સાધના આ નામનું સ્મરણ, આ નામની માળા રટવાનું સંતોએ જણાવ્યું છે.

આમ નામ સાધનાએ આપણા સંત સાહિત્યમાં સાકાર નિરાકાર સ્વરૂપે થતી રહી છે. અને આ 'રવિ-ભાણ સંપ્રદાય'ની જગ્યાઓમાં સાકાર રામ બિરાજમાન હોય છે.

## સંસારી સાધકો :-

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત કવિઓ સંસારી સાધકો છે. અહીં સંસારને અસાર કહીને સંસાર છોડી ચાલી નીકળવાનું સંતોએ જણાવ્યું નથી. કારણ કે મોટા ભાગના સંતો સંસારી હતા. તેઓને કુટુંબ, પત્ની, બાળકો હતાં. અને સાથે સાથે કોઇને કોઇ આર્થિક ઉપાર્જનનું કાર્ય પણ કરતા હતા. વણાટ, ખેતી, વેપાર, ચર્મકામ વગેરે કાર્યો કરીને ગૃહસંસાર ચલાવતા-ચલાવતા, નામ સ્મરણ કર્યું છે અને જનક વિદેહીની જેમ સંસારમાં રહીને તેમણે પણ સંસારની માયા, મમતા, ક્રોધ, અને અહંકાર ઉપર જીત મેળવેલ છે. આ સંસાર પ્રભુની માયા છે એ વિશે ત્રિકમ સાહેબ જણાવે છે કે...

"એ મન તું માની લે, તારો સગો નથી આ સંસાર,
ભજનમાં ભીના ભીના રે'જો, ઉતરશકો ભવપાર."[૪૯]

સંતોએ સમાજની સેવાઓ કરતા-કરતા મનને સતત હરિ નામમાં કેન્દ્રિત રાખ્યું અને સિધ્ધિનાં શિખરો સર ક્યાઁ. આ સંતોએ સમાજને ભકિતનો સરળ માર્ગ દર્શાવીને સંસારમાં રહીને જ ભક્તિ કરવા જણાવ્યું છે. જંગલમાં જઇને જપ, તપ કે યોગ-કરવાની કે સંસારથી દૂર રહીને નહીં પણ સંસારમાં રહીને જ ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે.

## સાહેબ પરંપરા :-

આ સંપ્રદાયના સિધ્ધ સંતને 'સાહેબ' તરીકે નવાજવામાં આવે છે. 'સાહેબ' એટલે પરમાત્મા, સાહેબ એટલે આ વિશ્વનો સર્જક, પોષક કે સંહારક. કબીરના નામ પાછળ 'સાહેબ' સંજ્ઞા લગાડવામાં આવે છે. અને કબીર પંથના જે આશ્રમો ચાલે છે. તેના મહંતને પણ 'સાહેબ'થી ઓળખવામાં આવે છે. એટલે તેમાંથી ઉતરી આવેલા આ સંપ્રદાયના સંતોના નામની પાછળ 'સાહેબ' શબ્દ લગાડવામાં આવે છે.

જે સંત-ભકતને પરમાત્મા નો સાક્ષાત્કાર થયો હોય અને 'સ્વયં' પરમાત્મા છે એવી ઓળખાણ થઇ જાય તેને સાહેબની પદવી આપવામાં આવે છે. કબીર સાહેબ કહે છે કે..

"જન્મ મરણ સે રહિત હૈ મેરા સાહેબ સોય,
બલિહારી વહી પીવ કી જિન સિરજા સબ કોય."[૫૦]

જે જન્મ મરણથી પર છે તે જ મારો સાહેબ છે. જેણે આ સફળ-સૃષ્ટિનું સર્જન કર્યું છે એ મારા પિયુજીની બલિહારી છે.

'સાહેબ' પદવીની મોટી કિંમત છે. અને વાણી સાથે 'સાહેબ' શબ્દ એ પરમચેતના માટે જ વપરાયેલો જોવા મળે છે. દાસી જીવણ કહે છે કે....

"સબ ઘટમે એક સાયબ દેખ્યા, નજર ભરમના નોંય,

હરખ શોક વ્યાપે નહિ તનમાં એસી અદલ ચલાય."[૫૧]

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતોમાં આ એક વિશિષ્ટ લાક્ષણિકતા રહી છે. આ સર્વ સંત ભક્તો પોતાના નામની પાછળ 'સાહેબ' સંજ્ઞા લગાડે છે. 'સાહેબ'- પરમાત્મા પોતાના સિવાય અન્ય કોઇ છે જ નહિ એવી એમની માન્યતા છે. અખંડ અવિનાશી એવા તત્ત્વને 'સાહેબ' તરીકે આ સંપ્રદાયના અનુયાયીઓ ઓળખે છે.

## પાટ ઉપાસના અને મંડપોત્સવ :-

અઢારમી સદીમાં 'રવિ-ભાણ સંપ્રદાય' શરૂ થયો ત્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં નિજિયા પંથી ધારા ફૂલી-ફાલી અને સંત મૂળદાસથી માંડીને ગંગાસતી સુધી વિસ્તરી હતી. તેનો મોટો પ્રભાવ 'રવિ-ભાણ-સંપ્રદાય' ઉપર પડયો હતો. આ સંપ્રદાયના ભક્ત-કવિઓના જીવન પ્રસંગો  અને તેમની વાણીમાંથી નિજારપંથ-નિજિયા પંથ સાથે સંકળાયેલી કેટલીક સંજ્ઞાઓ જેવી કે પાટ-પૂજા, મંડપ, સમાધિ વગેરે જોવા મળે છે.

જ્યોત ઉપાસના અને પાટોત્સવની આદિકાળથી ચાલી આવતી પરંપરા 'રવિ-ભાણ સંપ્રદાય'ના આદ્ય ભાણ સાહેબથી જોવા મળે છે. ભાણ સાહેબના જીવન પ્રસંગો, રવિ સાહેબને ગુરુ બોધ આપ્યો તે પ્રસંગ, અને ભજનવાણીના આ મેળાવડામાં આ નિરંજન નિરાકાર દેવને જ્યોતિ સ્વરૂપે આરાધવામાં આવે છે. તે જાણી શકાયું છે.

રવિ સાહેબની રચનાઓમાં પાટપૂજા અને કળશ સ્થાપનનો ઉલ્લેખ જોવા મળે છે. રવિ સાહેબ કહે છે કે...

"હૈ વિરા રુદ્ર કળશની થાયના કીંનીજી, ત્યારે શક્તિના પાટ મંડાયા,

ગાયત્રી, સાવિત્રી મળી કરીનેજી, ત્યાં ગુપત ધરમ ચલાયા."[૫૨]

રુદ્ર કળશની સ્થાપના કરીને શક્તિનો પાટ માંડી અનેક રાનીઓએ મળીને આ ગુપ્ત ધરમ ચલાવ્યો છે. અહીં 'પાટ' અને 'વાયક'એ સંજ્ઞા નિજારપંથીની છે. સંપ્રદાયની માન્યતા પ્રમાણે ગુરુમંત્ર પાટની સાક્ષીએ જ અપાય છે. દાસીજીવનને નિજિયા પંથના 'વીસાપાટ'નો વાયક હોવાથી ત્યાં ગયા હતા એ વખતે પાટને સ્થળે ધર્મના નામે અનાચાર થતો જોયો ત્યારે તેઓ  આ પદ કહે છે...

"આમ કા કરો ? તમે આમ કા કરો ?

આવડા એકાર્યા તમે ફૂલ્યા શું કરો."[૫૩]

અહીં આપણને જોવા મળે છે કે ભીમ સાહેબ અને દાસી જીવણ સાહેબ નિજારપંથ સાથે સંકળાયેલા છે. કારણ કે નિજારપંથ સિવાય કોઇને 'વાયક' મળે નહિ અને પાટના દર્શન પણ કરાવે નહિ. આ સંપ્રદાયના હોવા છતાં દાસી જીવણમાં નિજિયા પંથ અને રાધા કૃષ્ણની સાકાર ભક્તિ પણ જોવા મળે છે.

"ઋષિ માતંગને ઘેર પાટ મંડાણો રે, સંતોને વાયક દીધા રે,

વાયક લઇને સંતો પાટે પધાર્યા રે, આવ્યા રે મુનિવર દેવા રે."[૫૪]

"રાણી રૂપાં દે જે દી પાટ પધાર્યા,

જામો રચ્યો તો જ્યારે,

સુવર્ણ-ફૂલડે છાબ ભરાણી તે દી,

કાન દીધેલ કિરતાર રે."[૫૫]

બાળક સાહેબે વિક્રમ સંવત ૧૯૩૮ના ચૈત્રીવદી નોમને રવિવારે મંડપ કર્યો હતો. અને રાજકોટના પોલિટિકલ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સાહેબની હાજરીમાં જીવતા સમાધિ લીધી હતી. તેમના શિષ્ય પીઠા ભગતે એક પદમાં ગાયું છે કે...

"મોટો થઇને મંડપ કર્યો, ધ્યાન ધણીનું તું ધર્યો નહીં,

કોટો આણી તું ધૂપ કરવા બેઠો, ધૂપ ધણીને ચડ્યો નહીં."[૫૬]

સંત મેઘ જીવાના પદમાં પણ 'પાટ' અને 'નિજિયાપંથ'નો ઉલ્લેખ જોવા મળે છે.

"આદિપુરુષ પાટે પધારિયા તો નિજિયાધરમના નીમ લીધા."[૫૭]

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત-ભક્તોએ નિજિયા પંથની પાટ ઉપાસના દ્વારા નિરંજન-નિરાકાર જ્યોતિ જલતી રાખી હતી. પાટ-ઉપાસના એ તેમની ગુપ્ત સાધના ધારા છે. એના કેટલાક ચોક્કસ અર્થો છે. આ સંપ્રદાયના સાધકો જાણે છે. 'રવિ-ભાણ સંપ્રદાય'ની જગ્યાઓ અને શિષ્ય પરંપરાગતમાં આજે પણ આ જ્યોત ઉપાસના ચાલી રહી છે. જે તેનું પરંપરાગત સચવાયેલું મહત્ત્વનું લક્ષણ છે.

## મૃત્યુ પર વિજય / જીવતા સમાધિ :-

નિજાપંથી સંતો અને 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત કવિઓની એક વિશિષ્ટતા જીવતા સમાધિ લેવાની રહી છે, આ સંતો મૃત્યુ ને જીતી શક્યા છે. તેમની ઇચ્છા

પ્રમાણે જીવન પૂરું કરી શક્યા છે. મૃત્યુ પૂર્વે તેનો સમય જાણી આનંદ પર્વ હોય તેમ તેના સ્વાગતની તૈયારી કરે છે. કબીર સાહેબ કહે છે કે...

"હમ ન મરે, મરિ હૈ સંસાર,
હમકો મિલા જીઆવન બારા,
અબના મરો મારે મન માના,
સોઇ મુઆ જિન રામન જાના."[૫૮]

અમે મરનાર નથી અમે તો અમર થઇને રહીશું, આ સંસારના જીવો જન્મ-મરણના ફેરા ખાધા કરશે. અમને તો જીવાડનાર અમરપદ દેનાર ગુરુ (પરમાત્મા) મળી ગયા છે.

મૃત્યુંજય અંગેનો ભાણ સાહેબનો સમાધિનો પ્રસંગ પ્રચલિત છે. તેઓ કમિજડા ગામે પોતાના શિષ્યો સાથે ગયા હતા. ત્યાંથી નીકળવાની તૈયારી કરે છે. એ જ સમયે એમના ભરવાડ શિષ્ય મેપા ભગત ભાણ સાહેબને કહે છે કે એક પણ ડગલું આગળ ભરો તો તમને 'રામ દુહાઇ' છે ભાણ સાહેબ આ શબ્દો સાંભળતા જ ખાડો ખોદાવી ત્યાં જ સમાધિ લે છે.

ત્રિકમ સાહેબે સમાધિ પૂર્વે શિષ્યોને બોલાવી જણાવ્યું કે મારી સમાધિ રાપર (કચ્છ) દરિયાવસ્થાનમાં મારા ગુરુ ખીમ સાહેબનાં ચરણોમાં આપજો. ત્રિકમ સાહેબે સમાધિ ચિત્રોડમાં લીધી. પછી તેમની સમાધિની પાલખીને શિષ્યો રાપર લઇ જઇ રહ્યા હતા. ત્યારે સવર્ણોએ અસ્પૃશ્યતાને લીધે સમાધિ ઉપર ધૂળ અને પથ્થર ફેંકયા. ધૂળનો ગુલાબ અને પથ્થરના શ્રીફળ (નારિયેલ) બની ગયાં. અને ત્રિકમ સાહેબ સમાધિમાંથી ઊભા થઇ ચાલતા-ચાલતા સમાધિ સ્થાન સુધી ગયા. ત્યાં આંબલીનું મોટું ઝાડ હતું તેને પોતાની દિવ્ય શકિતથી હટાવી ત્યાં સમાધિ લે છે.

રવિ સાહેબ ખંભાલિડા ગામે સમાધિ લેવા નીકળે છે તે વાંકાનેર કડિયા શિષ્યને ઘેર મૃત્યુની પળ આવતા પ્રાણને સ્થિર કરીને બેસી જાય છે. તેમના સમાધિ દેહને ખંભાલિડા લાવવામાં આવે છે. ત્યાં જાગૃત થઇ તેઓ સમાધિ લે છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના ભક્ત શિરોમણી અને સૌરાષ્ટ્રની મીરાં ગણાતા દાસી જીવણે પોતાના મૃત્યુનો સમય નજીક આવ્યો ત્યારે ગત ગંગાને બોલાવી પોતાના મૃત્યુની જાણ કરી સમય જણાવી આ પદ બોલે છે.

"હાટડીયે કેમ રહેવાશે ભાઇ, મારા રામની રજા નઇ"[૫૯]

દાસી જીવણ આ પદ બોલીને તેઓ સમાધિ લે છે.

"બાલક દોરી દેહ કી, સદ્ગુરુ કરૈ હાથ,

દત સ્વામી દયા થકી, તેત્રીસે ટળે જાત."[૬૦]

આ પ્રમાણે જાણ કરીને વિક્રમ સંવત ૧૯૮૦ના મહાવદ અગિયારસના દિવસે બાળક સાહેબ રાજકોટમાં ગોરા પોલિટીકલી એજન્ટની હાજીરીમાં જીવતા સમાધિ લે છે. સમાધિ લીધા પછી પોતાના સેવક માણસૂર ભગતને ત્યાં જઇ તેના એકના એક પુત્ર માયાને મૃત્યુમાંથી નવજીવન આપ્યું હતું. ભીમ સાહેબે પણ જીવતા સમાધિ લીધી હતી. પોતાનો મૃત્યુ સમય નજીક આવતા. સમાધિ પૂર્વે તેઓ કહે છે કે...

"સંવત અઢારસો એકયાસીમાં ચૈત્ર વદ તેરસને ગુરુવાર,

ભીમ સાહેબ ભલામણ કરીને છોડી દે છે દેહ."

'રવિ-ભાણ સંપ્રદાય'ના મોટાભાગના સંતોએ પોતાનો મૃત્યુ સમય જણાવી સમાધિ લીધાનું જાણવા મળે છે. મૃત્યુ ઉપરનો વિજય એ આ સંપ્રદાયની સૌથી મહત્ત્વની સિધ્ધિ ગણાય છે.

'રવિ-ભાણ સંપ્રદાય' કબીર પંથમાંથી ઉતરી આવેલી વિચારધારા છે. કબીરના સમયમાં નિર્ગુણ રામની ઉપાસના થતી હતી. પરંતુ પછી થી કબીરને જ રામના અવતાર માનીને તેની પૂજા શરૂ થઇ. આમ મૂળ એ નિર્ગુણોપાસના હતી. તે ધીમે ધીમે 'રવિ-ભાણ સંપ્રદાય'માં સગુણાપાસના રૂપે અસ્તિત્વમાં આવી. આજે તો આ સંપ્રદાયની કેટલીયે જગ્યાઓમાં રામ અને કૃષ્ણની મૂર્તિની પૂજા થવા લાગી છે.

'રવિ-ભાણ સંપ્રદાય'માં સમયાંતરે વૈષ્ણવ, મહાપંથ, અને નાથપંથની મોટી અસર છે. વૈષ્ણવ સંપ્રદાયના આચાર-વિચાર તેમાં ભળી ગયેલા જોવા મળે છે. વૈષ્ણવોની જેમ તુલસીની કંઠી પહેરે છે. અને સમાધિ પર તુલસી કયારો કરવામાં આવે છે. આમ થવાનું એક કારણ એ છે કે જે સંતો જે કુટુંબમાંથી આવ્યા તેની વિચારધારા પોતાની સાથે લાગ્યા છે. કેટલાક શિષ્યો કૃષ્ણોપાસક કુટુંબમાંથી આવ્યા છે. એટલે એ સંસ્કાર તેમનામાં હોય એ સહજ છે. વળી, આ સંપ્રદાયમાં રામ અને કૃષ્ણ વચ્ચે ભેદ જોવામાં આવતો નથી. સંપ્રદાયના પ્રતાપી સંત રવિ સાહેબ પણ વૈષ્ણવપંથી પરિવારમાંથી આવ્યા હતા. તેમના સંસ્કાર ઘડતરમાં ઘરના એ સંસ્કાર પડયા હોય એ સ્વાભાવિક છે. આમ વૈષ્ણવ સંપ્રદાયની કેટલીક અસર આમાં પડેલી જોઇ શકાય છે.

નાથ પંથના મૂળમાં આદિ શિવ-શક્તિ છે. આ પંથમાં જ મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, જલધંરનાથ, અને કાનીફ નાથ જેવા પ્રતાપી યોગીઓ થયા છે. આ યોગીઓએ મંત્ર,

હઠ, લય અને રાજયોગ દ્વારા વાણી, પ્રાણ, બુંદ અને મનને વશ કરવાની સાધના આપી છે નાથપંથી યોગીઓની સાધનામાં મુખ્યત્વે કુંડલિની શક્તિને જાગૃત કરવાની ક્રિયા ષટચક્ર ભેદનની ક્રિયા, પ્રાણને વશ કરી શ્વાસોશ્વાસ સાથે ઇંડા, પીંગલા, અને સુષુમણા નાડીને સાધી તેની સાથે નામ સ્મરણ સુરતા જોડવાની થાય છે. અને અનાહતનાદ સાંભળવા મળે છે.

નાથ પંથની ઉપર દર્શાવેલી લાક્ષણિકતાઓ 'રવિ-ભાણ સંપ્રદાય'માં જોઇ શકાય છે. કુંડલિની શક્તિને જાગૃત કરવા વિશે રવિ સાહેબ કહે છે કે...

"શશિ સૂર મે, સૂર શશિ મે, અણસારે ઉલટાવે,

નિરખે પલ પલ નૂર નિરંતર, અનહદ નાદ બજાવે."[૬૧]

ચંદ્ર, સૂર્યને ઉલટાવી સુષુમણાને શૂન્ય-શિખર-બ્રહ્મરન્દ્રમાં પરમાત્માનું સ્થાન છે. ત્યાં પહોચાડવાનું જણાવે છે.

યોગ સાધનાની જુદી જુદી અવસ્થાઓ અને સાધના પંથના સિધ્ધાંતો પણ આ સંપ્રદાયના સંતોએ વર્ણવ્યા છે. ભીમ સાહેબ કહે છે કે...

"ગંગા, જમના, સરસ્વતી, તરવેણીને ઘાટે રે,

સુખમન સુરતા રાખીએ, વળગી રઇયો વાટે રે."[૬૨]

આ કાયામાં જે શ્વાસોશ્વાસની ક્રિયા ચાલી રહી છે. તેના પર નિયમન રાખવાનું જણાવે છે. ડાબી ચંદ્ર નાડી (ગંગા) અને જમણી પ્રવેશ કરાવી ત્રિવેણીના ઘાટ પર સુરતા સ્થિર રાખવાનું કહે છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના અનેક સંત કવિઓ રવિસાહેબ, ખીમ સાહેબ, ભીમ સાહેબ, દાસી જીવણ વગેરેની વાણીમાં નાથ સંપ્રદાયની અસર પડેલી જોવા મળે છે.

'મહાપંથ' એટલે શિવ-શક્તિ એ સ્થાયેલો 'નિજિયા ધરમ' આ પંથમાં જ્ઞાતિ અને જાતિના બંધન નથી. અઢાર વરણ જ્યોત ઉપાસના કરે છે. અલખ આરાધના કરે છે. પોડકરણ ગઢના રાજા રામદેવપીર આ પંથમાં જોડાયા પછી તેનો પ્રચાર અને પ્રસાર વધ્યો છે. ગુરુ ઉગમશી, મેઘધારુ, રામદેવપીર, જેસલ-તોરલ, રૂપાંદેમાલદે, દાલળદે-ખીમળીયો કોટવાળ, કુંભોરાણો-લીરલબાઇ જેવા અનેક સંતો-સિધ્ધો આ પંથમાં થયા છે. આ સંતો પંદરમી-સોળમી સદીમાં થઇ ગયા. સૌરાષ્ટ્રમાં મૂળદાસથી માંડીને ગંગાસતી સુધી આની અસર રહી છે. 'રવિ-ભાણ સંપ્રદાય' અઢારમી સદીમાં ગુજરાતમાં ફેલાય છે. એટલે સ્વાભાવિક છે કે મહાપંથની અસર આ સંપ્રદાય પર પડે. વળી ત્રિકમ સાહેબથી આ સંપ્રદાયમાં મેઘવાળ સંત પરંપરામાં વ્યાપેલો હતો.

તેથી મેઘવાળ સમાજમાંથી જે સંતો આ સંપ્રદાયમાં આવ્યા તેઓ પોતાની સાથે પોતાના કુટુંબમાં ચાલતી મહાધર્મની પાટ ઉપાસના અને તેની ગુપ્ત સાધના ધારા પોતાની સાથે લાવ્યા અને પછી તો એ ઓતપ્રોત થઇને આ સંપ્રદાયમાં ભળી ગયેલી જોવા મળે છે. જ્યોત પાટ-ઉપાસના, નિર્ગુણ ભક્તિ, સદ્‌ગુરુ મહિમા, જતી-સતિ, અજપાજપ, વગેરે.. લક્ષણો મહાપંથનાં છે. આ લાક્ષણિકતાઓ પછી 'રવિ-ભાણ સંપ્રદાય'ના સંતોએ સ્વીકારી છે. ત્રિકમ સાહેબ, ભીમસાહેબ, દાસીજીવણ, બાળક સાહેબ વગેરે મંડપ અને પાટ જયોત ઉપાસના કરી હોવાના ઉલ્લેખો મળે છે.

'રવિ-ભાણ સંપ્રદાય'માં વૈષ્ણવ, મહાપંથ, અને નાથ પંથ આ ત્રણેય પંથોનો પ્રભાવ રહ્યો છે. અહીં એ કહેવું મુશ્કેલ છે કે કોનો પ્રભાવ કોના પર પડયો ? ત્રિકુટી ભેદન થયા પછી કોઇ સંપ્રદાયની વાડા બંધી રહેતી નથી. આ દરેક સંતોએ ભકિતના માર્ગે ચાલી પરમતત્ત્વ અલખધણીની આરાધના કરી છે. આમ, આ પ્રકરણમાં 'રવિ-ભાણ સંપ્રદાય' વિશે એમના સંતો તેમજ સંપ્રદાયની વિશિષ્ટતાઓ અને લાક્ષણિકતાઓનો વિસ્તૃત ચિતાર આ પ્રથમ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

# સંદર્ભ સૂચિ


(૧) 'સત કેરી વાણી ' સં. મકરન્દ દવે, પ્ર. આ. ૧૯૭૦, પુન: પુન: ૧૯૯૧ પૃ.૫૦ પ્રકાશન: નવભારત સાહિત્ય મંદિર

(૨) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

(૩) 'આપણી લોક સંસ્કૃતિ' : સં. જયમલ્લ પરમાર નવસંસ્કરણ-૨૦૦૪ પૃષ્ઠ-૧૪૫- પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ

(૪) સોરઠી સંતવાણી : સં. ઝવેરચંદ મેઘાણી, પુનર્મુદ્રણ : ૧૯૯૩ પૃ. ૩૦, પ્ર. પ્રસાર -ભાવનગર

(૫) એજન : પૃ. ૩૦-૩૧

(૬) સત કેરી વાણી : સંપાદક : મકરન્દ દવે પુન: મુદ્રણ સાહિત્ય મંદિર- અમદાવાદ

(૭) સત કેરી વાણી : સં. મકરન્દ દવે, પુન: મુદ્રણ-૧૯૯૧, પૃ.૭૨ પ્ર. નવભારત સાહિત્ય મંદિર- અ'વાદ

(૮) સત કેરી વાણી : સં. મકરન્દ દવે, પુન: મુદ્રણ-૧૯૯૧, પૃ.૪૧, પ્ર. નવભારત સાહિત્ય મંદિર- અ'વાદ

(૯) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી છઠ્ઠી આવૃત્તિ- પૃ. ૧૩૫, પ્ર: પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૧૦) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી છઠ્ઠી આવૃત્તિ- પૃ. ૧૯૩, પ્ર: પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૧૧) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી છઠ્ઠી આવૃત્તિ- પૃ. ૮૦, પ્ર: પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૧૨) ભીમ સાહેબ : એક અધ્યયન : લે. દલપતભાઇ ચાવડા અપ્રગટ શોધ નિબંધ, પૃ.૮૬

(૧૩) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી છઠ્ઠી આવૃત્તિ- પૃ. ૧૪૦, પ્ર: પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૧૪) 'કબીર' લે. ડો. હજારી પ્રસાદ ત્રિવેદી, છઠ્ઠી આવૃત્તિ-૧૯૯૦ પૃ. ૬૨, પ્ર. રાજકમલ પ્રકાશન નવી દિલ્હી

(૧૫) કબીર સાહેબનાં ભજનો : સં : શરદ ચંદ્રકાન્ત મહેતા પાંચમી આવૃત્તિ, પૃ. ૪૨, ૪૩, પ્ર : સદ્‌ગુરુ કબીર હનુમત સાહિત્ય સભા ટ્રસ્ટ, વડોદરા

(૧૬) સત કેરી વાણી : સં. મકરન્દ દવે. પુન: મુદ્રણ ૧૯૯૧, પૃ.૨૧ પ્ર. નવભારત સાહિત્ય મંદિર, અ'વાદ

(૧૭) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૧૩૯, પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૧૮) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવેશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૧૪૬, પ્ર. પ્રેમવેશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૧૯) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : સં. ડો. નિરંજન રાજયગુરુ, મનોજ રાવલ, ડો. એન. પ્ર. ગોહિલ. પ્રથમ આવૃત્તિ-૧૯૯૪ પૃ. ૩૫, પ્ર : પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ

(૨૦) સતની સરવાણી : સં. ડો. નિરંજન રાજયગુરુ પહેલી આ. ૨૦૦૦ પૃ. ૬૮, પ્ર. આર. આર. શેઠની કંપની અ'વાદ મુંબઇ

(૨૧) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : ડો. નિરંજન રામમુદ્ર, પ્ર. આવૃત્તિ ૧૯૯૪, પૃ. ૬૬, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ

(૨૨) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત-કવિઓ : સં. ડો. એન. યુ. ગોહિલ.

પ્ર. આ. ૧૯૭૫, પૃ. ૮૭ પ્ર. ડો. એન. યુ. ગોહિલ.

(૨૩) ભીમ સાહેબ એક અધ્યયન : ર્ડા. દલપત ચાવડા

(૨૪) ભજન રૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ. ૨૦૦૩ પૃ. ૮૭. પ્ર. પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ

(૨૫) ભજન રૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ. ૨૦૦૩ પૃ. ૮૫-૮૬. પ્ર. પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ

(૨૬) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત-કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ પ્રા. આ. ૧૯૭૫

પ્ર. આ. ૧૯૭૫, પૃ. ૮૭ પ્ર. ડો. એન. યુ. ગોહિલ.

(૨૭) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૨૫૦, સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૨૮) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય સં. ડો. નિરંજન રાજયગુરુ

પ્રથમ આ. ૧૯૯૪, પૃ.૭૦, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ

(૨૯) એજન : પૃ. ૭૪

(૩૦) એજન : પૃ. ૧૪૭

(૩૧) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુનઃ મુદ્રણ ૧૯૯૧, પૃ. ૪૧ પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.

(૩૨) ભજનરૂપ દર્શન : ડો. નાથાલાલ ગોહિલ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૩, પૃ. ૧૦૬

(૩૩) સંતવાણીનું સત્વ અને સૌદર્ય : ડો. મનોજ રાવલ પ્રથમ આવૃત્તિ ૧૯૯૪ પૃ. ૧૪૨, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ

(૩૪) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : ડો. નાથાલાલ ગોહિલ : પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૨૮૦ પ્ર. નાથા લાલ ગોહિલ : પ્ર. આ. ૧૯૭૫ પૃ.૨૮૦ પ્રકાશક નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૭૫

(૩૫) ભીમ સાહેબ એક અધ્યયન : લે. ડો. દલપત ચાવડા પૃ.૯૩

(૩૬) ભીમ સાહેબ : અધ્યનન : લે. ડો. દલપત ચાવડા પૃ. ૯૫

(૩૭) એજન : પૃષ્ઠ ૯૫

(૩૮) સૌરાષ્ટ્રના હરિજન-ભકત કવિઓ : ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૩૪૭ પ્રકાશક નાથાલાલ ગોહિલ

(૩૯) ભીમ સાહેબ : એક અધ્યય : લે. ડો. દલપત ચાવડા પૃ. ૯૬

(૪૦) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૧૬૭

(૪૧) એજન : પૃ. ૧૯૧

(૪૨) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૧૭૪

(૪૩) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૧૭૪

(૪૪) એજન પૃ. ૨૪૪

(૪૫) ભીમ સાહેબ : એક અધ્યયન લે. ડો. દલપતભાઇ ચાવડા પૃ.૯૬-૯૮

(૪૬) ભીમ સાહેબ : એક અધ્યયન લે. ડો. દલપતભાઇ ચાવડા પૃ.૯૮

(૪૭) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૧૧૯

(૪૮) એજન પૃ. ૧૧૯

(૪૯) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ

પૃ. ૧૪૨ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૫૦) ભીમ સાહેબ : એક અધ્યયન, લે. ડો. દલપતભાઇ ચાવડા પૃ. ૯૯

(૫૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૭૫

પૃ. ૧૨૪ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૫૨) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

છઠ્ઠી આવૃત્તિ પૃ. ૮૯ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૫૩) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૩૬૪ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૫૪) " " " "

(૫૫) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૨૫

(૫૬) એજન પૃ. ૨૬

(૫૭) એજન પૃ. ૨૭

(૫૮) રવિ એ રમતા દીઠો : ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૭૬

(૫૯) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ

પ્ર. આ. ૧૯૭૫ પૃ. ૨૧૪

(૬૦) એજન-પૃ.૭૬

(૬૧) સત કેરી વાણી : સં. મકરન્દ દવે. પુનઃર્મુદ્રણ ૧૯૯૧ પૃ. ૨૫

પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ

(૬૨) યોગ વેદાન્ત ભજન ભંડાર : સં. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી પૃ.૧૪૭

# ◈ પ્રકરણ-૨ ◈

# રવિ-ભાણ સંપ્રદાયની વાણીના પ્રમુખ પ્રકારો

ભારતીય સંત-સાહિત્યની સંપ્રદાયની આધારશિલા એમની વાણી છે. ભજન છે. ભજનની વાણીએ મુખોમુખ સાંભળવાની અને મનોમન સમજવાની વાણી છે. તેનું વિવેચન કરવા જઇએ ત્યારે કોઇ રૂપાળા પંખીને ચૂંથી નાખતા હોઇએ તેવું લાગે છે. ફૂલનાં દલેદલને ખોલી નાખવાથી તેની સુંગધ મળશે નહિ. એથી તો તેની સુગંધ અને સૌંદર્ય બંને હણાઇ જશે. તેવું જ આ વાણીનું છે. આ વાણી માત્ર ભાવથી સાંભળવામાં આવે તો તેના અર્થો આપમેળે ફૂટે છે. સંત-ભકત કવિઓ ભક્તિભાવમાં રાચતાં, ભજનો રચતાં ભજનો ગાતાં, ભજનો સાંભળતાં ને ભજન વિશે સત્સંગ કરતાં ભજન ભક્તહૃદયમાંથી નીકળેલી સંતવાણી છે.

સંતવાણી એટલે અધ્યાત્મ માર્ગના પ્રવાસી સંત, ભક્ત, જ્ઞાનીવેદાન્ત કે યોગી-સિધ્ધ-સાધક દ્વારા પરંપરિત રાગ, ઢાળ અને તાલમાં સર્જાયેલી ગેય પદ્યરચના, શબ્દ, સ્વર અને ભાવની ત્રિવેણીમાંથી નીપજેલી ભાવ-ભક્તિની વાણી જેને આપણા લોકસંતોએ ભજનવાણી તરીકે ઓળખાવી છે. કાવ્ય પ્રકાર તરીકે સંતવાણીને ઓળ ખાવવી હોય તો એટલું કહી શકાય કે

"મધ્યકાળમાં ઉદ્‌ભવેલું, ધર્મ કે અધ્યાત્મચિંતન સાથે જ સંકળાયેલું, ભક્તિ, જ્ઞાન, યોગ, ઉપદેશ કે કથા જેવાં તત્ત્વોથી ઘડાયેલું ઊર્મિકાવ્ય જેવું સ્વરૂપ ધરાવતી ગેય પદ્યરચના એટલે ભજન."[૧]

ભજન ગળતી માઝમ રાતે, જ્યોતના અજવાળે થતી અલખની આરાધના છે. શબદની સાથે સૂર અને સુરતાની સાધના છે. ભક્તહૃદયની આદ્રવાણી ભાવથી મહોરી ઊઠે છે. ત્યારે વાતાવરણ સ્વયં દિવ્યમય બની જાય છે. ભકતના પ્રાણ સ્પંદિત થઇ ઊઠે છે ને હરિવર સાથેનો દોરી સાધી આપે તે ભજનવાણી ભજનને નાતો છે. ભક્તિ સાથે ભકતોની ભક્તિમાંથી જન્મે છે. ભજન એટલે ભજનના આ ઇતિહાસ સાથે આ ભક્તિ આંદોલનના ઇતિહાસની પણ વાત આવે. ભક્તિ આંદોલન દક્ષિણમાં નવમી સદીમાં થઇ ગયેલા આળવાળ સંતોથી ગણાવી શકાય. આઠમી સદીમાં શંકરાચાર્યે જે 'બ્રહ્મ-સત્ય, જગત મિથ્યા, જીવએ બ્રહ્મથી જુદો નથી.' એ ભારે જ્ઞાન સામાન્ય જન સમુદાયને સમજાયું નહીં. તેમના માટે તો ભાગવત ભક્તિ જ ગ્રાહ્ય હતી. ભક્તિ આંદોલનનું એક સુફળ મળ્યું પછાત, અછૂતોને તેમનું સ્વમાન, આત્મ ગૌરવ લાધ્યું

રામાનંદજીએ ભક્તિ માર્ગનો મૂળમંત્ર આપ્યો કે,

'જાતિ-પાંતિ પૂછે નહીં કોઇ
હરિકો ભજે સૌ હરિ કા હોઇ'

આ મૂળ મંત્રને પરિણામે પછાત જ્ઞાતિના રૈદાસ ચમાર, કબીર વણકર, ધન્ના જાટ, સેના ભગત હજામ જેવા સંત-ભકત કવિઓ મળ્યા.

ભકિત આંદોલનના ઇતિહાસમાં મેઘવાળ સંત કવિઓ તરફ કોઇનું ધ્યાન ગયું નથી. આ સંતોમાં મહાપંથી ધારા આદિકાળથી ચાલી આવે છે. ને ધર્મને માંડવે તેને મોટી વાડી તરીકે ઓળખવામાં આવે છે. મેઘધારુ, દેવયાત પંડિત, ખીમડિયો કોટવાળ જેવા સમર્થ સંત-ભક્ત કવિઓની એ ધારા ચાલી આવી છે. બીજી નાથપંથી સિધ્ધોને જે ભજન મરમીઓની ધારા ચાલી આવી છે. જેમાં સિધ્ધ ગોપાલનાથ લાલગિરી, જીવણનાથ, જેવા અનેક સાધકો છે. તો ત્રીજી ધારા તે 'રવિભાણ સંપ્રદાય'ની જે કબીરની નિર્ગુણ પરબ્રહ્મની રહસ્યવાણી યોગવાણી, ગુરુમહિમા, નામ સાધનાને ઝીલે છે અને તે મેઘવાળ (હરિજન) સંતોમાં ત્રિકમ સાહેબ, ભીમસાહેબ, દાસીજીવણ જેવા સંતો દ્વારા વિસ્તરી છે. આ ભક્તિ સાથે જ તેમની ભજનવાણી જોડાયેલી છે. ભજનવાણીનો ઇતિહાસ આ સંત-ભક્તના ઇતિહાસ સાથે જ વણાયેલો છે.

ભૂતકાળમાં આપણા સમાજને આ ભજનોએ જીવતદાન દીધું હતું અને સાચી રીતે સમજીએ તો ભવિષ્યની વાટે પણ એના ભણકારા ઓછા થાય તેમ નથી. પહાડમાંથી ફૂટેલા ઝરણાની જેમ ૠગ્વેદની ભાષામાં 'ગિરિભ્રજો નોર્મયો મદન્ત:' આનંદથી ઊછળતા કૂદતા-કિલ્લોલતા એ મહાસાગર ભણી ધસે છે. વાણીને પાણીનો પાર નથી એમ આપણે ત્યાં પણ ચારે દિશાથી આવીને ભજનનદ ધૂધવતે વહ્યો જાય છે. એમાં સીધું ઝંપલાવવામાં જેટલું સુખ છે. તેટલું હેલ ભરીને કાંઠે લાવવામાં નથી. અને છતાં પણ ઘરને આંગણે, લીમડા નીચે બે-ત્રણ નાદ ભરી રાખી હોય અને વટેમાર્ગુ તેમાંથી ખોબલે પાણી પી જતા હોય એ નીરખવામાંય ઓછો આનંદ નથી અને પ્રવાસીને કોઠે ટાઢક થાય ને આ સેંજળ વિશે પૃચ્છા કરે તો કયાં ઘાટેથી એની કાવડ સારી છે. એટલું કરશા વિના પણ કેમ રહેવાય ? આપણે ત્યાં ભજનવાણીના આવા મુખ્ય ત્રણ ઘાટ છે. (૧) મહામાર્ગ (૨) નાથયોગ અને (૩) સંત પરંપરા.

મહામાર્ગને માનનાની સંખ્યા ઘણી છે. તેમાં જુદી જુદી કોમના અને જુદા-જુદા ઇષ્ટદેવને માનતા લોકો છે. પણ આ સહુનું સામાન્ય લક્ષણ પાટપૂજા છે. મહામાર્ગના મૂળ બહુ ઊંડા છે. એક રીતે એને હિન્દુ ધર્મની નાની આવૃત્તિ ગણી શકાય. નિરંજન જ્યોતિ સ્વરૂપ, આદ્ય શિવ-શકિત અને છેવટે રામદે પીરની અવતાર પૂજા સુધી

મહામાર્ગની ઘટા ફેલાઇ છે. મારકુંડ ઋષિ અને સહદેવ જોષીના નામે ચડેલા- આ માર્ગનો મહિમા ગાતાં ભજનો મળી આવે છે. મહાપંથની જૂની વાણી મેઘધારુના નામે સાંભળવા મળે છે.

તેમનો સમય બારમી સદીનો માનવામાં આવે છે. રામદેવપીર પોકરણ ગઢના તુંવરવંશના રાજપૂત હતા. તેમનો સમય ઇ.સ. ૧૩૪૯થી ઇ.સ.૧૪૫૯નો છે. રામદેવપીરના નામે ગુજરાતી પાંચ ભજન રચનાઓ સાંભળવા મળે છે. જેમાં ઘણી ખૂબ જ લોકપ્રિય વાણી છે.

'ભગતિ કરો તો હરજી ! અગમ ભેદ જાણો

અને કહું તે વચનુંમાં હાલો રે...હાં.'

રામદેવપીરના ઉત્તરાર્ધના સમકાલીન દેવાયત પંડિત અને સતીદેવલદે થઇ ગયા. તેમની આગમવાણી અને આરાધી ભજનો ગુજરાતીમાં સાંભળવામાં મળે છે. તેમના જ સમકાલીન મોરબીમાં ખીમડિયો કોટવાળ અને સતી દાળલ દે થઇ ગયાં તેમજ ઇ.સ. ૧૫૭૩માં મારવાડ જોધપુરના રાજા માલદેવ અને તેમની ધર્મપત્ની સતી રૂપાંદે રાણી મહાપંથી હતાં જેમના સમકાલીન જેસલ-તોરલ પણ મહાપંથી હતાં અને તેમની વાણી સાંભળવા મળે છે.

"કચ્છમાંથી રે જેસલ ઉમટયા જી,

અને માલદે મેવાડુનો રાય,

રણવાટે રે ભેરા કઇ મળ્યા જી,

અને ભીમુ આધો આધ..."[૨]

ગુજરાતી ભજનવાણીમાં આ પ્રથમ ભજનવાણી ગણી શકાય તેમ છે. તે પછી આ મહાપંથી ભજનવાણીનો પ્રવાહ સતત ચાલુ છે જેમાં મુખ્ય સંતોનો ફાળો છે એવા મૂળદાસ, અખૈયો, અમરબાઇ, અમર સંગ, કડવો ભગત, જીવો ભગત, લખમો માળી, લોયણ અને ગંગાસતીને મુખ્ય ગણવામાં આવે છે.

ભજનમાં યોગવાણી નાથપંથી પ્રભાવ દર્શાવે છે. આ નાથપંથના આદ્ય પ્રવર્તક આદિનાથ શિવ માનવામાં આવે છે. પરંતુ ગોરખનાથ નાથપંથના અગ્રગણ્ય પુરુષ છે. આ નાથપંથની ઉત્પત્તિ વિશે અનેક માન્યતાઓ વિશે ડો. એન. યુ. ગોહિલ જણાવે છે કે...

"બૌદ્ધગ્રંથો અને જૈન શ્રુતિઓને આધારે એમનો સમય ઇ.સ. ૭૫૦ની આસપાસનો ગણાવ્યો છે. બીજા એક મત મુજબ ગોરખનાથ ને સંત જ્ઞાનેશ્વર (ઇ.સ.૧૨૭૫ થી

ઇ.સ.૧૨૯૬) ના સમકાલીન ગણાવ્યા છે. ગોરખ વાણીમાં પોતાને 'આદિનાથ નાતી મછેન્દરનાથ પૂતા' કહી ઓળખાવે છે."[૩]

નાથપંથના ઉદ્ભવ વિશે ડો. મનોજ રાવલ કહે છે કે "સંશોધકો દ્વારા તો ઇસુ ખ્રિસ્તને નાથથી દીક્ષિત તથા મહમ્મદ પયંગમ્બરને પણ નાથ સંપ્રદાયથી શિક્ષિત થયેલા જણાવાયા છે. હાજી મલંગ ગેબનશાપીર, અનુક્રમે મત્સ્યેન્દ્રનાથ અને ગેબીનાથના રૂપાંતર ગણાવાય છે. તો વળી કેટલાક બોદ્ધમતના વિલીન થતા ઉત્તમ અંશોને બચાવવામાં કારણભૂત બનેલ નાથ સંપ્રદાયનો મહિમા જુએ છે. જૈનધર્મના નાથને આપણી લોકમાન્યતાના નાથ સાથે અત્યારે કશો સંબંધ નથી. તેમ માની લઇ એ તો પાર્શ્વ આદિનાથ મત્સ્યેન્દ્રનાથના મનાતા પુત્ર મીનનાથના અલગ પ્રવાહનું જોડાણ કેટલાક અહીં સાંકળે છે. વૈષ્ણવ અસરવાળા નિવૃત્તિનાથ, મુકતનાથની કડીઓ ગોઠવવાવાળા ગોરખ-પછીની શિષ્ય પરંપરામાં અઢીસો વરસના સમયમાં ગોઠવી આપે છે. ટૂંકમાં સર્વધર્મ સો લગાવ અને અલગાવ જાળવી રાખેલ હોય, પોતાનું ઉત્તમ તત્ત્વનાથ સંપ્રદાયના સહજ રીતે જળવાયું છે."[૪]

આ પંથની સાધનામાં ગુરુનું ઘણું જ મહત્ત્વ છે. ગુરુ વિના સાધના કરવાથી અટવાઇ જવાશેને કયારેક માનસિક સ્થિરતા પણ ગુમાવી દેવી પડે છે. ગોરખ આ માર્ગને કઠિન કહે છે.

"ગોરખ કહે હમારા ખરતર પંથ"

ગુજરાતમાં ગોરખ આવ્યા હોવાનાં ઘણાં પ્રમાણો મળે છે તેમજ ગોરખ ગુફાઓ પણ આવેલી છે. તેમની 'ગોરખવાણી'માં ગુજરાતી ભજન રચનાઓ આપી છે જેમકે...

"મનસા માલણી જી રે, ગોરખ જાગતા નર સેવ,
જાગતા નર સેવ, તુને મળે નિરંજન દવે."

નાથપંથી ગુજરાતી ભજવાણી સતત ગવાતી રહે છે. જેમકે ભૈરવનાથ આ વાણી...

"ગણપત ગાઇ લે, સદાય સુખ પાઇલે,
ગુરુ મળ્યા છે બ્રહ્મજ્ઞાની, મારા હરિજન !
પીઓને પ્રેમરસ જાણી રે હોજી."[૫]

**-ભૈરવનાથ**

"એરણ અજબ બનાયા મેરા સદ્ગુરુ !
એરણ અજબ બનાયા

આગ મિલા કર એરણ થાપી
ઘડિયા તાર મિલાયા રે જી,
નુરત સુરત કી નળિયું મિલા કે
ઉલટા પવન ચલાયા-મેરા સદ્‌ગુરુ !”[૬]

**-ગોરખનાથ**

આ નાથપંથી વાણીનો પ્રભાવ ગુજરાતની અનેક પંથ પરંપરામાં ઝીલાયો છે. તેમાં કબીરપંથ કબીર પંથમાંથી ઉતરી આવેલો ‘રવિ ભાણ સંપ્રદાય’માં તેમની યોગપરક ભજનવાણી અનુકરણીય જણાય છે.

દક્ષિણ ભારતમાંથી આવેલી સંતપરંપરાની ભક્તિની ધારા બે ભાગમાં વહેંચાઇ ગઇ. સગુણ અને નિર્ગુણ, સગુણ ધારાએ પૌરાણિક અવતારોને સ્વીકાર્યા અને નિર્ગુણ ધારાએ નાથપંથી સાધકોના અલખ નિરંજન નિરાકાર નિર્ગુણ પરબ્રહ્મને કેન્દ્ર સ્થાને સ્થાપ્યું. આ સંતોના અગ્રણી રામાનંદ. આ સંતો ગૃહસ્થી હતા અને સાથે સાથે નામ સ્મરણ સાધના કરી છે. ગુજરાતમાં સંત કવિ કબીરનો સમય ઇ.સ. ૧૩૯૮ થી ઇ.સ. ૧૫૧૯ છે. કબીર સાહેબની નિર્ગુણ ભક્તિ, શબ્દ સુરતિ યોગ, સહજ સમાધિ, ભાવ-ભક્તિ, નિર્ગુણ પ્રેમલક્ષણા ભકિત અને સમાજ સુધારણા ગુજરાતના અનેક પંથોમાં સ્વીકારાઇ છે. જેમાં મુખ્ય ‘રવિ-ભાણ સંપ્રદાય’ છે.

કબીર સાહેબના શિષ્ય પદ્મનાભ (પાટણ) તેમના શિષ્ય નીલકંઠદાસ (દૂધરેજ) તેમની શિષ્ય પરંપરામાં ષષ્ટમદાસ છઠ્ઠો આંબો થઇ ગયા આ ષષ્ટમદાસ શિષ્ય ભાણસાહેબ (ઇ.સ.૧૬૯૮ થી ૧૭૫૫) તેમના બુંદ શિષ્ય ખીમસાહેબ અને નાદ શિષ્ય રવિ સાહેબ થયા. આ બંનેની શિષ્ય પરંપરામાં ત્રિકમ સાહેબ, મોરાર સાહેબ, ભીમસાહેબ, નથુરામ સાહેબ, દાસ હોથી, કરમણ ભગત, દાસી જીવણ, બાળક સાહેબ, લખીરામ, પ્રેમ સાહેબ, અને મીઠા ભગત જેવા તેજસ્વી સંત-ભક્ત કવિ થઇ ગયા.

આ સંતોએ નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મની આરાધના કરી છે. તેમાં કોઇ એક પંથના નેજા નીચે બેઠા નથી. જ્ઞાતિવાદ, કે ઊંચ-નીચનો ભેદ ત્યજી, બાહ્યાડંબર, અંધમાન્યતાઓ ક્રિયાકાંડ છોડી આંતર ચેતના જગાડતી, શબ્દ બ્રહ્મની આરાધના ભજનવાણી દ્વારા કરેલ છે.

આ સંતો એ ભજનના માધ્યમ દ્વારા પરમાત્મા સાથેની એકરૂપતા, તાદાત્મ્યની ઝંખના રજૂ કરે છે. ભજન દ્વારા ભક્ત પરમ ચૈતન્યને સ્પશર્વાનો પરુષાર્થ કરે છે. ભજનમાંથી જાગતા શબ્દનાદ વડે પરમતત્ત્વ પાસે આત્મ પુકાર કરીને અંતરની વ્યથા

પહોંચાડવાની પ્રક્રિયા થતી જોવા મળે છે. ભજનમાંનો શબ્દ એ સામાન્ય શબ્દ ન રહેતા 'શબ્દ બ્રહ્મ' બની જાય છે. આ શબ્દ સાથે ભક્તનો તલસાટ જોડતા એ શબ્દ દિવ્યશકિત ધારણ કરે છે. એ શકિત ભકતને પરમાત્મા સુધી પહોંચાડે છે. ભાવ સમાધિ-અપાવે છે અને દિવ્ય આનંદાભૂતિ કરાવે છે.

ભજન વિષયક આટલી પૂર્વભૂમિકા પછી કહી શકાય કે ભજનની મુખ્ય બે ધારાઓ છે. તેમાં પ્રથમ જે સંત-ભક્ત કવિઓ, જ્ઞાની, વેદાંતી, સાક્ષર અને શાસ્ત્ર પુરાણના જાણકાર છે. એવા કવિઓની રચનાઓમાં જેમાં નરસિંહ, અખો, પ્રીતમ, નિરાંત, રત્નો, બ્રહ્માનંદ, પ્રેમસખી અને દયારામ જેવા કવિઓને મૂકી શકાય આ અંગે શ્રી મકરન્દ દવે કહે છે કે,

"નરસિંહ અને મીરાં સમય અને સત્ત્વશીલતાની દૃષ્ટિએ આપણા અગ્રેસર ભજનિક સંતો છે. પણ કોણ જાણે કેમ, સૌરાષ્ટ્રના લોકસંતોમાં એ ધૂમતા હોવા છતાં તેમનું આસન એ સંતોની વચોવચ ધૂળિયા ચોકમાં નથી લાગતું સાધુડાની સંગે બેસી ઊઠી, નાચી-કૂદી તેમણે કુળમરજાદાને નેવે મૂકી દીધી છે. પણ સોરઠી ભજનનો આરાધ ઉપડે છે. ત્યારે એ નોખા થરમાંથી આવી ચડયા હોય એવું લાગ્યા વિના નથી રહેતું."[૭]

ભજનવાણીની બીજી ધારા છે તે નિરક્ષર પણ અનુભવી આત્મજ્ઞાની ભક્તોની છે જે ઘણા ખરા પછાત સમાજમાંથી આવે છે, તેમની પાસે શાસ્ત્રજ્ઞાન નથી પણ ગુરૂકૃપા છે. આ પ્રકારના ભજનિકોમાં, 'મહાપંથી', નાથપંથી, કબીરપંથી, રવિ-ભાણ પંથી' ભક્ત કવિઓ છે. તેમની અનોખી વાણીને લોકભજનિકોએ ભજવાણી તરીકે ઓળખાવી છે. આ ભજનવાણી લિખિત નહિ પણ કંઠસ્થ સચવાયેલી છે. તેના શબ્દો સરળ હોવા છતાં વિશિષ્ટ અર્થ છાયા ધરાવે છે. કેટલાક અર્થો તો ગુરુમુખી છે. આ શબ્દોમાંથી અનુભૂતિની સચ્ચાઇનો રણકો સાંભળી શકાય છે.

પ્રથમ ગુજરાતી ભજન રચના સમયની દૃષ્ટિએ જોઇએ તો નાથપંથી ગોરખની ગુજરાતી ભજન રચના ગણાવી શકાય કારણ કે તે દશમા શતકમાં થઇ ગયા. બીજી ગુજરાતી ભજન રચનાઓમાં મહાપંથી રામદેવપીરની ભજનવાણી મૂકી શકાય તેમનો સમય છે. ઇ.સ. ૧૩૪૯ થી ઇ.સ. ૧૪૫૯ "ત્રીજી ગુજરાતી ભજન રચનાઓ કબીર સાહેબની મળે છે. કબીરનો સમય ઇ.સ. ૧૩૯૮ થી ૧૫૧૯ નો છે." એમ ડો. નાથાલાલ ગોહિલ જણાવે છે. ચોથી ગુજરાતી ભજન રચનાઓ દેવાયત પંડિત અને તેમની પત્ની સતી દેવલદેના નામની મળે છે.

'ભજન' એક સ્વતંત્ર કાવ્ય સ્વરૂપ, સાહિત્ય પ્રકાર તરીકે મૂકીએ છીએ ત્યારે એ 'ભજન' એટલે શું ? ભજનનો, અર્થ, ભજનની વ્યાખ્યાઓ જોવી પડે છે.

ભજનનો અર્થ 'ભગવદ્ગોમંડલ'માં ભાગ ૭માં નીચે પ્રમાણે કરે છે. ભજન સંસ્કૃત-ભજ (ભજવું) અ અન (નામ બનાવનાર પ્રત્યય) ન ઇશ્વર સ્મરણ, સ્તુતિ; પ્રાર્થના, ભક્તિ; નામસ્મરણ એવો થાય છે. તો 'બૃહદ્ ગુજરાતી કોશ' ખંડ-૨માં ભજન વિશે આ પ્રમાણે કહેવાયું છે.

" 'ભજન'-જેમાં ભગવાનની સ્તુતિ પ્રાર્થના તેમજ જ્ઞાનની નિરૂપણા હોય તેવી ગ્રુપ પદ-રચના"[૯]

ભજન વિશેના અર્થમાં ભજન એટલે ઇશ્વર સ્મરણ, પ્રાર્થના અને ખાસ કરીને ઇશ્વરને સંબોધીને જે નામસ્મરણ કરવામાં આવે છે તેવી ગાય શકાય એવી પદ્ય-રચના એટલે ભજન.

ભજન વિશે સંશોધન અને સંપાદકનું કામ જિંદગીની છેલ્લી રાત સુધી કાર્ય કરનાર ઝવેરચંદ મેઘાણી પોતાના ગ્રંથ સોરઠી સંતવાણીમાં ભજન વિશેનો દૃષ્ટિકોણ નીચે પ્રમાણે આપે છે.

"લોક સાહિત્યને એક વિશાળ વટવૃક્ષે કલ્પીએ, ગીતો, વાતો, ટુચકા ઉખાણાં વૃત્તાદિને એના ડાળી, પાંદડા, પુષ્પો ને વિષ્યો કહીએ, તો ભજનો એનાં આખરી ફળો રૂપી સમજી શકાય. લોકવાણીનો અંતિમ પરિપાક આ ભજનવાણી છે. સંસારની ઝીણી મોટી સકળ માનવોર્મિઓને સંગીત તાલબધ્ધ શબ્દોએ રસનારી લોકવાણી જો આરી આત્મિક રહસ્ય મંથનના ભજન શાખોને ન રસાવત તો એ અધૂરી અધૂરી, આછોતરી, કેવળ સપાટી ને જ સ્પર્શીને અટકતી ગણાત, અને જ્ઞાન અધ્યાત્મ, આત્મતત્ત્વ, એને જો વેદો, ઉષનિષદો, તેમજ ભાગવત ઇત્યાદિમાંથી દોહીને આ લોકવાણી જો જન સામાન્યને સ્પર્શે તેવા તાલ સંગીતના કટોરામાં ન ઉતારત તો એક પ્રથમ કોટિની કરુણતા નીપજી હોત."[૧૦]

લોકસાહિત્ય અને ભજન સાહિત્યના સંશોધક, સંપાદક તથા ભજન વાણીના જુદા જુદા પ્રકારોની સમજ આપનાર શ્રી જયમલ્લ પરમાર ભજન વિશે જણાવે કે..

"ભજન એટલે શાંત રસને સાધવાની આરાધના"

"અનહદ નાદને વાણી દ્વારા રમતો કરવો એનું નામ ભજન"[૧૧]

ભજનના મર્મી-કવિ, સાધક-જ્ઞાની એવા શ્રી મકરન્દ દવે ભજન વિશે જણાવે છે કે,

"આતમ ને જગાડતી વાણી એટલે ભજન"[૧૨]

"ભજન એટલે. વૈખરીના પ્યાલમાં ભરેલો પરા વાણીનો શેડકઢો રસ"[૧૩]

લોકસાહિત્ય, સંત સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ અને સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિના

જાણકાર, અભ્યાસી, સંશોધક તથા એ વિષયક સાહિત્યના લેખક શ્રી નરોત્તમ પલાણ ભજન વિશે કહે છે.

"ભજનનું આંતરિક સત્ત્વ ભક્તિનું છે ભક્તિને અનુસંગે જ્ઞાન વૈરાગ્યના રંગો પણ તેમાં પ્રવેશ્યા અને ભક્તિમાંથી મસ્તી તથા પરચાઓની વાણી, જ્ઞાનમાંથી અગમ-નિગમ અને દેશદેહીની રૂપક વાણી તથા વૈરાગ્યમાંથી અવળવાણી અને મૂઢ જીવને ફટકા દેતી ચાબખાવાણી પણ ભજનમાં ગુંથાયેલ છે, ઓતપ્રોત થયેલ છે.

ભજનનું બાહ્ય સ્વરૂપ ગેય છે. એમાં કોઇ છંદ કે રાગ બહુધા ધારદાર હોય છે. કયારેક આખું ભજન સંવાદાત્મક અને કથાત્મક હોય છે. શબ્દ અને ભાવ કરતા અર્થનું પ્રાધાન્ય અર્થાનુસારી લય ભજનને ભારે ચોટદાર બનાવે છે. લાઘવ ભજનમાં પ્રાણ સમાન છે. ટૂંકમાં, ઇંગિતથી જ આખા અવનવા લોકને ખડો કરવાની ક્ષમતા ભજનમાં રહેલી છે. ઉક્તિ માર્દવ અને સાથે જ ઉક્તિ-પટુતા ભજનને એક તરલ કાવ્ય પ્રકાર બનાવે છે."[૧૪]

સૌરાષ્ટ્રની સંત પરંપરાના ભજન સાહિત્યના, સાધના ધારાના સંશોધક અને સંરક્ષક તેમજ ભજન ગાયક અને એ વિષયક સાહિત્યના લેખક ડૉ. નિરંજન રાજયગુરુ ભજન વિશેનો મત જણાવે છે કે...

"કાવ્ય પ્રકાર તરીકે ભજનને ઓળખાવવું હોય તો એટલું કહી શકાય કે મધ્યકાળમાં ઉદ્‌ભવેલ ધર્મ કે અધ્યાત્મના ચિંતન સાથે જ અંકળાયેલ, ભક્તિ, જ્ઞાન, યોગ, ઉપદેશ કે કર્તા જેવાં તત્ત્વોથી ઘડાયેલ, ઊર્મિકાવ્ય જેવું સ્વરૂપ ધરાવતી ગેય પદ્યરચના એટલે ભજન"[૧૫]

મધ્યકાલીન સાહિત્યના અને કંઠસ્થ પરંપરાના સાહિત્યના સંશોધક, સંરક્ષક અને અભ્યાસી તથા એ વિષયક સાહિત્યના લેખક ડો. બળવંત જાની 'ભજન' વિશે કહે છે કે...

"ગુજરાતની ભજન-વાણીમાં આત્મવિદ્યાનું સ્વાનુભવયુકત મર્મ સંવેદન ઝિલાયું છે એવો મારો દાવો વિશેષ તો પુષ્ટ ત્યારે બને છે, જ્યારે એ વાણીના પદબંધી બોલ મારે શ્રવણે સંગીત સ્વરૂપે પડે છે. શબ્દ, કાવ્ય અને સંગીતનું એ એકાકાર અને અર્થાનુગામી સ્વરૂપ માસે માસની બીજલી રાત્રિની ગળતી વેળાએ જેમણે જોયું હશે તેમને વધુ સાબિતી નહી આપવી પડે, કે એ વાણી તળપદી ગુજરાતી છે. ઉપનિષદોના રહસ્યવાદથી અનોખો અને વિશિષ્ટ આચાર પ્રેરિત જનસામાન્યના મંગળનો લક્ષીવાદ વિતંડાથી વિમુકત, સતસ્વરૂપને તરંગો કલ્પનોથી ન આવરી મુકનારો, પાપી-તાપીઓને, નારીઓને, અછૂતોને, પ્રાકૃતજનોને હૈયે સત સ્વરૂપનું સોયલું સોહામણું દર્શન અજવાળનારી એ

અખિલ ભારતીય ગૂઢાર્થવાદ ગુજરાતને હૈયે પણ સ્વાનુભવની સંપત્તિ રૂપે શબ્દમાં ઉતર્યો હતો."[૧૬]

સૌરાષ્ટ્રની સંત પરંપરાના, ભજન સાહિત્યના લેખક ડો. નાથાલાલ ગોહિલ 'ભજન' વિશે કહે છે કે....

"ભજન એ સંત-ભક્તનું ગેય ઊર્મિકાવ્ય છે. જેની પ્રથમ ધ્રુવ પંક્તિ ટેક અને છેલ્લી નામરચરણની પંક્તિમાં સર્જકનો નામોલ્લેખ તથા ગુરુમહિમા ગવાયો હોય છે. આ ભજન ભક્ત હૃદયની આર્દ્રવાણી છે. જેમાં આધ્યાત્મિક અનુભવનું દિવ્યદર્શન અને ભક્તિ, જ્ઞાન, યોગ, વૈરાગ્યનો ઉપદેશ તળપદી તેમજ મરમી વાણીમાં અપાયો હોય છે. ભજન જ્યોતના અજવાળે અલખદાણીની આરાધના છે. શબ્દો બાણે રોમાંચિત કરતી સહજ શબ્દ સુરતિ યોગ સાધની પરાવાણી છે."[૧૭]

આમ 'ભજન' એટલે 'આત્મતત્ત્વ જગાડતી વાણી એટલે ભજન' ભજન કરવું એટલે માત્ર કેળવાયેલા કંઠે ગાવું એ નહિ પણ પરમતત્ત્વની આરાધના કરતા કરતા એમની સાથે એક રસ થઇ જવું ભજનમાં બે વસ્તુઓ મહત્ત્વની છે. શબદ અને સુરતા એક મેક થઇ જાય ત્યારે ભજનનો જન્મ થાય છે. ભજવાણીએ મુખોમુખ સાંભળવાની અને મનોમન સમજવાની વાણી છે. ભજનએ તો ભગવાનને મળવાનો વાણીનો સેતુ છે.

ભજન વિશેની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. કારણ કે ભજનએ ભક્તના ચિત્ત તેમજ સહૃદયીના ચિત્તમાં ઉત્પન્ન થતા ભાવો પર આધાર રાખેલ છે. એવી જ રીતે ભજનનાં લક્ષણો તારવવાએ પણ એટલું જ અઘરું કાર્ય છે. વળી આ સંત ભક્ત કવિઓ કાવ્યશાસ્ત્રના અભ્યાસી ન હતા. અલંકારશાસ્ત્ર, છંદ, રસ, પ્રતીક, કલ્પનની જાણકારી તેમને નથી. મોટાભાગના સંત કવિઓ સમાજના નીચલા થરના નિરક્ષર હતા. તેમને તો ગુરુકૃપાએ અંતર અજવાળું થતા સહજભાવે ગવાઇ ગયું તે ભજન છે.

આ ભજનિક સંતોએ પોતાના ભાવની અભિવ્યકિત પણ જુદી-જુદી રીતે કરી છે. જેમકે ચિંતનાત્મક, યોગાત્મક, ઉપદેશાત્મક, ચેતવણી, વૈરાગ્ય, મનની દ્વિધાઓ, પ્રભુવિરહભાવ, મિલનભાવ- સિદ્ધ દર્શન વગેરે વળી તેમાં કેટલાક મરમી સંત કવિનો છે તેઓએ વચન, શબદ, મોતી જેવા રહસ્યાત્મક શબ્દો દ્વારા પરમની અનુભૂતિ અભિવ્યકત કરી છે. આ દરેક બાબતોનો વિચાર કરતાં ભજનના ચોક્કસ લક્ષણો આપી શકાય નહીં તેમ છતાં જે કેટલાંક આગવા લક્ષણો કે બાહ્ય લક્ષણોમાં ધ્રુવપંક્તિ, નામાચરણ, ગુરુમહિમા, ગેયતા આંતર લક્ષણો તેમજ ભજન પદાવલિની દૃષ્ટિએ પણ ભજનનાં લક્ષણો આપી શકાય છે.

ભજન આત્મ ચિંતાતત્મક, સ્વાનુભૂતિનો શબ્દ દ્વારા પડઘો પાડે છે. ભક્ત હૃદયનો તલસાટ, લાગણીની તીવ્રતા, પ્રભુમિલન માટેની અતૂટ શ્રધ્ધા અને દીન ભાવના ભક્તિ છે. તેમાં અંતરાત્માની તૃપ્તિ છે. તેનું વિભાજન કરવું કે અલગ-અલગ પ્રકાર પાડવા માટે પણ ભજને જુદા જુદા દ્દષ્ટિકોણથી નિરખવું પડે છે. કારણ કે ભજનમાં જોવું પરખવું અને નિરખવું આ ત્રણ ક્રિયાઓ છે અને તે પછીની સ્થિતિ તો અદ્દ્ભુત છે. એ દ્દષ્ટિએ ભજને ભુલવવાને બદલે આપણે ભજને એક સાહિત્યની દ્દષ્ટિએ મૂલવીએ છીએ ત્યારે ભજનભાવની દ્દષ્ટિએ વિષય, સ્વરૂપ, સમય, ગાયકી અને કૃપાત્મક દ્દષ્ટિએ ભજના પ્રકારો પાડવામાં આવે છે. તેની ચર્ચા હવે આપણે આગળ કરીશું

## ભજનના પ્રકારો :-

ભજનને મૂળભૂત રૂપમાં તો આત્મચિંતન પ્રધાન અને સ્વાનુભૂતિપરક કાવ્ય જ કહી શકાય. સંતો, ભકતો એ પોતાના વિચારોને, પોતાના સ્વાનુભૂત સિધ્ધાંતોને જીવનથી ત્રાસી ગયેલા અસહાય લોકસમાજની ઉન્નતિ માટે ભજનના રૂપમાં એ મોહમાયાથી જકડાયેલા સમાજ સામે મુકયા છે. આ રચનાઓ કાંઇ મનોરંજનાર્થે રચાઇ નથી. અથવા તો યશ, કીર્તિ કે ધન મેળવવા આ સર્જન થયું નથી. પણ માનવચિત્તની વિવિધ લાગણીઓને જુદા જુદા સ્વરૂપે અને પ્રકારે અહીં વાચા અપાઇ છે. એટલે તેમાં પ્રકારની દ્દષ્ટિ એ તો અસંખ્ય પ્રકારમાં પ્રકારભેદો પ્રાપ્ત થાય છે. એનું જયારે વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કરીએ ત્યારે કોઇ એક જ દ્દષ્ટિ અહીં પર્યાપ્ત નથી. જુદી જુદી દ્દષ્ટિએ ભજને વર્ગીકૃત કહી શકાય.

## વિષયની દ્દષ્ટિએ ભજન પ્રકાર :-

ભજનમાં જુદા જુદા અનેક વિષયોનું નિરૂપણ કરવામાં આવે છે. જેમાં ગણપતિ, ગુરુમહિમા, ઉપદેશાત્મક, ભક્તિ, પ્રેમલક્ષણા જ્ઞાન, યોગ, રહસ્યાત્મક, કથનાત્મક, પ્રસંગાત્મક, વગેરે...

## (૧) ગણપતિ :-

ભજનની શરૂઆત સર્વ વિઘ્નોના હર્તા અને મંગલકર્તા ગણપતિનું સ્મરણ કરી પ્રથમ ભજન ગણપતિનું બોલવામાં આવે છે અને પ્રથમ જે સાખી બોલાય છે તે આ હોય છે.

"પરથમ પહેલા સમરિયૈ રે,
સ્વામી તમને સૂંઢાળા.. હા.. હા."[૧૮]

ગણપતિના સ્વરૂપની લોકકલ્પના પ્રમાણે સૂંઢાળો, હુંદાળો, એકદન્તા ગળામાં ફૂલડાની માળા, માથે મુંગટ અને બાહ્ય સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. ગણપતિનું જે બાહ્ય સાકાર રૂપ છે તેની પૂજા-પાઠ કરવામાં આવે છે. તેમાં સાકાર ભક્તિ રહેલી છે. ને જનસમાજને એ વિશેષ ભાવી છે. "રવિ ભાણ સંપ્રદાય"ના પ્રખર સંતશ્રી રવિ સાહેબ ગણપતિના ભજનમાં કહે છે કે

"સમરૂ સાંજ સવેરા એવા ગુણના પતિ, સુંઢાળા રેજી, સુંઢાળારે જી.

માતા ભણી જે જેની પારવતી હે સ્વામિ, પિતા શંકર દેવા એવા."[૧૯]

જે ભજનમાં રહસ્યની અટપટી વાણીને બદલે સરળ શબ્દોમાં ગણપતિનું આહ્‌વાન હોય અને બાહ્ય સ્વરૂપનું વણર્ન તેનાં માતા-પિતાનો ઉલ્લેખ અને પૂજન સામગ્રીનું વર્ણન હોય છે.

## (૨) ગુરુ મહિમાના ભજનો :-

ગણપતિનાં ભજનો ગવાયાં પછી તરત જ ગુરુ મહિમાનું ગાન શરૂ થાય છે. રવિ-ભાણ સંપ્રદાયના એક સંતોએ ગુરુનો મહિમા ગાયો છે. જેમ શિક્ષાગુરુ, દીક્ષાગુરુ છે તેમ ભજનમાં અગમ ભેદ બતાવી, ઘટમાં રહેલા સતગુરુ સાહેબની ઓળખ કરાવી આપે છે. આ પ્રકારના ગુરુભાવને પ્રગટ કરતી, ગુરુજ્ઞાન આપતી ભજનવાણીને 'ગુરુ મહિમા' ભજન સ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે.

કબીર સાહેબ ગુરુ મહિમા ગાતા કહે છે કે..

"પરથમ કીજે ગુરુ કી સેવા, તાંસું મીલે નિરંજન દેવા,

ગુરુ કૃપા મતી નેચળ ભઇ, તૃશ્રા તાપ સકલમીટ ગઇ"[૨૦]

'રવિ-ભાણ સંપ્રદાય'ના સ્થાપક અને કબીર વિચારધારાને સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં ફેલાવનાર ભાણ સાહેબ સતગુરુ મહિમા ગાતા જણાવે છે કે....

"સતગુરુ મળિયા સહેજમાં, જેણે સતનો શબદ સુનાયો"[૨૧]

મરમી સંત કવિ રવિસાહેબ સતગુરુએ પરમ પ્રેમનો પ્યાલો પાયોને જે દિવ્ય જીવનની દીક્ષા આપી અને તન્મયતાથી જે હરિદર્શન થયા તે ઘડીને આનંદ ઘડી તરીકે ઓળખાવે છે.

"આનંદ ઘડી, હેતે ભજવા હરિ,

મારો સાહેબો સોહાગી મળિયા"[૨૨]

દાસી જીવણે આત્મજ્ઞાન મેળવવા અઢાર-ઢાર ગુરુધારણ કર્યા છતાં ભેદ મળ્યો નહીં સતગુરુ ભીમ સાહેબ ભેટયાને જે આંતરદર્શન થયું તેનો આનંદોદ્‌ગાર નીકળી જાય છે

કે...

"અજવાળું હવે અજવાળું,

ગુરુ, આજ તમ આવ્યે રે મારે અજવાળું."[૨૩]

## (૩) ઉપદેશ આપતી વાણી :-

આ પ્રકારનાં ભજનોમાં જીવ,જગત અને સંસારને કેન્દ્રમાં રાખીને સામાન્ય જનસમાજ સમજી શકે તેવા સરળ હોય છે. આમાં અટપટી ભાવભંગીઓને બદલે સીધો જ ઉપદેશ આપવામાં આવે છે. જેમકે....

"મત કર નિદ્રા જીવ અભાગી, થોડા જીવન સારું કયાં સોવે,

મનુષ્ય જન્મ હે રતન પદારથ, એ હી જુગત ફીર નહિ હોવે."[૨૪]

"એવા સતના જળ સીંચજો રે,

માનવી તો મૂળ વિનાનું ઝાડ છે."

આ પ્રકારની ભજનવાણી રાત્રીના પ્રથમ પ્રહરમાં બોલાતી હોય છે. જેનો મુખ્ય ઉદ્દેશ સમાજને સાચો માનવધર્મ સમજાવી માનવજીવનનું સાર્થકય સાધવાનો છે. આ પ્રકારની વાણીમાં મહામૂલો માનવ જન્મ, જીવનની ક્ષણભંગુરતા, સ્વાર્થનો સંસાર, બાહ્યાડંબરનો વિરોધ, શીલ, સંતોષ અને ધીરજ જેવા ગુણો કેળવી માનવ અવતારનો મર્મ સમજાવતી વાણીને જીવ મુખી વાણી પણ કહેવામાં આવે છે.

સંસારની અસારતા દર્શાવતા સંત કવિ ભોજો ભગત પ્રાણિયા ! ને માનવીને કિરતારનું ભજન કરી લેવાનું જણાવે છે. આ ઘન, દોલત, માલ-ખજાના, પુતરને પરિવાર બધું જ અહીં પડી રહેવાનું છે. ત્યાં તો માત્ર એકલા જ જવાનું છે. તે કર્મ પ્રમાણે જમનો માર ખાવો પડશે. મૃત્યુ એ જ સનાતન સત્ય છે.

"પ્રાણિયા ! ભજી લેને કિરતાર,

આ તો સપનું છે સંસાર."[૨૫]

આમ આ ઉપદેશ આપતી વાણી રવિ-ભાણ પરંપરાના દરેક સંત-કવિએ આપી છે. અને દરેકે સમાજને માનવીને સાચો માનવધર્મ સમજાવી માણસના જીવતરને સાર્થક કરવાનું સૂચવી જાય છે.

## (૪) જ્ઞાન પરક વાણી :-

રવિ-ભાણ પરંપરાની વાણીમાં આ જ્ઞાનપરક વાણીમાં નિર્ગુણ, નિરાકાર બ્રહ્મની આરાધના, ભક્તિ, જ્ઞાન અને યોગના માર્ગોએ થઇ છે. જ્ઞાનમાર્ગી કવિ અખો કહે છે કે...

"જ્ઞાન વિના ભક્તિ નવ થાય,

જયમ ચક્ષુદીણો જયાં ત્યાં અથડાય."[૨૬]

જેમ આંખ વગરનો મનુષ્ય જયાં ત્યાં ભટકે છે તેમ જ્ઞાન વિના ભકિત થઇ શકતી નથી. જ્ઞાનમાર્ગમાં તર્ક, બુધ્ધિ અને પુરાવાઓની ચર્ચા થાય જ કારણ કે આ માર્ગ શાસ્ત્રોના આધારે ચાલે છે. એટલે વ્યક્તિએ વ્યક્તિએ જુદા જુદા અભિપ્રાયો હોય શકે છે. પરંતુ અંતે વસ્તુ એક જ છે. સંતો, ભક્તોને જ્ઞાનીઓ પોતાનો અનુભવ તો જણાવે છે ને કબીર સાહેબ કહે છે તેમ

"એક કહું તો હે નહિ, દો કહું તો ગારી,

જૈસા હે વૈસા રહે, કહે કબીર વિચારી."

તો અખો કહે છે...

"પણ જ્ઞાન તો છે આતમસૂઝ,

અખા અનુભવ હોય તો બુઝ."[૨૭]

ભક્તિથી જ્ઞાન અને જ્ઞાનથી ભક્તિ પુષ્ટ થાય છે તેને યોગનો આધાર મળે તો બંને અધિક સબળ બને છે. જ્ઞાન વિનાની ભક્તિ ભાવુકતામાં સરી પડે છે. અને ભક્તિ વિનાનું ભક્તિ ભાવુકતામાં સરી પડે છે. અને ભક્તિ વિનાનું જ્ઞાન શુલ્ક લાગે છે. જ્ઞાની જ્ઞાન માર્ગે સત્-અસત્‌ના વિવેક દ્વારા પરમાત્માના નિર્ગુણ નિરાકાર રૂપને પામે છે. ભક્તિ અને જ્ઞાન ભળી જાય ત્યારે ચારે તરફ હર્યુ ભર્યું બની જાય છે. પ્રકાશ પ્રકાશ થઇ જાય છે. દાસી જીવણને આત્મજ્ઞાન થતા કહે છે કે....

"અજવાળું હવે અજવાળું,

ગુરુ, આજ તમ આવ્યે રે, મારે અજવાળું"

જેને જ્ઞાન દ્વારા આ પરમતત્ત્વ ને પામી લીધું છે. અને તેના દ્વારા તેમના જીવનમાં અજવાળું થઇ ગયું છે અને માયા નિદ્રામાંથી જાગી ગયા છે. તેને સર્વત્ર આતમરામ એક સરખો જ દેખાય છે. આવો જ્ઞાનીજન ગામે તે પરિસ્થિતિ છે. એ જ્ઞાતા છે ને પોતાનું અલગ અસ્તિત્વ છે એ ભાવ પણ નાશ પામે છે. રવિ સાહેબ કહે છે કે આવા વિરલા સંસારીઓ, જ્ઞાનીઓ કાળને મૃત્યુને જીતી ગયા છે.

## (૫) ભક્તિ પરક વાણી :-

રવિ-ભાણ સંપ્રદાયની વાણીમાં ભક્તિ જોડાયેલ છે. અધ્યાત્મ માર્ગમાં પ્રથમ ભક્તિ આવે પછી સાધનાનો પ્રારંભ થાય છે. કારણ કે ભક્તિનો માર્ગ સરળ, સહજ અને સર્વજન સુલભ છે. ભકિતનું જ્ઞાન સામાન્ય જન સમજી શકે તેવું સરળ છે. તેમાં વેદ,

વેદાંત, દ્વૈત-અદ્વૈત, સ્થૂળ-સૂક્ષ્મ વિશેની બૌધ્ધિક તર્કયુક્ત દલીલો નથી. ભક્તિ તો ભકતની ભગવાનના પ્રેમમાં ભીના-ભીના રહેવાની ભાવ સમાધિ છે. સંતોએ ભકિતને ઉત્તમ માર્ગ કહ્યો છે. જયારે જ્ઞાન એ મધ્યમ માર્ગ અને તપને કનિષ્ઠ માર્ગ કહે છે.

ભક્તિનું મુખ્ય અંગે છે નામ સ્મરણ, અબાલ વૃધ્ધ ગમે તે આ નામસ્મરણની ભકિત કરી શકે છે. ભક્તિનાં મુખ્ય બે રૂપ છે એક સગુણ સાકારની બહિરંગ સાધનો દ્વારા થતી ભક્તિ. તેમાં વ્રત, તપ, જપ, પૂજા-પાટ, તીર્થયાત્રા અને બાહ્ય ક્રિયાકાંડ આવે છે. પણ રવિ-ભાણ સંપ્રદાયના સંત કવિઓ આ પ્રથમ પ્રકારની ભક્તિ નથી કરતા. એ બીજા પ્રકારની ભકિત જેમાં નિર્ગુણ નિરાકારની અંતરંગ સાધના ભક્તિ આવે છે. અને આ સાધના પધ્ધતિ સાધકની યોગ્યતા પ્રમાણે હોય છે. તેમાં નિર્ગુણ પરમતત્ત્વને  આરાધવાના હોય છે.

ભક્તિનું જે ત્રીજું રૂપ છે તે ભાવભક્તિ, પ્રેમ-લક્ષણા ભક્તિ, જયારે પ્રભુ તરફ પ્રેમનું મહાપૂર પ્રગટે ત્યારે તેમાથી ભાવભક્તિ જન્મે છે તે પછી કોઇ સાધનાઓ, ક્રિયાઓ રહેતી નથી જેમકે....

"જબ લગ નાતા જગતકા, તબ લગ ભક્તિ ન હોય,
નાતા તોડ હરિ કો ભજે, ભકત કહાવે સોય."[૨૮]

જયાં સુધી તું સંસારમાં અટવાયેલો રહીશ ત્યાં સુધી તારાથી ભક્તિ થશે નહીં. આ સંસારરૂપી મોહ, માયા, કામ, ક્રોધ આ સર્વનો ત્યાગ કરીને હરિને ભજીશ નહીં ત્યાં સુધી ભક્ત નહીં કહેવાય. તો રવિ-ભાણ સંપ્રદાયના મર્મી સંત કવિ શ્રી રવિસાહેબ કહે છે કે.....

"પૌંચી નવ શકે રે, બુધ્ધિ તિયા બાપડી રે.,
મનને વાણીથી વસ્તુ છે વરજીત."

**- રવિ સાહેબ**

"જપ તપ તીરથ વેદ પુરાણેને શું પઢવાનું કામ !
સાધન જોગ કલ્પના છુટી સઘળે સરખા રામ."[૨૮]

**- રવિ સાહેબ**

ભક્તિને માત્ર ભાવ સાથે, પ્રેમ સાથે સંબંધ છે.

પરમાત્માને મળવાની આરત  ઉપર આધારિત છે. ભક્તિને બાહ્યાચારથી નહીં પણ નામથી નાતો છે. જો સતગુરુની સહાય મળે તો પ્રેમ પ્રીતની પુરણ ભક્તિ મળે. આ કોઇ દેખાદેખીનો વિષય નથી. હૃદયથી, મનથી સાચી લગન લાગે તેનું નામ ભક્તિ.

"રામનો રે રામનો રામૈયાના નામનો
અમને ઓળો છે સીતારામનો."

**- દાસી જીવણ**

દાસ હોથી ભક્તિ ભાવ વિના થતી નથી તેમ જણાવે છે. ભક્તિ અંતે ભાવમાં પરિણમવી જોઇએ. મનમેલા, અક્કડને અભિમાનીથી ભક્તિ થતી નથી. વિષય-વાસના માર્યા સિવાય ભાવભક્તિ જાગશે નહિ ને ગુરુગમ મળશે નહિ.

"ભક્તિ ભાવ વિના ના'વે,
ગુરુગમ કયું પાવે, કયું પાવે."

**- દાસ હોથી**

ભક્તિમાં ભાવ ઉમેરાય ત્યારે પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટ થાય છે. પ્રેમ લક્ષણાભક્તિ નમ્રભાવે સદ્‌ગુરુના ચરણમાં શીશ નમાવી સમર્પિત થાઓ તે પછીથી આ ભાવ જન્મે છે અને પ્રેમલક્ષણાભકિતને આપણાં શાસ્ત્રોએ શ્રેષ્ઠભક્તિ કહી છે.

દાસી જીવણની વાણીમાં પ્રેમલક્ષણા ભક્તિની વિવિધ ભાવ કક્ષાઓ જોવ મળે છે.

"માનવીને મો'લે લાવો રે,
મેરમને કોઇ મનાવો રે."[૨૯]

"મારા સમ છે મીઠાજી પધારોને મોહોલ માંઇ
તમ સાથે સનેડો કરતા ડરું નહિ દિલમાં તુંઇ તુંઇ."

રવિસાહેબે પ્રેમલક્ષણા ભક્તિનો ભાવ ગાતા કહ્યું છે કે ...

"સખી, સાંભળને કહું વાતડી, દહાડો અનુપમ દીઠો રે,
મુને સતગુરુએ શબદ સુણાવિયો, એ તો સાંભળતા લાગે મીઠો રે."

તો મોરાર સાહેબની પ્રેમલક્ષણા ભક્તિમાં ભક્તિની ભીની આર્દ્રતા જોવા મળે છે.

"આજ સખી, મુંને સતગુરુ મળિયા, દેવદિવાળીના દિવસ હબિરા,
અંતરજામી અઢળક ઢોળિયા, હીરબો આલ્યો ગુરુએ હાથભમાં."[૩૦]

આમ પ્રેમલક્ષણા ભક્તિનો એક ગુણ ભોળપણ હોવું જોઇએ, રવિ-ભાણ સંપ્રદાયના બધા જ સંતોમાં આ ભોળપણ દેખાય છે. રવિસાહેબ, ત્રિકમ સાહેબ, દાસી જીવણ, બાળક સાહેબ, પીઠા ભગત વગેરે આ પ્રેમલક્ષણા ભકિતની મધુર મીઠાશ અને પ્રભુદર્શનની સૂક્ષ્મ અનુભૂતિ અનુભવવા મળે છે.

## (૬) વૈરાગ્ય બોધક વાણી :-

બ્રહ્મ ને ઓળખવાના મુખ્ય ત્રણ માર્ગ છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય. તેમાં ભક્તિને મુખ્ય સ્થાને સંતો મૂકે છે ને જ્ઞાન વૈરાગ્ય ને તેની પાંખો કલ્પે છે.

સંત કવિઓએ ભજવાણીમાં અધ્યાત્મ જ્ઞાનનો માર્ગ અતિ અટપટો કહ્યો છે. કારણ કે આ માર્ગ વૈરાગીનો છે. વૈરાગ્યની સાચી લગની લાગે પછી તારું મારું મટી જાય છે. દુઃખ અને સાંસારિક પીડાઓ શમી જાય છે. આ વૈરાગ ભીતરથી જાગવો જોઇએ. બાહ્ય ડોળ કરવાથી વૈરાગી થવાશે નહીં.

કબીર વિચારધારાને ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ફેલાવી ભાણ સાહેબે રવિ-ભાણ સંપ્રદાયની સ્થાપના કરી. ભાણસાહેબનાં ભજનોમાં ઉપદેશ, યોગ અને મરમી ભાવ મુખ્ય છે. તેમણે વૈરાગનો પંથ અતિ કઠણ દર્શાવ્યો છે. વૈરાગી તો કોઇ વિરલ સંત થઇ શકે છે. બ્રહ્મને પ્રાપ્ત કરવાનું કામ કાચાપાચોનું નથી. જે મનની વૃત્તિઓને જીતે, મોહ, માયા તજે તે વૈરાગી બની અંતરની પરમ જ્યોતિને નિહાળી શકે. ભાણ સાહેબ આ ભજન દ્વારા કહે છે....

"કઠણ પંથ આ વૈરાગના રે, ત્યાં પોંચત વિરલા સંત
કઠણ પંથ આ વૈરાગના રે."[૩૧]

તો ત્રિકમ સાહેબ કહે છે કે 'મન રંગાયેમન રંગાયે જોગી કપડા', મન રંગાય તો જ વૈરાગ્યનો પાકો રંગ લાગે છે અને જ્યારે આ સાચો વૈરાગ જાગે છે ત્યારે ભય અને ભ્રમણા બંને ભાગી જાય છે. જ્યાં સુધી શંકાનું ભૂત તમારી સાથે રહે ત્યાં સુધી વૈરાગી થઇ શકાય નહી. એટલે ત્રિકમ સાહેબ કહે છે....

ભે ભરમણા મારી ભાગી રે,
મનવો મારો ભયો વેરાગી રે.

આમ વૈરાગી વાણીમાં ગુરુ શિષ્યને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ આપતા ભક્તિ, જ્ઞાન, યોગ અને વૈરાગ્યની સમજ આપે છે. અધ્યાત્મજ્ઞાનનો માર્ગ અટપટો અને ખેલ ખાંડાની ધારે ખેલવા જેવો કઠીન છે. જેણે પોતાનું ચિત્ત કાયમ માટે ગુરુપદમાં રાખ્યું છે તેને આ માર્ગની દિશા માળે છે. ગુરુના પદનું પૂજન કરતા કરતા આ અગમઘરની ઓળખાણ થાય છે.

## (૭) યોગ પરક વાણી :-

'રવિ-ભાણ સંપ્રદાય'ના સંત કવિઓએ યોગમાર્ગની ભૂમિકા સરળ ભાષા દ્વારા સમજાવી છે. આમ તો યોગના ચાર પ્રકાર છે. (૧) મંત્રયોગ (૨) હઠયોગ (૩)

લયયોગ અને (૪) રાજયોગ આ યોગને સંતોએ જુદા-જુદા માર્ગો દ્વારા અનુભવ કરી વાણી દ્વારા સમજાવ્યો છે સુષુમણાનાડી, જાગૃત કરવા, ત્રિકુટીભેદ અને કુંડલિની જાગૃત કરવા સંતો કહે છે કે....

"નાભિ કમળથી ઉલટયો આવે, ગગન ધૂન ગરજાના
ઇંગલા, પિંગલા, સુષમણા સાંધી,
ત્રિવેણી તાર મીલાના."[૩૨]

**- ત્રિકમ સાહેબ**

"સેજ સુનમેં ત્રિકુટી ધૂન મેં અખંડ જ્યોત ગ્રહે સારી."[૩૩]

"જાગૃત, સ્વપ્ન સુષુપ્ત, તુરીયા, .નમુનિ મુંદ્રા લાગી,
અક્ષરાતીત આપે નર ઓળખ્યા, તેની ભે ભરમના ભાંગી"[૩૪]

**- દાસી જીવણ**

ઓહમ્-સોહમ્‌ના શ્વાસોચ્છવાસ દ્વારા નામનું સ્મરણ કરતા ડાબી ઇંગલા ચંદ્રનાડીને જમણી પિંગલા સૂર્યનાડીની વચ્ચે આવેલ સુષુમણા નાડીને સાધના સુલટા પવન ઉલટા કરતા સુષુપ્ત અવસ્થામાં પડેલી કુંડલિની જાગૃત થતા બ્રહ્મરંધ્રમાં બ્રહ્મજયોતના દર્શન થતા અક્ષુરાતીત નરને આ દેહમાં ઓળખી શકાય છે. તેમાં આ વાણીમાં સમજાવ્યું છે.

"અણી અગર પર આસન કીધા, અગમભેદ હે એના."

**- ત્રિકમ સાહેબ**

અણી અગરે (નાકની દાંડી) ઉપર એક વસ્તુ છે તેને વચનથી 'નૂરતે સુરતે નિરખી લેને મૂર્તિ છે. મસતની એમ ગાયું છે.

"અનહદ વાજાં તો ઘર વાગે, શોભા બની હે સારી,
નૂરતે સુરતે ઓ ઘર ન્યાળો, ત્રિવેણી એક તારી રે."

**- દાસી જીવણ**

બહુરંગી વાજા ત્યાં વાગી રહ્યા છે. જેને અનહત નાદ કહેવામાં આવે છે. તે મોરબી, ઝાલર નોબત, તંબુર, શીંગીનાદે સંભળાય છે.

"કોટિક ચંદા ઝગમગે, માંય કોટિક ઉગ્યા સૂર,
કોટિક દીપક દેખીયાને સતગુરુ પાયા હજુ રે."

**- દાસી જીવણ**

કરોડો સૂર્યના તેજ જેવું અજવાળું દેખાય છે. ને ભીતર જ સત્‌ગુરુના-પરિબ્રહ્મના દર્શન થાય છે.

કબીર સાહેબ 'સહજ યોગ' સાધના સમજાવી છે.

"સાધો સહજ સમાધ ભલી,
ગુરુ પ્રતાપ જા દિન સે જાગી,
દિન દિન અધિક ચલી."

કબીર સાહેબે હઠયોગને બદલે ગુરુના પ્રતાપથી સહજધ્યાન થતા આપણી દરેક ક્રિયાઓ ખાવું, પીવું, સૂવું, બેસવું તેમાં હરિસ્મરણ થતું રહે દેહને કોઇ કષ્ટ આપી દમન કરવું નહિ.

"સહેજ હી ધૂન હોત હૈ હરદમ ઘટ કે માંહિ,
સુરત શબ્દ મેલા ભયા મુખકી હાજત નહિ."

**- કબીર સાહેબ**

સંત કવિઓ યોગસાધના માટે કોઇ ગુફામાં બેસી ગયા હોય તેમ જાણવા મળતું નથી. ભજનવાણીના રંગે રંગાતા યોગસિધ્ધિ આપોઆપ પ્રાપ્ત થઇ છે. સમાજ સંસારની વચ્ચે રહી, ભાગે આવતી જવાબદારીઓ નિભાવી પ્રભુનું ધ્યાન ધરી નામસ્મરણ કર્યુ છે. સદ્‌માર્ગે ચાલ્યા છે. કામ ક્રોધ, લોભ જેવા ષટરિયુ ઉપર કાબું મેળવ્યો છે. ચંચળ મન જીતી લીધું છે. પછી તો યોગની અટપટી ક્રિયાઓ તેમને માટે સહજ હતી. દરેક વિકટ માર્ગ તેમને રાજમાર્ગ જણાયો છે. અગમ-અગોચર તત્ત્વને જાણી-માણીને આ અનુભવ યોગવાણી દ્વારા સંતોએ પ્રગટ કર્યો છે.

## (૮) રહસ્ય વાણી :-

રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ તેમની વાણીમાં રહસ્યતત્ત્વને ધૂંટીને મૂકયું છે. અને તેના મર્મને સમજવા માટે ગુરુગમ ચાવી જરૂરી છે. સંતવાણીમાં જ્ઞાન, ભક્તિ, યોગ, વૈરાગ્ય અને રહસ્ય એકબીજા સાથે જોડાયને આવે છે. જ્યાં સુધી અનુભવની એરણ ઉપર આ જ્ઞાનનો કસવામાં ન આવે ત્યાં સુધી તેના રહસ્યને પામી શકાતું નથી. સગુણ-નિર્ગુણ ભક્તિ, નાથપંથી યોગ સાધના સાથે કબીરનો સહજ યોગ અને સંસાર તરફનો વૈરાગ્ય ભાવ સમજાવી સંતોએ વાણી દ્વારા આચારધર્મ કરતાં માનવધર્મને વધુ મહત્ત્વ આપ્યું છે. બાહ્યાચારને બદલે દેહભીતરની સાધના દર્શાવી છે. અહ્મને મારવો, મન ને જીતવું અને દેહભાવ છોડવો પડે છે. પરમતત્ત્વની સાથે એકત્વ સાંધવા ભક્તિમાર્ગની આ રહસ્ય ભૂમિકા છે.

અંતિમ તત્ત્વ કે પરમ સત્ય 'Ultimatereality' જેને આપણે કહીએ છીએ. એજ એક માત્ર સનાતન સત્ય અને રહસ્ય છે. આ રહસ્યને જ્ઞાની, ધ્યાની, મુનિ અને

ભક્તોએ પામવા પ્રયત્ન કર્યો છે. રવિ સાહેબ કહે છે કે....

"કહે રવિ રામ ભાણ પ્રતાપે, ઇગમ-અગમ અપારી,

લૂણ કી પૂતળી ગિર ગઇ જળમાં, કયું કર નિકલે બારા."[૩૪]

આ રહસ્યને અગમ-અપાર કહી મીઠાની પૂતળી સાથે સરખાવે છે. જેમ મીઠાની પૂતળી દરિયાનું ઊંડાણ માપવા જાય તો ખોવાઇ જાય (ઓગળી જાય) તેમ પરમાત્માનું રહસ્ય જાણ્યા પછી તેની સાથે એક રૂપ થઇ જવાય છે. તેનું વર્ણન પછી કેમ થાય.

"પરમ સત્યના રહસ્ય માટે વેદો, ઉપનિષદો, શાસ્ત્ર પુરાણો અને સંતોએ અનેક ગુણગાન ગાયા છે. છતાં એ રહસ્ય છે એ જાણવા છતાં ભાવના અતિરેકમાં પ્રેમલક્ષણા ભક્તિ રૂપે એને પૃથ્વી પર પ્રગટ કરી રામ કે કૃષ્ણ કહી પૂજયા છે. ચૈતન્ય, મીરાં કે દાસી જીવણ જેવાં અનેકોએ આંસુઓનો દરિયો ભર્યો છે. જે કહી નહીં સુકાય. છતાં આ લોકોનાં એ સાંવરો સલૂણે પણ રહસ્યનું એ રહસ્ય બની વિલસે છે."[૩૫]

આ રહસ્યએ સાકાર હોય કે નિરાકાર તે રહસ્ય જ રહે છે. સંતોએ વાણી દ્વારા આ મર્મને સમજાવ્યો છતાં તે રહસ્ય જ રહે છે. વેદમાં નારદીય સૂકતમાં જણાવ્યું છે કે...

"એ સમયે ન તો સત્ હતું અને ન તો અસત્ આકાશ પણ નહોતું અને અંતરિક્ષ પણ, કોણે એને આવૃત્ત કરેલું હતું? તે (પરમતત્ત્વ) કયાં હતો અને કોના આશ્રયે હતો? મરણ પણ નહોતું, એટલે અમરત્વની ભાવના પણ નહોતી. રાત્રિ અને દિવસનો ભેદ પાડનારો પ્રકાશ પણ નહોતો. તે જ એક માત્ર, તે સમયે શ્વાસ, પ્રશ્વાસની ક્રિયા વિના જીવંત રહેનાર બ્રહ્મ જ વિદ્યમ ાન હતો એના સિવાય કશું જ હતું નહીં. એ સમયે અંધકાર હતો. પ્રારંભમાં આ બધું એક સમુદ્રના રૂપમાં હતું"૩૬

નારદીય સૂકતમાં રજૂ થયેલ આ રહસ્યને સંત રૂખિ રામદાસ ભજવાણીમાં સમજાવે છે.

''એ જી ગુરુજી, અસંખ્ય જુગમાં નો'તો,

આધાર પચાસ કોડમાં પાણી રે,

તે દિ' નુરિજન હતા નિરાકાર રે,

તેમાંથી શકિત દરસાણી રે,"

જેસલ પીર ઉપરોકત ભાવને વાણીમાં મૂકે છે કે...

"નહિ રે મેરુને નહિ મેદની,

નો'તા તે દી ધરતીને આકાશ,

ચાંદો ને સૂરજ જે દી હોય તો'તા,

ઘણી મારો તે દી આપો આપ રે."

આ પૃથ્વી, પર્વત, ચંદ્ર, સૂર્ય જ્યારે કશું જ ન હતું. માત્ર શૂન્ય જ હતું ત્યારે પરિબ્રહ્મ તત્ત્વ હતું અને આ અલખધણીએ જ સૃષ્ટિનું સર્જન કર્યું.

"જમી આસમાન બાવે મૂળ વિણ રોપ્યાને

થંભ વિણ આભ ઠેરાણા હોજી...

અખંડ ધણીને હવે ઓળખો હોજી..."

**- દેવાયત પંડિત**

જે આ રહસ્ય સ્વરૂપ અલખધણી છે તેને સંતો એ ઓળખવાનું કહ્યું છે. પ્રાપ્ત કરવાનું કહ્યું છે.

આ પરમતત્ત્વને સંતોએ ભજવાણીમાં કાયામાં-ઘટભીતર જોવાનું પ્રમાણ આપ્યું છે.

"બોલ બોલાવે સબ ઘટ બોલે,

સબ ઘટમાં રહ્યો સમાય."

**- દાસી જીવણ**

"બેની મને ભીતર સત્‌ગુરુ મળ્યા,

આજ તો વરતાણી આનંદ લીલા."

**- કરમણ ભગત**

"દેખો ખાવિંદ કા ખેલ, દર્શન મેં તો દેખ્યા છે,

બાહિર દેખ્યા ઓર ભીતરભી દેખ્યા,

દેખ્યા અગમ હમારા રે..."

**- ત્રિકમ સાહેબ**

આ અલખધણી ઘટભીતર સમાયો છે. તે અનુભવી હોય તે ઓળખી શકે છે. નિજાનુભવ વગર આ રહસ્ય સમજી શકાતું નથી.

સંત મૂળદાસ આ પરમ રહસ્યની ચાવી રૂપ વાણીમાં કહે છે કે...

"મરવું એને કઇયે, મરણના ભે ટળે,

ટાળવું એને કઇયે, આપ ટાળે;

બળવું એને કઇયે; ફરીને ઊગે નહિ,

ભળવું એને કઇયે; બ્રહ્મ ભાળે."

સંત મૂળદાસ મરણ કરતાં મરણનો ભય મોટો છે તેમ કહી જે મરણનો ભય ટાળે-નિર્ભય બની જાય. હુંપણાનો અહમ્, મારાપણાનું મમત્વ છૂટી જાય અને ભીતરના

કામ, ક્રોધ, લોભ, મોહ જેવાને એવી રીતે બાળી નાખો કે એ ફરીને ઊગે નહિ અને તે પછી ભળવું એને કહેવાય કે જે બ્રહ્મમાં ભળે.

સંતોએ આ પરમ રહસ્યને જાણી લીધા પછી શબ્દાતીત કહી અટકી ગયા છે.

"બાવન અક્ષરથી બારો બોલે,

નહીં પોથી કે પુરાણ,

ઓહંગ સોહંગ પર અલખ બિરાજે,

ભીતર પ્રગટ રવિભાણ."

**- ત્રિકમ સાહેબ**

બાવન અક્ષરની બહાર છે એટલે કે શબ્દોથી તેને વર્ણવી શકાય તેમ નથી. પાંચ તત્વને ત્રણ ગુણથી ન્યારો છે. પોથી કે પુરાણને તેનો ગમ નથી. ઓહંગ-સોહંગની ઉપર આ અલખધણી બિરાજી રહ્યા છે. જે માલમી હશે. (જાણકાર હશે) તેને સહેજે મળશે આ ઘટભીતર મળશે. આ ઘટમાં જ કોટિક ભાણનું અજવાળું થઇ જશે. આ રીતે સંતોએ વાણી દ્વારા પરમ રહસ્યને ગૂઢાર્થમાં રજૂ કરેલ છે.

## (૯) પ્રાસંગિક વાણી :-

પ્રાસંગિક ભજન રચનાઓમાં સંત કવિના જીવનમાં બની ગયેલી કોઇ ઘટના કે મહત્વનો પ્રસંગ જે તેના જીવનને કોઇ ચોટ આપીને જીવનની નવી દિશા ખોલી આપી હોય. આવા પ્રસંગને કેન્દ્રમાં રાખી અનેક સંત-કવિઓએ તેમની ભજન રચનાઓ કરી છે તેને પ્રાસંગિક ભજનવાણી તરીકે ઓળખવામાં આવે છે જેમકે...

ત્રિકમ સાહેબ તેમના ગુરુ ખીમ સાહેબ સાથે દ્વારકા ગયા. ત્યાં બેટ દ્વારકા જવા માટે હોડીમાં બેસવું પડે છે. પણ હોડીવાળો ત્રિકમ સાહેબને હરિજન હોવાથી આભડછેટને કારણે હોડીમાં બેસવા દેતો નથી. ત્યારે ત્રિકમ સાહેબ પાણી ઉપર અંચબો પાથરી ભજન બોલે છે.

"અલ્યા વહાણવટી વહાણ હંકાર માટે બેટ જાવું"

આ પ્રસંગ બન્યો ને ચમત્કાર પણ સજાર્યો હોડીની સાતે કાપડના ટૂકડા ઉપર બેસી દ્વારકા પહોંચ્યા તો તેને પ્રાસંગિક ભજન કહી શકાય.

દાસીજીવણની પ્રાસંગિક ભજન રચનાઓ સાત મળે છે તેમાં એક વખત ઘોઘાવદર પાસેના બંધિયા ગામે જીવણ ભજન ગાવા ગયેલા ત્યાંથી એક સ્ત્રી તેના રૂપ અને કંઠને મોહિત થઇ પાછળ પાછળ આવે છે.

તે પ્રસંગે દાસીજીવણ પેલી સ્ત્રીને સમજાવે છે કે.....

"શું કરવા સુખ પારકા, સુખ માંડેલ હોય તે થાયજી."

બીજા એક પ્રાસંગિક ભજનમાં દાસી જીવણ કહે છે કે....

"શામળા માટી વેલેરી કરજો વાર,

જમલો રચિયો છે આણી વાર."

'રવિ-ભાણ સંપ્રદાય'ના એક સમર્થ સંત મોરાર સાહેબ થયા. આ મોરાર સાહેબ માતાને સમજાવતું પ્રાસંગિક ભજન ગાયું હતું.

"મૈયા મારો મનવો હુવો રે વિરાગી,

મારી લે' તો ભજનમાં લાગી રે."

આજ પરંપરામાં વંથલી ગામે સંત પીઠા ભગત થઇ ગયા. તેમના સમકાલીન મહાપંથી રામદેવપીરના ઉપાસક મેપા ભગત હતા. આ ભગતે નૃસિંહ અને ભૈરવની તંત્ર ઉપાસના કરી હતી. તેનું તેને અભિમાન થયું. ત્રણ વખત અલખધણીનો મંડપ કર્યો અને ઇર્ષા ભાવથી પીઠા ભગતની નિંદા કર્યા કરે ત્યારે પીઠા ભગતે આ ઘટનાઓને ધ્યાનમાં રાખી પ્રાસંગિક ભજન રચી ગાયું.

"મોટો થઇને મંડપ કર્યો, ધ્યાન ધણીનું કર્યો નહીં.

કોટાં આણી ધૂપ કરવા બેઠો, ધૂપ ધણીને ચડયો નહીં."

આમ 'રવિ-ભાણ સંપ્રદાય'માં પ્રસંગને અનુરૂપ ભજનની રચનાઓ પણ જોવા મળે છે.

## (૧૦) રૂપકાત્મક વાણી :-

સંતોએ માનવ અવતારને પાણીનો પરપટો, કાગળની નાવડી, ઝાકળજળ, માટીનો ઘડો, જેવી ઉપમાઓ આપી જીવનની ક્ષણ ભંગુરતા દર્શાવી છે. માનવ-અવતારએ શ્રેષ્ઠ અવતાર છે. ને કુદરતની સર્વોતમ કલાકૃતિ છે. માનવીના દરેક અંગોની અદ્‌ભુત રચના છે. આ અજબની કારીગરી કિરતારની છે. આ માનવ દેહને સંતો એ, બંગલો, કિલ્લો, ગઢ, ચૂંદડી, પટોળી, એકતારૌ, તંબુરો, સતાર, જંતર મંજીરા, ચરખો, રેંટિયો એરણ ખલકો વગેરે ઉપમાઓ આપી રૂપક પ્રકારની ભજન રચનાઓ રચી છે. જેમકે... દાસીજીવણે કહે છે.....

"બંગલા બેશ બન્યા હદલેશ,
વામે સાહેબજી બોલે."
તો રવિ સાહેબ કહે છે
'લોહી મિટ્ટી કા ચણીયા બંગલા,
ખૂબ બન્યા ખૂબ બન્યા."
"આ કોણે બનાવ્યો પવન ચરખો."

આમ માનવ દેહનાં રૂપકોની જેમ જ જીવ આત્માનાં રૂપકો જેમકે... મોરલો, વણઝારો, હંસલો, હાટડી, શેઠ જવાં રૂપકો દ્વારા ભજન રચનાઓ થાય છે જેમકે ... દાસી જીવણ કહે છે કે...

"અરે તું આવડા રૂપ કયાંથી લાત્યો રે,
મોરલો મરત લોકમાં રે આયોજી"[૩૭]
"હાટડિયે કેમ રેવાશે ભઇ,
મારા રામની રજા નંઇ"

માનવ દેહનાં રૂપકોની સાથે પ્રકૃતિનાં રૂપકો જેવા કે આંબો, ખેતર, વાડી, જળ, વરઘોડો, માંડવો વગેરે દ્વારા ભજન રચના થઇ છે. મોરાર સાહેબ કહે છે કે...

"આંબો અમર છે, રે સંતો !
કોક ભોમને ભાવે રે."
"સાહેલી મારી, બેની ! મારો પાંચ તત્ત્વનો માંડવો."

**-રવિ સાહેબ**

રૂપકાત્મક ભજન વાણીમાં ભજન અમલના રૂપકો જેવા કે, જ્ઞાન હોક્કો, ગાંજો, ભાંગ વગેરે પ્રકારની રચનાઓ થઇ છે. તેમજ શબ્દ જ્ઞાનનાં રૂપકો જેવા કે પ્યાલો, કટારી, બાણ જેવાં રૂપકો દ્વારા ભજન વાણીની રચના થઇ છે.

"મારા સતગુરુએ પાયો અગાધ,
પિયાલાં દૂજા કોણ પીયે રે."

**-ત્રિકમ સાહેબ**

"એવો પ્યાલો ગુરુએ પાયો ને પીધા ભેળી ખબર પડી."

**-દાસ અરજણ**

"પ્રેમ કટારી આરંપાર, નિકલી મેરે નાથકી."

**-દાસીજીવણ**

"માર્યા પ્રિતમ બાણ અમને,

માર્યા મોહન બાણ શામળા તારી શોભના રે."

**- દાસી જીવણ**

અનહદ નાદનાં રૂપકો જેવાં કે... ઝાલરી, બંસરી, વાંસળી, મોરલી, ડંકા, ટકોરા, નોબત જેવા રૂપકો દ્વારા સંતોએ ભજનની રચના કરી છે. ત્રિકમ સાહેબ ઝાલટી દ્વારા ભજન રચનાઓ છે જેમકે...

"અનહદ નાદ ગગન ધૂન ગાજે

ઝાલટી વાગે ઝીણી ઝીણી રે..."

**- ત્રિકમ સાહેબ**

"કરણની કોટવાળ બેઠો કાયામાં,

નામની નોબત વાગી ભાટી."

**- રવિ સાહેબ**

રહસ્યાત્મક રૂપકો જેવાં કે મોતી, વચન, શબદ, અને નામ જેવાં રૂપકો દ્વારા ભજન રચના થઇ છે. જેમકે...

"સોળ વાલ પર એક રતી સરદારા,

ચૌદિશે બોલે વચન ચોધારા."[૩૮]

**- ભીમ સાહેબ**

"શબ્દ સ્વરૂપી શ્યામ હમારા,

બોલે બોલાવન દ્વારા."

**-ત્રિકમ સાહેબ**

"સુન લે સુષુમણા નારી, મે અજબ નામ પર વારી"

**- ભીમસાહેબ**

"દેખા હોય સો કહી બતલાવો, મોતી કેસા રંગા."

**- દાસ અરજણ**

આમ જુદાં જુદાં ભાવપ્રતીકો દ્વારા રૂપક વાણીની રચના થઇ છે. અને સ્વરૂપની દૃષ્ટિએ રવેણી, આગમ, આરાધ, સાવળ અને સોહર ભજનોની રચના થઇ છે.

રાત્રીના ચાર પ્રહર આ પ્રહર પ્રમાણેનાં ભજનો જીવ, ગુરુ, શિવ અને બ્રહ્મમુખી ભજનો તથા ગાયકોની દ્રષ્ટિએ જુદા જુદા રાગની ભજનવાણી આ સંતો એ રચી છે. આ બધું જ જોતા 'રવિ-ભાણ સંપ્રદાય'ની વાણીના પ્રકારોએ સંત સાહિત્યમાં આ સંપ્રદાયના સંતોનું પ્રદાન કયારેય વિસરી ન શકાય તેવું મૂલ્યવાન છે.

# સંદર્ભ સૂચિ

(૧) સંતવાણીનું સત્ય અને સૌંદર્ય : સં. નિરંજન રાજયગુરૂ, ર્ડા. મનોજ રાવલ, ડો.એન. પ્ર.ગોહિલ પ્ર. આ. ૧૯૯૪ પૃષ્ઠ-૧, પ્ર. પ્રવિણ પુસ્તક ભંડાર રાજકોટ

(૨) ભજનરૂપ દર્શન- સં. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૦૩, પૃષ્ઠ-૩૪, પ્ર. પ્રાર્શ્વ પ્રકાશ, અ'વાદ

(૩) એજન-પૃષ્ઠ-૩૫

(૪) સંતવાણી : તત્વ અને તંત્ર : સં. ડો. બળવંત જાની પ્ર. આ. પૃષ્ઠ-૧૫૯-૧૬૦, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી.

(૫) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુર્નમુદ્રણ ૧૯૯૧ પૃષ્ઠ-૩, પ્ર. નવભારત સાહિત્ય મંદિર-અ'વાદ

(૬) એજન પૃષ્ઠ-૭

(૭) ભજન રૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૦૩. પૃષ્ઠ-૪૦, પ્ર. પાર્શ્વ પ્ર. અ'વાદ

(૮) ભગવતદ્રોમંડળ ભાગ-૭ પૃષ્ઠ-૬૫૭૬

(૯) બૃહદ ગુજરાતી કોશ- ખંડ-૨ પૃષ્ઠ-૧૧૫૦

(૧૦) ભજન રૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૪૪, પ્ર. પાર્શ્વ, પ્ર. અ'વાદ

(૧૧) ઉર્મીનવરચના-એપ્રિલ-૧૯૭૬-પૃષ્ઠ-૩૧-૩૨

(૧૨) ભજનરૂપ દર્શન - સં. ડો. નાથાલાલ ગોહિલ પ્ર.આ.'૦૩, પૃષ્ઠ-૪૬ પ્ર. પાર્શ્વ પ્રકાશ, અ'વાદ

(૧૩) એજન - પૃષ્ઠ-૪૭

(૧૪) સંતવાણી : તત્વ અને તંત્ર : સં. ડો. બળવંત જાની, પ્ર. આ. પૃષ્ઠ-૨૯, ૫૨. ગુજરાત સાહિત્ય અકાદમી

(૧૫) ભજન રૂમ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ. '૦૩, પૃષ્ઠ-૪૮-૪૯ પ્ર. પાર્શ્વ પ્રકાશન અ'વાદ

(૧૬) મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાગીર્ કવિતા : સં. ડો. બળવંત જાની પૃષ્ઠ-૫૯-૬૦

(૧૭) ભજનરૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૨૩, પ્ર પાર્શ્વ પ્રકાશન અ'વાદ.

(૧૮) સંતવાણી : તત્વ અને સૌદર્ય : ડો. નિરંજન રાજયગુરુ, પ્ર. સા. ૧૯૯૪, પૃષ્ઠ-૨૭, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી.

(૧૯) ભજનરૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૮૧, પ્ર પાર્શ્વ પ્રકાશન અ'વાદ.

(૨૦) એજન-પૃષ્ઠ-૮૨

(૨૧) સત સાહેબની સરવાણી : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર.સા.૨૦૦૦, પૃષ્ઠ ૪૪૦, પ્ર.ગુજરાત સાહિત્ય અકાદમી

(૨૨)યોગવેદાન્ત ભજન ભંડાર : પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજીભાઇ છઠ્ઠી આવૃત્તિ, પૃષ્ઠ-૯૪.

(૨૩) એજન-પૃષ્ઠ-૧૭૬

(૨૪) ભજનરૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૮૭, પ્ર પાર્શ્વ પ્રબ્લિ. અ'વાદ.

(૨૫)એજન-પૃષ્ઠ-૯૧

(૨૬) સંતવાણી : તત્વ અને સૌદર્ય : ડો. મનોજ રાવલ, પ્ર. સા. ૧૯૯૪, પૃષ્ઠ-૮૦, પ્ર. પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ

(૨૭) એજન-પૃષ્ઠ-૮૦

(૨૮) ભજનરૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૯૯, પ્ર પાર્શ્વ પ્રકાશન અ'વાદ.

(૨૯) મોરલો મરત લોકમાં આપો : સં ડો. નાથલાલ ગોહિલ, પ્ર.સા., પૃષ્ઠ-૧૨૪, પ્ર. પ્રવિણ પ્રસ્તક ભંડાર, રાજકોટ

(૩૦) યોગ વેદાન્ત ભજન ભંડાર : પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ પૃષ્ઠ-૧૩૫

(૩૧) ભજનરૂપ દર્શન : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ.'૦૩, પૃષ્ઠ-૧૧૧, પ્ર પાર્શ્વ પ્રકાશન અ'વાદ.

(૩૨) સંતવાણી : તત્વ અને સૌદર્ય : ડો. નિરંજન રાજયગુરુ, પ્ર. સા. ૧૯૯૦, પૃષ્ઠ-૭૮, પ્ર. પ્રવિણ પુસ્તક ભંડાર, રજકોટ

(૩૩) એજન-પૃષ્ઠ-૭૮

(૩૪) એજન-પૃષ્ઠ-૮૧

(૩૫) સૌરાષ્ટ્રના હરિજન ભકત-કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ, પ્ર.સા., પૃષ્ઠ-૧૦૫

(૩૬) ભારતીય દર્શન ભાગ-૧, સં. ડો. રાધાકૃષ્ણ, પૃષ્ઠ-૯૧

(૩૭) મોરલો મરત લોકમાં આપો : સં ડો. નાથલાલ ગોહિલ, પ્ર.સા., પૃષ્ઠ-૧૨૪, પ્ર. પ્રવિણ પ્રસ્તક ભંડાર, રાજકોટ

(૩૮) યોગ વેદાન્ત ભજન ભંડાર : પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ પૃષ્ઠ-૧૪૬

# ◈ પ્રકરણ ૩ ◈

# 'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંતો અને તેની વાણી

"ભારતીય સાધના ધારાના ઉત્કૃષ્ટ શિખરે બિરાજતા સંત શિરોમણી કબીર સાહેબ ભારત વર્ષના સંતમતના આદ્ય પ્રણેતા છે. કબીર સાહેબની જ એક ધારા ગુજરાતમાં ચાલે છે અને 'રવિ-ભાણ સંપ્રદાય' નામે ગુજરાતમાં વસતી ચેતવવાનું કામ કરે છે. આ સંપ્રદાયના (હરિજન) ૫દ દલિત સંતો જો કે સંતોને કોઇ જ્ઞાતિની ઓળખ જાતિ-પાંતિથી આપી નથી. "હરિ કો ભજે સો હરિકા હોય." કોણ કયાં જન્મ્યું છે એ મહત્ત્વનું નથી. તેનું જ્ઞાન, સમજ ચિંતન અને સમાજ માટે કરેલી સેવાનું જ મૂલ્યાંકન કરો. સંત ઊંચ-નીચ ઘેર અવતરે એ મહત્ત્વનું નથી. એ સંત છે એ જ કાફી છે.

આ સમાજ સાથે જ મેં 'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંતો અને તેની વાણી" વિષય પસંદ કરી પ્રમાણિત કર્યું કે જન્મે અછૂત સંતો સવર્ણ સંતોથી કોઇ ક્ક્ષાએ ઉતરતા નથી.

હિન્દુ સમાજ વ્યવસ્થાએ વર્ણવ્યવસ્થા આપી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પ્રારંભમાં કર્મ પ્રમાણે વર્ણ ગણાતો. પછી તે જન્મ પ્રમાણે વર્ણ નક્કી થયો ને તેમાં શુદ્રને નીચ વર્ણમાં મૂકયો. એટલું જ નહિ, પણ તેને અછૂત બનાવી દીધો. આ અછૂતોથી વેદ, ઉપનિષદ કે શાસ્ત્રોનો અભ્યાસ થઇ શકે નહિ. મંદિર કે જાહેર સ્થળોએ પ્રવેશ ન પામી શકે ગામની બહાર વસવાટ કરવાનો, મોઢે કુલડી બાંધવાની, કેડે ઝાખરું બાંધવાનું જેથી અછૂતના પગલામાં સવર્ણોના પગ પડે નહિ. ભર બપોરે ઘરમાંથી બહાર નીકળવું જેથી તેનો પડછાયો કોઇ સવર્ણને અડે તો તે અભડાય નહિ. આ સમાજની વેદના કહી ન શકાય તેવી દારુણ છે. એ સમાજમાં વીર મેઘમાયો, જયોતિબા ફૂલે અને મહામાનવ ડો. બાબા સાહેબ આંબેડકર જેવા જાગૃત પુરુષો થકી જાગૃત થયો.

અછૂત સમાજને આજે 'દલિત' તરીકે ઓળખવામાં આવે છે. સરકારી કાયદાની ભાષામાં તેને 'અનસૂચિત જાતિ' તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીજીએ ૧૯૩૩માં 'યંગ ઇન્ડિયા'માં આ અસ્પૃશ્ય અંત્યજો માટે 'Man of God' 'હરિજન' શબ્દ આપ્યો. આ 'હરિજન' શબ્દના અર્થ અને ભાવના ઊંચી હતી. છતાં રૂઢિવાદી સમાજ રચનાએ આ શબ્દને પણ તિરસ્કાર વાચક બનાવી દીધો છે. અહીં એક વાતની સ્પષ્ટતા કરવી છે કે 'હરિજન' નામની કોઇ એક જ્ઞાતિ કે સમાજ નથી. અસ્પૃશ્ય

ગણાતી અનેક જ્ઞાતિઓ વણકર, ચમાર, મેઘવાળ, હાડી, ભંગી વગેરે આ દરેક જ્ઞાતિઓ, એકબીજાથી સ્વતંત્ર છે. ધંધો રોજગાર, રીત-રિવાજ, ખાનપાન રહેઠાણ અને લગ્ન સંબંધમાં જુદાપણું છે. એટલું જ નહિ પણ આ જ્ઞાતિઓમાં પણ આભડછેટ છે.આ અછૂત થયો છે. આજે માનવ સમાજ એકવીસમી સદીના નવ પ્રભાતે આવીને ઊભો છે. છતાં પણ આભડછેડનું કલંક મિટાવી શકાયું નથી. એ બાબત ઘણી જ દુ:ખદ છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન ભકતોમાં કુલ મુખ્ય ભકત કવિઓ વિશે મેં વાત કરી છે ૧. ત્રિકમ સાહેબ, ૨. ભીમ સાહેબ, ૩. દાસી જીવણ, ૪. લક્ષ્મી સાહેબ, ૫. બાળક સાહેબ, ૬. પીઠાભગત, ૭. અક્કલદાસ, ૮. નથુરામ સાહેબ, ૯. કરમણ ભગત, ૧૦. વાઘા ભગત, ૧૧. માણંદ ભગત, ૧૨. અરજણદાસ, તેમજ અલ્પ પરિચિતમાં ગુલાબદાસ, ઉગારામ વગેરે જેવા સંતોની વાત અહીં કરવામાં આવી છે. આ કુલ બારમાં ત્રણ વણકર, ચાર ગરોડા-બ્રાહ્મણ, બે મેઘવાળ, બે ચમાર અને એક ભંગી જ્ઞાતિના છે. 'વણકર' એટલે જે અછૂતો ખાદી-કાપડ વણવાનું કામ કરે છે આજે પણ લીંબડી વઢવાણ, સુરેન્દ્રનગર, માંગરોળ અને પોરબંદરમાં રહેતા વણકરો વણવાનું કામ કરે છે. 'મેઘવાળ' મેઘઋષિના વંશજો હોવાનું માને છે. આ સમાજનું સત્ વરસાદ વરસાવી શકે તેવું મોટું હોવાનું માનવામાં આવે છે તે પ્રમાણે એક સાખી છે.

"મેહ મેલે પણ મેઘવાળના મેલે ખરે ટાણે ન ખૂટે,
ધરમ ગતિયાના ધરમને કારણે રાજા બલિના બંધ ઘૂટે."[1]

આ મેઘવાળ વંશમાં મેઘમાયો થયો. તેમજ 'ચમાર' એટલે ચામડાનું કામ કરનાર, આ જ્ઞાતિ પછી 'ભંગી' જ્ઞાતિ જેને રૂખિ કે ઋષિ જ્ઞાતિ તરીકે ઓળખવામાં આવે છે. આ સમાજની ગંદકી સાફ કરવાનું કામ કરે છે. 'ગરોડા-બ્રાહ્મણ' ના દરેક અછૂત સમાજને પોતાના બ્રાહ્મણ-ગોર-ગરોડા હોય છે. તે જ્ઞાતિ છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન ભક્ત કવિઓના જીવન-કવન તેમજ સ્થાપેલ જગ્યાઓનો અભ્યાસ ભક્તિ, વૈરાગ્ય અને રહસ્ય ભારોભાર ભરેલું છે. આ સંતોની વાણીમાંથી પ્રગટ થતું અધ્યાત્મ દર્શન જે વેદ, ઉપનિષદ અને ગીતામાં કહેવાયું છે. તે સરળ, સાદી ભાષામાં કહી દીધું છે. જે અછૂત સંતોએ અક્ષરજ્ઞાન મેળવ્યું નથી. શાસ્ત્રોના અભ્યાસ કર્યો નથી. તે આત્મજ્ઞાનથી, નીજ અનુભૂતિથી અને પ્રત્યક્ષ અનુભવ લઇને જે ભજનો રચ્યાં છે તે વેદ અને ઉપનિષદથી ચડિયાતા અને ઉત્તમ છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ની મુખ્ય લાક્ષણિકતાઓમાં નિર્ગુણ ભક્તિ માર્ગ, રાજયોગ, સાધના સદ્ગુરુ મહાભ્ય ભક્તિ, ઉપદેશ-સમાજની અજ્ઞાનતા, અંધશ્રધ્ધા અને બાહ્ય આડંબર સામે વિરોધ અને ઉપદેશ, સંસારી સાધકો-સંસારમાં રહીને સમાજની

જવાબદારીઓ વહન કરતાં કરતાં ભક્તિ કરી છે. સાહેબ પરંપરા મૃત્યંજય-મૃત્યુના રહસ્યને જાણી જીવતા સમાધિ અને જ્યોત પાટ ઉપાસના જોવા મળે છે.

રવિ-ભાણ સંપ્રદાયનું મૂળ કબીર પંથ-કબીર વિચારધારા સાથે જોડાયેલ છે. એટલે કબીનું દર્શન આવે એ સહજ છે. સાથે સાથે ભાણ સાહેબ અને રવિ સાહેબ મૂળે વૈષ્ણવ સમાજમાંથી આવે છે. એટલે તેના સંસ્કારોનો પ્રભાવ પડયા વગર રહે જ નહિ. વળી ભાણ સાહેબનું જોડાણ દૂધરેજની ગાદી સાથે ત્યાં માર્ગી પરંપરા એટલે તેની આંશિક અસરો પણ આવી હરિજન સમાજનો મહાપંથ અને તેમાં રામદેવપીર જોડાયા ને તે આરાધ્ય દેવ બની ગયા. તેની સાકાર ભક્તિ આવી. આમ હરિજન ભક્ત કવિઓની વાણીમાં અનેક નદીઓના જળ આવ્યા ને ભળી ગયા છતાં મૂળ મરમ એક જ રહ્યો.

"કબીર કૂવા એક હૈ પનિહારી હે અનેક;
બરતન ન્યારે ન્યારે ભરે પાની સબ મે એક."[૨]

## હરિજન સંતોની વાણીમાં સામાજિક સંવાદિતા :-

સમાજનું ધારકબળ સંતો છે. નવી પ્રેરણા દૃષ્ટિ અને જીવન મૂલ્યો સ્થાપવાનું કાર્ય સંતો દ્વારા જ થયું છે. સમાજમાં જયારે અંધશ્રધ્ધા, અજ્ઞાનતા, અરાજકતા અને અન્યાય માઝા મૂકે ત્યારે સંતોએ સમાજ વચ્ચે આવીને માનવધર્મનો માર્ગ દર્શાવ્યો છે. સમાજને જાગૃત કરી સત્યનો રાહ દર્શાવવો એ જ તેમની સાધના અને ભક્તિ છે.

"સંત પરમ હિતકારી જગતમાંહી પરમ સંત હિતકારી,
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી."

સમાજમાં સંતો પરમ હિતકારી રહ્યા છે. પોતાના સમકાલીન માણસના દુઃખથી દુઃખી થયા છે. આ સંતોને કોઇ નાત-જાત કે ગરીબ તવંગર ના ભેદ હોતા નથી. સમાજના દરેક વર્ગ તરફ તેમની કરુણા દૃષ્ટિ વરસતી રહે છે ત્યારે અહિ 'દલિત' કે 'હરિજન' સંત કવિઓ એમ વિશિષ્ટ ઓળખ આપવી પડે છે તે કઠે છે. આપણો હિંદુસમાજ અનેક જ્ઞાતિના વાડાઓથી બંધાયેલ છે. આ દરેક જ્ઞાતિને પોતાનું અલગ સમાજ જીવન છે. તેના રીત-રિવાજ, રહેણીકરણી, માન્યતાઓ અને જ્ઞાતિ સમાજના નિયમો છે. સાથે સાથે આ જ્ઞાતિ જૂથ એક બીજા સાથે ઉંચ-નીચના ખ્યાલો બાંધીને બેઠા છે. તેમાં અસ્પૃશ્ય 'દલિત' (હરિજન) સમાજ સૌથી નિમ્ન કક્ષાએ મૂકાયેલ છે.

સમાજમાં સામાજિક સંવાદિતા ઊભી કરવાનું કાર્ય સંત, ભક્તની વાણી દ્વારા થયું છે. આ સામાજિક સંવાદિતા ઊભી કરવામાં સંસ્કૃત પંડિતો નહિ પણ આ અભણ સંતોનો ફાળો વિશેષ છે. ઊપનિષદના ઋષિઓએ આપેલ જ્ઞાન અને ભક્તિના રહસ્યને

અનુગામી બ્રાહ્મણો એ પોતાના એકાધિકારમાં કુંઠિત કરી નાખ્યું હતું. ત્યારે નીચલા થરના સંતોએ એકાધિકારને વિદારી જ્ઞાન અને ભક્તિની સરવાણી સર્વજનભોગ બનાવી. સ્વામી આનંદે કહ્યું છે કે...

"ઉપનિષદોનો કાળ સંસ્કૃતિના ઇતિહાસમાં હિંદુઓની શ્રેષ્ઠ કમાણીનો મનાયો છે. પણ અળખામણા અધિકારવાદની ભોગળો ભીડીને કાળ કાળંતર સુધી બ્રાહ્મણોએ પોતાને જ સુર્વાંગ કબજે રાખેલી એ કમાણીને આપણા સંતોએ આ દેશની નીચલા માં નીચલા થર સુધીની જનતાને જે રીતે લૂંટાવી દીધી એ સંતોની સિધ્ધિનો કાળ મારા જેવા પ્રાકૃત જનની નજરમાં એક રીતે વેદ-ઉપનિષદના કાળથી યે વધુ મહિમાવંતો અને ગોરંવવંતો લાગ્યો છે. ધરતી તલના ભૂદેવ બ્રાહ્મણોના કૃપા પ્રસાદથી વંચિત રહ્યા છતાં, અને મોટેભાગે એમના કારમાં તાપમાં ઉંમર વેઠી જીરવીને એમણે બ્રાહ્મણોના ઓળખામણા દાવાઓને નમ્રપણે ઉવેખ્યા અને એકલવ્યે ધનુર્વિધા સિધ્ધ કરી તેમ પોતાની નહીં શ્રધ્ધા, ભક્તિ અને તાલાવેલીના બળે બ્રાહ્મણોની ગૂઢ આત્મવિદ્યા અંતરમાં અનુર્ભૂત કરી લઇને પછી આ કરુણામય સંતોએ તેના તમામ બાંધ બંધારા તોડીફોડી લોકબોલીમાં કોળી, કુંભાર, દરજી, મોચી, ઢેઢ, ભંગી સુધીના તમામ ઉપેક્ષિત તિરસ્કૃત દલિત જનતાને તેની ખેરાત કરી દીધી. એ સિધ્ધિ કદાચ જનક યાજ્ઞવલ્કયની સિધ્ધિ કરતાંયે ચડિયાતી છે."[3]

આપણે ભારતીય સમાજ રચના અને તેમાં સામાજિક સંવાદિતા ઊભી કરનારા સંતોને યાદ કરીએ છીએ ત્યારે સ્વતંત્ર ભારતના સમાજને એકતા, સમાનતા અને સ્વતંત્રતાના સૂત્રથી બાંધીએ છીએ ત્યારે બંધારણાના ઘડવૈયા ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરને ભૂલી શકીએ નહીં, તેઓ ભારતીય સમાજમાં સમરસતાના કાયદાની કલમે ઊભી કરી શકયા છે. ડો. દલપત શ્રીમાળી કહે છે કે....

"ઇતિહાસના વીતી ગયેલા પાના ઉપર નજર ફેરવીશું તો જણાશે કે ભારતના રાજકીય, ધાર્મિક અધ્યાત્મિક, સાહિત્યિક અને સામાજિક ઇતિહાસમાં સત્યધર્મના પ્રવર્તકો તરીકે હરિજન સંતો, શહીદો અને સાહિત્યકારોએ કરેલું પ્રદાન હિન્દ ભૂલી શકે તેમ નથી."[4]

સંતવાણીએ સમાજનું ચાલકબળ છે. સમાજમાં જ્યારે માનવ મૂલ્યો નાશ પામે અને સામાજિક વ્યવસ્થા છિન્ન ભિન્ન થવા લાગે ત્યારે સમાજમાં ફરી માનવમૂલ્યોની સુંગધ પ્રગટાવવા માટે આ સંતોની વાણી વાહક બનીને આવી છે. સમાજમાં ચાલી રહેલ કોમવાદ-જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા વગેરે સામે આ વાણી વિદ્રોહ પોકારે છે. અને સમાજને નવી દિશા ચિંધે છે. આ સંતોની વાણીમાં આંતરખોજ, આત્માની ઓળખ મેળવવાનું કહ્યું છે. બાહ્યાચાર, બ્રાહ્યાડંબરનો સખત વિરોધ કર્યો છે. સંતવાણી નિર્ગુણ-

નિરાકાર દેવની આરાધના જણાવે છે. ત્રિકમ સાહેબ કહે છે કે...

"કપડા બી ધોયા, સંતો અંચલા બી ધોયા,
જબ લગ મનવો ન ધોયો મેરે લાલ."

**- ત્રિકમ સાહેબ**

ભક્તિના નામે અંધશ્રધ્ધા, ઊભી કરી મંત્ર-તંત્ર, ભૂત-પ્રેત, ભૂવા-પાંખડીઓ સમાજને છેતરે છે તેઓ આ સંતો વિરોધ કરતા કહે છે કે...

"ભૂવો તેડાવી જોશ જોવરાવો રે હા,
ઓસડ કાંઇ પાર નહિ, પાર નહિ,
પીઠાં ભગત કહે સર્વે પાપરાં,
હરિ વિના આધાર નહિ."[૬]

સમાજમાં મોટા ભાગના હું ધાર્મિક છું તેવો દેખાવ કરતા હોય છે. પૂજા, પાઠ, આરતી, મંદિરે જવું કે જપ, તપ, તીરથ કરવાનો કોઇ અર્થ નથી. મનનો મેલ ધોવાનું સંતોએ કહ્યું છે...

"નાઇ ધોઇને કરે અસ્નાના,
માયલાનો મેલ તારો નંઇ જાવે,
ધ્યાન વિનાનો ધૂન મચાવે,
ત્યાં સાહેબ તારો નંઇ આવે."[૭]

**- કરમણ ભગત**

માનવજીવનનું સનાતન સત્ય મૃત્યુ છે આ મૃત્યુ કઇ પળે આવશે તે ખબર નથી. એ મૃત્યુ પૂર્વે માનવ જીવનનું સાર્થકય સિધ્ધ કરવું જોઇએ. જીવન એ ક્ષણભંગુર છે. તેમ સંતો કહે છે.

"જૂઠડી કાયા રાણી, જૂંઠડું શું બોલે ?"
વઢરશ. તુને તારો ઘડનારો."[૮]

**- નથુરામ**

આ સંસારમાં આપણું કોઇ સગું નથી. સૌ સ્વાર્થને કારણે જોડાયેલા છે. સંસારનીનો સંબંધ જીવતા સુધીનો છે. મરનારની પાછળ કોઇ મરતું નથી. અંતવેળાએ આ બધી સમૃધ્ધિ છોડીને એકલાએ જવું પડે છે. દાસી જીવણ આ વાતને સમજાવતા કહે છે કે...

"શેરી લગણ સુંદરી, ઝાંપા લગી મા-બાપજી,
તીર્થ સુધી બે બંધવા, કોઇ નાવે તારી સાથ."[૯]

સંતોએ સમાજમાં માનવ જીવનને સુધારવાનો પ્રયત્ન કર્યો છે. શુધ્ધ ચારિત્ર્ય

ઊભું થાય એ માટે વાણી દ્વારા, સત્સંગ દ્વારા ઉપદેશ આપ્યો છે અને કહ્યું છે કે કામ, ક્રોધ, લોભ, મોહન જેવા ષડરિપુને કાબુમાં લાવવા માટે શીલ, સંતોષ, ધીરજ, ધારણા જેવા ગુણો જીવનમાં વિકસાવવા જરૂરી છે.

આ સૃષ્ટિમાં દુર્લભ માનવજીવન મળ્યો છે તો સદ્માર્ગે ચાલી જીવન સફળ બનાવવાનો સંદેશો આપે છે.

"ચેતન ચેતજો રે,
આવ્યો મનુષા જન્મ અવતાર,
સ્મરણ કર, જીવડા રે,
પ્રભુને ભજો તો ઉતરો પાર."

'રવિ ભાણ-સંપ્રદાય'ના હરિજન (દલિત) સંતોની વાણીમાંથી તત્કાલીન (દલિત) હરિજન સમાજનું દર્શન થાય છે. તેમના રીતરિવાજ, માન્યતાઓ, ધાર્મિક અંધશ્રધ્ધા, શ્રધ્ધા, વ્રત, નિયમોનો ખ્યાલ આવે છે.

## હરિજન સંતોની વાણીનું ભાવ વિશ્વ :-

જગતમાં સંતો પરમ હિતકારી રહ્યા છે. માનવ સમાજમાં રહેલા દુર્ગુણોની સફાઇ આ સંતો દ્વારા થઇ છે. સમાજમાં અન્યાય, અત્યાચાર અવ્યવસ્થા અને ધર્મના નામે ક્રિયાકાંડ, અંધ શ્રધ્ધાઓ ફેલાય ત્યારે સાચો માનવધર્મ પ્રગટાવવાનું કાર્ય સંતો દ્વારા થયું છે. પોતાની વાણી રૂપ સમાજજાગૃતિ, માનવ અવતારની ક્ષણભંગુરતા, બાહ્યાડંબરનો વિરોધ કરી સમાજને જાગૃત કરવાનું કાર્ય આ સંતો દ્વારા થાય છે.

## ભક્તિ :-

આ સંતોએ કલિયુગમાં ભક્તિને મુક્તિનું પ્રધાન સાધન ગણાવ્યું છે. આ સંતોએ ભક્તિની ગંગા ઠેર ઠેર વહેવડાવી છે. આ સંતોની ભક્તિ-સગુણ-સાકાર નથી. ભાગવતની નવધા ભક્તિ, રામચરિત માનસની નવધા ભક્તિ કે વૈષ્ણવી પુષ્ટિમાર્ગી ભક્તિ આ સમાજ અને સંતોમાં જોગા મળતી નથી. આ સંતો નિર્ગુણમાર્ગી છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ચોક્કસ સાધના ધારા આપી છે. પીઠો ભગત ભકિતની વાત કરતા કહે છે કે...

"ભક્તિ એંધાણ જોઇ લ્યો,
જેણે વચન ઓળખી લિયો."[૧૦]

ભક્તિ માટે વચનની ઓળખ કરવાનું કહ્યું છે. આ 'વચન' એ બહુ મોટી વાત છે. આ નિજ ભક્તિ ભીતરી સાધના તરફ સંકેત કરે છે.

આ સંતોની વાણીમાં પ્રેમલક્ષણા ભક્તિનો વિરહ-મિલનો ભાવ ભક્તને ભગવાનને મળવાની તાલાવેલી જોઇ શકાય છે.

"કલેજા કટારી રે વ્રેહની કટારી રે, મારી મુને માવજી ડે,"

"લોચને લોભાણી રે માવા, તારી મીઠડિયે."

સંતોની આ ઝંખના તેને પરમાત્મા સુધી લઇ જાય છે. આ બાહ્ય પ્રેમ અંતે તો સંત, ભક્તને લઇ જાય છે અનંત સુધી. ત્યારે આ ઝંખના માત્ર સત્યને પામવાની હોય છે. અને જયારે એ ક્ષણનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેની શીલતા અદ્ભુત હોય છે, આનંદ અવર્ણનીય  હોય છે.

## ગુરુનો મહિમા:-

સંત પરંપરામાં ગુરુનો મહિમા સૌથી વિશેષ ગવાયો છે.

"ગુરુમા ગોવિંદ, ગોવિંદમાં ગુરુ,
અલખ પુરુષ એકતારા,"[૧૧]

**-ત્રિકમ સાહેબ**

"બેની! મુને ભીતર સત્‌ગુરુ મળિયા રે"

**- કરમણ ભગત**

"સંતની સેવા, ગુરુની ભક્તિ, અવિરાળ રૂડો ઉપાય,
આધીનતા રાખો અંતરમાં, તાકુ કાળ ન ખાય."[૧૨]

**- ભીખ સાહેબ**

આ સંત કવિઓમાં ગુરુમહિમા વિશેષ હોવાનું કારણ 'મહાપંથી ગુપ્ત સાધના ધારા' જે ગુરુમુખી જ રહી છે. તેના ગુપ્તમંત્રો, પ્રાણને પલટાવવાની સાન, ઘરમાં રહેલા કેન્દ્રોની ઓળખ તથા ગુરુગમરૂપી ગુપ્ત પ્યાલો પિવાડાવવાની ક્રિયા, આ બાબતોને કારણે ગુરુ માહાત્મ્ય રહ્યું છે. સત્‌ગુરુ વિના પરમાત્માને કોઇએ કદી પ્રાપ્ત કર્યો નથી. સત્‌ગુરુ અંદરના મોહ છોડાવી પરમાત્મા સાથે ચિત્ત જોડી આપે છે.

## યોગ સાધના :-

આ સંતોની વાણીમાં યોગનાં અનેક રહસ્યો ખુલ્લે છે. ઇંગલા, પિંગલા ને સુષુમણા સાધીને ત્રિવેણીના ઘાટ ઉપર અલખ જણાવી કુંડલિની જાગૃત કરવાની ક્રિયા સમજાવી છે. મૂળાધાર ચક્રથી આજ્ઞાચક્ર સુધીની યાત્રાનું સૂક્ષ્મ દર્શન કરાવી બ્રહ્મરન્ધમાં ચાલતા અનાહત નાદનો અનુભવ જણાવે છે. યોગ ક્રિયાની સમજ આપતી આ સંતોની વાણી ઘણી છે.

"નાભી કમળથી ઉલટયો આવે, ગગન ધૂન ગરજાના,
ઇંગલા, પિંગલા, સુષુમ્ણા સાધી ત્રિવેણી નાટ મિલાનો."[૧૩]

**- ત્રિકમ સાહેબ**

"નુરતે સુરતે તું નિરખ લેને જોગી રે મનવા,
ગગન મંડળ મે ખેલે કોઇ નર જ્ઞાની,
ત્યાં ધ્યાન ધરી લે તું ધ્યાની રે."[૧૪]

**-દાસ વાઘો**

"સેજ સુન મે ત્રિકુટી ધૂન મે,
અખંડ જયોત ગ્રહે સારી."[૧૫]

**-ભીમ સાહેબ**

ઓહમ્-સોહમ્ શ્વાસોચ્છવાસ દ્વારા નામનું સ્મરણ કરતા ડાબી ઇંગલા નાડી અને જમણી પિંગલા સમય માટે ઠેરાવ છે. બરાબર એ જ સમયે જો તેમાં સુરતાને ધ્યાનને જોડી દેવામાં આવે તો કુંડલિની શક્તિ જાગૃત થઇ ઊઠે છે અને અક્ષુરાતીત પર બ્રહ્મની ઓળખ થઇ જાય છે અને અનાહત નાદ સંભળાય છે અને પરમ સુખ-પરમઆનંદની પ્રાપ્તિ થાય છે. જીવ-શિવમાં મળી જાય છે. આ છે યોગની સિધ્ધિ.

## પિંડમાં પરિબ્રહ્મના દર્શન :-

સાધનાનો આ માર્ગ ભીતર જવાનો છે. પરિબ્રહ્મના દર્શન સહેજે ઘટ ભીતર કરવાના છે. આ સંતો એ આંતર ખોજનો માર્ગ અપનાવ્યો છે. ત્રિકમ સાહેબ કહે છે કે...

"દેખાં ખાવીંદ કા ખેલ, દર્શન મેં તો દેખ્યા રે,
બાહીર દેખ્યા ઓર ભીતર દેખ્યા
દેખ્યા અગમ અમારા રે."[૧૬]

આ સંતોએ બ્રહ્મને અખંડ, અવિનાશી, અવ્યકત, અવિકારી, નિર્લેપ, નિર્ગુણ, નિરાકાર, નિત્ય બતાવ્યો છે અને આ બ્રહ્મની શોધ ઘટભીતર કરી છે આ અંગે કબીર સાહેબ કહે છે કે...

"તેરા સાંઇ તુજ મે જયાં પહપન મે બાસ,
કસ્તુરી કા મિરગ જયો ફિર ફિર ઢુંઢે ધાસ."
"જા કારન જગ ઢુંઢિયા સો તો ઘર કી માહી,
પરદા દીયા ભરમ કા, તાતે સૂઝે નાહિ."

આમ આ સંતોએ પોતાના શરીરમાં જ બ્રહ્મમાં દર્શનનો માર્ગ ખુલ્લો કરી આપે છે.

## મરમી ભાવ :- રહસ્યાત્મક વાણી :-

વેદ, ઉપનિષદ, પુરાણ અને અન્ય શાસ્ત્ર ગ્રંથોમાં ઋષિ, સંત, સાધક અને જ્ઞાની વિદ્વાનોએ દેવવાણીમાં પરમાત્મા વિશે, રહસ્યાત્મક મરમ સમજાવ્યો છે તે આ હરિજન સંત કવિઓએ ગામને છેવાડે સમાજ વચ્ચે રહીને અરે ! અભણ, અજ્ઞાન, અછૂત લોકો વચ્ચે રહીને, બે ટંકની રોટી માટે આખો દિવસ સખત મજૂરી કરતાં કરતાં લોકોભોગ્ય વાણીમાં પરમાત્માનું રહસ્ય સમજાવ્યું છે.

નામદીપ સૂકતમાં રજૂ થયેલ આ રહસ્યને આ હરિજન સંતો પોતાની ગામઠી ભાષામાં તળપદા શબ્દોમાં વાતને સમજાવતા કહે છે કે...

"મોત ન મણિમે, મણિ મોતન મે, જ્યોતિ મિલાપ
ઐસા અચરજ ખેત અગમકા દિલ ખોજત દરસાયા રે."[૧૭]

પરમાત્માનો આ અગમ ખેલ બહુ જ ઓછા અનુભવી શકયા છે. જે અનુભવી શકયા છે તેને કહેવાની પડી નથી. નદી સાગરમાં મળી જાય પછી કોણ નદીને કોણ સાગર ?

આ અનુભવને શબ્દમાં કળી શકાય તેમ નથી. માત્ર ભાવવિભોર બની તેની અનુભૂતિ અનુભવાય છે. વેદ, શાસ્ત્ર અને ધર્મગ્રંથોએ માત્ર તેના ગુણગાન ગાયા છે ને અંત 'નેતિ નેતિ' કહી અટકી ગયા છે.

આ સંતોએ આટલી ઊંચી વાત સહજતાથી મૂકી છે. તેમાં સત્યને સહેજ પણ આંચ ન આવે તેમ ક્હ્યું છે.

"બાવન અક્ષરથી બારો બોલે, નહીં પોથી કે પુરાણ,
ઓહંગ સોહંગ પર અલખ, બિરાજે, ભીતર પ્રગટ રવિભાણ"[૧૮]
"બાવન માંહી બોલતો, અબોલ બાવનથી બાટ,
અબોલ અનામી એક છે રે, પરા ઉપર અપાર."[૧૯]

સંતોએ પોતાનો અનુભવ ગાયો, હરિગુણ ગાયો, શકય તેટલી વાણીમાં મૂકયો તેમ છતાં એ આનંદ જીરવી શકાય નહીં. ત્યારે વાણી પણ બંધ થઇ ગઇ. પછી આંસુ વાટે વહ્યો, અને નૃત્ય વાટે સ્થિર થયો.

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન દલિત સંત કવિઓએ આ દિવ્ય અનુભૂતિને વચન, શબ્દ, નામ અને મોતી જેવા માર્મિક શબ્દો મૂકીને સ્થૂળ રહિત, સૂક્ષ્મથી ન્યારા, અક્ષુરાતીત અખંડ રાયને પ્રગટ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. વચન, શબ્દ, નામ અને મોતી જેવા શબ્દો ને શબ્દોને મરમી ભાવથી સમજાવેલા છે.

## વચન :-

વચન એ મહામંત્ર છે, માલમી સદ્ગુરુ સાહેબ આ સોહમ મહામંત્રની દીક્ષા આપે છે. આ વચન સાથે ક્રિયાયોગ કરવામાં આવે છે તેને 'વચનક્રિયા યોગ' કહેવામાં આવે છે. આ વચન સાથે સુરતાને જોડવામાં આવે ત્યારે પ્રાણ, વચન અને સુરતા એક દોરમાં આવી જાય છે. ત્યારે જે દર્શન થાય તેમાં 'અહમ્ બ્રહ્માસ્મી'નો અનુભવ થાય છે અને આ અવસ્થાને સંતોએ 'વચન વિવેક' કહેલ છે જેમકે...

"સોળ વાલ પર એક રતી સરદારા,
ચૌ દિશે બોલે વચન ચોધારા"[૧૯]

"ભક્તિના એંધાણ જોઇ લ્યો, જેણે વચન ઓળખી લિયા,
ઇ વચનની જેણે ક્રિયા જાણી ઇ પાર પહોંચી ગયા."

આ વચન ભેદ ગુરુ વિના કોઇ બનાવી શકે તેમ નથી. માટે જ સંતોએ ઉપદેશમાં જણાવ્યું છે કે 'વચનના જાણનારાનો સંગ કરવો' અને આ વચનમાં જે પૂર્ણ થાય તે અધૂરા રહેશે નહિ.

## શબ્દ :-

સંતોએ આ 'શબદ' ને પરમાત્માનું રૂપ કહ્યું છે. અપ્રગટ બ્રહ્મ જાણે શબ્દદેહે વિલસે છે. તેથી તો સંતોએ આ શબ્દબ્રહ્મની સાધના કરવાનું જણાવ્યું છે. આ શબ્દ જ મૂળ ચૈતન્ય તત્ત્વ છે.

"શબ્દ રૂપી શ્યામ હમારા,
બોલે બોલાવન હારા."

"શબ્દ હી દૃષ્ટ. અન દૃષ્ટ ઓમકાર દે,
શબ્દ હી સકલ બ્રહ્માંડ જાઇ."

સંતો કહે છે આ દુનિયામાં એક જ કામ કરવા જેવું છે અને છે શબ્દબ્રહ્મની સાધના કરવી.

## નામ :-

"સુનલે સુષ્મના નારી મેં અજબ નામ પર વારી,
અજબ નામ હે સબસે ન્યારા ખોજ ખોજ સંસારી."[૨૩]

આ અજબ નામ સંતવાણીમાં એક રહસ્ય બની વિલસે છે. પરમાત્માને અનેક નામો આપ્યાં છે રામ, કૃષ્ણ, બુધ્ધ વગેરે... આ પ્રગટ પ્રભુની અહીં સંતોએ નામ સાથે સરખામણી કરી નથી. આ સંતોએ તો પોકારીને કહ્યું છે કે પરમાત્માને કોઇ નામ

નથી. તેને કોઇ સાકાર રૂપ નથી. રૂપ, રંગ, ગુણથી પર છે. પરમાત્મા, આ નામ અને રૂપને જેણે મિથ્યા કરી જાણ્યા તે તેના રસને માણી શકયા છે. આ નામ અને રૂપ એ મનના વિષયો છે. અને આ બ્રહ્મ એ મનનો વિષય નથી.

આ નામ સાધના એકાગ્ર ચિત્તે, મનને સ્થિર રાખી, નામ સાથે સુરતાને જોડી સ્મરણ કરવામાં આવે છે. આ નામ સાધનાએ જે ગહનતમ અનુભૂતિ થાય છે તે શબ્દાતીત રહી છે. માત્ર તેની ભાવાનુભૂતિનો આનંદ માણી શકાય છે કહી શકાય નહીં.

"મન પવન કા મેળા હુવા, નુરતી નીજ ઘર પાઇ,
સોહી બ્રહ્મ સતનામ હે, નહીં ધૂપ છાંઇ વરતાઇ."[૨૪]

આ નામને અજબ નામ, સત્‌નામ સોહી બ્રહ્મ, નીજનામ, ઉનામ, જીનામ વગેરે અનેક શબ્દોથી ઓળખ આપી ઓળખાવવાનો પ્રયત્ન ર્ક્યો છે.

## મોતી :-

'દલ દરિયા મે ડૂબકી દેણા,
મોતી રે લેણા ગોતી જી.'

સંત, સાધક અને ભક્તોએ આ મોતીની ખોજ કરી છે. ગુરુકૃપાએ જેની સુરતા ગગનમંડળમાં લાગી ગઇ, નામનો દોર સંધાઇ ગયો. તેને આત્મજ્ઞાન રૂપી મોતી, દલ દરિયામાં જ મળી જાય છે. આ જીવન એ હંસ છે અને શિવ એ બ્રહ્મ કે પરમાત્મા રૂપી મોતી છે. આ જીવ કંસ બનીને શિવરૂપી મોતાડીનો ચારો ચરે તો ધન્ય બની જાય. આ મોતી વિશે ત્રિકમ સાહેબ કહે છે કે....

"મોતીડા ચરે રે હંસલો,
ઇ રે મોતીડામાં ચૌદ લોક સમાણા રે
અરે, બ્રહ્માને વિષ્ણુ તેમાં રટણ કટે,
કહે રે, ત્રિકમ સાહેબ ગુરુ ખીમને પ્રતાપે રે,
મરજીવા હોય તે તો મૂલ કરે."[૨૫]

'રવિ-ભાણ સંપ્રદાય'નાં હરિજન (દલિત) ભક્ત કવિઓ વિશે અભ્યાસ કરતા જણાવ્યું કે તેમનું સમાજ જીવન, આર્થિક જીવન અને ધર્મ શ્રધ્ધાનો ઉંડો ખ્યાલ આવ્યો છે. આ સંત કવિઓની વાણીમાં જ્ઞાન, ભક્તિ, યોગ, ઉપદેશ ગુરુમહિમા અને રહસ્યાત્મક મરમી ભાવ ઉન્નત શિખરો સર કરે છે. સાથે સાથે આ સંતોની ભજનવાણી કાવ્યકલાની દૃષ્ટિએ પણ સિધ્ધ સાબિત થાય છે. એક વાત અવશ્ય કરવી જોઇએ કે આ સંતોએ કાવ્ય સ્વરૂપ તેના સિધ્ધાંતો અને શાસ્ત્રીય શિસ્તના ચોકઠામાં બધ્ધ થઇને ભજનનું

સર્જન કર્યું છે. તેને તો સહજ સ્કુરણા અને પરમની અનુભૂતિ થતાં ભાવમાં ભજન ગવાઇ ગયા છે. છતાં પણ નિરૂપણની દૃષ્ટિએ વિવિધતા જોવા મળે છે. આ બધું તપાસતા સમગ્ર સંત સાહિત્યમાં 'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંતો અને તેમની વાણીઓનું પ્રદાન ન ભૂલી શકાય તેવું અને મૂલ્યવાન છે.

# સંદર્ભ સૂચિ


(૧) મેઘ-મહાત્મ્ય : જીવણનાથ - પૃ. ૧૭
(૨) સંતવાણીનું સત્ય અને સૌંદર્ય-બે.ડો. નિરંજનરાય ગુરુ, પ્રવીણ પ્રકાશ, પૃ. ૨૧
(૩) સંતોનો ફાળો : સ્વામી આનંદ, પૃ. ૧.૨
(૪) હરિજન સંત અને લોક સાહિત્ય : ડો. દલપત શ્રીમાળી, પૃ. ૧૭
(૫) યોગ વેદાન્ત ભજન ભંડાર: લે. પ્રેમવેશ જગદીશભાઇ ગોવિંદભાઇ, પૃ.૧૪૫
(૬) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : ડો. નાથાલાલ ગોહિલ, પૃ. ૨૪૪
(૭) મોરલો મરત લોકમાં આયો : લે. ડો.નાથાલાલ ગોહિલ, પૃ. ૭૯
(૮) એજન, પૃ. ૮૦
(૯) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય- ડો. મનોજ રાવલ,-પૃ. ૮૭
(૧૦) મોરલો મરતલોકમાં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ, પૃ. ૯૪
(૧૧) એજન, પૃ. ૯૫
(૧૨) એજન, પૃ. ૯૫
(૧૩) યોગ વેદાન્ત ભજનભંડાર- લે. પ્રેમવેશ જગદીશ ગોવિંદભાઇ, પૃ. ૧૩૯
(૧૪) મોરલો મરત લોકમાં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ, પૃ. ૯૬
(૧૫) યોગ વેદાન્ત ભજન ભંડાર- લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ, પૃ.૧૪૬
(૧૬) એજન, પૃ. ૧૪૧
(૧૭) મોરલો મરત લોકમાં આયો, લે. ડો. નાથાલાલ ગોહિલ, પૃ. ૯૯
(૧૮) એજન, પૃ. ૧૦૦
(૧૯) એજન, પૃ. ૧૦૧
(૨૦) એજન, પૃ. -૧૦૫

# ◈પ્રકરણ-૪◈

# ત્રિકમ સાહેબનું જીવન-કવન

ભારતીય સંત-પરંપરામાં સંત કબીર અદ્વિતીય છે. તેમના પછી તેમના શિષ્યો દ્વારા 'સાહેબ' સંપ્રદાયની શરૂઆત થઇ. તેમાંથી બે ધારા અલગ થઇ ૧. રામ કબીરીયા સંપ્રદાય અને ૨, સંત કબીરીયા સંપ્રદાય. ગુજરાતમાં પદ્મનાભજી (પાટણ)થી રામ કબીર સંપ્રદાયનો વિસ્તાર થયો અને આ સંપ્રદાયમાં ભાણ સાહેબ અને શિષ્ટ રવિ સાહેબના નામ પરથી 'રવિ-ભાણ સંપ્રદાય'નો ઉદય થયો. આ સંપ્રદાયમાં હરિજન ભક્ત કવિઓમાં ત્રિકમ સાહેબ માળાના મેરું તરીકે બિરાજે છે. રવિ-ભાણ સંપ્રદાયના સ્થાપક ભાણ સાહેબને કબીરના અવતાર તરીકે સંત સમાજ પૂજે છે. આ ભાણ સાહેબના પુત્ર ખીમ સાહેબ રાપર (કચ્છ)માં ગાદીપતિ હતા. તે ત્રિકમ સાહેબના ગુરુ હતા. ત્રિકમ સાહેબના જન્મ, મૃત્યુ અને તેમના જીવન વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે. આ વિવાદોની ચર્ચા કરવાને બદલે તેમની વંશાવલી અને હસ્તપ્રતોના આધારે તેમના જીવનમાં દૃષ્ટિપાત કરીએ તો તેમના વડવાઓ આદરિયાણાથી રાપર તાલુકાના 'ગેડી' ગામે આવીને વસ્યા. ગેડીના ગરાસદારના પાશવી કૃત્યથી ખીમાણંદના સાત પુત્રોમાંથી છ પુત્રોની બલી ચઢાવાઇ અને 'મેપાર'નામના પુત્રએ ગેડી ગામનો ત્યાગ કરી 'રામવાવ' ગામે વસવાટ કર્યો. જેથી તેઓ "ગેડીયા" તરીકે ઓળખાયા. મૂળ તેઓ વ્યાસ અટકના હતા.

ત્રિકમ સાહેબનો જન્મ વાગડ પ્રદેશના કાગનોરા ડુંગરની તળેટીમાં વસેલ રામવાવ ગામમાં ઇ.સ. ૧૭૨૬ના શ્રાવણ માસની જન્માષ્ટમીના પવિત્ર દિવસે થયો. તેમના પિતાનું નામ હીરાણંદ. જ્ઞાતિએ ગરોડા (ગરવા) બ્રાહ્મણ. તેમની પત્નીનું નામ 'જડાવ બા' અને તેમને બે પુત્ર થયા. કરશનદાસ અને અમરદાસ ત્રિકમ સાહેબ સંસારી છતાં સંસારની માયાથી પર હતા. પિતાનો ધંધો, ખેતી, વણાટ અને યજમાન વૃત્તિનો હતો. તેમાં તેઓ માતા-પિતાને કુટુંબ ખાતર ધ્યાન આપતા, પરંતુ હૈયું તો 'અલખ નો આરાધ' ઝંખતું હતું.

ત્રિકમ સાહેબ બાળપણથી જ ભક્તિના રંગે રંગાયેલા હતા. સાધુ સંતોનો સંગ તેમને રળિયામણો લાગતો.

ત્રિકમ સાહેબ કિશોર અવસ્થાએ કાગનોરા ડુંગર પર ઢોરો ચરાવવાનું કામ કરતા. આ કાગનોરા ડુંગર પર એક વાર રામગર નામના સાધુએ ધુણો ધુખાવ્યો.

કિશોર ત્રિકમ કુતૂહલવશ રામગર સાધુની સેવા કરે. રામગર બાપુએ આ કિશોરના લલાટે અંકાયલ પરમતત્ત્વની રેખાને નિહાળી 'સત્યવચન'ની ઓળખ કરાવી અને અલખના ધામનો માર્ગ બતાવી અને ખીમ સાહેબના શરણે જવા આજ્ઞા આપી.

રાપરમાં આવેલ ખીમ સાહેબની જગ્યાને સમયે આસપાસના પંથકમાં અલખનો ઓટલો મનાતી અને સંતો મહંતોની સત્સંગવાડી ગણાતી. ત્રિકમ સાહેબ રાપર ખીમ સાહેબ પાસે આવ્યા ત્યારે ખીમ સાહેબનો રાજવી ઠાઠ, શણગાર અને બાજુમાં બેઠેલી સુંદર સ્ત્રીને જોતા પ્રથમ દૃષ્ટિએ તેમને એમ લાગ્યું કે આ માણસ ભૌતિક સમૃધ્ધિની માયામાં વીંટાયેલો છે. અને તે મને મુકિતનો માર્ગ કયાંથી બતાવી શકશે ? ત્યાં તો તેઓની  નજર ખીમ સાહેબ જે ઢોલિયા ઉપર બેઠા હતા તે ઢોલિયો જમીનથી સવા વેંત ઊંચો દેખાયો. એવું કહેવાય છે કે સતના કારણે તેઓનો ઢોલિયો જમીનથી ઊંચો રહેતો હતો. વળી કોઇપણ જાતની ઓળખાણ વગર ખીમ સાહેબે કહ્યું.

"આવો, ત્રિકમ હું તમારી રાહ જોતો હતો. તેમને રામગુરુ એ મોકલ્યા છે ને ?" ત્યારે ત્રિકમ સાહેબને લાગ્યું કે ખરેખર હું યોગ્ય જગ્યાએ જ આવ્યો છું. ત્રિકમ સાહેબે વંદન કરી ગુરુબોધ આપવા વિનંતી કરી. એ સમયે ઘણી આભડ છેટ હતી. અને બીજા શિષ્યો એક હરિજનને શિષ્ય  બનાવવા વિરોધ કર્યો છતાં ખીમ સાહેબે ત્રિકમ સાહેબને ગુરુ બોધ આપી 'સાહેબ'ની પદવી આપી અને ત્યારથી તેઓ ત્રિકમ સાહેબ કહેવાયા.

સદ્ગુરુ મળતા હૃદયમાં અપાર આનંદ વ્યાપી જાય છે. મનની દરેક તાણા-વાણ મટી જાય છે. દરેક ભ્રમણાઓ ભાંગી જાય છે. અને ગુરુ અને ગોવિંદ વચ્ચેનો ભેદ ટળી જાય છે. અને ત્રિકમ સાહેબ કહે છે.

"ગુરુમાં ગોવિંદ, ગોવિંદમાં ગુરુ,
અલખ પુરુષ એક તારા."[૧]

ત્રિકમ સાહેબ ગુરુ પાસે દરરોજ ભજન સાંભળવા અને સત્સંગ કરવા જતા. ગુરુકૃપાથી ત્રિકમ સોહબ ને દેહભમાન થયું અને આત્મવાણી જાગૃત થઇ. તેઓ પ્રભુનું જ્ઞાન સ્વીકૃતિઓ દ્વારા કરવા લાગ્યા. પ્રબળ ભકિતભાવ અને આત્મવાણીથી ખુશ થઇને ખીમ સાહેબે આદેશ આવ્યો કે વાગડમાં આવેલ ચિત્રોડ ગામની બહાર ઊંચી ટેકરી પાસે પીપળાનું ઝાડ છે, ત્યાં જમીન ખોંદતા પંચમુખી શંખ નીકળશે, તે જગ્યાએ આશ્રમ સ્થાપી, દીન દુ:ખિયાની સેવા કરવાનું જણાવ્યું. ગુરુના આદેશ પ્રમાણે ચિત્રોડમાં પંચમુખી શંખની સ્થાપના કરી સદાવ્રત શરૂ કર્યું. આજને હાલ પણ આ આશ્રમ ચાલી રહ્યો છે અને આજે આ ચિત્રોડની જગ્યા 'મોટી વાડી' તરીકે પ્રસિધ્ધ છે.

ચિત્રોડ-વાગડમાં ચાર વર્ષ સુધી એક સાથે દુષ્કાળ પડે છે. ચારે તરફ હાહાકાર ફેલાઇ જાય છે. પશુ-પક્ષી અને માનવ જાત મૃત્યુના મુખમાં હોમાવા લાગ્યા. એ સમયે પણ ત્રિકમ સાહેબે સદાવ્રત ચાલુ રાખ્યું. આ અન્નક્ષેત્રોમાં જ્ઞાતિનાં બંધનો ન હતાં. ઇશ્વરકૃપાએ પાણી અને અન્નનો ઘટાડો આવતો નહીં. ત્રિકમ સાહેબની આ સિધ્ધિ સામે તેમના ભત્રીજા અને શિષ્ટ લક્ષ્મી સાહેબને ઇર્ષા આવે છે. લક્ષ્મી સાહેબ ભૈરવના ઉપાસક હતા અને આ મંત્રબળથી ત્રિકમ સાહેબની જગ્યામાં અનેક વિધ્નો ઊભા કર્યાં. અનાજ, પાણી, અદૃશ્ય કરી દીધું અને પ્લેગ રોગ ફેલાવે છે. તે સમયના રાજા રાવ દેશળજીને ફરિયાદ કરે છે કે ત્રિકમ સાહેબ દરેક જ્ઞાતિને એક રસોડે ભોજન કરાવે છે, તેથી દુષ્કાળ અને આ રોગ થયો છે અને રાજાએ ત્રિકમ સાહેબને જેલમાં કરી દે છે.

લક્ષ્મીસાહેબને આટલેથી સંતોષ ન થતા તેણે ભૈરવ પાસે ત્રિકમ સાહેબને મારવાનું કામ સોંપે છે. ત્યારે ભૈરવ કહે છે કે લક્ષ્મીદાસ તમે માર્ગ ભૂલ્યા છો. ત્રિકમ સાહેબ હનુમાનજીના અવતાર છે અને તમે હનુમાનજીના પુત્ર (પરસેવાના બિંદુથી પેદા થયેલ પુત્ર) મકધ્વજના અવતાર છો. મૂળ લોકોક્તિ એવી છે કે હનુમાનજી સીતાને લેવા લંકા ગયા ત્યારે લંકા દહનમાં અગ્નિના એકવીસ સ્વરૂપનો સાથ લીધો હતો. ત્યારે અગ્નિદેવે જણાવ્યું હતું કે મને શાંત કરવો નહીં. પરંતુ જયારે અગ્નિમાં અનેક મૂંગા-પશુ-પક્ષીઓ હોમાવા લાગ્યાં ત્યારે ખુદ હનુમાનજીએ અગ્નિને શાંત કરવા લાગ્યા. તે સમયે અગ્નિએ જણાવ્યું કે હું આનો બદલો લઇશ, ત્યારે હનુમાનજી એ વચન આપ્યું કે હું ચિત્રોડમાં ત્રિકમ સાહેબ રૂપે જન્મ લઇશ. ત્યારે મારો પુત્ર મકરધ્વજ કે જેને મેં પિતૃસુખ આપ્યું નથી. તેનો બદલો લેવા તે ભત્રીજારૂપે લક્ષ્મીસાહેબ રૂપે જન્મશે. અને તે સમયે ભૈરવના રૂપે તમે પ્લેગનો રોગ બનીને આપની બાકી રહેલી ભૂખને સંતોષી શકશો. આ વચન પ્રમાણેના કામ પૂરા થાય છે. હવે મારાથી ત્રિકમ સાહેબને મારી શકાય નહિ. લક્ષ્મીસાહેબને પોતાની ભૂલ સમજાઇ અને ત્રિકમ સાહેબને કેદમાંથી મુક્તિ અપાવી ફરી સદાવ્રત ચાલુ કર્યું.

ઉપરની ઘટના અવતારવાદ અને ચમત્કાર સાથે સંકળાયેલી છે પરંતુ આ સંતસમાજમાં કર્ણોપકર્ણને કહેવાતી આવી છે. એટલું જ નહીં પણ સાખીમાં પણ ગુંથી દેવામાં આવી છે.

"જે દિ' રામ લંક પર સંચર્યા, છપ્પન કરોડ દળ પાસ,
તે દિ' સેનામાં હું છડીદાર, એમ બોલ્યા ત્રિકમદાસ."[૨]

ત્રિકમ સાહેબ તેઓના ગુરુ ખીમસાહેબ સાથે ગિરનારની જાત્રાએ આવ્યા ત્યારે તેમને અનેક સાધુ સંતોનો સમાગમ થાય છે. આજે જયાં ભવનાથનું મંદિર છે તેની

ડાબી બાજુએ આંબલીનું ઝાડ છે. તેની નીચે બેસીને તેમણે સાધના કર્યાનું માનવામાં આવે છે. ત્યાં બેસીને કેટલાંક ભજનોની રચના કરી છે, જેમાં ગિરનારને ઉદ્દેશીને જે ભજન ગાયું તે આ પ્રમાણે છે.

"તારો ભરોસો મુને ભારી,
એવો ગરવો દાતાર ગિરનારી રે."[3]

ત્રિકમ સાહેબ દ્વારકાની જાત્રાએ ગયા ત્યાં બેટ દ્વારકા જવા માટે હોડીમાં આભડછેટને કારણે બેસવા દેતા નથી. તે સમયે પાણી પર અંચળો પાથરીને ભજન લલકારે છે.

"અલ્યા વહાણવટી વહાણ હંકાર, મારે બેટ જાવું,
બેટ જાવું મારે ગોમતી ના'વું."[4]

આ ભજન સાથે કહેવાય છે કે અંચળો પાણીમાં ચાલે છે ને હોડી પહેલા ત્રિકમ સાહેબ કિનારે પહોંચી જાય છે.

ત્રિકમ સાહેબના જીવનમાં કેટલાક ચમત્કારો બન્યાનું સાંભળવા મળે છે. ત્રિકમ સાહેબ ગંગાજીની જાત્રાએ ગયા ત્યારે રસ્તામાં લોહાણ ગામે હનુમાનજીના પૂજારી ગોબરદાસને ત્રિકમ સાહેબે હનુમાનજી સ્વરૂપે દર્શન આપ્યા. કાશીમાં ગંગામાં સ્નાન કરવાની ના પાડે છે ત્યારે ત્યાંના હરિજનવાસમાં ત્રિકમ સાહેબ ભજન ગાય છે. ત્યારે ખુદ ગંગાજી ત્યાં પાણી દ્વારા પહોંચે છે. આ વાતનો ખ્યાલ મંદિરના પૂજારી પંડિત રવિશંકરને આવે છે. અને બીજે દિવસે તેઓ વાજતે ગાજતે ત્રિકમ સાહેબને ગંગાજીમાં સ્નાન કરાવી મંદિરમાં પ્રવેશ કરાવે છે. "મંદિરના મુખ્ય પૂજારી પં. નીલગિરિજીએ ત્રિકમ સાહેબની ચાખડીઓ પૂજામાં રાખી લીધી. આજે પણ તેના વંશજો આ ચાખડી પૂજા કરે છે. આ બનાવ સંવત ૧૩૭૫માં બન્યો."[5]

બીજો ચમત્કાર વિથરોઇ ગામનો. ત્યાંના મેપા ભગતને ત્રિકમ સાહેબ પર ખૂબ શ્રધ્ધા હતી. તેને સ્વપ્નમાં તેમજ પ્રત્યક્ષ ત્રિકમ સાહેબે દર્શન આપ્યા. આ ભકતનો આઠ વર્ષનો દીકરો પિતાને આવતા જોઇ છાપરા પરથી દોટ મૂકે છે. અને નીચે પડવાથી મૃત્યુ પામે છે. ત્રિકમ સાહેબે તેના મુખમાં ગાયના દૂધની ધાર કરાવી અને તે સજીવન થાય છે. આ ભરવાડ કુટુંબના વંશજો ચિત્રોડ ત્રિકમ સાહેબની જગ્યામાં દર્શને આવે છે. અને તેના કુળના બધાં સંતાનોની બાબરી, મોડ તથા મીંઢોળ આ જગ્યામાં ઉતારે છે.

જંગી ગામમાં ત્રીજો ચમત્કાર બને છે. જંગી ગામમાં સંતોના આમંત્રણને માન આપી, ત્રિકમ સાહેબ પાટે પધારે છે. ત્યારે તેમની પાસે માણકી ઘોડી હતી. આ ઘોડીએ દાદ મેકરણની વાડીમાં ઘણું નુકશાન કર્યું. તેથી દાદાએ ક્રોધમાં ઘોડીને શાપ

આપ્યો ને તે મૃત્યુ પામી. ત્રિકમ સાહેબને તેની જાણ થતા, દાદાને ઓળખાણ આપી કહે છે કે લક્ષ્મણજીના અવતાર થઇને ઘોડી મારી નાખી ? ત્યારે મેકરણ દાદાએ ત્રિકમ સાહેબમાં હનુમાનજીના દર્શન કર્યા અને માણકી ઘોડી સજીવન કરી.

ત્રિકમ સાહેબના જીવનનો અંતિમ પ્રસંગ સમાધિ ઘણો જ રસપ્રદ છે. સમાધિ લીધા પૂર્વે ત્રિકમ સાહેબે પોતાના શિષ્યો અને સત્સંગીઓને બોલાવીને જાણ કરી કે, મારા ગુરુ ખીમ સાહેબ સાથે નક્કી થયા મુજબ માટે સમાધિ દરિયાવસ્થાન રાપરમાં ગુરુની સમાધિની ચરણમાં લેવાની છે.

આટલું કહી ઇ.સ. ૧૮૦૨ શ્રાવણ સુદ બીજ તા. ૩૧-૭-૧૮૦૨ના રોજ ચિત્રોડ મુકામે પોતાના અનુયાયીઓની હાજરીમાં જીવંત સમાધિ લીધી. અનુયાયીઓ આ સમાધિ દેહને ચિત્રોડથી રાપર લાવે છે. રસ્તામાં સઇગામે બધાને ખૂબ તરસ લાગે છે. ત્યારે ત્યાં મીઠા પાણીનો વીરડો બની જાય છે. આજે પણ આ વીરડો છે અને “ત્રિકમ ના વીરડા” તરીકે ઓળખાય છે. રાપરમાં સવર્ણ સમાજ હરિજન સાધુના દેહને પોતાની જગ્યામાં સમાધિ આપવાની ના પાડે છે. મૃતદેહ ઉપર ધૂળ, ઢેફા ને પથ્થરનો મારો કરે છે. તે સમયે ત્રિકમ સાહેબ સમાધિમાંથી જાગૃત થઇ ઊભા થાય છે. ધૂળનો ગુલામ અને પથ્થરના નાળિયેર બની જાય છે. અને ત્રિકમ સાહેબ બોલે છે કે “એલા, આ તે ગામ છે કે વગડો ?” અને આજે પણ આ જગ્યા ભેંકાર વગડા જેવી જ છે. અને તે વાંઢી બજાર તરીકે ઓળખાય છે. ત્રિકમ સાહેબ ત્યાંથી ચાલતા ગુરુની સમાધિ પાસે જાય છે. ત્યાં આંબલીનું ઝાડ હોય છે. તેને મંત્ર બળથી દૂર કરી, સમાધિમાં બેસી જાય છે. સમાધિ માટેની જગ્યા ખોદતા તેમાંથી ચીપિયો, પાવડી, કમંડળ અને બેરખો નીકળે છે. અને ત્યાં સમાધિ આપવામાં આવે છે.

ત્રિકમ સાહેબના જીવનમાં સમન્વય દૃષ્ટિકોણથી જોઇએ તો તેમનું જીવન અને કાર્ય વ્યકિતત્વ વૈશિષ્ટયથી સભર છે. તેમણે પોતાના ક્રાંતિકારી સુધારક વિચારોથી સમાજના નીચલા વર્ગના લોકોમાં ધર્મપ્રચાર કરી અંધશ્રધ્ધા, કુરિવાજો, તેમજ જાતિગત ભેદભાવોનું ઉલ્મૂલન કરીને સમાજમાં સમરસતા સ્થાપી. પોતાનો પ્રભાવ જમાવેલ છે. તેમણે તેમની સાધનાના અનુભવના નિચોડ રૂપે અનેક સંતવાણીઓની રચના કરેલ છે. જે વાણીઓ દ્વારા પરમ તત્ત્વના દર્શન થાય છે. તેઓ એક વાણીમાં કહે છે.

“નીજ ભક્તિ કોઇ વિરલા જાણે,
સબ જુલ કરત કમાઇ રે,
અબ મન ચેત લે મારા ભાઇ...”[૯]

આમ, તેમણે પરમતત્ત્વને નિર્ગુણ, નિરાકાર માની આત્મલક્ષી સ્વરૂપે પરમતત્વની

સાધના કરી પરમત્ત્વ અભિવ્યક્તિનો નહીં, પરંતુ અનુભૂતિનો અનુભવ છે. તેમ માની જુદા જુદા પ્રસંગોએ અનુભવેલા પોતાનાં વિવિધ સંવેદનોને વાચા આપી ભજન-વાણીનું નિર્માણ કરેલ છે. તેમની તમામ વાણીઓના કેન્દ્રમાં 'નીજ સ્વરૂપ' ઓળખવાની વાતો જાણવા મળે છે.

આવા લોકસંસ્કૃતિનું સંવર્ધન કરનાર અલખના આરાધક ત્રિકમ સાહેબે સનાતન ધર્મનો ને જો ફરકતો રાખવા સમર્થ શિષ્ટો બનાવી સાથ જગ્યાએ જગ્યાઓ સ્થાયી ઊજળી પરંપરાનો વિશાળ પ્રવાહ અસ્ખલિતપણે વહેતો રાખ્યો છે. જગ્યાઓમાં ૧ ચિત્રોડ ૨, પલાસવા ૩. ચોબારી, ૪. રાધનપુર, ૫. ઊંઝા, ૬. આમરણ અને ૭. રાપર.

આવા સંત ગુજરાતમાં જન્મ્યા એ આધ્યાત્મિક વિકાસની ભાગ્યશાળી ઘટના છે. ત્રિકમ સાહેબ 'રવિ-ભાણ સંપ્રદાય'નું અમર ફળ છે.

## ત્રિકમ સાહેબની ભજન-ભક્તિ :-

## (૧) પ્રેમ લક્ષણા-ભક્તિ :

ભક્તિ માટે મહર્ષિ શાંડિલ્ય જણાવે છે કે 'સાપરાનુંરોકતરીશ્વરે'-'ઇશ્વરમાં પરમ અનુરાગ યાને પરમપ્રેમ એજ ભક્તિ છે. તો દેવર્ષિ નારદ ભક્તિ સૂત્રમાં કહે છે કે "પરમેશ્વરમાં અતિશય પ્રેમમય થઇ જવું એ જ ભક્તિ છે." પરમાત્માનું સતત રટણ કરવું અને આપણા બધાં કર્મો જાણે કે તેનાથી જોડાયેલાં હોય તેવું અભિન્ન બનીને એક ક્ષણ પણ હરિનું વિસ્મરણ ન થાય તે પ્રેમલક્ષણા ભક્તિ છે. પ્રભુનું ક્ષણમાત્ર જો વિસ્મરણ થાય ને તેમાં અત્યંત વ્યાકુળતાનો અનુભવ થાય તેનું નામ સાચી પ્રેમ લક્ષણા ભક્તિ. એ પરંપરામાં મીરાં, પ્રીતમ, દાસી જીવણ આદિનું પ્રદાન મૂલ્યવાન છે તેમાં ત્રિકમ સાહેબની કવિતા મૂલવવી પડે. ત્રિકમ સાહેબની વાણીમાં આ પ્રેમલક્ષણા ભક્તિના દર્શન થાય છે.

"પ્રેમની પ્રેમની પ્રેમની રે,
વાલે મારે મારી મને કટારી પ્રેમની રે,"[૭]

ત્રિકમ સાહેબ દાસી ભાવે કહે છે કે હું બેડલું લઇ પાણી ભરવા નીકળું છું ત્યાં મારી સામે પીળા પીતામ્બર પહેરેલા શ્રી કૃષ્ણ મને પ્રેમની કટારી મારી જાય છે. અહીં 'કટારી' પ્રતીક દ્વારા કવિએ પ્રેમના વિરહની વેદના અને પ્રેમથી વીંધાવાનું દર્દ પ્રગટ કર્યું છે. "કટારી" પ્રેમલક્ષણા ભક્તિની અભિવ્યકિત માટે સમર્પણની, ફનાગીરીની ભાવના વ્યક્ત કરવા માટેનું એક સમર્થ પ્રતીક છે.

ત્રિકમ સાહેબ કહે છે કે

"પ્રેમ વીંધાણા મારા પ્રાણ,

સતગુરુ એ માર્યા શબ્દોના બાણ."[૮]

સતગુરુના શબ્દરૂપી બાણથી હું વીંધાણી છું. તેમાં સ્પષ્ટ સમર્પિત ગોપીભાવ છે. કારણ, સદ્‌ગુરુ વિના જ્ઞાન અને ભક્તિ વાંઝણા મનાય છે. કવિ પ્રેમથી વીંધાયાનો એકરાર કરે છે. વળી તે સદ્‌ગુરુને મહત્ત્વ આપે છે. કવિ દાસી ભાવથી કહે છે કે...

"દાસી જાણીને દરસન દેજો

સતગુરુજી મારા નયના આગળ રે'જો,

મેં અપરાધી બાવા દાસી તુમ્હારી,

ગુણ અવગુણ મારા સ્હેજો."[૯]

માનવીના તો અનેક અપરાધો હોય, તેને દાસી જાણીને માફ કરવાનું પ્રભુને જણાવે છે. આ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ પુરુષ મરી સ્ત્રી થવાનો છે. 'હું'નો નાશ કરવાનો છે.

ત્રિકમ સાહેબની વાણીમાં દાસી ભાવ અને પ્રેમલક્ષણા ભક્તિ બંને જોવા મળે છે. દાસીભાવ નવધા-ભક્તિનો એક પ્રકાર છતાં પ્રેમલક્ષણાનો પોષક છે. ભારતીય પરંપરામાં પતિ સ્વામી ગણાયો છે અને પત્ની તેને પૂર્ણ ભાવે સમર્પિત થાય છે. એ સંદર્ભમાં હાસ્યભાવ હીનતામૂલક નહિ, સેવામૂલક છે. અને કૃષ્ણપ્રેમનો તે પોષક છે.

## (૨) યોગ:-

ત્રિકમ સાહેબ કબીર સંપ્રદાય સાથે સંકળાયેલા સંત કવિ છે. કબીરમાં યોગપંથની ઝીણીઝીણી બાબતો તેના પદમાં જોવા મળે છે. હઠયોગના તેઓ વિરોધી હતા. છતાં તેઓની વાણીમાં નિર્ગુણવાદી નાથપંથીઓનો ઘણો પ્રભાવ જોવા મળે છે. તેમનાં પદો દ્વારા ફલિત થાય છે કે પ્રભુને બહાર શોધવાની જરૂર નથી. પ્રભુ તો આપણી આ કાયાવાડીમાં સમાયેલો છે. આ અંગે ત્રિકમ સાહેબ કહે છે કે...

"નાભી કમલથી ઉલટયો આવે, ગગન ધૂન ગરજાના,

ઇંગલા, પીંગલા સુખમન સાધી, ત્રિવેણી તાર મિલાના."[૧૦]

ઓહમ-સોહમ શ્વાસોશ્વાસથી નાભિ કમલમાં અર્ધ સર્પાકારે પડેલ કુંડલિની-શક્તિને જાગૃત કરી તેને ઉલટાવીને ઊર્દ્વગામી કરવાની છે. આંખની પાસે ડાબી બાજુ ઇંગલા ચંદ્રનાડી અને આંખની પાસે જમણી બાજુ સૂર્યનાડી. એ બંને વચ્ચે સુષુમણા નાડીનો તાર મિલાવવાનો હોય છે જેને ત્રિવેણી તાર કહે છે. એટલે કે તેમાં ધ્યાન કેન્દ્રિત કરીને ત્રિકુટી સ્થાનથી આગળ મસ્તિષ્કમાં ગગનમંડળ બિરાજે છે. તેના

દર્શન કરવાના છે. આ શિખર પર પહોંચવાનું અઘરું છે. કારણ કે ત્રિકમ સાહેબ કહે છે કે...

"નીત નીત વર્ષે નુરા, શીખર પર પહોંચે વીરલા પુરા."[૧૧]

વળી, ત્યાં તો અખંડ મોરલીનો મધુર ધ્વનિ સંભળાય છે.

"ઝાંઝ પખાજ વીણા જંતર વાગે મોરબી કરે છે મલાર,
શબ્દ શીંગી વાગે શુનમાં ગાજી રહ્યા માંય તૂરા"[૧૨]

આ જે નાદ છે તેને સંતો અનહદ (અનાહત) નાદ તરીકે પણ ઓળખાવે છે.

"ઇંગલા પિંગલા સુષુમ્ણા સાધી,
માઇ જળહળ જયોતિ જાગી.
ત્રિવેણી તાર મેળવ્યા.
અનહદ નોબત ત્યાં વળી.."[૧૩]

ત્રિકમ સાહેબ દેહમાં રહેલા દેવને જાગીને જોવાનું જણાવે છે.

## (૩) ગુરુમહિમા :-

સંત પરંપરામાં ગુરુ માહાત્મ્ય સૌથી વિશેષ ગવાયો છે. ગુરુકૃપા વગર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. ગુરુના માર્ગદર્શન વિના મુક્તિ મળતી નથી. આત્મા અને પરમાત્મા વચ્ચે જે અજ્ઞાન અંધારું છે. તે ગુરુ વિના ટળતું નથી. ગુરુનો મહિમા પરમાત્માથી પણ અધિક કબીરે ગાયો છે.

"ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય,
બલિહારી ગુરુ આપકી, જિન ગોવિંદ દિયો બતાય."[૧૪]

ભક્તકવિઓએ પદના નામ ચરણમાં ગુરુકૃપાનો મહિમા ગાયો છે. કબીર સાહેબની જેમ જ ત્રિકમ સાહેબ પણ ગુરુને ગોવિંદની કક્ષાએ મૂકીને કહે છે કે...

"ગુરુમાં ગોવિંદ, ગોવિંદમાં ગુરુ,
અલખ પુરુષ એક તારા"[૧૫]

શબ્દોરૂપી તીર દ્વારા ગુરુ-શિષ્યનું અજ્ઞાન-અંધારું દૂર કરે છે. ત્રિકમ સાહેબ કહે છે કે શબ્દોના તીર ગુરુ અનહદ લાગ્યા હવે તો...

"જળી ન બાંધુ, બુટી ન ખાઉં, નાડી વૈદ ન દીખલાઉંગા,
પૂરણ વૈદ મિલા સદ્ગુરુ મે નીત ઉઠકર દીખલાઉંગા."[૧૬]

હરિજન ભક્ત પરંપરામાં ધાર્મિક વિધિપાટ ઉપાસના વખતે ગુરુ શિષ્યને અભિમંત્રિત પ્યાલો પીવડાવે છે. ગુરુના જ્ઞાન રૂપી પ્રેમનો પ્યાલો પીવાથી આત્મજ્ઞાન જાગી ઊઠે છે. દેહમાં શ્રી હરિના દર્શન થાય છે. આ ભક્તિ માર્ગનો પ્યાલો ત્રિકમ સાહેબે પીધો છે.

"પ્યાલો બીજો કોણ પીએ,
મારા સત્‌ગુરુએ પાયો અગાધ"[૧૭]

આ ભવસાગરમાંથી પાર ઉતરવા માટે ત્રિકમ સાહેબ ગુરુને વિનંતી કરે છે કે..

"કયા બેડી મારી કણકવાને લાગી રે,
ગુરુ, તમે મને પાર ઉતારો."[૧૮]

આમ, આપણી સંતવાણીમાં દરેક સંત કવિઓએ સદ્‌ગુરુનો મહિમા ગાયો છે. ગુરુની અપાર શક્તિથી માનવી જ્ઞાન, ભક્તિ, યોગ અને આધ્યાત્મિક તત્ત્વચિંતન સમજી શકે છે. આ રીતે ત્રિકમ સાહેબે ગુરુનો મહિમા કર્યો છે.

## (૪) સંસારની ક્ષણભંગુરતા :-

આ સંસારમાં આપણું કોઇ સગું નથી. સૌ સ્વાર્થને કારણે જોડાયેલા છે. સંસારીનો સંબંધ જીવતા સુધીનો છે. ભક્તોએ સંસારની માયાને અસાર ગણી છે. સંસારનાં બંધનો ખોટાં છે. ભૌતિક સમૃધ્ધિથી સુખ મળતું નથી. જેને તમે ખરેખર પોતાનું ગણો છો તે પોતાનું નથી. આ ભક્ત કવિઓ સંસારમાં રહીને તેની માયા મમતાથી પર હતા. ત્રિકમ સાહેબ જેવા ભક્તો ભક્તિના રંગે રંગાયા પછી સંસારની માયાને ભ્રમણા કહીને જણાવે છે કે...

"મન તું સમજી લે તારો, સગો નહિ સંસાર,
ભજનમાં ભીના ભીના રેજો, ઉતરસો ભવ પાર."[૧૯]

રાજા અને રંક દરેકનું મૃત્યુ નિશ્ચિત છે. ચક્રમવર્તી રાજાઓ પણ રાજપાટ મૂકીને ગયા છે. સાથે કશું જ લઇ જઇ શકતા નથી. આ સંસારમાં આપણું કોઇ સગું નથી. તે મુજબ ત્રિકમ સાહેબ કહે છે.

"માની લે ઘેલા તારો સગો નથી રે સંસારજી,
મોટા છત્રપતિ રાજીયા, સો ધુવાના કોઠારજી."[૨૦]

ત્રિકમ સાહેબ વૃધ્ધાવસ્થામાં હરિ ભજવાનો કોઇ અર્થ નથી. એ રીતે સંસારની અસારતા અને કાયાની ક્ષણભંગુરતા ઉત્કટતાથી આ પદમાં દર્શાવે છે.

"ખખડી તારી આ કાયાને, મુખડા નૂર કરમાયો,
ઓ સજની મોરી રે અબ તો બુઢાપણ આયો."[૨૧]

## (૫) ઉપદેશાત્મક પદો :-

આ સંતોનું કામ સમાજને ઉપદેશ આપી અને સમાજ સુધારણાનો હેતુ રહ્યો છે. સમાજમાં રહેલા અંધશ્રધ્ધા, કુરિવાજો અને સમાજની ગંદકીને દૂર કરવાનું કાર્ય આ ભજનો દ્વારા કર્યું છે. ત્રિકમ સાહેબ તેના ખૂબ જ જાણીતા ભજન દ્વારા કહે છે કે...

"કપડા ભી ધોયા સંતો અંચલા બી ધોયા,
જબ લગી મનવો ન ધોયો મેરે લાલ."[૨૨]

મન રંગાવાની જરૂર છે, બહારથી ભગવાં કપડાં, ટીલાં-ટપકાં કરવાનો કોઇ અર્થ નથી. હરિભજનનો રંગ લાગવો જોઇએ. જપ, તપ, તીરથ કરે અને સાથે ખરાબ કામો કરે તેનો કોઇ ફાયદો થશે નહિ. મોટા જોગી બની દાઢી, વધારે અને નાણા માટે દેહને જલાવે એ જગધૂતા છે, એવા જગધૂતા માણસ સમાજમાં અંધશ્રધ્ધા પ્રસરાવે, મંત્ર-તંત્રથી અભણ લોકોને ભૂવા અને પાખંડી પાસે લઇ જાય. આવા મેલા જગધૂતા માણસનો અને ખોટી માન્યતાનો વિરોધ કરતા ત્રિકમ સાહેબ કહે છે કે...

"ભક્તિના બાને મેલા મંત્રો સાધે,
વૈકુંઠ જાતા જમડા આડા ફરે, જુગમાં જુલમ કરે."[૨૩]

"જપ, તપ તીરથ જોગ જુગતે
કરણી કયાં લગી જાય."[૨૪]

ત્રિકમ સાહેબ આ રીતે ઉપદેશ આપી સમાજને જાગૃત કરી ભકિત માર્ગના માર્ગ વાળે છે.

## (૬) પ્રાસંગિક પદો :-

ત્રિકમ સાહેબના જીવનમાં જે કેટલાક મહત્ત્વના પ્રસંગો બન્યા છે. તે વખતે તેઓએ પ્રસંગને અનુરૂપ પદરચનાઓ કરેલ જોવા મળે છે.

ત્રિકમ સાહેબને કામનોરા ડુંગરમાં રામ ગુરુ મળે છે ત્યાં રામગુરુની સેવા કરે છે અને તે સત્ય વચનની ઓળખ કરાવે છે અને તેમના દર્શન થતા આત્મવાણી જાગૃત થયા છે. અને આ ભજન બોલે છે.

"આવી આવી અલખ જગાયો,
અમારે મોલે, ઉત્તર દિશાથી એક,
રમતો જોગી આવ્યો જી."[૨૫]

બીજા એક પ્રસંગમાં ગુરુ  ખીમસાહેબ સાથે દ્વારકાની જાત્રાએ ત્રિકમ સાહેબ જાય છે ત્યારે આભડછેટને કારણે હોડીવાળો બેસવા દેતો નથી. તે સમયે પાણી ઉપર અંચબો પાથરી ત્રિકમ સાહેબ નીચે આપેલ ભજન બોલે છે.

"અલ્યા વહાણવટી વહાણ હંકાર, મારે બેટ જાવું,
બેટ જાવું મારે ગોમતી ના'વું."[૨૬]

ત્રીજા પ્રસંગમાં ત્રિકમ સાહેબ ગિરનાર ભવનાથજી જગ્યા પાસે સાધના માટે રોકાયા હતા. ત્યાં દત્તાત્રેય અને ગિરનારને ઉદ્દેશીને આ પદ બોલે છે.

"તારો ભરોસો મુને ભારી રે,
એવો ગરો દાતાર ગિરનારી રે."[૨૭]

ત્રિકમ સાહેબ જયારે સમાધિ લે છે તે પ્રસંગે સંતસમાજની સન્મુખ પોતાની અંતિમ વાણી ગાય છે કે...

"કાયા બેડી મારી કણકણવાને લાગી રે,
ગુરુજી, તમે મને પાર ઉતારો."[૨૮]

ત્રિકમ સાહેબ પ્રેમલક્ષણા ભક્તિ, યોગવાણી, ગુરુ મહિમા, સંસારની ક્ષણ ભંગુરતાનાં પદો, પ્રાસંગિક પદો તેમજ આત્માનુભૂતિનાં ભજનો રચ્યાં છે. તે એક મરમી કવિ છે. અને તેમની વાણી પણ મરમીની છે. યૌગિક પરિભાષા તો આ પરંપરાના કવિઓને સહજ હતી. યૌગિક પરિભાષા પણ તેમને સાધ્ય હશે. તો વિના ઇચ્છા મૃત્યુ શકય જ નથી. ત્રિકમ સાહેબ ભક્ત તો હતા જ સાથે કવિને સહજ એવી વાણી પણ તેમને વરી હતી. પ્રેમલક્ષણા ભક્તિ યોગની સાધના, સાક્ષાત્કારના રણકાવાળી અનુભૂતિ તેમ અલંકારવાળી ભાષા તેમને કવિપદ સહજતાથી સંપડાવે છે.

"સોના ઇંઢોણી ને રૂપા બેડલું,
શીર પર છે ગાગર હેમની,
મને મારી કટારી પ્રેમની"[૨૯]

આ કટારી-ભજન રચનામાં સમૃધ્ધિમાં રાચતી ગોપી કૃષ્ણપ્રેમથી ધવાય છે. એક તરફ શ્રેય અને બીજી તરફ પ્રેય શેને સ્વીકારવું કે નકારવું એવી દ્વિધા તે અનુભવતા, ભક્ત કવિ છેવટે ગુરુચરણે માર્ગદર્શન માગે છે.

ત્રિકમ સાહેબ રૂપક પ્રધાન પ્રતીકો બહુ જ ક્ષમતાથી યોગે જે છે. ગુરુવાણીને તેઓ "શબ્દોના તીર" અથવા "શબ્દના બાણ" તરીકે ઓળખાવે છે. ગુરુના જ્ઞાન ઉપદેશથી છિન્ન સંશય બનેલો ભક્તજીવ ભક્તિનો મરજીવો બને છે. પરમહંસગીતરૂપ મોક્ષ તેને સરળ સહજ છે. એ આ પંક્તિઓમાં તે વર્ણવે છે.

"માન સરોવર મુકતા-મોતી,
મરજીવો ચડયો મેંરાણ."[૩૦]

ત્રિકમ સાહેબ ભક્તવાણીની પરંપરાને અનુસરીને માન સરોવરના હંસ તરીકે ઓળખાવે છે. તે ઉપરની પંક્તિમાં પ્રતિત થાય છે.

ભક્તિનો માર્ગ અસિધારા જેવો તીક્ષ્ણ છે. એક તરફ મોક્ષ અને બીજી તરફ નરકની યાતના છે. એ દર્શાવતા ત્રિકમ સાહેબ કહે છે કે..

"નીત નીત વર્ષે નુરા, શિખર પર પહોંચે વિરલાપુરા,
નટડી ખેલે, પાવજ મેલે, ન ડગે સૂરતા, ન ડગ દોરા,
ઊંચી ચડું તો પ્રેમરસ લાગે, પડું તો ચકનાચૂર."[૩૧]

નટડી સંસાર માયાનું પ્રતીક છે. એના પ્રલોભનમાં ભક્તની સૂરતા એક દોરોય ડગતી નથી. તે જાણે છે કે ઉંચે જતા પ્રેમભક્તિ પરમાનંદ છે અને નિશાન ચૂકતા મૃત્યુ છે.

ત્રિકમ સાહેબ અનેક પદોમાં કાયાને ડૂબતા 'બેડલા' નાવ સાથે સરખાવે છે. આ ડૂબતા બેડલાનો તારક સંત-ગુરુ છે. જેસલ-તોરલનાં પદોમાં આ 'ડૂબતા બેડલા'ના રૂપકનો વિનિયોગ સૌથી વધુ જાણીતો છે. ત્રિકમ સાહેબને આ રૂપક કમલવગું જણાયું છે એક બીજા પદમાં તેઓ કાયાબેડલી 'કાગજ'ની પણ કહે છે.

'દેખો ખાવિંદ કા ખેલ' એ ત્રિકમ સાહેબનું લાક્ષણિક પદ છે. ગુરુને ખાવિંદ તરીકે ઓળખાવી તેમના દ્વારા થયેલા બોધ પ્રકાશથી ભાવવિભોર બનેલા આ ભક્ત કવિ આ ખાવિંદને ગોવિંદથીય ન્યારા "સાંયાથી ન્યારા મારા સદ્‌ગુરુ દેખ્યા" ગણાવી ઉછરંગથી તેમની પધરામણી કરવાને સજાવટ કરે છે. તે કેટલી બધી ઉત્સાહસભર વાણીમાં વર્ણિત છે.

રણુંકાર-ઝણુંકાર હોઇ રહ્યા ઉનકા નામ અવાજા રે,
દેખો ખાવિંદકા ખેલ, દર્શન મેં તો દેખ્યા રે."[૩૨]

'પ્યાલો' પ્રકારનાં પદોમાં ત્રિકમ સાહેબનું "પિયાલો દૂજો કોણ પીએ" એ નોંધપાત્ર પદ છે. 'સંતની કુંચીને શબદ લીલાગર' સ્પષ્ટ રીતે ભાંગના નશાનો ઉલ્લેખ કરે છે. પરંતુ આ ભાંગ ભૌતિક નથી. એનું પાન મોં વડે નહિ, પણ શ્રવણ દ્વારા થાય છે.

"શ્રવણે રેડીયો, મારો હરદે ઠેરાણો,
ચડતા પિયાલો સંતો ગગન દરશાણા"[૩૩]

એ શબ્દોમાં ભાંગના નશાની કેવળ સ્વભાવોક્તિ  નથી. બ્રહ્માંડથી પણ ઊંચેરા પરમતત્ત્વના સાક્ષાત્કારની અનુભવોક્તિ છે.

ત્રિકમ સાહેબ પર કબીર સાહેબનો પ્રભાવ સ્વાભાવિક રીતે છે. આ પ્રભાવ કેવળ બીજ ધર્મ પૂરતો નથી. ભક્તિ પૂરતો નથી., ભાષા પ્રત્યે પણ છે. ત્રિકમ સાહેબનાં ઘણાં પદો ગુજરાતી-હિન્દી મિશ્ર ભાષાનાં છે. હિન્દી ભાષા સ્પષ્ટ રીતે કબીરના પ્રભાવને આભારી છે. ત્રિકમ સાહેબનાં પદોમાં સૌથી વધુ પ્રિય પદ છે.

"સાધુ તારો સંગડો છોડું મેરે લાલ."

આ પદની એક કડીમાં આંતરશુધ્ધિ વિના બાહ્મય શુધ્ધિ નિરર્થક છે, તે દર્શાવતા ત્રિકમ સાહેબ કહે છે કે,

"કપડા ભી ધોયા, સંતો અંચલા બી ધોયા,
જબ લગી મનવો ન ધોયો, મેરે લાલ
લાલ મારા દિલમાં લાગી વેરાગીજી."[૩૪]

બાહ્યાચારની શુધ્ધિ માટે "કપડા અને અંચલો"નું રૂપક કબીરનાં પદોની પરિભાષાનું પ્રતિબિંબ છે.

ત્રિકમ સાહેબ ગુરુ ખીમ સાહેબને તો પદે પદે સંભારે છે, આરાધે છે, ખીમ સાહેબ ઉપરાંત ભાણ સાહેબ અને રવિ સાહેબને પણ કેટલાંક પદોમાં ભારપૂર્વક સમર્યાં છે. એ સિવાયના કોઇ સંતને ત્રિકમ સાહેબ યાદ કરતા નથી. સિવાય કે કબીર સાહેબ.

"અજર હંસ અમુલખ હૈ, કરતા કબીર કમાઇ,

જે કોઇ સમજ્યા સાનમાં, તેને દૂજા નહિ દરસાઇ."[૩૫]

ઉપરના પદમાં જે અવસ્થા પ્રાપ્ત કરનાર જીવ આત્માની અજર, અમર, પરમ અવસ્થા પ્રાપ્ત કરે છે. તેના દૃષ્ટાંતમાં કવિ કબીરનો ઉલ્લેખ કરે છે અને તેને પોતાના પરમ આદર્શ તરીકે સ્થાયે છે, તે જ પદની અંતિમ કડી તો અદ્વૈતાનુભવની વૈખરી વાણીનું દૃષ્ટાંત પૂરું પાડે છે.

"આગે હતા વો અબ મિલા, અબકે, સાંસે નાંઇ,

કહે 'ત્રિકમ' ગુરુ ખીમને ચરણે, હંસા-હંસ મીલાઇ"[૩૬]

આ બંને પદમાં ગુજરાતી-હિન્દી મિશ્રભાષા કવિ ત્રિકમ સાહેબના સબળ ભાષાકર્મનું દૃષ્ટાંત છે. આ ભાષા કર્ણપટું નથી, 'લાકડી' છે. કારણ અનુભૂતિ સાથે તેનું અનુકરણ સંપૂર્ણ છે. કવિ એવી અવસ્થાની વાત કરે છે. જયારે ભાષાના પ્રાદેશિક અને વ્યાકરણી ભેદો ભુંસાઇ જાય છે. બાવનની બહારના અવ્યકત તત્ત્વોને વ્યકત કરવા બાવનની જ સૃષ્ટિ રચાય છે. અને તેમાં ભાષાનો ખરેખર વિજય થાય છે. આમ ત્રિકમ સાહેબ ભાષા કર્મથી અભાન કવિ હતા. તેમને માટે તો અંતરની વાણી જ સાચી હતી. આંતર-સરવાણીને ઝીલતી વાણી આપો આપ ફૂટી નીકળતી. આમા પરંપરાના સંસ્કારો કામ કરી જતા છતા ભાષાની આળપંપાળ આ કવિએ કરી નથી. "ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર" આ બધું ભક્ત કવિતાઓ માટે સાચી છે અને ત્રિકમ સાહેબ એમનું સબબ દૃષ્ટાંત છે.

આમ ત્રિકમ સાહેબનું કવન-ભજનવાણી વિવિધ ભાવોની અભિવ્યકિત સાધે છે. તેમણે પરમતત્ત્વને નિર્ગુણ, નિરાકાર માની આત્મલક્ષી સ્વરૂપે પરમતત્ત્વની સાધના કરી પરમતત્ત્વ અભિવ્યકિતનાં નહીં. પરંતુ અનુભુતિનો અનુભવ છે. તેમ માની જુદા જુદા પ્રસંગોએ અનુભવેલા પોતાનાં વિવિધ સંવેદનોને વાચા આપી ભજન-વાણીનું નિર્માણ કરેલ છે. તેમની તમામ વાણીઓના કેન્દ્રમાં 'નીજ સ્વરૂપ' ઓળખવાની વાતો જાણવા મળે છે. અને આપણે સહું ને એ 'નીજ સ્વરૂપ'ની ઓળખાણ થાય એ જ અભ્યર્થના...

# સંદર્ભ સૂચિ


(૧) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : લે. ડો. એન. યુ. ગોહિલ, ડો. નિરંજન રાજયગુરુ

(૨) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૮૪ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૩) એજન : પૃ. ૧૮૪

(૪) ભજનરૂપ દર્શન : લે. ડો. નાથાલાલ ગોહિલ. પ્ર. આ. ૨૦૦૩ પૃ. ૧૪૧ પ્રકાશક: પાર્શ્વ પ્રકાશન-અમદાવાદ.

(૫) અલખના આરાધક : ત્રિકમ સાહેબ : લે. ખાનચંદ ગુરુઆ પૃ. ૯૬

(૬) યોગ વેદાંત ભજન ભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી આવૃત્તિ છઠ્ઠી : પૃ. ૧૪૧ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૭) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૮૭ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૮) યોગ વેદાંત ભજન ભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી આવૃત્તિ છઠ્ઠી : પૃ. ૧૪૪ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૯) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૮૭ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૧૦) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : લે. ડો. નિરંજન રાજયગુરુ

(૧૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૮૮ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૧૨) એજન : પૃ. ૧૮૮ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૧૩) યોગ વેદાંત ભજન ભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી આવૃત્તિ છઠ્ઠી : પૃ. ૧૪૪ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજી

(૧૪) મોરલો મરત લોકમાં આયો, લે. ડો. એન. યુ. ગોહેલ, પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૩૦ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૧૫) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : લે. ડો. મનોજ રાવલ પ્ર. આ. ૧૯૯૪ પૃ. ૬૮ પ્રા. પ્રવીણ પુસ્તક, રાજકોટ

(૧૬) સત સાહેબની સરવાણી ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૦ પૃ. ૧૭૨ પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી

(૧૭) એજન પૃ. ૧૭૬

(૧૮) સંતવાણીનું સત્ત્વ અને સૌંદર્ય : લે. ડો. નિરંજન રાજયગુરુ પ્ર.આ. ૧૯૯૪, પૃ. ૭૪ પ્ર. પ્રવીણ-પુસ્તક-રાજકોટ

(૧૯) યોગવેદાન્ત ભજનભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃતિ : પૃષ્ઠ ૧૪૨ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૨૦) સત્ સાહેબની સરવાણી લે. ડો. એન. યુ. ગોહેલ પ્ર. આ. ૨૦૦૦ પૃ. ૨૦૬ પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર

(૨૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૯૦ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૨૨) સત્ સાહેબની સરવાણી લે. ડો. એન. યુ. ગોહેલ પ્ર. આ. ૨૦૦૦ પૃ. ૨૦૬ પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર

(૨૩) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૯૧ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૨૪) સત્ સાહેબની સરવાણી લે. ડો. એન. યુ. ગોહેલ પ્ર. આ. ૨૦૦૦ પૃ. ૨૦૫ પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર

(૨૫) યોગવેદાન્ત ભજનભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ : પૃષ્ઠ ૧૪૧ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૨૬) ભજનરૂપ દર્શન : લે. ડો. નાથાલાલ ગોહિલ. પ્ર. આ. ૨૦૦૩ પૃ. ૧૪૧ પ્રકાશક: પાર્શ્વ પ્રકાશન-અમદાવાદ.

(૨૭) યોગવેદાન્ત ભજનભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃત્તિ : પૃષ્ઠ ૧૪૪ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૨૮) યોગવેદાન્ત ભજનભંડાર : લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ છઠ્ઠી આવૃતિ : પૃષ્ઠ ૧૪૪ પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ

(૨૯) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૧૯૮૭- પૃ. ૧૪૫ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૩૦) એજન, પૃ. ૨૮૧

(૩૧) એજન, ૨૮૪

(૩૨) યોગવેદાન્ત ભજન ભંડાર - પ્ર. પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદભાઇ, છઠ્ઠી આવૃત્તિ, પૃષ્ઠ-૧૪૦

(૩૩) એજન, પૃ.૧૪૩

(૩૪) એજન, પૃ.૧૪૪

(૩૫) એજન, પૃ.૧૪૩

# ◈પ્રકરણ-૫◈

# ભીમ સાહેબનું જીવન-કવન

ભીમ સાહેબનો જન્મ મોરબી પાસે આવેલ આમરણ ગામમાં થયો હતો.

તેઓના પિતાનું નામ દેવજીભાઇ અને માતાનું નામ વિરૂબાઇ હતું. જ્ઞાતિએ એ મેઘવાળના બાહ્મણ ગરવા (ગરોડા) હતા. પણ "શ્રી 'દેવેન્દ્ર કુમાર પંડિત' ભીમ સાહેબને પરજિયા ચારણ જ્ઞાતિના છે અને તેમના પિતાનું નામ હમીરદાર હોવાનું જણાવે છે. "[૧]

તો ડો. દલપત શ્રીમાળીના મતે ભીમસાહેબ ગરોડા-બ્રાહ્મણ જ્ઞાતિના છે"[૨] બંનેમાંથી કોઇપણ પોતાના મંતવ્યના સમર્થનમાં પ્રમાણ આપતા નથી. પરંતુ પરંપરા અનુસાર ભીમસાહેબ હરિજન ગરોડા હોવાનું જાણવા મળે છે. ઉપરાંત ભીમ સાહેબનાં પદોના નામાચરણમાં તેઓ પોતાને 'ભીમદાસ' તરીકે ઓળખાવે છે. જે તેઓ ચારણ હોવાના મતનો નિષેધ કરે છે. ચારણ જ્ઞાતિના હોય તો તેના નામ પાછળ 'દાન' અથવા એવા કોઇ અનુગ વિના તેમને હરિજન ગણવાનું વધુ તર્કયુકત છે.

ભીમ સાહેબને જન્મથી જ તેમના માથામાં શિંગડીની નિશાની હતી અને તેથી તેઓ એકલશિંગના અવતાર મનાતા હતા. અને તે અંગેની સાખી પણ પ્રચલિત છે.

"એકલશિંગી આવિયા, આમરણમાં અવતાર,
જ્ઞાતિકુળ ગરવા તણી, સમજે સમજણહાર"[૩]

એકલશિંગી ઋષિનો ઉલ્લેખ રામાયણમાં જોવા મળે છે. દશરથ રાજાને ત્યાં થયેલ પુત્રેષ્ટિ યજ્ઞમાં શૃંગીઋષિ પધાર્યા હતા. તે જ આ એકલશિંગી ઋષિ. તેઓના મસ્તકમાં શિંગડી હતી. તે પ્રકારની શિંગડી ભીમ સાહેબના મસ્તકમાં પણ હતી. ભીમ સાહેબ નાનાપણથી જ ભક્તિ-માર્ગના માર્ગે વળેલા હતા. આમરણથી તેઓ ચિત્રોડ ત્રિકમ સાહેબની જગ્યામાં ગયા અને ત્યાં દીન, દુ:ખિયા અને ગરીબોની સેવા કરવા લાગ્યા. ત્રિકમ સાહેબ જયારે ભૂજિયા જેલમાં કેદ થયા હતા. ત્યારે ભીમ સાહેબ પણ તેઓની સાથે જેલમાં રહ્યા હતા. ભીમ સાહેબનો આટલો બધો ભક્તિભાવ જોઇને ત્રિકમ સાહેબે ગુરુબોધ આપી તેમને સિધ્ધ સાધુ બનાવ્યા હતા. અને ત્યારે નીચે પ્રમાણેની સાખી પ્રચલિત થાય છે.

"ત્રિકમ તનમાં પ્રગટિયા, અંતર ભયો ઉજાસ,
તિમિર હતું તે ટળી ગયું. ભાવે કહે ભીમદાસ."[૪]

ભીમ સાહેબના જીવન સાથે ઘણા ચમત્કારિક પ્રસંગો જોડાયેલા છે તેમાંના એક પ્રસંગના સાક્ષી અને પરીક્ષક હતા દાસીજીવણ. દાસી જીવણ ત્યારે જીવણ દાફડા તરીકે ઓળખાતા. તેઓ સત્તર-સત્તર ગુરુઓથી પણ સંતોષ પામ્યા ન હતા. પરંતુ આ પ્રસંગથી તેઓ ભીમ સાહેબને શરણે ગયા અને તેમને પોતાના પરમ ગુરુ બનાવ્યા. અને પોતે દાસી જીવણ તરીકે રૂપાંતર પામી ખ્યાતિ મેળવે છે.

આમરણની જગ્યામાં ભીમ સાહેબ ઢોલિયા ઉપર બેઠા હતા. નીચે જીવણ દાફડા અને અન્ય સમાજ બેઠો હતો. ત્યાં અષાઢી બીજના પાટનો 'વાયક' લઇને ઘુંવાવ ગામથી સેવકો આવે છે. 'કંકુ-ચોખા સોપારી' નો વાયક-નિમંત્રણ ભીમ સાહેબ ભાવેથી સ્વીકારે છે. તેનો અર્થએ પણ થાય કે હવે અષાઢી બીજના દિવસે ગમે તેવા સંજોગો આવે છતાં આ પાટ ઉપાસનામાં પહોંચવું જ પડે. વાયક સ્વીકાર્યા પછી જવું જ પડે તેવો આ ધર્મ પરંપરાનો નિયમ છે. વળી ત્યાં તો ભીમ સાહેબને ગુરુગાદીએ બેસવાનું હોય એટલે તેમણે તો ગયા વગર ચાલે જ નહીં. મૂળે આ મહાપંથી સાધના ધારા રામદેવપીરની પાટ ઉપાસના સુધી પહોંચી તે પરંપરા મેઘવાળ સમાજમાં આજે પણ ચાલી રહી છે. ભીમ સાહેબ રવિ-ભાણ સંપ્રદાયના સંત-ભક્ત કવિ સંત જે સમાજ સાથે જોડાયેલ હતા એ સમાજની પાટ ઉપાસના પણ છોડી નથી.

અષાઢી બીજનો વાયક સ્વીકારી લીધા પછી બીજા દિવસ વીજરખી ગામેથી સેવક સમાજ આવ્યો ને અષાઢી બીજના પાટનો વાયક આપ્યો. આ વાયક પણ ભીમસાહેબે સ્વીકાર્યો. તે પછી જાંબુડા અને બાણુંગાર ગામનો વાયક પણ અષાઢી બીજનો જ આવ્યો. ને તે પણ ભીમ સાહેબે સ્વીકાર્યો. હવે જીવણના મનમાં મોટી ઉથલ-પાથલ થવા લાગી કે એક જ સમયે આ ચાર ગામે ગુરુગાદીએ જયોત પ્રગટાવવા ભીમ સાહેબ કઇ રીતે જઇ શકશે ? આ ગડમથલ ચાલતી હતી. ત્યાં પાંચમા ગામ પડાણાથી વાજતે ગાજતે સેવક સમાજ અષાઢી વીજનો વાયક લઇને આવ્યા. ગુરુમહારાજ આપે અમારે ત્યાં આવવું જ પડશે. કેટલાકની આંખમાં તો આંસુ હતા. પ્રભુ ! અમારે આંગણે આવ્યા વગર તો ચાલશે નહીં ને એ વાયક પણ ભીમ સાહેબે સ્વીકાર્યો. હવે જીવણને થયું કે આ પાંચે પાંચ ગામ ભીમ સાહેબ પહોંચી શકે ન નહીં ને સતના પારખા આપોઆપ થઇ જશે.

અષાઢી બીજનો દિવસ આવ્યો. સંધ્યા ઢળવાની તૈયારી થઇ. ગુરુ ભીમ સાહેબ વાયક પ્રમાણે કોઇ એક ગામ પહોંચી પણ ગયા. અહીં જીવણે એક પાણીદાર ઘોડી તૈયાર રાખી. રાત્રીના નવ થયા ત્યાં ધુંધાવ ગામે પહોંચી ગયા. મેઘવાળ વાસમાં પૂછયું કે આજે અહીં શું છે ? તો કહેવામાં આવ્યું કે અમારે ગામ પાટ-પરસાદી છે. અને ગુરુ ભીમ સાહેબ પધાર્યા છે. સાંજે તેમનું સામૈયું થયું હતું. ને અત્યારે જયોત પ્રકાશ થશે.

કોઇ ન ઓળખે એ રીતે જોયું તો ગુરુવાદીએ ભીમસાહેબ બેઠા હતા. જયોત પ્રકાશ થઇ ગયો હતો ને અલખધણીની આરતી બોલાતી હતી.

"ઉઠત રણુંકાર અપરમપારા,
અખંડ આરતી બાજે ઝણકારા."[૫]

જીવણ ધુંધાવ ગામેથી વીજરખી ગામે ગયા તો ત્યાં પણ સાંભળવા મળ્યું કે ગુરુભીમ સાહેબ પધાર્યા છે. ને પાટે ભજન થઇ રહ્યા છે. જીવણ જયોત પાટે ગયા તો ભીમ સાહેબના ખોળામાં રામસાગર છે. આંખો બંધ છે ને ભજન ગાઇ રહ્યા છે.

"સુન લે સુષમણા નારી,
મેં અજબ નામ પરવારી.
અજબ નામ હૈ સબસે ન્યારા,
ખોજ ખોજ તું સંસાર."[૬]

જીવણને હવે કયાંય ચેન પડતું નથી. એટલે મારતી ઘોડીએ ત્રીજે ગામે જાંબુડા જાય છે. તો ત્યાં પણ સાંભળવા મળ્યું કે આજે તો ભાઇ ! અમારે આંગણે આનંદ-ઉત્સવ છે. સમી સાંજના ગુરુ મહારાજ પધાર્યા છે. ઘેર ઘેર પધરામણ કરીને અત્યારે અલખભજન ધૂન જામી છે. જયોત પાટે જઇ તપાસ કરે છે તો ગુરુ મહારાજ જયોતમાં 'ગરથ' ઘી પુરી રહ્યા છે. ને તે પછી ભજન ઉપાડે છે.

"સંતની સેવા ગુરુની ભક્તિ, અવિચળ રૂડો ઉપાય,
આધિનતા રાખો અંતરમાં, તારું કાળ ન ખાય."[૭]

જીવણની ધીરજ હવે તૂટવા લાગી છે રાત્રીનો ત્રીજો પ્રહર હવે પુરો થવામાં છે. ને ચોથે ગામ બાણુંગાર પહોંચે છે. તો ત્યાં પણ ભીમ સાહેબ ભજન ગાઇ રહ્યા છે.

"સહું નગરમાં વણજે મળ્યા, થોકે ભેળ થાય,
ભરાણી ગુજરી, 'ભીમ' કહે આવ્યા તેવા જાય."[૮]

જીવણ ત્યાંથી પાંચમે ગામ પડાણા પહોંચે છે. હવે તો સવાર થવાની તૈયારીમાં છે. અલખજયોત વધાવી પાટ વળાવવાનો સમય થયો છે. ભીમ સાહેબ મોતીથી જ્યોતને વધાવવાની તૈયારી કરી રહ્યા છે ત્યાં પરસેવે રેબઝેબ, થાકીને લોથપોથ થઇ જીવણ ભીમસાહેબનાં ચરણોમાં ઢળી પડે છે. આંખમાં આંસુડાં, બંને હાથ જોડેલા, વાણીમાં વલોપાત સાથે કરગરીને વિનંતી કરે છે કે 'ગુરુમહારાજ' મને માફ કરો મારાથી આપની પરીક્ષા લેવાઇ ગઇ. આપ તો સમરથ ધણી છો. મને તમારાં ચરણોમાં સ્થાન આપો.

ભીમ સાહેબ જીવણને બાથમાં લે છે, ને થોડું પંપાળે છે ને પછી કહે છે કે તારી પરીક્ષામાં ઘોડીને પાંચ ગામનો પંથ કાપવો પડયો ને વગર વાંકે દોડાવી દોડાવીને

દુ:ખી દુ:ખી કરી નાખી. હવે જો તને મારામાં વિશ્વાસ બેસતો હોય, આ અલખધણીની મહાજયોતમાં શ્રધ્ધા હોય તો આ જ્યોતની છાયામાં બેસી જા. જીવણ બેસી જાય છે. ભીમ સાહેબ જીવણની આંખો સામે તાર મિલાવે છે, સુરતાનો દોર જ્યોત જોડી આપે છે ને ગુરુમુખી મંત્ર દીક્ષા આપે છે ત્યાં તો અજવાળું-અજવાળું થઇ જાય છે. અને જીવણ મટી દાસી જીવણ બની ખ્યાતિ મળેવે છે.

ભીમ સાહેબના જીવનનો બીજો એક પ્રસંગ છે કે એક વખત આમરણમાં ભજન ચાલી રહ્યા હતા. ત્યારે ભજન ગાતા-ગાતા ભીમ સાહેબ અટકી જાય છે ને ધ્યાનસ્થ બની જાય છે. થોડા સમય પછી જાગ્રત થયા પછી સેવકો પૂછે છે કે ગુરુજી ! આપ એકાએક કેમ ધ્યાનસ્થ થઇ ગયા ? ત્યારે ભીમ સાહેબ જણાવ્યું કે, “પાસેના મોડપર ગામમાં પભા ભગતના આંગણે લીંબડાનું ઝાડ છે, તેના પર એક મોર બેઠો હતો. તેનો શિકાર કરવા બિલાડીએ તરાપ મારી, એટલે મોર ને બચાવવા ધ્યાનસ્થ થવું પડયું.” બીજે દિવસે સેવકોએ તપાસ કરી તો જાણવા મળ્યું કે રાત્રે કોઇ ગેબી અવાજ થયો ને ત્યારે મોર ઊડીને ચાલ્યો ગયો હતો.

ભીમ સાહેબના લગ્ન કુતાસીના દેવ-સ્વરૂપ મોંઘીબાઇને તપ કરવું હતું એટલે કુંવારા-મ્હેણું ટાળવા એમણે ભીમ સાહેબ સાથે લગ્ન કર્યા. લગ્ન પછી બંનેએ નૌષ્ઠિક - બ્રહ્મચર્ય પાળી પ્રભુ-આરાધના કરતાં રહ્યાં. અને ભીમ સાહેબે પોતાની પત્નીને ઉપદેશ આપ્યો હતો.

ભીમ સાહેબના બે શિષ્યો છે : દાસી જીવણ અને અક્કલદાસ. આ બંને હરિજન ભકત કવિઓ છે અને આ રવિ-ભાણ પરંપરા સાથે જોડાયેલા છે.

## ભીમ સાહેબની વાણી :-

ભીમ સાહેબની માત્ર છ પદ રચનાઓ પ્રાપ્ત થાય છે અને ચાર સાખીઓ છે. તેમાં એક પદ દાસી જીવણને સંદેશારૂપે મોકલી ઉપદેશ આપેલ છે. બીજું પદ ‘ઉક્ત રણુંકાર’ આરતી છે. બાકીનાં પદો છે. કાવ્યકૃતિઓ ઓછી હોવા છતાં અન્ય ભક્ત કવિઓએ જે ઇશ્વર વિશેની તાત્ત્વિક ફિલચૂફી સમજાવી છે તે ફિલસૂફી તેઓનાં આ પદોમાં જોઇ શકાય છે. ભીમ સાહેબ નામસ્મરણરૂપ ભક્તિને મહત્ત્વ આપે છે. નામનું સ્મરણ, ઇશ્વરનું સ્મરણ દરેક ભક્ત કવિએ સ્વીકાર્યું છે. આ અજબ નામની ખોજ કરી તેનું રટણ કરવાથી સિધ્ધિ પામી શકાય છે. તે નામનું રટણ કરવાની ભીમ સાહેબ કહે છે કે હું તો આ નામ પર વારી જાઉં છું કારણ કે આ નામથી જ:

“પરા પારમેં અપરમ દેખ્યા, એસા હે ગિરધારી,
અકડ ભોમ પર, અકડ સોમ હૈ, ગજ ગુણિકા ઉગારે
મે અજબ નામ પર વારી.”[૯]

આ નામની ભક્તિ કરવાથી પ્રહલાદ બળતા સ્તંભથી ઊગરે છે, બળતા નિંભડામાંથી બિલાડીના બચ્ચા ઊગરે છે, ગજરાજ મગરના મુખમાંથી ઊગરે છે, વેશ્યા મુક્તિ મેળવે છે. આ નામનું ધ્યાન ધરતા ત્રિકૂટીમાં ધૂન જગાવવાથી ચૌદ લોકની આરપાર રહેલા ઇશ્વરના અખંડ જયોતિરૂપે દર્શન થાય છે. આ અખંડ જયોતના દર્શન થતા દિવ્ય આરતી સંભળાય છે.

"ઉક્ત રણુંકાર અપરમપાર,
અખંડ આરતી બાજે ઝણકાર."[૧૦]

આ અનાહત નાદ સંભળાય છે. ત્યાં પહોંચતા નરનારીના ભેદ રહેતા નથી. આપે નર ને આપે નારી બની જાય છે. ભીમ સાહેબ યોગક્રિયા પણ સમજાવે છે.

"ગંગા જમુના સરસ્વતી, તરવેણીના ઘાટે રે,
સુખમન સુરતા રાખીએ વળગી રહયેં ઇ વાટે."[૧૧]

શ્વાસોચ્છવાસની ક્રિયા દ્વારા ઇંગલા, પિંગલા, સુષુમણા નાડીનો ત્રિવેણી ઘાટ છે. ત્યાં ધરવાનું છે.

"આણી અગર પર એક છે, હેરો રમતા રામ રે,
નિસદિન નીરખો નેનમાં, સતપુરુષ સામા રે."[૧૨]

નાસાગ્રે ધ્યાન સ્થિર કરવાથી પરમાત્માના દર્શન થાય છે. ગોરખે પણ આ વસ્તુ સમજાવતા જણાવ્યું છે કે

"દિષ્ટિ મધ્યે અદિષ્ટિ બિચારિબા,
ઐસા અગમ અપાર."[૧૩]

**- ગોરખ**

આ દૃશ્ય જગતમાં જ અગમ્ય અને અદૃશ્ય જેનો પાર ન પામી શકાય. એવા જગદીશ્વરના દર્શન કરવા જોઇએ. આ નૂરત-સૂરતની સાધના કોઇ પ્રેમીજન જ કરી શકે છે. આ સાધના સિધ્ધ થયા પછી બ્રહ્મરન્ધ્રમાં થતા અનાહતના નાદને સાંભળી શકાય છે. આપણું અજ્ઞાન રૂપી અંધારું ટળી જાય છે ને નજરે નૂર આવે છે.

ભીમ સાહેબે સાખી, આરતી અને પદ ત્રણેય કાવ્ય પ્રકાર ઉપર કલમ ચલાવી છે. તેઓના પદના શબ્દોના ભાવની સઘનતા ઠોસ રીતે ભરી છે. થોડા શબ્દોમાં ઘણું કહેવાની તાકાત છે.

લોકભાષા વેદ-ઉપનિષદોમાં કહેવાયેલું સત્ય પણ કેટલું સરળ અને સહજ રીતે કહી શકે છે. તેનું દૃષ્ટાંત 'ઉકત રણુંકાર' એ પદ પૂરું પાડે છે. આ પદમાં અનાહત નાદનો મહિમા વણર્વાયો છે. નાદ અને પ્રકાશ એમ બને સ્વરૂપે પરમતત્ત્વના આવિષ્કારનો અનુભવ વર્ણવતા આ ભક્ત કવિ પરમાત્માને કહે છે.

"સોળ વાલ પર એર રતી સરદારા
ચૌદિસે બોલે વચન ચોધારા,
ઉક્ત રણકારા અપરમપારા."[૧૪]

એક કહે છે ત્યાં સમસ્ત બ્રહ્માંડથી ય પરમાત્મા દશ આંગળ ઊર્ધ્વ છે. એ આર્ષવાણીનું લોકવાણીમાં રૂપાંતર છે. આજ આરતી પદની નામાચરણની પંક્તિમાં જોવા મળે છે.

"ભ્રમ સિન્ધુ સારા,
બ્રહ્મ જલ ભરિયા ભીતર-બારા."[૧૫]

એક કહીને રૂપક દ્વારા તેઓ કેવળ ભવસાગરને મિથ્યા જ માત્ર કહેતા નથી. 'સિન્ધુ' શબ્દથી સાગર કિરનારાની સ્થૂળતાનો પણ નિષેધ કરે છે અને બ્રહ્મરૂપી જલને બાંધનારો કોઇ કિનારો જ નથી, અંદર બહાર, સર્વત્ર અપરંપાર તે વિલસી રહ્યો છે. એ પરમ સત્યનું નિરૂપણ કરે છે.

એક બીજું રૂપક પણ તેમના કવિત્વનું સરસ દૃષ્ટાંત બન્યું છે. 'સહું નગરમાં વણજે મળ્યા' એ પદની પહેલી કઠીમાં આ જગતને 'ગુજરી' સાથે સરખાવે છે. પરંતુ આ રૂપક પછીની પંક્તિઓમાં લંબાતું  નથી. 'આવ્યા તેવા જાય' એક કહીને ભવનો ફેરો ફોગટ છે. તે દર્શાવીને પછીની પંક્તિઓમાં તેઓ ઇશ્વર શક્તિનો મહિમા કરતા વેલમાં પાંદડાનું રૂપક યોજે છે.

"વેલેથી વછૂટયું પાંદડું, ફરી વેલે ન સંધાય,
કાયા-વેલો પવન-પાંદડું, ભાંગ્યો ભવ ન સધાય."[૧૬]

જીવનની ક્ષણભંગુરતા દર્શાવવા માટે અને જીવન કેવળ પ્રભુકૃપા પર નિર્ભર છે. એ દર્શાવવા માટે આ રૂપક ઊણું ઉતરતું નથી.

મહામાર્ગ સાંપ્રદાયિક કોઇ ભીમ સાહેબ જ્યોત-પ્રકાશનો મહિમા તો કરે જ, પરંતુ તેમના ઉપલબ્ધ બધાં પદોમાં નાદ, અનાહતના પ્રતીક તરીકે 'રણુંકાર'નો મહિમા પણ થયો છે. યૌગિક પરિભાષા પણ અનાયાસ યોજાઇ છે. "સુન લે સુષુમણા નારી" એ પદ પરાતત્ત્વની સાધનાનું, સગુણ અને નિર્ગુણ સ્વરૂપની આરાધનાનું જ્યોતિ સ્વરૂપ અને નાદસ્વરૂપ બ્રહ્મની ભક્તિનું કવિત્વ યુકત પદ છે.

# સંદર્ભ સૂચિ


(૧) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ છે, ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. સા.૧૯૮૭, પૃ. ૧૯૬

(૨) એજન, પૃ. ૧૯૬

(૩) સતસાહેબની સરવાણી લે. ડો. એન. પ્ર. ગોહેલ, પૃ.૨૯૯, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી.

(૪) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ છે, ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ પૃ. ૩૦૦

(૫) એજન, પૃ. ૧૯૯

(૬) યોગવેદાન્ત ભજનભંડાર- પ્રેમવંશ જગદીશભાઇ ગોવિંદજીભાઇ છઠ્ઠી આવૃત્તિ, પૃ.૧૪૬

(૭) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ છે, ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. સા.૧૯૮૭, પૃ. ૧૬૦

(૮) એજન, પૃ. ૩૦૦

(૯) એજન, પૃ. ૨૯૮

(૧૦) એજન, પૃ. ૨૯૭

(૧૧) ભજન રૂપ દર્શન : લે. ડો. એન. યુ. ગોહેલ, પ્ર.આ. ’૦૩

(૧૨) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ છે, ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ પૃ. ૨૯૯

(૧૩) સન કેરી વાણી : સં. મકરન્દ દવે-પ્ર. આ. પૃ. ૩૯ પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ’વાદ.

(૧૪) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ છે, ડો. નાથાલાલ ગોહિલ, પ્ર. આ પૃ. ૨૯૮

(૧૫) એજન, પૃ. ૨૯૪

(૧૬) એજન, પૃ. ૩૦૦

# ◈પ્રકરણ-૬ ◈

# નથુરામ સાહેબ

નથુરામ સાહેબનો જન્મ સંવત-૧૭૦૪માં રાધનપુર જિ. પાટણ (ઉત્તર ગુજરાત) માં થયેલ જણાય છે. તેઓ ત્રિકમ સાહેબના આશ્રમ ચિત્રોડમાં રહીને ગુરુ સેવા કરીને ભક્તિના રંગે રંગાયા હતા. તેમના જીવન વિશે સંપૂર્ણ માહિતી મળી શકતી નથી.

નથુરામ સાહેબના પદમાં યોગ, રહસ્ય અને ઉપદેશ જોતા મળે છે. નથુરામ સાહેબની વાણીમાં કાયારાણીને જૂઠું ન બોલવાનું કહીને ઠપકો આપતા કહે છે કે...

"જૂઠી રે કાયા રાણી જૂઠું ન બોલો, વઢશે તુને તારો ઘડનારો,
જૂઠી કાયા, જૂઠી માયા, જૂઠા જગ ભરમાયા,
અંતકાળે જવું એકલું, મરમ કોઇ વિરલે પાયા."[૧]

નથુરામ સાહેબ સદ્‌ગુરુથી મનને પ્રીત કરવા ભલામણ કરે છે. કુટુંબ કબીલા તથા ઇન્દ્રિયોના વિષય રસમાં મોહિત ન થવા ચિત્ત નિર્મલ રાખવા, મમતા તજવા અને જે નિત્ય તત્ત્વ સદ્‌ગુરુ છે. તેની પ્રાપ્તિ, શાંતિ મેળવવા માટે ભજન કરી લેવા ભલામણ કરતા કહે છે કે...

"સદ્‌ગુરુ સે કર પ્રીત રે મન ? સદ્‌ગુરુ સે કર પ્રીત રે,
કાકા, મામા કુટુંબી સંબંધી, સ્વાર્થ કે હય મીત રે,
અંતકાલ કોઇ કામ ન આવે, કરલે દૃઢ પરતીત રે..."[૨]

આ પરંપરાના જ સંત શ્રી જેઠીરામની વાણી પણ નથુરામ સાહેબની વાણીને મળતી આવે છે.

"ભક્તિ કરો મારગ રે, ફૂલો કેરી પાંખડી રે, ફૂલો કેરી પાંખડી રે,
સુંઘે તેને સ્વાદ ઘણો રે હા..."[૩]

નથુરામ સાહેબ શરીરરૂપી પિંજરને જોરથી ન પકડવા ભલામણ કરતા કહે છે, માત્ર તમે આ દેહમાં બે દિવસના મહેમાન છે. માથે કાળરૂપી જમનો ડર છે, માટે આ અખિલ બ્રહ્માંડના સ્વામી ઇશ્વરને જાણી તેની બંદગી કરી લ્યો. આ વાત તેમની આ વાણીમાં જોવા મળે છે.

"પ્રાણી મત કરના પતીઆર, પ્યાર પિંજર કા,
તુમ દો દિન કા મહેમાન, ધોકા જમકે ડરકા,
કંઇ અજબ ઝરુખા મહેલ, માળીએ વસતા,
ઔર ધન જોબન કા જોર, મહામદ મસ્તા."[૪]

આમ નથુરામ સાહેબની વાણીમાં અલખના નામની ધૂન જગાવી, ત્રિવેણી સાધના કરી, અનાહત નાદ સાંભળવાનું કહે છે.

નથુરામ સાહેબના બે સમર્થ શિષ્ય થયા. એક બાળક સાહેબ અને બીજા નાનક સાહેબ નથુરામ સાહેબે રાધનપુરમાં સમાધિ લીધેલ છે, એવું જાણવા મળે છે.

# સંદર્ભ સૂચિ

(૧) 'સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ' : લે. ડો. એન.યુ. ગોહિલ, પૃ. ૩૦૨
(૨) 'મેરી નજરે મોતી આયા', સં. સંદીપ રાઠોડ પૃ.૧૦૨
(૩) 'મેરી નજરે મોતી આયા', સં. સંદીપ રાઠોડ પ્રા. આ. પૃ. ૧૦૩
(૪) એજન પૃ. ૧૦૩

## ◈પ્રકરણ-૭◈

# લક્ષ્મી સાહેબનું જીવન-કવન

અલખના આરાધક ત્રિકમ સાહેબે સનાતન ધર્મનો નેજો ફરકતો રાખવા સમર્થ શિષ્યો બનાવી સાત જગ્યાએ જગ્યાઓ સ્થાપી ઊજળી પરંપરાનો વિશાળ પ્રવાહ અસ્ખલિતપણે વહેતો રાખવા ચિત્રોડમાં ત્રિકમ સાહેબે આશ્રમ સ્થાયી તેના વારસ લક્ષ્મી સાહેબને બનાવે છે. લક્ષ્મી સાહેબને ત્રિકમ સાહેબના ભત્રીજા અને શિષ્ય હતા.

લક્ષ્મી સાહેબ ભૈરવના ઉપાસક હતા. તેમણે ભૈરવની ઉપાસનાથી ત્રિકમ સાહેબને જેલમાં પુરાવ્યા હતા. ચિત્રોડ વાગડમાં એ સમયે ચાર વર્ષ સુધી એક સાથે દુષ્કાળ પડે છે. ચારે તરફ હાહાકાર ફેલાઇ જાય છે. પશુ-પક્ષી અને માનવજાત મૃત્યના મુખમાં હોમાવા લાગ્યા. એ સમયે પણ ત્રિકમ સાહેબે અન્નક્ષેત્ર ચાલુ રાખ્યું. આ સિધ્ધિથી લક્ષ્મી સાહેબને ઇર્ષા આવે છે અને ત્રિકમ સાહેબને જેલમાં પુરાવ્યા અને મંત્રબળથી ત્રિકમ સાહેબની જગ્યામાં અનેક વિધ્નો નાખ્યાં. અનાજ, પાણી અદ્દશ્ય કરી દીધું અને પ્લેગ રોગ ફેલાવે છે અને તે સમયના રાજા રાવ દેશળજીને ફરિયાદ કરે છે કે ત્રિકમ સાહેબ દરેક જ્ઞાતિને એક રસોડે ભોજન કરાવે છે, તેથી દુષ્કાળ અને આ રોગ થયો છે. અને રાજાએ ત્રિકમ સાહેબને જેલમાં પૂરી દે છે.

લક્ષ્મી સાહેબને આટલેથી સંતોષ ન થતા તેણે ભૈરવ પાસે ત્રિકમ સાહેબને મારવાનું કામ સોંપે છે. ત્યારે ભૈરવ કહે છે કે લક્ષ્મીદાસ તમે માર્ગ ભૂલ્યા છો. ત્રિકમ સાહેબ હનુમાનજીના અવતાર છે. અને તમે હનુમાનજીના પુત્ર (પરસેવાના બિંદુથી પેદા થયેલ પુત્ર) મકરધ્વજના અવતાર છો. લક્ષ્મી સાહેબને આ વાતની જાણ થાય કે ગુરુશિષ્યનો સંબંધ પિતા-પુત્રનો છે. તે પછી ત્રિકમ સાહેબને જેલમાંથી મુકત કરાવે છે.

લક્ષ્મી સાહેબના જીવનનો બીજો એક મહત્ત્વનો પ્રસંગ છે કે વિક્રમ સંવત ૧૮૪૦માં દુષ્કાળ પડે છે. ત્યારે ચિત્રોડના વીરા વાણિયા પાસે અનાજનો સંગ્રહ હતો અને બધું જ અનાજ પોતાની ગોડાઉન ભરી રાખતો. તેનો આશય અનાજની કૃત્રિમ તંગી ઊભી કરી ધન કમાવવાનો હતો. ત્યારે લક્ષ્મી સાહેબ ભૈરવ ઉપાસનાના બળે અનાજ પકડી પાડે છે. અને વીરા વાણિયા તથા તેના સાથી વાંઝાને ઉપદેશ આપી શિષ્યો બનાવે છે. અને તેની પ્રચલિત સાખી છે કે....

"લક્ષ્મી સાહેબ લેર લાવિયા, ભજનમાં ભરપૂર,<br>
વેદ પાડયા વાંઝા તણા, શબ્દે કીધા ચકચૂર"[1]

લક્ષ્મી સાહેબના જીવનમાં અન્ય એક ચમત્કારિક પ્રસંગ પણ નોંધાયેલ છે. ચિત્રોડથી બાર કિ.મી. દૂર કુંભારિયા નામે ગામ આવેલ છે. ત્યાં જેઠાભાઇ નામનો કોળી રહેતો હતો. આ જેઠાભાઇ કોળીને લક્ષ્મી સાહેબ ઉપર શ્રધ્ધા અને વિશ્વાસ હતો. પરંતુ પોતાનો શિકારનો ધંધો છોડતો ન હતો. અંતે એ લક્ષ્મી સાહેબનો શિષ્ય બને છે. અને લક્ષ્મી સાહેબ જેઠાને શિકારનો ધંધો છોડવી ને ખેતીના કામમાં લગાડે છે. અને તેમને એક ખેતરની રખેવાળીનું કામ સોંપે છે. થોડા દિવસ ઉપદેશની અસર જેઠા ઉપર રહે છે અને શિકારનો ધંધો બંધ રહે છે. પરંતુ લક્ષ્મી સાહેબને એક વિચાર આવે છે. ચાલ જેઠા કોળીની પરીક્ષા કરું અને તે હરણનું રૂપ લઇને ખેતરમાં જાય છે. જેઠો પેલા હરણને જોઇને લલચાય છે અને હરણ ઉપર નિશાન લઇ બંદુક છોડે છે. પરંતુ હરણ જખ્મી થઇને ચાલ્યું જાય છે. જેઠો સાંજે આશ્રમમાં લક્ષ્મીસાહેબ પાસે આવે છે અને જુએ છે તો લક્ષ્મી સાહેબનો એક પગ જખ્મી હતો અને બંદૂકના લાગેલા છરા તેમની બાજુમાં પડયા હતા. આ જોઇને જેઠાને આખી વાત સમજાય જાય છે અને ખૂબ જ દુ:ખ અને પસ્તાવા સાથે લક્ષ્મીસાહેબની માફી માંગે છે. અને કહે છે કે મારી ભૂલ થઇ ગઇ. હવેથી હું કયારેય પણ શિકાર નહીં કરું અને તે દિવસથી જેઠાને ભકિતનો રંગ લાગે છે. અને સદાય ભક્તિના રંગે રંગાયેલા રહે છે.

લક્ષ્મીસાહેબની શિષ્ય પરંપરા નીચે મુજબ પ્રસરેલી છે.

લક્ષ્મી સાહેબ
- ખમિયા સાહેબ
  - હરિદાસ
  - વસન સાહેબ
    - કલ્યાણદાસ
    - હરિદાસ
    - ખાન સાહેબ
      - પ્રેમહંસ
        - મૂળહંસ
    - જેરામ દાસ

## લક્ષ્મી સાહેબની વાણી :-

લક્ષ્મી સાહેબની વાણીમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમના ગુરુ ત્રિકમ સાહેબની વાણી પ્રમાણે જ જોવા મળે છે. સતગુરુ-ઇશ્વર બહાર નથી. પરંતુ આ કાયામાં

દલભીતર સમાયો છે. બહાર ખોજવાથી તે મળતો નથી. ગુરુકૃપા હોય તો તેને કાયામાંથી શોધી શકાય છે. અને તેના દર્શન કરી શકાય છે. આથી જ લક્ષ્મી સાહેબ કહે છે કે....

"બેની મુને ભીતર સતગુરુ મળિયા,
આજ તો વરતાણી, આનંદ લીલા,
માટી બેની મુને ભીતર સતગુરુ મળિયા"[૨]

આ સતગુરુના દર્શનથી કાયામાં અખંડિત ભાણના દર્શન થાય અને સતભૂમિનો ખ્યાલ આવે. આ કાયામાં દશ દ્વાર છે અને તેના દશમા દ્વારે સત્‌ગુરુ બેઠા છે. અને દશમું દ્વાર તે બ્રહ્મરન્ધ્ર. સંત જયારે અંતિમ સમાધિ લે છે. ત્યારે મસ્તિષ્કમાં આવેલા બ્રહ્મરન્ધ્રમાં પ્રાણને કેન્દ્રિત કરે છે. અને પછી પોતાના શરીરને છોડે છે. આ માટે શંખ દ્વારા બ્રહ્મરન્ધ્રનો વેધ પણ કરવામાં આવે છે. આજ વાતને આગળ વધારતા લક્ષ્મી સાહેબ કહે છે કે...

"બક નાડેથી દમ ચાલીયો, બ્રહ્મ મધ્યે પરવાટી,
ઇંગલા, પીંગલા અને સુષુમણા, ત્રિકોટીમાં લાગી તાળી."[૩]

બકનાડથી શ્વાસ ચાલે છે અને બ્રહ્મ સુધી પહોંચે છે ઇંગલા, પીંગલા અને સુષુમણા આ ત્રણેય નાડીઓ ત્યાં મળે છે. અને તેનું નામ ત્રિકુટી છે. ત્યાં ધ્યાન કેન્દ્રિત કરવાથી અખંડ ભાણના દર્શન થાય છે અને અનાહત નાદ સંભળાય છે.

"વિના, દિવેટ, વિના કોડિયે, ગ્રંથ વિના જાગે જ્યોતું,
વિના વાદળ, વિના વિજળી, ધમકે મેઘાડમ્બર સોતું."[૪]

લક્ષ્મી સાહેબ કહે છે દીવામાં વાટ નથી, અરે કોડિયું પણ નથી અને આપમેળે હૃદયમાં જયોત પ્રગટી ઊઠે છે. તેમજ વાદળ, અને વીજળી વિના જેમ વરસાદ પડે તેમ અંતરમનમાં આનંદની સતત વર્ષા થાય છે. આજ બાબત નરસિંહ મહેતા પોતાના પદમાં કહે છે...

"બતી વિણ, તેલ વિણ, સુત વિણ,
જો વળી, અચળ ઝળકે સદા અનળ દીવો."[૫]

લક્ષ્મી સાહેબ પોતાનાં પદોમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની સાથે ઉપદેશ આપવાનો પ્રયત્ન કરેલ છે તેઓ જણાવે છે માનવ-અવતાર મનુષ્ય દેહ પ્રાણીમાત્રમાં શ્રેષ્ઠ છે. દેવતાઓએ પણ પ્રભુ પાસે માનવદેહ માગ્યો છે. અને સંતો-ભક્તોએ પણ પ્રભુ પાસે માનવદેહ માગી ભક્તિ માગી છે. નરસિંહ મહેતાએ પોતાના અન્ય એક પદમાં આ વાત કરતા કહે છે કે....

"હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે,
નિત્ય સેવા, નિત્ય કીર્તન, ઓચ્છવ નીરખવા નંદકુમાર રે."૬

આજ વાત લક્ષ્મી સાહેબ પોતાના પદમાં ઉપદેશાત્મક રીતે રજૂ કરે છે.

"ધ્રુવ, પ્રહલાદ, અંબરીષને ઉગાર્યા, તે પણ રહ્યા છે ત્યાગી રે.
જે કરો તે બંદા અહિંયા થશે,
મોકલ્યા છે મા'રાજે.
આવો અવસર ફેર નહિ આવે,
પરમારથને કાજે."[૭]

આ માનવ દેહ મળ્યો છે તો ભવમાં ભક્તિ કરી લેવી જરૂરી છે. આવો અવસર ફરી પાછો આવવાનો નથી. તો ભક્તિ કરી લે.

આ ભક્તિ માટે પણ લક્ષ્મી સાહેબ તેના એક પદમાં એક અસર મજાની વાત કરે છે કે જ્ઞાન, બુધ્ધિ, ચાતુર્ય કે સમજની કાંઇ જરૂર નથી, પંડિત-કે પૂજારી બનવાની પણ કાંઇ જરૂર નથી. પરંતુ ભક્ત-હૃદયમાં પ્રેમ હોવો જોઇએ- પ્રભુ-પ્રત્યેનો આદર અને આસક્ત ભાવ હોવો જોઇએ. તે પ્રેમલક્ષણા ભક્તિને બિરદાવતા કહે છે કે.....

"જ્ઞાન ગભરું કોઇના જાણે,
પ્રીત પીયુની પરમાણે રે..."[૮]

પ્રેમથી-હેતથી હરિને મેળવવાના છે. જો આ માર્ગ ભૂલાઇ જશે. અને સંસારની મોહમાયામાં વીંટળાઇ જઇશું તો જિંદગીને ગુમાવી એમ માનજો. આના માટે ભક્તિ કરવી જ પડશે. અને ભકિત એ ખાંડાની ધાર છે. અને તેમાંથી પાર ઊતરવું એટલે તો....

"ખોટા મોતી ખે થાશે, ફૂટશે ફટકીયા હજાર,
ઘણતણા માથે ઘા પડશે, ઇ તો નીકળશે એરણ પાર."[૯]

જે રીતે સાચું મોતી ઘણ અને એરણ વચ્ચેના ઘા સહન કરીને પણ ફૂટતું નથી. તેમ ભક્તિમાં મોહમાયાનાં અનેક બંધનોમાંથી મુકત કરીને, કષ્ટો સહન કરીને પાર ઉતરવાનું છે. આના માટે ગંગાસતી પણ પોતાના એક ભજનમાં કહે છે....

"મેરુ તો ડગે ને જેના મનનો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પણે પણ વણશે નહિ,
ઇ તો હરિજન ના પરમાણ રે.
ભાઇ રે ! ભગતિ કરો તો એવી કરજો પાનબાઇ !
રાખજો વચનુંમાં વિશ્વાસ રે."[૧૦]

મેરુ પર્વત ભલે ડગે પણ ભક્તિમાં મન અડગ રહેવું જોઇએ પછી ભલે ને થવાનું હોય તે થાય, ગમે તેટલાં દુ:ખો પડે તો પણ ભક્તિના માર્ગને ભૂલે નહિ એ જ સાચા ભકતની ઓળખ છે. મન મક્કમ અને વચનમાં વિશ્વાસ રાખવો જોઇએ. લક્ષ્મી સાહેબ પણ આજ વાત કહે છે કે પ્રભુ ઉપર શ્રધ્ધા-વિશ્વાસ રાખી એના નામનું સતત રટણ-સ્મરણ કરતાં રહેવું જોઇએ તો જ આ ભવસાગર તરી શકાશે. અને આ માર્ગે નતું ચાલે તેના આ ફેરો ફોગટ ગણાશે.

લક્ષ્મી સાહેબ આ પરંપરાના બીજા ભકત કવિઓની જેમ પોતાની ભાષામાં ગુજરાતી અને હિન્દી ભાષાનો મિશ્રણ પ્રયોગ કરે છે. અને તે અનાયાસ અને સરળ છે. કવિ લક્ષ્મી સાહેબ લખે તે તો કોઇ વિશેષ ઉન્મેષ ઉપલબ્ધ પાંચ ભજન રચનાઓમાં જોવા મળતો નથી. 'ફરકિયા મોતી'નું રૂપક પારંપરિક છે. "ખોલ દિયા તાળા, ભયા અજવાળા" એ રૂપક પણ પારંપરિક છે અને ગુરુ મહિમાનું દ્યોતક છે. લક્ષ્મી સાહેબ પણ યોગની પરિભાષા યોજે છે જે આ સંપ્રદાયના ભક્ત કવિઓની પરંપરાને વફાદાર છે.

આમ, 'લક્ષ્મીસાહેબ' રવિ-ભાણ પરંપરાના એક અદ્વિતીય અને ઉત્તમ કક્ષાના ભક્ત અને કવિ છે.

# સંદર્ભ સૂચિ

(૧) 'સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ': લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર.આ. ૧૯૮૭-પૃ. ૨૦૨ પ્રકાશક : ડો. નાથાલાલ ગોહિલ

(૨) 'સંતવાણીનું સત્ય અને સૌંદર્ય' : લે. ડો. નિરંજન રાજયગુરુ -મનોજ રાવલ, ડો. એન. યુ. ગોહિલ, પ્ર. આ. માર્ચ-૧૯૯૪
પૃ. ૧૪૭ પ્ર : પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ

(૩) 'સૌરાષ્ટ્રના હરિજન-ભક્ત કવિઓ' : લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર. આ. ૧૯૮૭, પૃષ્ઠ ૩૦૫ પ્રકાશક : ડો. નાથાલાલ ગોહિલ

(૪) એજન, પૃ. ૩૦૫

(૫) એજન, પૃ. ૨૦૪

(૬) એજન, પૃ. ૨૦૪

(૭) એજન, પૃ. ૩૦૪

(૮) એજન, પૃ. ૩૦૫

(૯) એજન, પૃ. ૩૦૬

(૧૦) ગંગાસતીનું અધ્યાત્મ દર્શન : લે. ભાણદેવ પ્ર. આ. પૃષ્ઠ-૧૦૬-પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર.

# ◈પ્રકરણ-૮ ◈

# દાસી જીવણનું જીવન-કવન

સૌરાષ્ટ્રએ સંતો, સતીઓ, સાવજો અને શૂરવીરોની ભૂમિ તરીકે પ્રખ્યાત છે. આ ભૂમિમાં હીર, ખુમારી બહાદુર, ત્યાગ અને તર્પણ છે. સમર્પણની ભાવના છે. આજ ભૂમિ ભક્ત, સંત દાસી જીવણ ગોંડલથી આટકોટ જતા સાત કિલોમીટર દૂર આવેલ નાનકડા ઘોઘાવદર ગામે જન્મ્યા હતા. આજે આ ગામને દાસી જીવણનું ઘોઘાવદર નામે ઓળખવામાં આવે છે. હરિજન ભક્ત કવિઓમાં દાસી જીવણ તેમનાં પદોની સંખ્યા, વ્યાપકતા અને વાણીની મીઠાશને કારણે સૌથી વધુ લોકપ્રિય કવિ છે. દાસી જીવણ માત્ર હરિજન સમાજમાં જ નહીં, પણ સૌરાષ્ટ્રની સીમાઓને વટાવીને ગુજરાતના અનેક પ્રદેશોમાં સામાન્યમાં સામાન્ય જનસમાજનાં હૈયા સુધી પહોંચેલા છે. તેઓ પ્રેમલક્ષણાનાં પદો અને દાસીભાવ ને કારણે 'સૌરાષ્ટ્રની મીરાં' તરીકે ઓળખાય છે. સ્ત્રી સહજ ઊર્મિઓ અને પ્રણયભાવો અને પદના અંતે નામચરણમાં દાસી શબ્દ સ્ત્રી કવિ હોવાનો ભાસ કરાવે છે. ભજન પ્રેમી સમાજ જીવણને 'રાધાના અવતાર' તરીકે ઓળખે છે.

દાસી જીવણના ઘોઘાવદર ગામની પૂર્વ દિશાએ મેઘવાળ વાસ આવેલો છે. આ મેઘવાળવાસમાં ઉત્તરાભિમુખ દાસીજીવણનું સમાધિ મંદિર આવેલું છે. સમાધિ મંદિરમાં દાસીજીવણ સાથે તેમના ધર્મ પત્ની જાલુમાની મૂર્તિ પ્રતિમા સ્થાયેલી છે. તેમની બાજુમાં સતાધારના આપા ગીગા અને દાસી જીવણના પુત્ર દેશળ ભગતની મૂર્તિઓ છે. જમણીબાજુએ ઢોલરાવાળા અમરાભગત અને દેશળ ભગતના ધર્મપત્ની કરમણ માતાની સમાધિ આવેલ છે. ડાબી બાજુએ પાળિયાદના વિસામણ ભગતની મૂર્તિ પ્રસ્થાપિત કરેલ છે. સમાધિ મંદિરની પૂર્વમાં આંબલીઓની ઘેરી ઘટા પથરાયેલી છે તેમાં એક કાળે ચામડા રંગવાનો 'ચર્મકુંડ' હતો. આ ચર્મકુંડમાં ગંગાજી પ્રગટ્યાનો પ્રસંગ સાંભળવા મળે છે. આજે ત્યાં ચર્મકુંડ નથી પણ કૂવો આવેલો છે. અને તેમની બાજુમાં ભવાની માતાનું નાનકડું મંદિર છે. એમ પણ લોકોક્તિ છે કે આ ભવાની માતાની આરાધના એ અહીં ગંગાજી પ્રગટયા હતાં.

આજે આ સમાધિ મંદિરે અનેક ભાવિકો યાત્રાએ આવે છે. પોતાની માનતા ફળ્યાના કારણે મંદિરે આવી માનતા ચડાવે છે. માનતા એટલે દાસીજીવણના શ્રધ્ધા ધરાવતા લોકો પોતાના ઉપર આવી પડેલ દુ:ખ, કષ્ટના નિવારણ માટે મનોમન

સંકલ્પ કરે કે મારી આ ઇચ્છા પૂર્ણ થયે હું આ મંદિરે આવી શ્રીફળ ચડાવીશ કે ભેટપૂજા ધરીશ. આ પ્રમાણેની માનતા લઇને ઘણા લોકો આવે છે.

ઘોઘાવદરના મેઘવાળાવાસ ઉપર આંબલીઓની શીતળ છાયા પથરાયેલી છે. આ અંગેની સાખી સાંભળવા મળે છે.

"દિન આંબલીએ દાયરા, કાસીરા ઠણકા થાય,
તણ પાદશાહી જગા તણા, જીવણ મોહોલ જણાય."[1]

મેઘવાળા સમાજના લોકોનાં નાનાં મોટાં મકાનો વચ્ચે દાસીજીવણના પિતા જગાભાઇ શાખે દાફડાનું મકાન આવેલું છે. જગા દાફડાની આર્થિક સ્થિતિ સારી ચમારનો ધંધો કરતા હતા. એટલે આસપાસના પંથકના ગામની મરેલા ઢોરના ચામડા 'ભામ' નો ધંધો કરતા. આ ધંધાને કારણે આસપાસના ગામના મેતરીયાઓ ડાયરાઓ જમાવીને બેઠા જ હોય. આંબલીઓને છાંયે ઢોલિયા ઢળાયા હોય. ચા-પાણી થતાં હોય ને મેઘવાળ સમાજની અવનવી વાતો થતી હોય. આવા જગા દાફડા પાંચમાં પૂછાતા માણસ.

પિતા જગા દાફડાને માતા સામબાઇને ઘેર તેજસ્વી પુત્રનો જન્મ થયો. તેનું નામ જીવણ રાખવામાં આવ્યું.

"જીવણ જયોતું જાગિયું, ભીમ પ્રગટયા ભાણ,
દાફડા ઘેર દીવો દુવો, જીવણ પંડે જાણ."[2]

માતા-પિતાના સંસ્કારે બાળજીવણનો સંસ્કાર દેહ ઘડાયો. સમાજમાં પૂછાતું ઘર એટલે અનેક લોકો આવે, તેમની વચ્ચે આ નાનકડો જીવણ બેઠો હોય એટલે અનાયાસ તેનું જીવન ઘડતર પણ થતું જાય છે. મેઘવાળ સમાજની ધર્મ પરંપરા, પાટ ઉપાસના, ભજન, સાધુ-સંતોને નાથજોગીઓનું આવવા-જવાનું રહે જ તેને કારણે એક ભજનના પ્રદેશમાં જવાનું મન બંધાણું. જીવણ રૂપેરંગે સોહામણા હતા. ઘાટીલો દેહ. ભરાવદાર મુખમુદ્રા નમણું નાક, મોટી પાણીદાર આંખો, અણિયાળી મૂછો, રાજવી પોશાક, માથે પાઘડીને તેના પર રંગીન હમાલ બાંધે ભૂરી ઘોડી પર બેસીને નીકળે ત્યારે ભલભલા મોહી પડે તેવો વરણાગી ઠાઠ. માતા-પિતાએ નાનપણમાં જ જીવણના લગ્ન 'જાલુભાઇ' સાથે કરી નાખ્યા. સંસારનું અઢળક સુખસાયબી અને રંગીલા મિજાજની સાથે જીવણમાં નાનપણથી જ ભક્તિનો ભગવો રંગ ઘૂંટાતો હતો જે ધીમે ધીમે તેનું અસલી રૂપ પકડવા લાગે છે.

જીવણના મનમાં એક અજંપો ચાલ્યા કરતો કે હું કોણ છું ? મારામાં કોણ બોલી રહ્યું છે ? આ સાંભળનારો કોણ છે ? આ જન્મે છે અને મરે છે એ વળી કોણ ?

જયોતને અજવાળે ગવાતાં ભજનોમાં ભેદ શું ? આ પ્રશ્નોના જવાબ મેળવવા ઘણું મંથન કર્યું પણ ઉકેલ મળતો નથી. આંગણે આવતા બાવા-સાધુને મળે, ભજન ગાનારાઓને પૂછે. તેમ કરતા-કરતા જીવણે સત્તર-સત્તર ગુરુને ધારણ ર્ક્યા. છતાં પ્રભુના ઘરના અગમ્ય ઘરની ઓળખ થઇ નહીં.

જીવણની માલમી ગુરુની શોધ અંતે તેને આમરણના સંત ભીમ સાહેબ પાસે લઇ જાય છે. જીવણ આમરણની જગ્યામાં રોકાણા. સત્સંગ પણ કર્યો પણ જીવણે નક્કી જ કર્યું હતું કે તરત જ કોઇને ગુરુ સ્વીકારવા નહીં. પ્રથમ ગુરુની પરીક્ષા લેવી ને તે પછી તેના ચરણે જવું. ભીમ સાહેબ પણ જીવણને ઓળખી ગયા હતા. સોનાની પરખ માટે સોનાને ઘસવું પડે. ત્યાં જ એવી ઘટના બની ગઇ.

આમરણની જગ્યામાં ભીમ સાહેબ બેઠા હતા. ત્યાં અષાઢી બીજના પાટનો 'વાયક' લઇને ઘુંઘાવ ગામથી સેવકો આવે છે. અને જીવણ પણ ત્યાં હાજર હોય છે. આ વાયક-નિમંત્રણ ભીમસાહેબ ભાવેથી સ્વીકારે છે. તેનો અર્થએ પણ જાય છે કે ગમે તે સંજોગોમાં તે દિવસે પાટે પહોંચવું જ પડે. વળી અહીં તો ભીખ સાહેબને ગુરુ ગાદીએ બેસવાનું હોય એટલે તેમણે તો ગયા વગર ચાલે જ નહીં. આ પંપરા જે મહાપંથીથી રામદેવપીરની પાટ ઉપાસના સુધી પહોચી તે આજે પણ મેઘવાળ સમાજમાં ચાલે છે.

અષાઢી બીજનો વાયક સ્વીકાર્યા પછી બીજા દિવસે વીજરખી ગામેથી સેવક સમાજ આવ્યો ને અષાઢી-બીજના પાટનો વાયક આપ્યો. આ વાયક પણ ભીમસાહેબે સ્વીકાર્યો. તે પછી જાંબુડા અને બાણુંગાર ગામનો વાયક પણ અષાઢી બીજનો જ આવ્યો ને તે પણ ભીખ સાહેબે સ્વીકાર્યો. હવે જીવણના મનમાં મોટી ઉથલ-પાથલ થઇ કે એક જ દિવસે ચાર ગામ ભીમ સાહેબ કેમ પહોંચશે. આ આ ગડમથલ દરમિયાન ત્યાં પાંચમા ગામ પડાણાથી વાજતે-ગાજતે સેવક સમાજ આવીને અષાઢીબીજનો વાયક આવ્યો. સેવક સમાજની વિનંતીથી ભીમ સાહેબે તે વાયક પણ સ્વીકાર્યો. હવે જીવણને થયું કે ભીમ સાહેબ આ પાંચેય ગામે તો પહોંચી શકશે નહિ અને સતના પારખા થઇ જશે.

અષાઢી બીજનો દિવસ આવ્યો. ગુરુ ભીમ સાહેબ વાયક પ્રમાણે કોઇ એક ગામ પહોંચી પણ ગયા. અહીં જીવણે પાણીદાર ઘોડી તૈયાર રાખી. રાત્રિના નવ થયાને ત્યાં ઘુંઘાવ ગામે પહોંચી ગયા. કોઇ ન ઓળખે એ રીતે જોયું તો ગુરુગાદી એ ભીમ સાહેબ બેઠા હતા. જયોત પ્રકાશ થઇ ગયો હતો. ને અલખધણીની આરતી બોલાતી હતી.

"ઉકત રણુંકારા અપમપારા,
અખંડ આરતી બજે ઝણકારા."[3]

જીવણ ધુંધાવ ગામેથી વીરખી ગામે ગયાં તો ત્યાં પણ ભીમ સાહેબ ગુરુગાદીએ બેસી ખોળામાં રામસાગરને આંખો બંધ કરી ભજન ગાઇ રહ્યા છે :

"સુન લે સુષમણા નારી,
મે અજબ નામ પરવારી,
અજબ નામ હૈ સબસે ન્યારા,
ખોજ ખોજ તું સંસારી"[૪]

જીવણને હવે કયાંય ચેન પડતું નથીને તે ત્રીજે ગામ જાંબુડા ગામ છે ત્યાં જઇને સાંભળ્યું કે સમી સાંજના ગુરુ મહારાજ પધાર્યા છે. જયોત પાટે જઇ તપાસ કરે છે તો ગુરુ મહારાજ જયોતમાં 'ગરથ'થી પુરી રહ્યા છે. ને પછી ભજન ઉપાડે છે.

"સંતની સેવા ગુરુની ભક્તિ, અવિચળ રૂડો ઉપાય,
આધિનતા રાખો અંતરમાં, તારું કાળ ન ખાય."[૫]

જીવણની ધીરજ હવે તૂટવા લાગી છે. રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થવામાં છે ને ચોથે ગામ બાણુંગાર પહોંચે છે. તો ત્યાં પણ ભીમ સાહેબ ભજન ગાઇ રહ્યા છે :

"સહું નગરમાં વણજે મળ્યા, થોડે ભેળ થાય,
ભરાણી, ગુજરી 'ભીમ' કહે આવ્યા તેવા જાય."

જીવણ ત્યાંથી પાંચમે ગામ પડાણા પહોંચે છે. હવે તો સવાર થવાની તૈયારીમાં છે. અલખ જ્યોત વધાવી પાટ વાળવાનો સમય થયો છે. ભીમ સાહેબ મોતીથી જ્યોતને વધાવવાની તૈયારી કરી રહ્યા છે. ત્યાં પરસેવે રેબઝેબ, થાકીને લોથપોથ થઇ જીવણ ભીમ સાહેબના ચરણમાં ઢળી પડે છે. આંખમાં આસુંડા બંને હાથ જોડેલા, વાણીમાં વલોપાત સાથે કરગરીને વિનંતી કરે છે કે 'ગુરુ મહારાજ' મને માફ કરો. મારાથી આપની પરીક્ષા લેવાય ગઇ. આપ તો સમરથ ઘણી છો ! મને તમારા ચરણોમાં સ્થાન આપો.

ભીમ સાહેબ જીવણને બાથમાં લે છે, ને કહે છે કે તારી પરીક્ષામાં આ ઘોડીને પાંચ ગામનો પંથ કાપવો પડયો ને વગર વાંકે થકાવી ને દુઃખી કરી. હવે તને મારામાં વિશ્વાસ હોય તો આ અલખઘણીની મહાજ્યોતમાં શ્રધ્ધા હોય તો આ જ્યોતની છાયામાં બેસી જા. જીવણ બેસી જાય છે. ભીમ સાહેબ જીવણની આંખો સામે તાર મિલાવે છે. સૂરતાનો દોર જ્યોત જોડી આપે છે. ને ગુરુમુખી મંત્ર દીક્ષા આપે છે. ત્યાં તો અજવાળું અજવાળું થઇ જાય છે.

"વણ અક્ષરે અક્ષર લખ્યા વણ લી યે લી,
જીવણને ગુરુ ભીમ ભેટયા, રાતમાંથી થયો દિ'."[૬]

ગુરુકૃપાથી જીવણનું અજ્ઞાન અંધારું ટળી ગયું અણુએ અણુમાં પરમાત્માના દર્શન થઇ ગયા. અંતરના દ્વારો ઉઘડી ગયાં ને સહજ પરાવાણી વહેતી થઇને એક પછી એક ભજન રચનાઓની રચના થવા લાગી.

જીવણને કોઇ ગુંચવણ ઊભી થાય કે મનની સમસ્યા જાગે એટલે સદ્‌ગુરુ ભીમ સાહેબ પૂછે અને ભીમ સાહેબ દ્વારો ઉત્તર આપી પત્ર લખે કે...

"જીવણ જીવને નિયાં રાખીએ,
વાગે અનહદ તૂરા રે.
ઝિલમિલ જયોતું ઝળહળે,
વરસે નિરમળ નૂરા રે."[7]

હે ! જીવણ ! જ્યાં 'અનહદ તૂરા' અનાહત નાદ વાગી રહ્યો છે. એ પરમાત્માની પરમ જ્યોત પ્રકાશી રહી છે. ત્યાં જીવને સ્થિર કરીને રાખો તો પરમાત્માના દર્શન થશે.

આ સંત ભક્ત કવિઓના જીવણ વિશેનો સળંગ ઇતિહાસ પ્રાપ્ત થતો નથી. પણ કર્ણોપકર્ણ જે જળવાયું છે તે પ્રમાણે તેમાં ચમત્કારનું તત્વ આવે છે. અન્ય ભક્તોના જીવનમાં બનેલી ઘટના જેમકે જલારામ બાપા, આપાગીગા, કે સંત મૂળદાસજી એવી ઘટના દાસી જીવણના જીવનમાં કેટલીક ઘટનાઓ ઘટી અને તેના અનુસંધાને તેમની ભજન રચનાઓ રચાઇ ગઇ. આવી ઘટનાઓ જે દાસી જીવણના જીવનને દર્શાવે છે. તે નીચે પ્રમાણે છે.

દાસી જીવણના જીવણમાં સૌથી મોટી ઘટના ગોંડલના રાજા રાણાકુંભાએ તેમને જેલમાં પૂર્યાની છે. તે મરેલા પશુના ચામડાની ભામનો ઇજારો રાખતા. તેમાં ગોંડલ ગામની ભામ રાખી. પરંતુ આ ભામમાં ખોટ ગઇને રાજની ભામની રકમ ૬૦ કોરી ભામની બાકી રહી જાય છે. આ સમયે દાસીજીવણની એક સંત તરીકેની નામના ફેલાયેલી હતી. ગામે ગામ તેમનાં ભજન અને સામૈયા થાય ત્યારે એ લોકોમાં ઇર્ષાનું પાત્ર બને એ સ્વાભાવિક છે. રાજકારભારના માણસોએ કહ્યું કે જીવણ દરેક સમાજમાં પુજાય છે તો તેની ભકિતનો ચમત્કાર જોવો જોઇએ. આવી કાન ભંભેરણી કુંભારાણાને કરીને તેમને જેલમાં પુરી દીધા જીવણને થયું. ભગવાન ભારે થઇ ! મારી આબરૂ તો ઠીક પણ ભક્તિની કે પ્રભુ તારી નિંદા થાય એ મારાથી જોવાશે નહિ. સાવર થશે ને લોકોમાં આ વાત ફેલાશે એ પહેલા પ્રભુ ! લાજ રાખો. આ પ્રસંગે નીચેનું ભજન જેલમાં બોલે છે...

"શામળા મારી વેલેરી કરજે વાર,
જમલો રચિયો છે અણીવાર."[8]

હે પ્રભુજી ! મારે તારી સાથે નાતો છે. તારા માટે જ મેં ઘરની, કુળની અને સમાજની મર્યાદાઓ છોડી છે, સાંઇઠ કોરીએ તારે માટે મોટી વાત નથી. મારે લાખ બે લાખ કોરી જોતી નથી. ને પછી ભક્ત ખીજાય છે. ને કહે છે કે તું દ્વારકા જઇને બેઠો, તું દીવાળિયો થયો ને અંતે એમ કહેવાય છે કે શામળિયો શેઠ થઇને આવે છે. કુંભાજીને કહે છે કે જીવણ ભગતના આશિષે મારે ઘેર પારણું બંધાયું દીકરાનો જન્મ થયો. તેની માનતાની મારે આઠસો કોરી ભેટ ધરવી છે. આ આઠસો કોરી આપી શેઠ એકાએક ચાલ્યા જાય છે. રાજાને થયું છે કે ભક્તને દુભાવીને મોટી ભૂલ કરી છે અને જીવણને જેલમાંથી મુક્ત કરે છે અને જે આઠસો કોરી આવી એમાંથી સાંઇઠ કોરી લઇને રાજખજાનામાં મુકી પ્રભુના પ્રસાદ તરીકે આ ધન આવ્યાનું માને છે.

આ પ્રસંગ જેવો જ બીજો એક પ્રસંગને પદ રચના છે કે દાસી જીવણ ઘોડી પર બેસી ફરવાના શોખીન હતા. એક વખત વાણિયા પાસે જાતવાન ઘોડી આવી. આ ઘોડી દાસી જીવણે ખરીદી અને તેની એંસી કોરી આપવાની બાકી રાખી વાયદો પૂરો થયો એટલે વાણિયો એંસી કોરી લેવા આવે છે. અથવા ઘોડી પાછી આપી દે. જીવણ બહારગામથી આવતા હોય છે. એટલે ભક્ત પાસે નાણા પણ ક્યાંથી હોય ! એટલે આ પ્રસંગે જીવણ નીચેનું પદ-ભજન ગાય છે.

"તાણીને પ્રીતુ શીદ ત્રોડ, હું મારા શામ તાણીને...

એંસી કોરીમાં શું લોભાણો વાલારે, નથી જોતી લાખ કોડ રે.."[૯]

ત્યારે એમ કહેવાય છે કે શામળિયે આવીને વાણિયાને એંસી કોરી આપી ભક્તને ઘોડી અપાવે છે.

એક ઘટના એવી પણ બને છે કે દાસીજીવણ પોતાના કાઠી સેવકને ઘેર રાત્રે ભજન ગાવા ગયા. આ કાઠીને ઘેર તેનો યુવાન પુત્ર બીમાર રહેતો હતો. ઘણી દવાઓ કરી પણ બીમારી મટે નહીં. એટલે એમને એમ થયું છે કે ઘરમાં ભજન થાય તો મારો દીકરો સાજો થાય. ને સવારે જીવણ સાહેબને ભેટમાં 'ચોફાળ' (હાથે વણેલું ઓઢવાનું કાપડ) ઓઢાડીશ. પણ બન્યું એવું કે રાત્રે જ કાઠીનો દીકરો મરણ પામે છે. ભજનમાં ભંગ ન પડે એટલે કાઠી કોઇને આ વાત કરતા નથી. ને સવારે જીવણ સાહેબને વાત કરે છે કે ઘરમાં આવો બનાવ બન્યો છે. જીવણ કહે છે કે એમ બને જ નહીં. જે ઘરમાં અખલધણીનો આરાધ થતો હોય ત્યાં યમરાજની પ્રવેશ કરી શકાય નહીં. રામ-સાગર હાથમાં લીધોને ગાવા લાગ્યા...

"કામ છે કામ છે કામ છે રે,

મેરમજી મારે તમસે કામ છે"[૧૦]

એમ કહેવાય છે કે કાઠીનો દીકરો ઘેરી ઉંઘમાંથી જાગ્યો હોય તેમ બેઠો થાય છે.

દાસી જીવણનો બાહ્ય દેખાય સુંદર અને આકર્ષક હતો. ભક્ત હોય એટલે સાદગીથી જીવવું એવું નહીં પણ ખુમારીથી જીવતા હતા. તે માનતા કે હું પરમાત્માની પટરાણી છું. ગોપી છું, તો તેને શોભે એવાં વસ્ત્રોને શણગાર સજવા જોઇએ. સ્વચ્છ સુરવાલ, કેડિયું, માથે પાઘડીને રૂમાલ ગળામાં માળાને ઘોડી ખેલવતા નીકળે ત્યારે અજાણ્યા વટેમાર્ગુંઓએ કહ્યું કે 'માળો કોઇ રંગીલો લાગે છે' તો બીજાએ કહ્યું કે 'આ તો દાસીજીવણ લાગે છો' તો વળી જવાબ આવ્યો કે 'ભકતના આવા વેશ ન હોય! તે સંવાદ સાંભળી દાસી જીવણ કહે છે કે...

"મેં મસ્તાના મસ્તી ખેલું, મે દીવાના દર્શન કા,

ખમીયા ખટક હાથ લઇ ખેલું, જીત તણા સબ દઉં ડંકા."[૧૧]

દાસી જીવણનો બાહ્ય વેશ તો સુંદર હતો પણ સાથે તેમની કાયા કામણગારી હતી. તેમનું ગળું પણ એટલું જ મીઠું હતું. એ જયારે રાત્રે ભજન ગાતા ત્યારે સાંભળનાર મંત્રમુગ્ધ બની જતા. તેમાં એક દિવસ એવું બન્યું કે દાસીજીવણે આખી રાત ભજનો ગાયાને સવારે પોતાને ગામ ઘોઘાવદર જવા નીકળ્યા. તો પાછળ પાછળ એ ગામની યુવતી આવે છે. પ્રથમ તો તેમને ખ્યાલ આવ્યો નહીં. પણ પછી એમણે ઊભા રહીને પૂછે છે બેના તારે કંઇ કામ છે ? શા માટે પાછળ પાછળ આવે છે ? ત્યારે એ યુવતી કહેવા લાગી કે મારો ઘણી મને ગમતો નથી. ને હું તમારા ઘરમાં બેસવા માંગુ છું. ત્યારે દાસી જીવણ મોહિત થયેલી સ્ત્રીને સમજાવે છે કે...

"શું કરવા સુખ પારકા, સુખ માંડેલ હોય તે થાયજી,

રૂપ દેખી નવ રાચીએ, પત પોતાની જાય,

નબળો સબળો પુરુષ પોતાનો, ઇશ્વર કરવો ન જાય."[૧૨]

યુવતીને પોતાની ભૂલ સમજાય છે ને તે પાછી વળી જાય છે.

પાળિયાદમાં સેવાધરમના સંત વિસામણ ભગત થઇ ગયા. ગાયોની સેવા અને રોટલાના મોટા વિસામણ ભગત અલખધણીના આરાધક. તેમની ઇચ્છા મંડપ કરવાની થઇ. દાસી જીવણ પણ આ મંડપમાં ગયા. ત્યારે બંને ભક્તો વાતે મંડાણા ત્યારે વિસામણ ભગતથી કહેવાય ગયું કે 'ભારે મંડપ થયો છે' આવો બીજો મંડપ થાય નહિ. દાસીજીવણને લાગ્યું કે કર્તાહર્તા તો શ્રીહરિ છે અને ભગતના હૃદયમાં સૂક્ષ્મ અહમ્ ભાવ જાગે એ ના ચાલે એટલે ભજન સંભળાવે છે કે..

"એક દાડે જાવું એક દા'ડે જાવું આવો મોંઘો મૂલો,

મનખ્યો મેલીને જાવું એક દા'ડે જી."[૧૩]

એક વખત ઘોઘાવદર ગામે 'ગોંસાઇ મહારાજ' પધારે છે. રાત્રે પાટોત્સવ હતો. ત્યારે દાસી જીવણ ત્યાં આવે છે. પણ આભડછેટને કારણે પાટમાં પ્રવેશ મળતાં નથી. તે સમયે દાસી જીવણ બહાર આંગણામાં બેસી ભજન ગાય છે.

"મારે કરવી વાલમ સાથે વાત,
મેરમજીને માણવા રે."[૧૪]

આ ભજનનો પ્રભાવને ભક્ત હૃદયની આર્તવાણીએ કહેવાય છે કે ઘરની અંદર જ્યોત એકાએક બુજાઇ જાય છે ને આંગણામાં પ્રકાશ પ્રકાશ થઇ જાય છે.

દાસી જીવણના જીવનનો એક પ્રસંગ 'પરબ' સત દેવીદાસની જગ્યા સાથે જોડાયેલો છે. પરબની જગ્યામાં કૂવો ગાળવામાં આવ્યો ખૂબ ઊંડો કૂવો ગયો છતાં પાણી ન આવ્યું આ સમયે દાસી જીવણ પરબની જગ્યામાં આવે છે ને તેમને કૂવો જોવા લઇ જાય છે ને ત્યાં ખાટલીમાં બેસાડી કૂવામાં પણ ઉતાર્યા પછી આ ટેલિયાઓને ખાટલી ઉપર ખેંચી લીધી. ને કહ્યું કે જો તમે સાચા ભક્ત હોય ને મેઘધારું ની પરંપરાનું તેજ ને ભક્તિ તમારામાં હોય તો પાણી સાથે જ કૂવામાંથી બહાર આવજો, દાસી જીવણ કૂવામાં રામસાગર મંગાવે છે. પ્રભુને આરાધ કહે છે કે....

"પાર છો અપાર છો શામ સેવકના સરદાર છો,
આ વેળાએ આમ બન્યું, પાર છો અપાર છો."[૧૫]

અને કહેવાય છે કે ભગવાને આરાધના સાંભળીને દાસીજીવણનો ખાટલી સાથે જ કૂવામાંથી બહાર આવ્યા. પરબના ટેલિયાઓએ કરેલ આ વિશ્વાસઘાતથી દાસીજીવણ 'પરબ'ની જગ્યાનું પાણી હરામ કરી નીકળી ગયા. જાણવા મળે છે દાસી જીવણના કૂળના અને દાફડા વંશજો આજે પણ પરબનું પાણી પીતા નથી. આ કૂવાની જગ્યા પરબમાં નકલંકનું મોટુ મંદિર થતા પુરી દેવામાં આવેલ છે.

દાસીજીવનના જીવનનો છેલ્લો પ્રસંગ સમાધિનો છે. સ્થૂળ દેહ-છોડી પરમધામમાં ગયા ત્યારે સૌ ગત-ગંગા, સંત સાધુને બોલાવી ભાવે ભોજન આપ્યા. સત્સંગ કર્યો. સમાધિ ગળાવી, સૌને જય જય સીતારામ બોલી આ દેહ છોડી દીધો. એ પ્રસંગે આ ભજન બોલ્યા કે....

"હાટડીયે કેમ રહેવાશે ભઇ, મારા રામની રજા નંઇ,
બેસવા સારુ હાટડી કીધી, હાટડી ખડી થઇ.
તેડા આવ્યા શ્રીરામના, ત્યારે હાટડી પડી રઇ."[૧૬]

આ હાટડી રૂપી દેહ છોડી આતમરામ ચાલી નીકળ્યો છે. શ્રીરામના તેડા આવ્યા પછી રોકાઇ શકાય નહીં. સૌને જય જય સીતારામ બોલી સમાધિ લઇ જાય છે. સ્થૂળદેહ છોડી હરિના ધામમાં જાય છે.

દાસી જીવણ વિક્રમ સંવતઆસોવાદ અમાસના દિવસે સમાધિ લઇ ગયા. દિવાળીનો આ દિવસ લોકોત્સવમાં પલટાઇ ગયો. સંતોનું મૃત્યુ એ કરુણ ઘટના નહીં. પણ આનંદ ઉત્સવ તરીકે ઉજવાય છે. આજે પણ ઘોઘાવદરમાં દાસીજીવણની જગ્યામાં દિવાળીના પડવાનો દિવસ ભજન, ભોજનથી ધામધૂમે ઉજવાય છે. દૂર દૂરથી અનેક શ્રધ્ધાળુઓ, ભજનિકો આવે છે. સંતોના સામૈયા થાય છે. ને રાત્રે દાસીજીવણ સાહેબનાં ભજનો ગવાય છે. અને આ સંતને ભજનગાનથી શ્રધ્ધાંજલિ અર્પણ કરાય છે.

દાસી જીવણના શિષ્ટ પ્રેમ સાહેબ જે કડિયા જ્ઞાતિમાં થઇ ગયા. તે રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ગામે સદ્ગુરુ વિશ્રામ સાહેબની જગ્યા આવેલ છે. આ જગ્યા પ્રેમ સાહેબે સ્થાપી. તેઓ રોજનું કામ કરી રોજ રાત્રે કોટડા સાંગાણીથી ઘોઘાવદર ગુરુ દાસીજીવણ પાસે સેવા, સત્સંગ માટે આવી જતા. ગુરુ પાસે ભજન વાણીનાં અનેક રહસ્યો ખૂલી જતાં. જીવણ સાહેબને પ્રેમજી ભગતની નમ્રતા, આધિનતા અને ભક્તિભાવથી ઘણી સંતોષ હતો. જયારે દાસી જીવણે સમાધિ લેવાનું વિચાર્યું. ત્યારે પ્રેમજી ભગતને પૂછયું કે તારી કોઇ ઇચ્છા હોય તો જણાવ જે. ત્યારે આ ભોળા ભકતે વચન માગ્યું કે ગુરુમહારાજ આપ મારે ઘેર પુત્ર રૂપે પધારો જેથી એ ભાવે પણ આપની હું સેવા કરી શકું એમ કહે છે કે જીવણ સાહેબે વચન આપ્યા પ્રમાણે વિ.સ.....માં પ્રેમ સાહેબને ઘેર પુત્ર સ્વરૂપે જન્મ્યા. આ વચનથી જન્મેલા વિશ્રામ સાહેબ થયા જે દાસી જીવણના અવતાર તરીકે પૂજાય છે.

"વચને વેલા આવીયા, પ્રગટ પ્રેમ દુઆર,
વચન સાહેબ વીશરામ છે, એ જીવણ અવતાર."[૧૭]

## દાસી જીવણની કવિ પ્રતિભા :-

દાસી જીવણની કવિ તરીકેની પ્રતિભા વિવિધ ભાવોની અભિવ્યકિત સાધે છે. પ્રેમલક્ષણા ભક્તિ, નિર્ગુણભક્તિ, યોગ, રૂપકવાણી, મરમીવાણી તેમજ સમાજમાં સામાજિક સંવાદિતતા અને જાગૃતિ લાવતી વાણી લોકપ્રિય તો રહી જ પણ સાથે સાથે ગુણવત્તાની દૃષ્ટિએ ગુજરાતી સંત સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન જમાવી બેઠી છે અને આ સંતભક્ત કવિની મોંઘેરી મૂડી જ આ ભજનવાણી છે.

## (૧) પ્રેમ-લક્ષણા ભકિત :-

પ્રેમ લક્ષણા ભક્તિ માટે મીરાંબાઇ કહે છે કે "પ્રેમ-આંસુ ડાર-ડાર અમરવેલ બોઇ" અર્થાત્, મેં તો પ્રેમ આંસુડાં ઢાળી ઢાળીને અમરવેલ વાવી છે. પ્રભુનું ક્ષણમાત્ર જો વિસ્મરણ થાય ને તેમા અત્યંત વ્યાકુળતાનો અનુભવ થાય તેનું નામ સાચી પ્રેમ

લક્ષણા ભક્તિ, ગુજરાતી ભજન સાહિત્યમાં દાસી જીવણ સૌથી વિશેષ ધ્યાનપાત્ર પ્રેમ લક્ષણા ભક્તિના ગાયક સંત-ભક્ત કવિ રહ્યા છે. દાસી જીવણને ગુજરાતીની મીરા તરીકે ઓળખવામાં આવે છે. અને સંત સમાજ તેને રાધાના અવતાર તરીકે સ્વીકારે તે તેમની પ્રેમલક્ષણા ભક્તિનો સિધ્ધિ છે.

"જીવણ જગમાં જાગિયા, નરમાંથી થિયા નાર,
દાસી નામ દરસાવિયું, એ રાધના અવતાર."[૧૮]

દાસી જીવણના પ્રેમલક્ષણા ભક્તિનાં ભજનોમાં ભક્તહૃદયની પરમાત્માને મળવાની આરત, તલસાટ જોવા મળે છે જે આ ભજનમાં જોવા મળે છે. જે આ ભજનમાં જોવા મળે છે.

"માનવીને મો'લે લાવો રે,
મેરમને કોઇ મનાવો રે."[૧૯]
"આંસુડે ભીંજાય કંચવો, માવા આંસુડે ભીંજાય રે,
ભીંજાયા આછા ચીર રે, માવાની મોરલી રે મારા."[૨૦]

હે માવા, તારી મોરલીએ મારું મનડું હરી લીધું છે તનડું હરી લીધું છે. હવે તારો વિરહ અમારાથી સહ્યો જાય તેમ નથી. રડી રડીને આંસુડાં વહ્યાં જાય છે. દાસી જીવણ કહે છે તારા માટે અમે ઘરબાર છોડયા છે ને છતાં અમારો કોઇ દાવો નથી. હું તો તમારા ચરણની દાસી, નોકરાણી તરીકે યાચના કરું છું. અહીં તેમની નમ્રતા અને નારી સહજ ભાવ જોવા મળે છે.

"મે તોરી દાસી રે પિયા મે તોરી દાસી
તોરે સંગ રાચી દીનબંધુ દેવા, મે તોરી દાસી."[૨૧]

દાસી જીવણની પ્રેમલક્ષણા ભક્તિમાં વિરહ વેદના વિશેષ જોવા મળે છે. તેઓનાં પદોમાંથી ફલિત થાય છે કે કૃષ્ણના પ્રેમમાં પોતે પાગલ છે. કૃષ્ણે એવું કામણ કર્યું છે કે તેના વિના જીવી શકાય એમ નથી. તેના વગર તો પ્રાણ નીકળી જાય છે.

"એવા કામણિયા ઓલ્યો કાનુડો જાણે,
દુજા કામણિયા મારી નજરે ના'વે."[૨૨]
સ્હેજે હું સુતી'તી માડી, આવી નિંદરમાં જગાડી,
ભૂધર ગયો ભગાડી રે, હે કહેજે તારા કાન'ને."[૨૩]

દાસી જીવણને કેટલાંક ભજનોમાં જશોદાનો વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. તો કેટલાંક ભજનોમાં કાન-ગોપીની મીઠી વડછડ અનુભવાય છે.

"જશોદા માડી રે, વારે તારા વિઠ્ઠલાને,
સાનમાં સમજાવી રે, કે'જે તારા કાનુડાને."[૨૪]

મારે કોણ બોલે રે, કોણ બોલે રે,?

કપટીડા કાના સાથે કોણ બોલે રે?"[૨૫]

પ્રેમલક્ષણા ભક્તિનો એક ગુણ ભોળપણ હોવું જોઇએ. દાસીજીવણનું આ ભોળપણ દેખાય આવે છે. 'હું તો ભોળી છું પ્રેમની રીત શું જાણું ? વાલે મારે મને ભર નીંદરમાંથી જગાડી છે. વધારે તો હું શું કહું અને શામળિયે ચકચૂર ઘેલીતૂર કરી છે. આ પ્રેમલક્ષણા ભક્તિની મધુર મીઠાશ અને પ્રભુદર્શનની સૂક્ષ્મ અનુભૂતિ બહુ જ ઓછા ભક્ત કવિઓમાં જોવા મળે છે. દાસીજીવણની સમગ્ર અવસ્થા બદલાઇ ગઇ છે. એટલે તો એ કહી ઊઠે છે, કે...

"આવો વાલા ! કરીએ વાતું, હવે તમ વિણ નથી રહેવાતું."

જીવણને જવું છે પ્રભુના દેશમાં ત્યારે સાદગીનાં સફેદ વસ્ત્રોને વૈરાગ્યનો કાપડી વેશ ધારણ કર્યો છે. વૈરાગણ થઇને દર દર ભટકે છે. માત્ર એક જ ધ્યેય છે. તેમણે હરિના દેશમાં જાવું છે.

"દાસીને તેડી રે જાજો, તમારા દેશમાં

ધોળુંડા વસ્તર મારે અંગડે વિરાજે

મારે ફરવું કાપડીઓના વેશમાં."[૨૬]

"પ્રેમને તાંતણે બાંધી હરિજીએ,

જેમ તાણે તેમ તેમની જી રે."[૨૭]

હું હરિના પ્રેમના તંતે બંધાયેલી છું. તેઓ જેમ તાણે તેમ તેમની છું. સંતોએ બ્રહ્મને પામવા માટે જ્ઞાન, યોગ, સાધનાને બદલે કઠિન છતાં સરળ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ આવકાર્યો છે. નરસિંહ મહેતાએ પરિબ્રહ્મ તત્ત્વને પ્રાપ્ત કરવા માટેનો એક માર્ગ દર્શાવ્યો છે કે...

"પ્રેમના તંતમાં સંત ઝાલે"

આ પ્રેમના તંતે દાસીજીવણ બંધાયા છે. અને આજ છે ભક્તિની મજા, ભક્તિની મીઠાશ અને ભક્તિનું પરમસુખ આનંદ.

## (૨) યોગવાણી :-

દાસીજીવણની પ્રેમલક્ષણા ભક્તિની સાથે યોગવાણી પણ એટલી જ શક્તિ ધરાવે છે. ઘટમાં વસેલા પરમાત્માને ઓળખવા માટે ઉત્તમ પ્રકારનો અધ્યાત્મ ભાવ આ યોગવાણીમાં જોવા મળે છે. ઘટનમાં રહેલા સાયબાના દર્શન થતા સુખ, દુઃખ, હરખ-શોક મટી જાય છે અજ્ઞાન-અંધારું દૂર થઇ જાય છે. અખંડ લીલાના દર્શન થાય છે.

"સબ ઘટ મે સાયબ દેખ્યા, નજર ભરમ નાંય,
હરખ-શોક વ્યાપે નહિ તનમાં, એસી અદલ ચલાય"[૨૮]

દાસી જીવણે ઓહમ-સોહમ શ્વાસોચ્છવાસની ક્રિયા સાથે 'નામ' સાધના કરી છે. અને સુરતા શૂન્યમાં ઠેરાવી દીધી છે. આ સાધના નાભિકમળ નીચે સુતેલી સાડા ત્રણ વલ્લયોમાં પડેલી કુંડલિનીને જગાડી છે. સામાન્ય સ્થિતિમાં કુંડલિની સર્પાકારે અધોમુખી પડી હોય છે. આ ક્રિયાને સમજાવતા દાસીજીવણ કહે છે કે...

"અબુધ દિયા તખત પર ડંકારે, સો ઘર સે'જે પાયા રે જી,
નાભી કમળથી નટવર ચડિયા, પવન પુરુષ પલટાયો રે'જી."[૨૯]
નવે દરવાજા નવી રમત કા, દશ'મે મો'લે ઓ દેખાઇ,
સોઇ મહેલમાં મેરમ બોલે, આપું ત્યારેઓ ઘર જાય."[૩૦]
સોહમ ઘર જાવે સંત સુભાગી, બીક કછુવે નાંય,
દાસી જીવણ સતભીમકા ચરણા, અટળ અભેપદ થાય."[૩૧]

આ કાયામાં સંતોએ દશ દરવાજા કહ્યા છે. દશ નાડીઓના દ્વાર તેમા એ દશમું દ્વાર એટલે કે એ પ્રહેલમાં મેરમ વસેલા છે. આ સોહમ ઘરમાં જો કોઇ ભાગ્યશાળી હોય તો તે નિર્ભય થઇને પહોંચે છે. આ ઘટભીતર તેનું દર્શન પામે છે. જે પરમાત્મા અણુએ અણુમાં, સર્વવ્યાપી, સબઘટ સભર ભર્યો છે. તે નજરે આવી જાય છે. તે પછી સુખ, દુઃખ રહેતાં નથી. મારા, તારાના, સ્ત્રી-પુરુષના ભેદ ટળી જાય છે અને ખંડિત નથી તેવી અખંડ લીલાના દર્શન થાય છે. અને દાસી જીવણ કહે છે કે આ દર્શનના આનંદનો અમલ આઠે પહોર લાગી જાય તેને યોગ સિધ્ધિ કહેવામાં આવે છે.

## (૩) ગુરુ-મહિમાના પદ :-

દાસી જીવણે જ્ઞાન પ્રાપ્તિ માટે, પ્રભુના ઘરની ખોજ કરવા માટે સત્તર-સત્તર ગુરુ કર્યા. છતાં સંતોષ થયો નહીં. અંતે આમરણના સંત ભીમ સાહેબ મળ્યાને દાસીજીવણને અજવાળું થઇ ગયું.

"અજવાળું હવે અજવાળું
ગુરુ આજ તમ આવ્યે મારે અજવાળું."[૩૨]

સદ્‌ગુરુ ભીમ સાહેબે કોઇ એવો શબ્દ સંભળાવ્યો, કોઇ એવી સાન બતાવી, કોઇ એવો પ્યાલો પાયો કે સર્વભ્રમણાઓ ભાંગી ગઇ, અજ્ઞાન-અંધારું ચાલ્યું ગયું અને દાસી જીવણ કહે છે કે ગુરુજી અમારા માટે ભગસાગર પાર કરવાની નાવડી છે અને આવા સતગુરુની સેવા કરવાથી અભેપદ પ્રાપ્ત થાય છે. અને દાસી જીવણ કહે છે કે....

"ગુરુ સેવાએ અભેપદ પામીએ, ગુરુ સેવા વણર્વી ન જાય,
અનંત મહિમા ગુરુજી તણો, સતગુરુ સમર્થે કારજ થાય."[33]
અષ્ટ કમળ અટ શિખર ઉપર આપ વસે અવિનાશી,
ગુરુ મીલે તો એ ગમ પાવે, નીકર જઇશ તિરાશી"[34]

શબ્દ જ્ઞાન, વચનભેદ, અગમઘરની ઓળખ અને ગુપ્ત સાધનાની ગેબી આવી સદ્‌ગુરુ બતાવે છે. સાધનાના માર્ગમાં માથે જાગૃત ગુરુની હાજરી અનિવાર્ય ગણાય છે. દાસી જીવણ આ પરમગુરુની શોધ ઘટભીતર કરવાનું જણાવે છે ને સાથે સાથે ઘટભીતર ગુરુ મળ્યાનું પ્રમાણ પણ આપે છે.

"જીવણ કે ગુરુને કાયામાં ગોતજો,
શું કરું મારા વાલાના વખાણ."[35]

ગુરુનો મહિમા દરેક સંતે વર્ણવ્યો છે. અહીં પ્રથમ પુરુષ ગુરુજીને દર્શાવી જીવણ આપણી ભીતર રહેલા સત સ્વરૂપને ગુરુ કહે છે. આ રીતે પથદર્શક ગુરુ અને ભીતર રહેલા ગુરુનો મહિમા કવિએ ગાયો છે.

દાસી જીવણના ભજનોમાં ભાવભક્તિનો મહિમા પણ ગવાયો છે તે સાથે નિર્ગુણ નામ સાધનામાં પરમાત્મા કોઇ આકારધારી નથી અને સર્વવ્યાપી ચેતનતત્ત્વ છે. પરમાત્માને બાહ્ય આચરણ, ક્રિયાકાંડ દ્વારા નહીં પણ આત્મજ્ઞાન દ્વારા ઘટભીતર તેના દર્શન કરવાના છે. એ દાસી જીવણ કહે છે.

દાસીજીવણનાં ભજનોમાં મહામારગી નિજારી ભાવ પણ જોવા મળે છે. કારણ કે દાસી જીવણ મેઘવાળ સમાજમાં જન્મ્યા હતા. એટલે તેનો નાળ સંબંધ મહાધરમ-રામદેવપીર, જયોતિ પાટ ઉપાસના સાથે જોડાયેલો હતો. તેના સંસ્કાર આ ભજનોમાં દેખાય આવે છે.

## (૪) પ્રાસંગિક પદ રચનાઓ :-

દાસી જીવણના જીવનમાં કેટલીક ઘટનાઓ ઘટી તેના અનુસંધાને ભજન રચનાઓ રચાઇ ગઇ છે. આ ભજન રચનાઓમાં જે તે પ્રસંગનું નિરૂપણ કથનાત્મક રીતે અથવા તો એ પ્રસંગ નિમિત્તે દાસી જીવણને કંઇક કહેવું છે તે તેમાં રજૂ કરેલ છે. આ પ્રકારની પ્રાસંગિક ભજન રચનાઓ દાસીજીવણના જીવન વિશેના આલેખનમાં કર્યું છે. તેથી અહીં માત્ર એક એક પંકિતઓ દ્વારા તે પદનો નિર્દેશ કરેલ છે જે નીચે મુજબ છે.

(૧) શામળા વેલેરી કરજે વાર
(૨) તાણીને પ્રીતુ શીદ ત્રોડ

(૩) મે મસ્તાના મસ્તી ખેલું

(૪) શું કરવા સુખ પારકા

(૫) એક દા'ડે જાવું મનખ્યો મેલી.

(૬) આમ કા કરો તમે આમ કા કરો.

(૭) પાટ છો અપાર છો.

(૮) મેરમજીને માણવા રે

(૯) હાટડીએ કેમ રહેવાશે ભાઇ

## (૫) રહસ્યાત્મક-પ્રતિકાત્મક વાણી :-

દાસી જીવણની વાણીમાં મોરલો, બંગલો હાટડી, પ્યાલો, ઝાલરી, બંસરી જેવાં પ્રતીકો-રૂપકો યોજીને ગહન તત્ત્વ દર્શન સરળ કરી આપ્યું છે.

દાસી જીવણ સૌ પ્રથમ આત્માને 'મોરલા'નું રૂપક આપે છે. મોર જેમ પક્ષીઓમાં સુંદર છે તેમ પૃથ્વીલોકમાં 'માનવ' ઇશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. મોરલા વિશે કહે છે કે,

"અરે તું તો આવડાં રૂપ કયાંથી લાવ્યો રે,
મોરલો મરત લોકમાં રે આયોજી."[૩૬]

બીજુ રૂપક 'બંગલો' આવ્યું છે. આ માનવ દેહ રૂપી બંગલો પાંચ તત્ત્વની ઇંટ, ત્રણ ગુણનો ગારો-માટી અને પચીસ પ્રકૃતિ રૂપી પુરવણીથી બંધાયેલી છે. તેમાં દશ દરવાજા છે. અને આ બંગલામાં અનાહત નાદ વાગી રહ્યો છે.

દાસીજીવણ દેહને 'હાટડી' ની ઉપમા આપે છે. હાટડી રૂપી આ સ્થૂળ દેહને છોડીને હંસોરાજા- આત્મા એક દિવસ ચાલી નીકળે છે. કારણ કે 'મારા રામની રજા નઇ' જેવા વચન દ્વારા પણ મૃત્યુને રોકી શકાયું નથી.

દાસી જીવણ પ્રેમલક્ષણા ભક્તિનો કવિ છે. આથી તે દર્દને રજૂ કરવા 'કટારી'નું પ્રતીક લે છે. કટારી બંને બાજુ ધારવાળું તીક્ષ્ણ હથિયાર છે. એનો ઘા બહારથી નાનો દેખાય છે પણ અંદર બધું જ છેદી નાખે છે. એવી પ્રેમ કટારી લાગી છે કે જે ચોધારી છે. અને તેનું દર્દ કોઇથી મટે તેવું નથી. આ કટારી તેનું પ્રતીક છે.

દાસીજીવણ 'પ્યાલો' પ્રતીક દ્વારા કહે છે કે ..

"પ્યાલો મેં પીધેલ છે ભરપૂર, દયા કરીને દીધો પ્રેમરસ પીધો
નેનુ મે આયા નૂર પ્યાલો મેં પીધેલ છે ભરપૂર"[૩૭]

સદ્‌ગુરુ સાહેબ અભિમંત્રિત પ્યાલો ગુરુ દક્ષિણા આપતી વખતે પીવડાવે છે.

શિષ્ય જયારે આ પ્યાલો પીએ છે ત્યારે તેની આંખોનું તેજ બદલાય જાય છે. આ પ્યાલો બાહ્યક્રિયા છે તેમ સદ્‌ગુરુની ગુપ્તસાન આપતી 'શબદસાન' પણ છે.

ભક્ત સાધનાના માર્ગમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ એક અનાહત નાદ સંભળાય છે અને જુદા જુદા સૂરમાં સંભળાય છે જેમકે ઝાલરી, બંશરી, શીંગી, જંતરી, મોરલી, નોબત, ઘુઘરી, ડંકા વગેરે. દાસીજીવનનું લોકપ્રિય પદ ભજન છે.

"દેખંડા કોઇ આ દિલ માંય
નિરખંદા કોઇ, પરખંદા કોઇ આ દિલમાંય...
ઝણણણ ઝણણણ ઝલ ઝાલરી વાગે.."[૩૮]

આ બધા નાદ એ અનાહત નાદના પ્રતીક છે. આ પ્રતીક-રૂપક વાણી દ્વારા દાસીજીવણ પોતાની વાણીને લોકભોગ્ય બનાવે છે.

સંતોને જે દિવ્યદર્શન થાય છે તે શબ્દો દ્વારા રજૂ કરવું અધૂરું હોય છે તે અનિવર્ચવનીય છે તે જ્યારે ભજવાણીમાં કહેવા જાય ત્યારે તે ભાવ "ગૂઢ રહસ્યાત્મક વાણીમાં જ મૂકવો પડે છે. અમૂલખ મોતી માલમી હશે તે ઓળખી લેશે એ દૃષ્ટિએ સંતોએ આ ગૂઢ-રહસ્યાત્મક વાણીની રચના કરી હશે."

"અબધુ ! રણ રણ વાગે, ગગનમંડલ ઘટ માંહી રે,
અનભેનાદ અખંડધૂન ગાજે, ઝલમલ જ્યોતિ જયાંહી રે."[૩૯]
"વચન ભેદ મારા ગુરુએ બતાવ્યો, જોયું તત્ત્વ વિચારી,
ગુરુ વચન રહ્યો ઘટ ભીતર, ભેદ જડયો મને ભાટી."[૪૦]

આ 'વચન' એક અશબ્દ ઉજાસ છે. આ વચન આંતર પ્રજ્ઞાના સતપંથે લઇ જાય છે એક વખત જો એ વચનની ઓળખ થઇ જાય, વચનનો વિવેક જાણી લેવાય તો આવા પુરુષને ત્રિલોક વંદે છે.

સંતોનું દર્શન મૂળસ્થાનનું એક જ સરખું જણાય છે. શબ્દભેદ જરૂર જણાય પણ અર્થઘટન તો એક જ થાય છે. એ ભાવની અનુભૂતિ ને આનંદ એક જ સરખો હોય છે. દાસીજીવણ કહે છે કે....

સબ ઘટ મે એક સાયબ દેખ્યા, નજર ભરમના નોંય,
હરખ શોક વ્યાપે નહિ, તનમાં એસી અદલ ચલાય."[૪૧]

## (૬) ઉપદેશાત્મક પદો :-

સંતોનું કાર્ય સમાજને ઉપદેશ આપવાનું રહ્યુંછે. સમાજમાં અંધશ્રધ્ધા, અજ્ઞાનતા અને સામાજિક અંધાધૂંધી ફેલાય છે. ત્યારે સંતો તેના તારણ કાર બન્યા છે દાસીજીવણે જ્ઞાનભક્તિ સાથે સરળ ભાષામાં ઉપદેશ પણ આપ્યો છે.

"લીધા સરખું નામ હરિનું, લઇ શકે તો લે,
દીધા સરખું દાન અન્નનું, દઇ શકે તો દે." [૪૨]

"શાને માટે ભજતો નથી, સેજે સીતારામ,
આ રે કાયામાં શું છે ? હાડકાને ચામ,
તેમાં શું તું મોહિ રિયો, વીખીયાનું કામ."[૪૩]

આ કાયામાં હાડકાં, ચામડાં, રૂધિર અને મળ-મૂત્ર છે. તેમાંથી જીવ જતા રોમે રોમે ઝેર ફેલાય છે, જીવાત પડે છે. આ નાશવંત કાયાનો મોહ છોડીને સીતારામનું ભજન કરો. દાસીજીવણ કહે છે કામી, કપટી, લોભીને લાલચીનો સંગ કરવાથી આપણે પણ તેને માર્ગે જવાના. સંતોના સત્સંગથી ભવપાર થશે.

"દોરંગાની સાથે નવ બેસીએ જી.
એમાં પત તો પોતાની જાય રે."[૪૪]

માનવ જન્મ દેવોને પણ દુર્લભ છે. આ સંસારની માયા ચાર દિવસની ચાંદની જેવી છે. આ માનવ જન્મનું સાર્થક્ય સિધ્ધ કરી જીવન સફળ કરવાનો છે. દાસી જીવણ કહે છે કે...

"મનખા પદારથ માંડ કરી મળ્યો વાલા,
બાંધી ભુંડંપની ભારી એવો વણજે આવ્યો વેપારીજી."[૪૫]

જીવનની ક્ષણભંગુરતા વિશે ફરી દાસી જીવણ કહે છે કે...

"કાયા પાણીનો પરપોટો, ફૂટી જશે ફૂટ,
જમરા આવશે જોરમાં, ગળી જશે ગટોગટ."[૪૬]

સંસારની અસારતા વિશે દાસી જીવણ કહે છે કે

"શેરી લગણ સુંદરી, ઝાંપા લગ મા-બાપજી,
તીર્થ સુધી બે બાંધવા, કોઇ ના'વે તારી સાથ."[૪૭]

ધર્મના નામે સમાજમાં બાહ્યાચાર ચાલતો હોય છે. બાહ્ય-ક્રિયા, વેશ-ટેક વધી જાય છે. આ બાહ્યાડંબરનો વિરોધ કરતા દાસી જીવણ કહે છે કે...

"ભેખ લઇને ભગવા પહેર્યા, ભાર ઉપાડયો ભારે,
ઇમાન વિનાનો ઉપાડી જશે, લખ ચોરાસી લારે."[૪૮]

જપ-તપ, તીર્થ, ગંગાસ્નાન કે હોમ હવન-યજ્ઞ કરવાથી મુક્તિ મળતી નથી. જટા વધારવી, અંગે ભભૂત લગાવીને ભલે ગમે અવધૂત થઇ ફરો પણ તેથી કોઇ અર્થ સરવાનો નથી. સાચું તો એ છે કે જેણે ચિત્તની વૃત્તિઓ શાંત કરી, મનને સ્થિરકર્યું, અને નિ:સ્વાર્થ ભાવે સેવા, ભજન-ભક્તિ કરી એજ આ ભવસાગર પાર ઉતરશે. દાસી જીવણ તે વિશે કહે છે કે....

"મન વડાયું મોટપ મેલો માનવા, ખમતા કરી લિયો ખાઇ,
દાસી જીવણ સત્ ભીમકી મરણારે, સમરી લ્યો કે સાઇ."[૪૯]

ભક્તિનો માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો કઠિન છે. તેમાં આધીનતા નમ્રતા હશે તો જ ચાલી શકાશે. અહમ 'હું'ને મારી નાખવો પડે. તે વિશે દાસીજીવણ કહે છે કે...

"આધીન ન હતા રાવણે રાજ ખોયા, દુર્યોધન દુઃખ પાવે,
આધીન હતા ધ્રુ ને પ્રેહલાદ એને, ઠીક કરીને ઠેરાવે."[૫૦]

આધીનતા આવી જતા સામાન્ય સેવક પણ સિધ્ધ બની જાય છે. જીવનમાં જેણે શુદ્ધ ચારિત્ર્યનું નિમાર્ણ કર્યું. એ સાચો ધાર્મિક સંત છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અને માયા જેવા શત્રુને કાબુને લીધાને શીલ, સંતોષ, ધીરજ, ધરણા જેવા ગુણો ગ્રહણ કર્યા તેને જગત જીતી લીધું છે. આવા માણસ માટે કોઇ પણ ક્રિયા કર્મ કરવાની જરૂર રહેતી નથી.

દાસી જીવણે ઉપદેશાત્મક વાણીમાં અંતિમ વાત એ કરી છે કે 'રામ ભજન બિન નહીં નિસ્તારા' રામ નામના સ્મરણ વિના મુક્તિ નથી મળતી. તે વિશે જીવણ સાહેબ કહે છે કે...

"રામને ભજી લે સીતારામને ભજી લે,
રામને ભજયે તારા કારજ સરે,
અવિચળ પટો રે."[૫૧]

આ સંતોની વાણીનો ઉપદેશ સરળ રહ્યો છે. તેમનું તત્ત્વચિંતન યોગ અને મરમીવાણી ભારેખમ રહી છે. જયારે સામાન્ય માણસો માટે એટલું કહી શકાય કે રામનાથ લે નહિતર ભૂખ્યાને અન્નનું દાન કર. દાસી જીવણ ભક્ત અને કવિ તરીકે આ પરંપરામાં અનોખા છે. ભાષામાં એક બે દૃષ્ટાંતો બાદ કરતાં લલિત મધુર અને લયાન્વિત છે. લોકબોલીના કેટલાક લાક્ષણિક પ્રયોગો છતાં આ ભાષા મહંદઅંશે શિષ્ટ કહી શકાય.

આમ ગુજરાતની સમગ્ર ભક્તિ-સાહિત્ય પરંપરામાં અને સંત-ભક્તોમાં સૌરાષ્ટ્રની મીરાં તરીકે દાસી જીવણનું સ્થાન ઘણું ઊંચું અને ગૌરવ ભર્યું છે.

# સંદર્ભ સૂચિ

(૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ: લે. ડો. નાથાલાલ ગોહિલ, પ્રા. આ. ૧૯૮૭ પૃ. ૨૦૬ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૨) એજન પૃ. ૨૦૭

(૩) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૧૨ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૪) એજન, પૃ. ૪૦૮

(૫) મોરલો મરતલોકમાં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૧૨ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૬) એજન, પૃ. ૧૧૩

(૭) જીવણ જયોત : સં. મહંતશ્રી નાનકદાસ બાપુ. ચોથી આવૃત્તિ પૃ. ૧૩ પ્ર. દાસીજીવણ સાહેબની જગ્યા-ઘોઘાવદર

(૮) મોરલો મરતલોકમાં આયો : લે. ડો. નાનાલાલ ગોહિલ પ્ર.આ.૨૦૦૪, પૃ.૧૧૬, પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૯) યોગ વેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૭૩ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૧૦)યોગ વેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૮૨ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૧૧) એજન, પૃ.૧૫૩

(૧૨)યોગ વેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૭૨ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૧૩) એજન, પૃ.૧૭૬

(૧૪) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુન: મુદ્રણ ૧૯૯૧ પૃ.૧૦૪ પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.

(૧૫)યોગ વેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૮૭ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૧૬) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુન: મુદ્રણ ૧૯૯૧ પૃ.૧૨૩ પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.

(૧૭) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૨૧ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૧૮) સંતવાણીનું સત્વ-સૌદર્ય : લે. ડો. મનોજ રાવલ પ્ર. આ. ૧૯૯૪, પૃ.૬૩, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ

(૧૯) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુન: મુદ્રણ ૧૯૯૧ પૃ.૧૦૦, પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.
(૨૦)મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૨૫, પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ
(૨૧)એજન, પૃ. ૧૨૫
(૨૨)યોગવેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૭૭ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ
(૨૩)એજન, પૃ. ૧૭૯
(૨૪)મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૨૭, પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ
(૨૫)સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુન: મુદ્રણ ૧૯૯૧ પૃ.૧૦૬, પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.
(૨૬)મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૨૮, પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ
(૨૭)એજન, પૃ.૧૨૮
(૨૮)સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ: લે. ડો. નાથાલાલ ગોહિલ, પ્રા. આ. ૧૯૮૭ પૃ. ૨૧૮ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ
(૨૯)મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૨૯ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ
(૩૦) એજન, પૃ. ૧૩૦
(૩૧) એજન, પૃ.૧૩૦
(૩૨)સંતની સરવાણી સે. ડો. નિરંજન રાજયગુરુ પ્ર. આ. ૨૦૦૦, પૃ.૭૦, પ્ર. સત્‌નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ-ઘોઘાવદર
(૩૩) સંતની સરવાણી સે. ડો. નિરંજન રાજયગુરુ પ્ર. આ. ૨૦૦૦, પૃ.૭૪, પ્ર. સત્‌નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ-ઘોઘાવદર
(૩૪) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૩૨ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ
(૩૫)એજન, પૃ.૧૩૩
(૩૬) સંતની સરવાણી સે. ડો. નિરંજન રાજયગુરુ પ્ર. આ. ૨૦૦૦, પૃ.૬૬, પ્ર. સત્‌નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ-ઘોઘાવદર
(૩૭) સંતની સરવાણી સે. ડો. નિરંજન રાજયગુરુ પ્ર. આ. ૨૦૦૦, પૃ.૬૭, પ્ર. સત્‌નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ-ઘોઘાવદર
(૩૮) એજન, પૃ.૬૮

(૩૯) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૧૨ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૪૦) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૪૦ પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૪૧) એજન, પૃ.૧૪૧

(૪૨)સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ: લે. ડો. નાથાલાલ ગોહિલ, પ્રા. આ. ૧૯૮૭ પૃ. ૨૨૨, પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૪૩) એજન, પૃ.૨૨૩

(૪૪) એજન, પૃ.૨૨૪

(૪૫)મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૪૨, પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૪૬) યોગવેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૮૭, પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૪૭) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ: લે. ડો. નાથાલાલ ગોહિલ, પ્રા. આ. ૧૯૮૭ પૃ. ૨૨૬ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૪૮) મોરલો મરતલોક્માં આયો : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર. આ. ૨૦૦૪ પૃ. ૧૪૪, પ્ર. પ્રવીણ પ્રકાશ રાજકોટ

(૪૯) એજન પૃ.૧૪૫

(૫૦)યોગવેદાન્ત ભજન ભંડાર, લે. પ્રેમવંશ જગદીશભાઇ ગોહિલ છઠ્ઠી આવૃત્તિ પૃ.૧૭૦ પ્ર. પ્રવીણ પુસ્તક-રાજકોટ

(૫૧) સત કેરી વાણી : સં. મકરન્દ દવે પુનઃ મુદ્રણ ૧૯૯૧ પૃ.૧૧૭ પ્ર. નવભારત સાહિત્ય મંદિર અ'વાદ.

# ◈પ્રકરણ-૯◈

# અક્કલદાસનું જીવન-કવન

અક્કલદાસનો જન્મ થાનગઢ જિ . સુરેન્દ્રનગરમાં વિક્રમ સંવત ૧૯૨૨માં મહામાસ સુદ પૂનમને મંગળવારના રોજ થયો હતો. પિતાનું નામ ડોસાભાઇ માતાનું નામ જાણવા મળેલ નથી. પણ અક્કલદાસના વડવાઓનું મૂળ વતન આદરણીયા ત્યાંથી તેઓ ગાળા આવ્યા. પછી દુદાપર અને ધ્રાંગધ્રાથી થાનગઢમાં આવીને વસ્યા. અક્કલદાસના લગ્ન લખતર ગામે થયેલા. તેમની પત્નીનું નામ પાદરેસા અટકના કહળી બાઇ સાથે થયેલા.

અક્કલદાસનું મૂળ નામ ઉકો હતું. જ્ઞાતિ એ (ગરોડા) હરિજન અને અટક ગેડિયા હતી. તેઓ દાસી જીવણના ગુરુભાઇ અને ભીમ સાહેબના શિષ્ય હતા.

આ અક્કલદાસનું જન્મ સ્થળ થાનગઢ પણ ઐતિહાસિક સ્થળ છે. જયાં ગેબીનાથ જેવા પરમ સિધ્ધ સંત થયા. ગેબીનાથના શિષ્ય મેપા ભગત કુંભાર પણ થાનગઢમાં થયા. આપો રતો ગામ-મોલડી પણ ગેબીનાથના શિષ્ય હતા. મેપા ભગતના આપા જાદરા (સોનગઢ) તેમના શિષ્ય પોતાના પુત્ર ગોરખબાપુ તેમના આપા વિસામરણ (પાળીયાદ) તેમના આપા દાના (ચલાલા) અને તેમના શિષ્ય આપા ગીગા (સતાધાર) આ આખી નાથધારા થાગઢમાંથી પ્રગટ થયેલ. તેથી થાનગઢનું ઐતિહાસિક મહત્ત્વ પણ ઘણું છે. થાનગઢની ભૂમિમાં ગજબની શક્તિ છે. અહીંયા કબીર સાહેબની ધારા પુનઃ પ્રગટ કરનારા એવા સંત અક્કલદાસ થયા.

અક્કલદાસના જન્મ વિશે એક લોકોકિત સાંભળવા મળેલ છે. કે "અક્કલદાસના પિતા ડોસાભાઇને ઘણા સમયથી પારણું બંધાતું ન હતું. તેઓ અપુત્ર હતા. ત્યારે તેઓ ત્રિકમ સાહેબ પાસે જાય છે. એમની સેવા કરે છે. ત્રિકમ સાહેબ એમનાથી પ્રસન્ન થઇને એમને ટોપી અને હાથનો બેરખો (હાથમાં પહેરીને માળા-કરવા) આપી તેમનું પૂજન કરવાનું કહ્યું. આ ટોપી અને હાથના બેરખાનું પૂજન કરવાથી ડોસાભાઇને ત્યાં પુત્રનો જન્મ થાય છે. અને એનું નામ ઉકો રાખવામાં આવે છે. સમય જતા અક્કલદાસ મોટા થતા જાય છે. અને ત્રિકમ સાહેબ ભીમસાહેબને આજ્ઞા કરે છે કે થાનગઢમાં જઇને અક્કલદાસને ચેતાવો અને ત્યાર બાદ ભીમ સાહેબ સાંઢણી લઇને થાનગઢ આવે છે અને પરંપરા મુજબ પાઠ ભરી અક્કલ સાહેબને આ પરંપરાનું જ્ઞાન આપે છે. અને ત્યારથી અક્કલ સાહેબ થાનગઢમાં અન્નક્ષેત્ર ખોલી અને રામરોટીમાં રામ ભળી જવાથી પ્રભુ મિલન સહજ રીતે થઇ ગયેલ."[૧]

અક્કસ સાહેબ વિશે એક સાખી પ્રચલિત થઇ એ આ પ્રમાણે છે.

"અક્કલદાસમાં ભીમ ઉગ્યા, નિશ્ચળ બતાવ્યું નામ,
કામીની ક્રિયા કરી, રોટીમાં ભાવ્યા રામ."[૨]

અક્કલદાસના બે શિષ્ય થયા. (૧) કરમણ ભગત (૨) આણદાભગત. આ થાનગઢની જગ્યામાં બુંદ પરંપરા જ ચાલી છે. અને મહંત પદે તેમના વંશનો જ આવ્યા છે. બુંદ પરંપરામાં અક્કલદાસ પછી આ જગ્યામાં મહંત તરીકે હરિદાસ-પછી ધનદાસ પછી ચતૂરદાસ અને અત્યારે વર્તમાન નિત્યાનંદ છે.

અક્કલદાસની જગ્યા હાલ થાનગઢમાં રાજકોટ-અમદાવાદ રેલ્વે લાઇન (પાટા)ની બાજુ દલિત વાસમાં આવેલી છે. આ જગ્યાનો રહેઠાણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. એક ઓરડામાં અક્કલદાસ સાહેબની સમાધિ ઉપર પગથિયાં બનાવી નૃસિંહ ભગવાનની મૂર્તિ મૂકવામાં આવેલ છે. તથા વિવિધ દેવી-દેવતાઓની મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે અને ત્રિકમ સાહેબે આપેલ ટોપી અને હાથ બેરખાનું પૂજન કરવામાં આવે છે.

## અક્કલ સાહેબનું સાહિત્ય પ્રદાન (વાણી) :-

અક્કલ સાહેબનાં ત્રણ પદો અને એક સાખી મળી આવે છે તેમજ તેમણે ચિંતામણીની પણ રચના કરેલ છે. ચિંતામણીમાં તેમનો જન્મ અને ગુરુ અંગેના સંદર્ભો પ્રાપ્ત થાય છે. વર્તમાન સમયમાં આ જગ્યાના સંચાલક દ્વારા એમ કહેવામાં આવે છે કે અક્કલ સાહેબના ગુરુ ત્રિકમ સાહેબ છે. પરંતુ અક્કલદાસ રચિત તમામ પદો જોતાં નામાચરણમાં ગુરુપદે ભીમ સાહેબને દર્શાવેલ છે.

અક્કલદાસ પોતાની વાણીમાં કહે છે કે બ્રહ્માંડના માલિક (પરમેશ્વર) ને તેમની પ્રેયસી બની જોતી હાલું છું. આ માટે મેં જ્ઞાનનાં પુસ્તકો, પાનાં અને કથાઓ વાંચી જોયેસ, પરંતુ માલિક મળેલ નહિ.

"જુગના જીવણને હાલુ જોતી, જોયા પુસ્તક પાનાને પોથી,
મરજીવા કોઇ લેજો મોતી, ગુરુને કાયામાંથી લેજો ગોતી."[૩]

બીજા એક પદમાં અક્કલદાસ કહે છે કે....

ત્રિકમ સાહેબને તીરે, વૃક્ષ મૂળનો વધતો વેલો રે,
ઉલટ આણી અંગમાં વસ્યા, દયા કરી દિલમાં વસ્યા."[૪]

અન્ય એક પદમાં અક્કલદાસ કહે છે...

"રૂડા રામ વાણીયા રે, તારો શેઠ નગરમાં છે,
ચાંદા સૂરજથી તેજ અમારા, જબહલ હીરલા ઝળકે.
દશ દરવાજા લાખો ખડકી, પચાસ ક્રોડમાંય પ્રેમી,
અષ્ટ કમલપર વસે ઓલિયા, નવલાખ છે માંય નેમી."[૫]

તારો શેઠ આત્મા આ દેહરૂપી નગરમાં જ છે. એ આત્મરૂપી શેઠ કેવો છે ? કહે છે ચંદ્ર અને સૂરજના તેજ તેની સામે કોઇ વિસાતમાં નથી એવું અપાર તેમનું રહ્યો છે. દશ શરીરમાં દ્વાર આવલાં છે. લાખો અંદર સૂક્ષ્મ છેદરૂપી ખડકી છે.

આમ અક્કલ સાહેબે પદોમાં જે ઉપદેશ ગુરુમહિમા અને બ્રહ્મના રહસ્યની ચર્ચા કરી છે. તે પ્રમાણે જણાવી સમગ્ર દેહરચના સમજાવી છે. સરળ ભાષા દ્વારા ઉપદેશ આપ્યો છે. અક્કલ સાહેબે થાનગઢમાં શરદપૂનમના દિવસે તા. ૩૦-૧-૧૮૬૬ના રોજ સમાધિ લીધેલ.

# સંદર્ભ સૂચિ

(૧) કર્ણોપકર્ણ
(૨) 'સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ' : લે. ડો. એન. યુ. ગોહિલ પૃ. ૨૩૪
(૩) 'મેરી નજરે મોતી આયા' : સં. સંદીપ રાઠોડ પૃ. ૧૧૯
(૪) 'સૌરાષ્ટ્રના હરિજન ભક્તિ કવિઓ' : લે. એન. યુ. ગોહિલ પૃ. ૩૮૧
(૫) 'મેરી નજરે મોતી આયા', સં.સંદીપ રાઠોડ -પૃ.૧૨૦

## ◈પ્રકરણ-૧૦◈

# કરમણ ભગતનું જીવન-કવન

રવિ-ભાણ સંપ્રદાયના હરિજન સંત-કવિ તરીકે કરમણ ભગતને આજે પણ યાદ કરવામાં આવે છે. કરમણ ભગતના જન્મ- તેમજ જીવન-કવન અને મૃત્યુ વિશે માહિતી મળતી નથી પણ જનશ્રુતિ દ્વારા જાણવા મળેલ છે. કે કરમણ ભગત જાતે હરિજન-વણકર હતા. અને એમના ગુરુ મોરાર સાહેબ હતા. કરમણ ભગતનું વતન વાવડી (જિ. સુરેન્દ્રનગર ધ્રાંગધ્રા) હતું. તેમણે કોઇ જગ્યા સ્થાયેલ નથી. તેમના ગુરુ મોરાર સાહેબનો સમય ૧૮ મી સદી મનાય છે. તેથી કરમણ ભગત પણ ૧૯મી સદીમાં થયેલ મનાય.

કરમણ ભગતના જીવનનો મહત્ત્વનો પ્રસંગ લખીરામને શિષ્ય બનાવીને ગુરુગમ પ્યાલો પીવડાવે છે. જનભૂમિ દ્વારા જાણવા મળે છે કે ભક્ત કવિ લખીરામ ભવાયા જ્ઞાતિના હતા. અને ગામે ગામ જઇ ભવાઇનો વેશ ભજવી પોતાનું જીવન નિર્વાહ કરતા. લખીરામ ભવાઇનો વેશ ભજવવા એક દિવસ વાવડી ગામમાં આવે છે. અને ત્યાં ત્રણ દિવસ ભવાઇનો વેશ ભજવે છે. ચોથા દિવસે તે ગામમાં પોતાની બહેનના લાભાર્થે વેશ ભજવે છે. ત્યારે ગામમાં લાઇટની વ્યવસ્થા ન હોવાથી દીવડો પ્રગટાવી અને રાત્રે વેશ ભજવવામાં આવતો અને આ દીવડા માટે સૂતરની આંટીની જરૂર પડે તે વણકરવાસમાંથી લેવામાં આવતી. એ સમયે હરિજન-વણકર જ્ઞાતિ પૈસા આપી શકતા ન હતા. એટલે સૂતરની આંટી આપતા. અને લખી રામ આ સૂતરની આંટી લેવા વણકર વાસમાં આવે છે. અને સૂતરની આંટી કરમણ ભગતને ઘેરથી લેવાની હતી. આભડછેટને કારણે લખીરામ દૂર ઊભા રહી સૂતરની આંટી માંગે છે. તે સમયે કરમણ ભગત લખીરામને પાસે બોલાવી જ્ઞાનચર્ચા કરીને ભક્તિનો માર્ગ સમજાવે છે. અને તે જ સમયે ગુરુ અભિમંત્રિત પ્યાલો પીવડાવે છે. અને આ ગુરુગમ પ્યાલો પીધાની સાથે જ લખીરામનું અજ્ઞાન-અંધારું દૂર થઇ જાય છે. અને અંતરમનાં અજવાળું થઇ જાય છે. અને લખીરામ કહે છે....

"પ્યાલો અમને પાયો રે, ગુરુઓ મારે મહેર કરી,
દેહુમાં દરસાણા રે, હરોહર આયે હરિ." [૧]

**-લખીરામ**

લખીરામનું અજ્ઞાન-અંધારું ટળી જાય છે. અને સમગ્ર સંત સાહિત્યમાં પ્રસિધ્ધ થયેલ "લખીરામનો પ્યાલો" પદની રચના થાય છે.

"બેની! મુને ભીતર સતગુરુ મળિયા રે..

વરતાણી આનંદ લીલા: મારી બાયું રે."[2]

આ કરમણ ભગત રવિ-ભાણ પરંપચરાના એક સમર્થ સંત-કવિ થઇ ગયા.

## કરમણ ભગતની વાણી :-

કરમણ ભગતની વાણીમાં બે જ પદ મળે છે જેમાં પ્રથમ પદ "ભીતર સતગુરુ મળીયા" આ પદમાં આધ્યાત્મિક રહસ્ય પ્રગટ થયું છે તે રીતે કરમણ ભગત પણ ભીતર સતગુરુ મળ્યાનું જણાવે છે.

ઘડી ઘડીના ઘડિયાળા વાગે, છત્રીશે રાગ શીની,

ઝળકત મોલને ઝરુખે જાળીયા

ઝાલર વાગી ઝીણી ઝીણી : મારી બાયું રે...[3]

કરમણ ભગત કહે છે કે ઇંગલા-પીંગલા, સુષુમણા સાધીને શૂન્ય મંડળમાં ઝીણી ઝીણી ઝાલર વાગી રહી છે. જેને અનાહત નાદ કહે છે. કવિ આ પદના અંતે ગુરુએ પ્યાલો પીવડાવ્યાનું સૂચવે છે.

"નાઇ ધોઇને કરે અસ્નાના, માયલાનો મેલ તારો નઇ આવે,

ધ્યાન વિનાનો ધૂન મચાવે ત્યાં સાહેબ મારો નઇ આવે."[4]

કરમણ ભગત કટાક્ષ કરતા કહે છે કે માત્ર નાહવા-ધોવાથી માયલો મેલ ધોવાતો નથી. તેમજ ધ્યાન વિનાનો ધૂન-મંત્ર કરવાથી ત્યાં પરમેશ્વર કયારે ય પણ આવતો નથી. જોગી બની જટા વધારવાથી, ભૂત-ભૂભૂત લગાવવાથી, યોગ સાધનાથી મુક્તિ મળતી નથી. પણ જરૂર છે કામ, ક્રોધ, માયા, મમતા ઉપર જીત મેળવવાની જરૂર છે. પરમેશ્વરના ગુણગાન રૂપી ભકિત કરવાથી મુક્તિમળે છે.

આ કરમણ ભગત એ રવિ-ભાણ સંપ્રદાયના સમર્થ સંત-કવિ મનાય છે.

# સંદર્ભ સૂચિ

(૧) 'સૌરાષ્ટ્રના હરિજન સંત કવિઓ' : ડો. એન. યુ. ગોહિલ, પ્ર. આ. ૧૯૭૫ પૃ.૨૩૪

(૨) 'સંતવાણીનું સત્ય અને સૌંદર્ય' : લે. ડો. નિરંજન રાજયગુરુ, પ્ર. આ. માર્ચ ૧૯૯૪ કપૃ. ૧૪૭

(૩) 'સૌરાષ્ટ્રના હરિજન સંત કવિઓ', લે. ડો. એન. યુ. ગોહિલ, પૃ. ૩૮૨

(૪) એજન-પૃ. ૩૮૨

# ◈પ્રકરણ-૧૧◈

# વાઘાભગતનું જીવન-કવન

રવિ-ભાણ સંપ્રદાયના હરિજન ભક્ત કવિઓમાં માળાના મેરુ તરીકેનું સ્થાન લેનાર ત્રિકમ સાહેબ થયા. ત્રિકમ સાહેબના શિષ્ય ભીમ સાહેબ (આમરણ) થયા. ભીમ સાહેબના દાસી જીવણ તેમજ દાસી-જીવણના પ્રેમ સાહેબ થયા જે કડિયા જ્ઞાતિના હતા અને આ પ્રેમ સાહેબના શિષ્ય તે આ વાઘા ભગત.

વાઘા ભગત હરિજન-ભંગી જ્ઞાતિમાં થયા છે. તેઓ ગોંડલ પાસેના વાછરા ગામમાં એમનો જન્મ થયેલ છે. વાછરા ગામની મુલાકાત લેતા તેમના અનુયાયી પાસેથી બહુ જૂજ વાતો સાંભળવા મળી એમના જીવન વિશેની. વાઘા ભગતના પિતાનું નામ પાતાભાઇ હતું. અને માતાનું નામ લક્ષ્મીબાઇ હતું. તેમનો જન્મ આશરે વિક્રમ સંવત ૧૮૪૮માં થયો હોવાનું માની શકાય. કારણ કે સંવત ૧૮૮૧ ને ભાદરવા માસની અગિયારસને દિવસે તેમનું દેહાવસાન થયું. આથી તેમની મૃત્યુ તિથિ પ્રમાણે તેઓ પાત્રીસ (૩૫) વર્ષનું જીવન ગુજારેલ. તેમના આ ટૂંકા જીવનમાં તેમણે પાંચ વખત મંડપ કર્યાનું જાણવા મળેલ છે. વાઘા ભગત વિશે દાસ પુરણની ચાર સાખીઓ પ્રચલિત છે. તે આ પ્રમાણે છે.

(૧) નગર નેજા રોપાવિયા, પાંચ તલાવડે પ્રકાશ,<br>
લક્ષ્મી જાપા ઘણો લાભ, એ પુત્ર પાતા તણાં."

(૨) "એક લાખ લંગર વાગે, બે લાખ બાજીગર,<br>
તેલ લાખ તેલિયા પ્યોરિયા, છપ્પન લાખ મનવેરાગી."

(૩) ભાઇ તમે ભાડા કમાવ, કંઇક નરને નમાવ્યા,<br>
ઉગતા ગયા અંકાશ, વેધુનર વીરમ કે વાઘાતણું.

(૪) વીરમ જોગી પાસે વેપાર, બે ઘડી બેસી કંચનનો કરિયે,<br>
અને હૈયે હરિનો, દાસ પૂરણ કહી અને દીઠે કરીએ."[1]

કવિતા-પ્રતિભાની દૃષ્ટિએ વાઘો ભગત ત્રિકમ સાહેબ અને દાસી જીવણના અનુયાયી છે. કારણ કે તેમનાં પદોમાં યોગવાણીનું તત્ત્વ એક સરખું જોવા મળે છે.

વાઘા ભગતે વિક્રમ સંવત ૧૮૮૧ ને ભાદરવા માસની અગિયારસના દિવસે સમાધિ લીધી. અને એમની સમાધિ ગોંડલ નજીકના ખરેડા ગામે છે.

## વાઘા ભગતની વાણી :-

વાઘા ભગતની વાણીમાં યોગવાણીનું તત્ત્વ જોવા મળે છે. નાભિકમળથી ચાલી

ઇંગલા, પિંગલા, સુષમણા સાધીને નુરત સુરત પર, મેરુ શિખર પર દેવ બેઠા છે. તેનું દર્શન કરવાનું કહે છે. દાસ વાઘાએ નામની ભક્તિ કરવાનું કહ્યું છે.

વાઘા ભગતનાં પદોમાં 'ચૂંદડી' પદ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. તે પદમાં દાસ વાઘો કહે છે કે....

"ચૂંદડીએ મન મોહ્યા, સખી, અમરવરની ચૂંદડી,

ચૂંદડી ઓઢે એને આવાગમન નવ હોય સખી,"[૨]

મૂળદાસે "સુંદર વરની ચૂંદડી" વિવેક-વૈરાગ્યના તાણાવાલા વણી અને ફાટે પણ ફીટે નહીં એવા પ્રેમના રંગમાં ઝબોળી તૈયાર કરી છે અને જ્યારે જિંદગી આ ચૂંદડી ઓઢે છે ત્યારે તેનો સુંદરવર સાથે મેળાપ થાય છે. તે જ પ્રમાણે વાઘા ભગતની આ ભક્તિની ચુંદડી, પ્રભુના બાનાની ચૂંદડી કોણે ઓઢી છે તેના પ્રમાણ આપે છે.

બીજા એક પદમાં વાઘા ભગત કહે છે કે....

"માઇલા શહેરમાં અંધુર નોબત વાગી, મનવા જોને જાગી

પ્રેમ ચરણ પદ પામી, અજબ વાત છે નથી કાંઇન નાની,

પૂર્વની ખેડ હશે તેને મળશે. મનવા જોને તું જાગી."[૩]

આ માઇલા (ભીતર) શહેરમાં અનાહત વાદ રૂપી નોબત વાગી રહી છે જેને પૂર્વની ખેડ હશે અર્થાત્ સુક્રન કર્યા હશે- કે ભક્તિ કરી હશે તેને આ અજબ વાતની ખબર પડશે બીજાને જાણ પણ નહીં થાય.

દાસ વાઘો એના અન્ય પદમાં કહે છે કે....

"સતગુરુ બીજક વાવિયા, ભાવે કયારો પવાય,

અનામે છોડ ઊભો થયો, પ્રેમે એની ડાળુ કોળાય."[૪]

સતગુરુની મહિમા ગાતા વાઘો ભગત કહે છે કે સતગુરુએ મારા પર કૃપા કરી છે. જેને છોળ ને પાણી પાવાથી છોળ લીલોછમ અને સંપૂર્ણ ખીલી ઊઠે છે અને પ્રેમથી એની ડાળીઓ કોળાય છે એમ આપણું જીવન પણ પ્રેમ દ્વારા સુગંધિત બની જાય છે.

ઘાઘો ભગત વધુ જીવ્યા હોત તો પ્રેમલક્ષણા ભક્તિની ઉત્કટતા તેમનાં પદોમાં સવિશેષ જોવા મળે છે. એનું દૃષ્ટાંત નીચેના પદમાં જોવા મળે છે...

"મુને વાત જડી એક નામી, પ્રેમ મળ્યા જયારે સ્વામી,

મીસરી વેરાણી મેદાનમાં ઇ કઠી કેરે મુખમાં સામી,

તેની સુંગંધ લઇ શ્વાન મોં ચાટે, એના મુખમાં આવી વાણી"૫

સ્ત્રી ભાવે લખેલા આ પદમાં તેને 'દાસીજીવણ' તરીકે વિકસવાની ક્ષમતાનો

નિર્દેશ કરી જાય છે અને દાસ વાઘાની ભક્તિ 'પ્રેમપદારથ' સ્વરૂપની જોવા મળે છે. બીજા અન્ય પદમાં દાસ વાઘો કહે છે કે.....

"મારે દિલે આનંદ બહુ આયા, ગુરુ બૂડતાની બાંય જાલો,
નાભિકમલ એ સૂરતા ચાલી, ગગન પવન ચલા ચારૈ"૬

આ વાણીમાં યોગ વાણીનું તત્ત્વ જોવા મળે છે. જ્યારે સતગુરુ મળી જાય છે ત્યારે એમ લાગે છે ડુબતો માણસ જયારે એક તણખલું મળે તો પણ સકારો લે છે. પણ અહીં તો સતગુરુએ તાર્યા છે. એટલે નાભિકમળથી ચાલી ઇંગલા, પિંગલા, સુષુમણા સાધીને નુરતખત પર, મેરુ શિખર પર આકાશ સુધી પવન (શ્વાસ) ને પહોંચાડે છે અને સતગુરુના નામની ભક્તિ કરવાનું કહે છે.

# સંદર્ભ સૂચિ

(૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત-કવિઓ : સં. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર.સા ૧૯૪૭, પૃ. ૨૩૬, પ્રકાશક: ડો. નાથાલાલ ગોહિલ
(૨) સત સાહેબની સરવાણી : લે. ડો. નાનાલાલ ગોહિલ
પ્ર.આ. ૨૦૦૦, પૃષ્ઠ-૫૧૭, પ્રકાશક: ગુજરાત સાહિત્ય અકાદમી
(૩) સત સાહેબની સરવાણી ઉ લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર. આ. ૨૦૦૦, પૃ. ૧૧૭, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી
(૪) સૌરાષ્ટ્રના હરિજન સંત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર. આ ૧૯૮૭, પૃ. ૩૮૪, પ્રકાશક : ડો. નાથાલાલ ગોહિલ
(૫) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર. આ. ૧૯૮૭, પૃ. ૩૮૪, પ્રકાશક : ડો. નાથાલાલ ગોહિલ
(૬) એજન, પૃ. ૩૮૫

# ◈પ્રકરણ-૧૨◈

## બાળક સાહેબનું જીવન-કવન

"રવિ ભાણ સંપ્રદાય"ના સંત નથુરામના સમર્થ શિષ્ય સંત બાળક સાહેબના જીવન વિશે 'રાજયોગ વાણી' અને યોગવાણીમાં જણાવ્યું છે કે બાળક સાહેબ મૂળ મારવાડના પઢિયાર અટકના હતા. અને તેમના ગુરુ નથુરામ હતા. બાળક સાહેબના શિષ્યોમાં પીઠો ભગત, માણંદ ભગત અને માવજી ભગત મુખ્ય હતા. એમ કહેવાય છે કે બાળક સાહેબ વિક્રમ સંવત ૧૯૬૨ પોષવદ અગિયારસને દિવસે રાજકોટના પોલિટિકલ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલની હાજરીમાં સમાધિ લીધી હતી.

બાળક સાહેબના જન્મ સ્થળ વિશે બીજી બાજુ મોહનદાસ સાધુ જણાવે છે કે "મહેસાણા જિલ્લાના છઠિયારડા ગામે સંવત ૧૯૫૮.

ગરોડા જ્ઞાતિમાં સંતશ્રી કાળીદાસ કેશવદાસને ત્યાં બાળક સાહેબનો જન્મ થયો અને તેમના બાળપણનું નામ બળદેવ હતું."[1]

જ્યારે લોકોકિત તેમજ કર્ણોકર્ણ સાંભળેલી વાત પરથી બાળક સાહેબનું મૂળ વતન મારવાડ હતું. જાતે મેઘવાળ હતા અને વણાંટનું કામ કરતા હતા. મારવાડમાંથી આર્થિક મુશ્કેલીને કારણે અને મારવાડમાં દુષ્કાળ પડવાથી ફરતા-ફરતા બોટાદ નજીક અડાઉ ગામે વસવાટ કરે છે. બાળક સાહેબનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૭માં થાય છે. પિતાનું નામ મૂળદાસ હતું. આ મત 'રાજયોગવાલી અને 'યોગવાલી' સાથે સામ્ય ધરાવે છે, તેથી મોહનદાસ સાધુનો મત યોગ્ય જણાતો નથી.

બાળક સાહેબ નાનાપણથી જ સાધુ-સંતો તરફ આકર્ષણ ધરાવતા હતા. અને નાથ સંપ્રદાયના એક સાધુનો ભેટો થતા જૂનાગઢ ગિરનારમાં યોગસાધના માટે આવીને રહે છે. જૂનાગઢ ગિરનારમાં વેલાવડને ખૂણે જ્યાં અત્યારે તળાવ છે ત્યાં યોગ સાધનામાં બેસે છે. તે સમયે દુષ્કાળ પડે છે અને જૂનાગઢના તે વખતના નવાબ રસૂલખાન વેલાવડને ખૂણે કૂવો બનાવવાનું વિચારે છે. બાળક સાહેબને વિનંતી કરી ભવનાથ મૃંગીકુંડની બાજુમાં એક હજાર ગજ જમીન આપી, ત્યાં જગ્યા સ્થાયી અને ત્યાં સાધના કરવાનું કહે છે. આજે ત્યાં આ જગ્યા મોજૂદ છે. કર્ણોપકર્ણ સાંભળેલી માહિતી મુજબ ગિરનારમાં યોગ સાધના વખતે એક અઘોરી સાધુનો સત્સંગ થાય છે. અને અઘોરી બાવા પાસેથી તેની વિદ્યા શીખે છે અને આ બંને સાધુઓ ફરતા-ફરતા ધોરાજી આવે છે. ત્યાં વણકરવાસમાં વેજા ભગતને ત્યાં ઉતારો રાખે છે. રાત્રે ઉર્ષનો તહેવાર હતો. તેના તાજિયા નીકળે છે. તેમાં વીસ વર્ષનો યુવાન મુસલમાન છોકરો

મૃત્યુ પામે છે. મુસલમાનની વિધિ પ્રમાણે તેમને કબરમાં દફનાવે છે. બાળક સાહેબ સાથે રહેલા આ અઘોરી સાધુને એ યુવાનનું ખોળિયું ગમી જાય છે. રાત્રે બાળક સાહેબને લઇ કબ્રસ્તાનમાં જાય છે. ત્યાં કબર ખોદાવી પેલા મૃતદેહને બહાર કઢાવે છે. અને એ વયોવૃધ્ધ અઘોરી સાધુ 'કાયાકલ્પ' કરે છે. અને પછી જૂનાગઢ ભવનાથના મેળામાં મળવાનું જણાવે છે. આ સાધુ બાળક સાહેબને મેળામાં અનેક સાધુ સાથે સત્સંગ કરાવે છે અને અઘોરી સાધુની કૃપાથી બાળક સાહેબને ગુરુ દત્તાત્રેયના દર્શન થાય છે.

બાળક સાહેબ નાથપંથી સાધુ તરીકે સેવકોમાં જુદે જુદે ગામ જતા હતા તેમાં જૂનાગઢમાં કડિયાવાસમાં હરિજનબાઇ સોના મેતરાણીને ત્યાં ઘણી વખત ઉતારો રાખતા હતા. આ વિશે સમાજમાં ગેરસમજ ફેલાય છે અને સમાજમાં બાળક સાહેબની નિંદા થાય છે. એક વખત બાળક સાહેબ સાથે તેમના વિરોધીઓએ સ્વરૂપવાન સ્ત્રીને સુવડાવી દીધી. બાળક સાહેબને ખબર નથી. જ્યારે જાગે છે ત્યારે સ્ત્રીને પગે લાગી 'મા'નું સંબોધન કરી, લંગોટ કાઢી ચાલી નીકળે છે. લોકોને તેમની ભૂલ સમજાય છે. પણ ત્યાર પછી બાળક સાહેબ નાથ સંપ્રદાય છોડીને 'દાસી' પદ સ્વીકારે છે અને હીરબાઇ નામની સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાય છે અને તેમને ત્યાં અરજણદાસ નામના પુત્રનો જન્મ થાય છે. આ એક સંતાન પછી હીરબાઇમાં સાથેનો સાંસારિક વ્યવહાર પૂરો કરી, ફરતા રામ બની જાય છે. તેમાં ફરતા ફરતા ગુરુ નથુ રામનો ભેટો થાય છે. સત્સંગ દ્વારા બાળક સાહેબનું અજ્ઞાન-અંધારું ટળી જાય છે. બાળક સાહેબ 'સોહબ' સંપ્રદાયના અનુયાયી બને છે અને આત્મવાણી જાગે છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના અન્ય ભક્ત કવિઓની જેમ બાળક સાહેબના જીવન સાથે પણ કેટલાક ચમત્કારિક પ્રસંગો સાંભળવા મળે છે. જેમાના કેટલાક પ્રસંગો નીચે પ્રમાણે છે.

કામરોળ નજીક માલપરા ગામે બાળક સાહેબના સત્સંગી મેઘો ચારણ રહેતો હતો. તેમને ત્યાં બાળક સાહેબ જાય છે. મેઘા ચારણની પત્ની સ્વરૂપમાન હતી. એટલે સમાજના લોકોએ તેનાં ખાટાં અર્થઘટનો કરી મેઘાના કાન ભંભેરે છે. અને કહે છે કે આ સાધું તારી પત્ની માટે તારે ઘરે આવે છે અને જો તે સાચા અને પવિત્ર સાધુ હોય તો કહો કે મારે આંગણે બાંધેલ સગર્ભા ઘોડીને વછેરો જન્મશે કે વછેરી ? આમ પૂછી તેની પરીક્ષા કરો. આ વાત પ્રમાણે મેઘો 'ચારણ બાળક સાહેબને ઉપર પ્રમાણેનો પ્રશ્ન પૂછે છે કે મારી ઘોડી ને વછેરો જન્મશે કે વછેરી ? ત્યારે બાળક સાહેબ સમજાવે છે કે..

"આભ, ગાભ, વર્ષાકાળ, સ્ત્રીચરિત્ર, રોતા બાળ,
તેની જો કોઇ પરખ આપે તો, સહદેવ જોષી તેને
ઘેર પાણી ભરે"[૨]

આકાશને, સ્ત્રીના ગર્ભ કે કોઇપણ જીવના ગર્ભને, વર્ષાકાળને, સ્ત્રીના ચરિત્રને અને રોતા બાળકને પારખવું મુશ્કેલ જ નહિ પણ અશકય છે. છતાં પણ સાધુની પવિત્રતા ઉપર પડકાર છે તો જણાવું કે તારી ઘોડીના પેટમાં સાતમે માસે વછેરો છે. ચાર પગ ઘોળાને કપાળમાં સફેદ પટ્ટો છે. આ સાંભળી મેઘા ખાચરને થયું કે ઘોડી અઢાર માસે ઠાણ આપે ત્યાં સુધી કોણ રાહ જુએ એટલે ઘોડીનું પેટ ચીરી નાખે છે. ત્યાં નિશાની પ્રમાણે વછેરો દેખાય છે અને મેઘો ચારણ અને સમાજના બીજા લોકો આ જોઇ બાળક સાહેબના ચરણમાં પડી માફી માંગે છે અને યાચના કરે છે કે અમારી ભૂલ થઇ અમે એક પવિત્ર સાધુની ભક્તિ સામે શંકા કરી અમને માફ કરો પણ બાળક સાહેબ કહે છે કે આજથી હું આ માલપરા ગામનું પાણી હરામ કરું છું આમ કહીને ત્યાંથી ચાલી નીકળે છે. અને ત્યાર પછી કયારેય પણ બાળક સાહેબ ફરીથી માલપરા ગામે જતા નથી.

બીજા એક પ્રસંગમાં રાજકોટમાં થોરાળામાં એક કણબી પટેલ બાળક સાહેબના સત્સંગી હતા. પટેલની ઇચ્છા એવી હતી કે બાળક સાહેબ જયારે પોતાનું શરીર છોડે (દેહ વિલય) થોરામાં કરે. ત્યારે બાળક સાહેબે પટેલને કહ્યું કે મેં માવજી મોચીને ત્યાં દેહવિલયનું વચન આપ્યું છે તેથી મારે ત્યાં જવું પડશે પણ તું ચિંતા ન કર પણ અહીં એક ઓટો બનાવી રાખ. જયારે હું સમાધિ લઇશ ત્યારે આ ઓટામાં તિરાડ પડી જશે અને ત્યારે તારે સમજવું કે હું અહીં છું અને તેજ પ્રમાણે જયારે બાળક સાહેબ સમાધિ લે છે તે વખતે તે ઓટામાં તિરાડ પડે છે અને આ ઓટો આજે પણ છે અને તે ઓટો તળાવની બરોબર વચ્ચે આવી ગયો છે.

અન્ય એક પ્રસંગમાં રાજકોટના હરિજવાસમાં બાળક સાહેબના સેવક માણસુર ભગત રહેતા હતા અને બાળક સાહેબ જે દિવસે સમાધિ લે છે તે જ દિવસે માણસુર ભગતનો દીકરો માયો પણ મૃત્યુ પામે છે. એટલે માણસુર ભગત બાળક સાહેબની સમાધિના સમયે પહોંચી શકતા નથી. પણ પુત્રના મૃતદેહને ખાટલા નીચે રાખી ગુરુની સમાધિ પાસે થોરાળા આવે છે. ત્યાં રસ્તામાં જ બાળક સાહેબ મળે છે માણસુર ભગતને નવાઇ લાગે છે અને ગુરુને પૂછે છે "આપ તો સમાધિમાં બેસવાના હતા ને? ત્યારે બાળક સાહેબે જણાવ્યું કે" એ તો અફવા છે ચાલ, તારે ઘેર આપણે જઇએ"

ઘેર જઇને બાળક સાહેબ માયાને બોલાવે છે પણ રડતા-રડતા માણસુર ભગત પોતાનો પુત્ર મરણ પામ્યો છે એવી વાત જણાવે છે અને માયાના મૃતદેહ પાસે ખાટલા નીચેથી માયાના મૃતદેહને દેખાડે છે અને બાળક સાહેબ માયાને જમણે અંગુઠો હાથ દઇને જગાડે છે અને કહે છે કે "ભાઇ જાગ, આટલું સુવાય ? અને કહેવાય છે કે માયો સાજો નરવો ઊભો થાય છે. પછી બાળક સાહેબ ચાલી નીકળે છે થોડા સમય પછી બાળક સાહેબની સમાધિમાં ગયેલો સંત સમાજ પાછો આવે છે. અને માણસુર ભગતને બાળક સાહેબની સમાધિની વાત કરે છે. ત્યારે આ ભગત ગુરુની કૃપામાં ડોલે છે અને કહે છે કે તારી કૃપા અપરંપાર છે.

બાળક સાહેબની હાલમાં સાત જગ્યાઓ આવેલી છે જે નીચે મુજબ છે.

(૧) બાળક સાહેબની જગ્યા : રાજકોટ કરણપરા શેરી નં.૩ રામવાડી જે ભરવાડ જ્ઞાતિ પાસે છે.

(૨) બાળક સાહેબની જગ્યા : રાજકોટ નવા થોરાળા જયાં લક્ષ્મીદાસ જગ્યા ચલાવે છે.

(૩) બાળક સાહેબની જગ્યા : રાજકોટ, ચુનારવાડા પાસે, રામઘાટ સામે જે જગ્યા ગોવિંદદાસ ચલાવે છે.

(૪) બાળક સાહેબની જગ્યા : સમ્મી-જિ. મહેસાણા ત્યાં ધરમદાસ જગ્યા ચલાવે છે.

(૫) બાળક સાહેબની જગ્યા : રાધનપુર જિ. મહેસાણા જે જગ્યા જદુરામ ચલાવે છે.

(૬) બાળક સાહેબની જગ્યા : વારાહી જિ. બનાસકાંઠા આ જગ્યા ગુલાબદાસ ચલાવે છે.

(૭) બાળક સાહેબની જગ્યા : જૂનાગઢ, ભવનાથ પાસે અને આ જગ્યા વાલદાસ સંભાળે છે.

બાળક સાહેબની ઉપરની જગ્યાઓમાં આજે પણ નિરાકાર પ્રભુને ભજવાની પ્રથા ચાલુ છે અને ઘણા સત્સંગીઓ આજે પણ અતં આવીને પોતાને ધન્ય માને છે.

## બાળક સાહેબની વાણી :-

બાળક સાહેબનાં પદોમાં અન્ય ભક્ત કવિઓની જેમ નિરાકાર પ્રભુની પ્રાપ્તિ માટેનો માર્ગ દર્શાવે છે. પરિબ્રહ્મના ઘર સુધી પહોંચવા મથી-મથીને કોઇક નર સફળ થાય છે અને ભક્તિના આ દુર્ગમ માર્ગે ચાલવું શૂરવીરનું કામ છે. ધ્રુવ, પ્રહલાદ-મીરાં, તોરલ, રૂપાંદે જેવાં જતિ-સતી પહોંચી શકયાં છે. આ માર્ગે જવા માટે એકાગ્રચિત્તની ભક્તિ જરૂરી છે. હરિનામના સ્મરણથી ગણિકા શીલ સતી બજી જાય છે. આ માર્ગે

તો ઝીણી માળામાં ઝીણા મોતી પરોવવાનો છે. તેમજ વીજળીના ચમકારે મોતી પરોવવાની વાત છે. પ્રેમની દોરીમાં આ મોતી પરોવવાનું છે, અહીં કવિ પ્રેમલક્ષણા ભક્તિનો નિર્દેશ કરે છે. મોતી એ બ્રહ્મ રહસ્યનું પ્રતીક બની જાય છે. અને બાળક સાહેબ કહે છે કે ,

"ઝીણી માળાના ઝીણા મોતી, પ્રેમની દોરીએ હાર પરોતી રે,
દશમાં દુવારે જઇ સુરતા પોંચી ઝીણી માળાના."[૩]

બાળક સાહેબમાં દાસી ભક્તિ છે અને એ મોતીને પ્રાપ્ત કરવા ગોવિંદની ગોપી બનવું પડે છે. ગોપી બન્યા વગર એ મોતી પ્રાપ્ત કરી શકાય એમ નથી. કારણ કે પ્રેમ લક્ષણા ભક્તિમાં દાસત્વ એ મહત્ત્વનું છે. હું તમારાં ચરણોની દાસીએ વાત મોતી બાળક સાહેબ કઇ રીતે પ્રાપ્ત થાય એ વાત સમજાવતા કહે છે કે,

"ઇ રે મોતી ભાઇ કોક નરને મળશે,
થાશે ગોવિંદ કેરી ગોપી."[૪]

બાળક સાહેબની પ્રેમલક્ષણા ભક્તિને સમજાવાના કહે છે કાન દઇને તમે સાંભળો એ પરિબ્રહ્મના નાદને અને એ નામ નિર્મળ છે જે સતગુરુ સાનમાં સમજાવે છે અને એ સમજણ પ્રેમ થકી શુભ થાય છે તેમ બાળક સાહેબ નીચેના પદમાં જણાવે છે...

"શ્રવણ દઇને તમે સાંભળો, તમે નિર્મળ નામ નિશાની,
સતગુરુ કેરી સાનમાં, પ્રેમ ભક્તિ થકી શુભ થાય."[૫]

બાળક સાહેબ સત્ગુરુની મહિમા ગાતા કહે છે ગુરુજી વિના કયારેય કોઇ કાર્ય સિધ્ધ થતું નથી. કાર્ય સિધ્ધિ ત્યારે જ થાય છે જયારે સાચા સદ્‌ગુરુનો ભેટો થઇ જાય છે ત્યારે આ સર્વે કાર્યો સિધ્ધ થઇ જાય છે. આમ બાળક સાહેબ પોતાના પદમાં કહે છે.

"કદીના સરે કાજ, કદી સરે ના કાજ,
સંતો, સતગુરુ વિના કામ કદીના સરે
ધન્ય ધન્ય સોઇ નરને સાચા સત્ગુરુ મળ્યા,
ઊંડા દરિયામાં નુગરાં બુડી મરે રે.."[૬]
"બાવ માંહી બોલતો ને, અબોલ બાવનથી બાર,
અબોલ અનામી એક છે રે, પરા ઉપર અપાર...[૭]

બાળક સાહેબ કહે છે વાણીના ચાર પ્રકાર છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી તેમાં આ પરાથી પણ અપાર છે અને બાવન અક્ષરની પણ બહાર છે અને

એટલે તેને વર્ણનમાં બાંધી શકાય તેમ નથી. એટલે બાળક સાહેબ કહે છે કે...

"શૂન્ય શિખર કેરી ધૂનમાં, ઉન્મુનિ આસન લગાઇ,
અગમ-નિગમ કેરી ઓથમાં, કોઇ વીરલા સંત જાઇ."[૮]

સત્‌ગુરુની કૃપાએ વિરલા સંત શૂન્ય શિખરે પહોંચી શકે છે. નુગરા તો આ સંસાર રૂપી દરિયામાં ડૂબી જાય છે. શૂન્ય શિખરે પહોંચી સદ્‌ગુરુના ઘરના દર્શન થાય છે અને આ ઘરના દર્શન પ્રભુને ભજયા સિવાય થતા નથી તેમજ આ ભવમાંથી મુક્તિ પણ મળતી નથી. તે વાત બાળક સાહેબ આ પદમાં કહે છે કે...

"નાથ રે નિરંજન તેરા ઘર તો અકળ છે, તેમાં માંડ રે પહોચ્યા,
નથુરામ ચરણે બોલ્યા બાળક સાહેબ, પ્રભુ ભજ્યા વિના મુક્તિ નથી રે."[૯]

બાળક સાહેબના ઉપદેશનાં પદોમાં ધ્રુવ પ્રહલાદ, મીરાં, તોરલ, રૂપાંદે અને પાંડવો નથી કુંવરબાઇનું મામેરુ જેવાં પ્રસંગો અને પાત્રો દ્વારા લોકભોગ્ય બન્યાં છે જેમકે,

"ધ્રુવ, પ્રહલાદની ભક્તિ સાચી, ગુણીકા હતી પણ શીલ સતી,
મીરાં તોરલ, રૂપાંદે રાણી, તારાંદેની ભક્તિ નેચળ હતી."[૧૦]

બાળક સાહેબની વાણીમાં સાદી, સરળ ભાષામાં તેમજ પરિચિત ઉદાહરણો લોક હૈયામાં સહેલાયથી વસી ગયાં છે અને બાળક સાહેબની વાણી યોગ રહસ્યની સાથે ઉપદેશાત્મક વાણી રહી છે.

# સંદર્ભ સૂચિ

(૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. : ડો. નાથાલાલ ગોહિલ પૃ. ૨૩૭ પ્ર. આ. ૧૯૮૭ પ્ર. ડો . નાથાલાલ ગોહિલ

(૨) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. : ડો. નાથાલાલ ગોહિલ પૃ. ૨૩૯ પ્ર. આ. ૧૯૮૭ પ્ર. ડો . નાથાલાલ ગોહિલ

(૩) પદ-ભજન સૂચિ : સં. ડો. બળવંત જાની પ્ર. આ. ૧૯૯૫ પૃ. ૧૮૯ પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

(૪) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. : ડો. નાથાલાલ ગોહિલ પૃ. ૩૮૬ પ્ર. આ. ૧૯૮૭ પ્ર. ડો . નાથાલાલ ગોહિલ

(૫) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. : ડો. નાથાલાલ ગોહિલ પૃ. ૩૮૭ પ્ર. આ. ૧૯૮૭ પ્ર. ડો . નાથાલાલ ગોહિલ

(૬) એજન, પૃ. ૩૮૭

(૭) એજન, પૃ. ૩૮૭

(૮) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ : લે. : ડો. નાથાલાલ ગોહિલ પૃ. ૨૪૧ પ્ર. આ. ૧૯૮૭ પ્ર. ડો . નાથાલાલ ગોહિલ

(૯) એજન, પૃ. ૩૮૬

(૧૦) એજન, પૃ. ૩૮૬

# ◈પ્રકરણ-૧૩◈

# માણંદ ભગતનું જીવન-કવન

રવિ-ભાણ સંપ્રદાયના એક સમર્થ કવિ બાળક સાહેબના શિષ્ય માણંદ ભગત હરિજન-ચમાર જ્ઞાતિમાં થઇ ગયા. તેઓ કામરોળ ગામમાં થયા. જિલ્લા (ભાવનગર) તળાજાની બાજુનું ગામ કામરોળમાં થયા એટલું જ જાણવા મળે છે. તેમના જીવન-કવનની અન્ય કોઇ માહિતી મળતી નથી. પરંતુ તેઓના ગુરુ બાળક સાહેબનો સમય વિક્રમ સંવત ૧૮૫૭થી ૧૯૬૨નો માનવામાં આવે છે. તે દૃષ્ટિએ માણંદ ભગતનો સમય ઓગણીસમી સદીનો ગણાવી શકાય.

માણંદ ભગતના જીવનનો એક પ્રચલિત પ્રસંગ સાંભળવા મળ્યો છે.

બાળક સાહેબ એ માણંદ ભગતના ગુરુ છે. માણંદ ભગતને ગુરુ બાળક સાહેબ ઉપર અપાર શ્રધ્ધા હોય છે. પણ એક દિવસ મહેસાણા તરફથી મોતી રામ સાધુ કામરોળ ગામમાં પધારે છે અને માણંદ ભગત ને પ્રત્યક્ષ ઇશ્વરદર્શન કરાવી આપવાનું કહે છે. ભોળા માણંદ ભગતને થયું કે જો ઇશ્વરના દર્શન થતા હોય તો મોતીરામને ગુરુ બનાવું. તે જ સમયે કામરોળ નજીક સંગાળા ગામે બાળક સાહેબ પધાર્યા હોય છે. તેમને આ વાતની જાણ થાય છે. એટલે બાળક સાહેબ સમાચાર મોકલે છે કે મોતીરામ ભલે માણંદને શિષ્ય બનાવે પરંતુ હું મારું ગુરુ પદ પાછું ખેંચી લઉં તે પછી. આ સમાચાર પછી બાળકા સાહેબને કામરોળ આવવાનું આમંત્રણ આપવામાં આવે છે. શિષ્ય બનાવવાની વિધિ 'પાટે' થતી હોય છે. ત્યાં બાળક સાહેબ માણંદ ભગતના માથા ઉપર અંચબો મૂકી ખેંચે છે. ત્યાં માણંદ ભગતના કાનમાંથી લોહી નીકળે છે કાને સાંભળવાનું બંધ થાય છે. માણંદભગત ગુરુની માફી માંગે છે. ત્યારે બાળક સાહેબ જણાવે છે કે "માણંદ જે થોડી ક્ષણોમાં પ્રત્યક્ષ ઇશ્વર બતાવે છે તે ભ્રમણા હોય, ઇશ્વર તો સ્વપ્રયત્ને દેહમાં દર્શાય છે. તારી આ ભૂલના કારણે તારી પેઢીમાં એક બહેરો થશે."

આજે હાલ માણંદ ભગતનું કુટુંબ શૈયદપરા-સુરતમાં મુરલી સાહેબના ડેલામાં રહે છે અને માણંદ ભગતની પેઢીમાં માણંદ પછી કાળો-ગોવિંદ-નાનકો એમ બહેરા જોવા મળ્યા છે.

## માણંદ ભગતની વાણી :-

માણંદ ભગતનું એક જ પદ મળે છે જેમાં સરસ્વતી ગણેશની સ્તુતિ કરી નુરત-સુરતની સાધના દ્વારા ઓહમ-સોહમના સ્મરણ દ્વારા આ ઘટના પારસ પ્રકાશને

જોવાનું જણાવ્યું છે.

"સરસ્વતી માતા સન્મુખ રે વે, લુણીગર લેહ લાવે રે,
સ્વામી સુંઢાળાને સમરીએ તો, પલ પલ દર્શન પાવે રે,
નુરતે સુરતે રે પારસનો પ્રકાશ, પ્રેમી, પ્રેમી થઇને પરખો રે.."[1]

માણંદ ભગત આ યોગ વાણીમાં ગુરુ કૃપાને તો સ્વીકારે જ છે.

"સતગુરુ બાળક સન્મુખ રેંજો, મટી જાવે મન નો મેલ."[2]

માણંદભગત રવિ-ભાણ સંપ્રદાયના અન્ય હરિજન-ભક્ત કવિઓની વાણીથી અલગ પડતા નથી. માણંદ ભગત પણ દાસી જીવણની માફક પોતાને દાસી માણંદ તરીકે ઓળખાવે છે. અને પોતે એ પદ માટે સાર્થક જણાય છે.

# સંદર્ભ સૂચિ

(૧) સૌરાષ્ટ્રના હરિજન ભક્ત-કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ
પ્ર. આ. ૧૯૮૭ પૃ. ૩૯૪, પ્રકાશક : ડો. નાથાલાલ ગોહિલ

(૨) એજન, પૃ. ૨૪૮

# ◈પ્રકરણ-૧૪ ◈

# અરજણદાસનું જીવન-કવન

રવિ-ભાણ સંપ્રદાયના હરિજન ભક્ત કવિઓમાં અરજણદાસ થઇ ગયા જે ગુરુ ખાન સાહેબના શિષ્ય હતા. અરજણદાસ જન્મ-જીવન વિશેની પુરતી માહિતી મળતી નથી. પણ તેમનાં ત્રણેક પદો મળે છે. અરજણદાસ જાતે હરિજન-વણકર હતા. એવું સાંભળવા મળેલ છે. તેઓ ચિત્રોડ ત્રિકમ સાહેબના આશ્રમમાં રહ્યા હતા અને ત્યાં ખાન સાહેબનો ભેટો થતા. તેમના શિષ્ય બન્યા હતા અને આજથી સવાસો વર્ષ પહેલા અરજણદાસ થઇ ગયા, ત્રિકમ સાહેબની જગ્યામાં ખાનસાહેબ પછી પ્રેમહંસ અને મૂળહંસ એમ બે ગાદીવારસ થઇ ગયાએ દૃષ્ટિએ આ સમય ગાળો યોગ્ય જણાય છે.

અરજણદાસ રવિ-ભાણ પરંપરામાં થઇ ગયા છે પણ એમના જીવન-કવન વિશે વિગતે માહિતી મળેલ નથી. પણ તેમની વાણી-પદ મળેલ છે.

## અરજણદાસની વાણી :-

અરજણદાસની વાણીમાં સૌથી વિશેષ 'પ્યાલો' પદ નોંધપાત્ર છે. તેમાં સોળ પ્યાલાના પ્રમાણ આપ્યા છે. ગુરુકૃપાએ આ પ્યાલો પીધોને હૃદય કમળના તાળા ખુલી ગયાનું જણાવે છે, જીવ-શિવની એકતા નજરે થઇ ગઇ. સમગ્ર દેહની રચના નજરે જોઇ અને ઝળહળ જ્યોતના દર્શન થયા. અન્ય સંતો જે વાણી દ્વારા રહસ્યને પ્રગટ કરે છે તે આ સોળ પ્યાલામાં કવિએ પ્રગટ કર્યું છે જેમકે....

"પ્યાલો ગુરુજીએ પાયોને પીધા ભેળી ખબર પડી,
એવા હજુર થઇને  હાલુ રે, હરિના નામની હાથે છડી
પ્રથમ પ્યાલો સતગુરુએ પાયો, પાયો અમીરસ પલ
અંતરના તાળા ઉઘાડયાં ને કુંશી બતાવી દલ."[૧]

અરજણદાસે પોતાના બીજા પદમાં યોગ ક્રિયા સમજાવી છે. અને તેમાં પ્રેમ દ્વારા ઇશ્વરને પોતાની આંખોમાં જુએ છે અને ગુરુ મળતા બધા જ ઉધામા શાંત થઇ જાય છે. અને પ્રેમના બાણ મારા સતગુરુએ મન માર્યા છે એમ કહે છે...

"પ્રેમ કરીને હરિ પરખું, મારા નૈનમાં મૂર્તિ નિરખુ,
બાવાજી આતમ ઠેરાણા આપના ગુરુખાન મળ્યા મને સતના,
ઉમરા દર્શન આવે, મોટા મહિપત શીષ નમાવે,
ગુરુખાન વાડી છે ગતના, તો મને માર્યા બાણ મહોબતના."[૨]

અરજણદાસનું ત્રીજું પદ એ આરતી છે. તમાં અરજણદાસ કહે છે મને પ્રભુ મળ્યા અને તેમણે તેઓના અનેક કાર્યો કર્યાનું જણાવે છે.

"ધન નેજા ધારી, ધન પરચા ઘારી,
ખીમ, ભાણ, ત્રિકમ, ખાન, રવિ, મોરારી,
આદ્ય શકિતએ જૂગ ઉપાયો (પ્રગટાવ્યો)
ઉપાયા નરને નારી..."[3]

આમ, અરજણદાસની વાણીનો સૂર પણ રવિ-ભાણ પરંપરાના અન્ય હરિજન ભક્ત જેવો જ છે.

# સંદર્ભ સૂચિ

(૧) 'સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ' લે. ડો. નાથાલાલ ગોહિલ, પ્રા. આ. ૧૯૮૭ પૃ. ૪૦૪ પ્ર. ડો. નાથાલાલ ગોહિલ

(૨) એજન, પૃ. ૪૦૭

(૩) એજન, પૃ. ૪૦૮

# ◈પ્રકરણ-૧૫◈

# પીઠા ભગતનું જીવન-કવન

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંતોમાં પીઠો ભગત ખૂબ મહત્ત્વના સંત કવિ છે. ગિરનારની આ પવિત્ર ભૂમિની ગોદમાં વંથલી ગામ છે ત્યાં પીઠા ભગતનો જન્મ થયેલો. તેના વિશેની એક સાખીમાં કહેવાય છે કે....

"નામ અમર પીઠા ભગતનું, ગામ વંથલી ગોકુળપરી,
શોભા વખાણું જૂનાગઢની જાણે ઇન્દ્રની ઇન્દ્રપરી."

જૂનાગઢનું ધાર્મિક સ્થાન તરીકે ઘણું મહત્ત્વ છે. સાથે જ વંથલી સાથે અનેક પૌરાણિક ઘટનાઓ સંકળાયેલી છે. આગમવાણીના કર્તા દેવાયત પંડિત પણ વંથલીના હતા. એવું જનશ્રુતિ દ્વારા જાણવા મળે છે.

"મેહુ મેલે પણ મેઘવાળ ન મેલે ખરે ટાણે ન ખૂટે,
ધરમ ગતિયાના ધરમને કારણે રાજા બલિના બંધ છૂટે"[1]

વંથલીમાં સતો અને પરખો બંને હરિજન-વણકર ભાઇઓ હતા. બંને ધાર્મિક વૃત્તિના અને શ્રાવણ માસમાં સાધુ સંતોને ભોજન કરાવતા હતા ત્યાં એક વખત સાધુ રાજા બળીને કેદ કરીને લાગે છે રાજાની મુક્તિની શરત છે કે જો કોઇ સાધુને રોટી, બેટી, ને લંગોટી આપે તો રાજા બળીનાં બંધન છૂટે. સાધુના આ વચન સાંભળીને બંને ભાઇઓએ સાધુને ભોજન કરાવ્યું (રોટી) અને તે વણાટકામ કરતા હતા તેમાંથી કાપડ આપ્યું (લંગોટી) અને મોટાભાઇ સતાની અપંગ દીકરી મેઘડીના લગ્ન કરી આપે છે, (બેટી) સાધુએ જયારે અપંગ મેઘડી સાથે લગ્ન કર્યા ત્યારે તેનું અપંગતા દૂર થયું ને તે સ્વરૂપવાન બની ગઇ. સાધુ તે સ્ત્રીને "ભાણાવાવ" મૂકીને વચન આપી જાય છે કે હું ગિરનારથી પાછો આવીશ. ત્યારે લઇ જઇશ. એ સ્ત્રી ત્યાંજ બેસી રહે છે ને સાધું આવ્યા નહીં અને મેઘડી રાહ જોઇને થાકી ને ત્યાં જ દેહ છોડે છે. આગમવાણીમાં જણાવવામાં આવ્યું છે કે કળિયુગમાં નકલંક અવતાર ધરશે ત્યારે ગિરનારથી વંથલી આવશે અને આ સ્ત્રી સાથે ફરી લગ્ન કરી લઇ જશે.

"જૂનાણે જાગીના વાગશે, તોરણ બંધાશે ઠારોઠાર,
વંથલીએ વિવા મંડાશે, પરણશે મેઘલી નાર,
પરબે પાછ મીંઢોળ છોડશું, ત્યાંથી વરતારો એકાકાર."[2]

આજ કુળમાં આશરે દોઢસો વર્ષ પહેલા વંલી ગામે હરિજન-વણકર જ્ઞાતિમાં પીઠા ભગતનો જન્મ થયો. પીઠા ભગતની આજે ચોથી પેઢી ચાલે છે.પીઠા ભગતના

જીવનચરિત્ર વિશે કર્ણોપકર્ણ સાંભળવા મળતી વાત મુજબ તેઓનાં માતા-પિતાના નામ જાણવા મળતાં નથી. પણ પીઠા ભગતના જન્મ પછી બે વર્ષ પિતાનું અને અઢી વર્ષે માતાનું અવસાન થાય છે. અને પીઠાનો ઉછેર તેઓના મામાને ઘેર ખજુરા-ખાટણી ગામે થાય છે.

નાનપણથી જ માતા-પિતાનો પ્રેમ ન મળતા પીઠાની નાનપણની જિંદગી રખડતી-ભટકતી બની ગઇ પરંતુ આ સમયે તે કુદરતી રીતે ભવિષ્યમાં બનનારી ઘટનાઓ વિશે તે જાણતા હતા. અને સત્ય વાત કરી શકતા. આથી તે સમયના બહારવટિયા જમિયતશાને આ માણસ ગમી જાય છે અને તેને પોતાના વહારવટામાં સાથે જ રાખે છે. પીઠો બાર વર્ષ સુધી બહારવટું ખેડે છે તેમાં એક વખત હરિજન સાધુ બાળક સાહેબ સાથે ભેટો થઇ જાય છે અને પીઠાને બાળક સાહેબ સમજાવે છે કે પેટ ખાતર આ પાપ નકામું છે. પેટ તો કાગડા-કૂતરા પણ ભરે છે તને તો માનવ દેહ મળ્યો છે તો સાચી શૂરવીરતા હરિને મેળવવામાં છે. જન્મ-મરણના ફેરામાંથી મુકત થવામાં સાચું બહારવટું છે. આ ગુરુબોધ પીઠાને લાગી જાય છે અને પીઠો બહારવટિયો મટીને પીઠો ભગત બની જાય છે.

પીઠા ભગતના લગ્ન તેના મામાને ગામ ખજૂરા-ખાટણીમાં થયા હતા. બહારવટું છોડે તે કાપડ વણવાનો ધંધો શરૂ કરે છે. તેને ત્યાં પાંચ દીકરાઓ થાય છે. તેમાં એક નિર્વંશ જાય છે અને ચાર ભાઇઓની પેઢી અત્યારે જોવા મળે છે. પીઠા ભગતે ગુરુમંત્રનું રટણ કરતા કરતા સત્સંગ અને સાધુ સંતોની સેવા શરૂ કરી. ગિરનારની પરિક્રમા કરી તેના પગલે પગલેથી માટી લઇ તેની ગણેશની મૂર્તિ બનાવી તેની ઉપાસના કરી દાતાર મંઝિલે જઇને ત્યાં ફાતેહા (ઉપાસના) કરી હતી. ભક્તિની સાથે સાથે સદાવ્રત ચલાવતા હતા. સાધુની આશિષથી અન્નની કમી કયારેય જણાઇ ન હતી. વંથલીમાં આવેલ 'ભરંડિયા કોઠા' પર બેસીને ગુરુમંત્ર જપ્યો હતો. દરરોજ સૂરજકુંડમાં સ્નાન કરી આ કોઠા ઉપર બેસી નામ સ્મરણ કરવાનું વ્રત રાખ્યું હતું.

પીઠા ભગતના સમકાલીન અને તેના જ કુળમાં મેપા ભગત થઇ ગયા. તેમણે રામદેવપીરના ત્રણ મંડપ કર્યા હતા. નૃસિંહ અને ભૈરવ ઉપાસના કરી તાંત્રિક દેવોની સાધના કરી હતી. આ મંત્ર સિધ્ધિના અભિમાનથી પીઠા ભગતને અનેક રીતે પરેશાન કર્યા અને નિંદાપણ શરૂ કરી. તે વખતે આ સંતો-પીઠા ભગતે જણાવ્યું છે કે...

"મોટો થઇને મંડપ કર્યો, ધ્યાન ધણીનું તું કર્યો નહીં,
કોટો આણી ધૂપ કરવા બેઠો, ધૂપ ધણીને ચડયો નહીં."[3]

મંડપ કરવાથી કે તાંત્રિક વિદ્યાથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી. આત્મજ્ઞાન મેળવવા માટે નામસ્મરણ અને ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે.

પીઠા ભગતે સમાધિ લીધી. આજે પણ વંથલી વણકરવાસમાં સમાધિ મોજૂદછે. તેઓની સમાધિ સાથે સંકળાયેલ ઘટના સાંભળ્યા મળે છે કે તેમના પાંચ પુત્રોમાંથી એક નિર્વંશ જવાનું કારણ એ છે કે પીઠા ભગતે જે સમાધિની જગ્યા દર્શાવી હતી. ત્યાં વડનું ઝાડ હતું. અને કહ્યું તું કે તેનું મૂળ કાપશો નહિ. એ મૂળ જે કાપશે તે નિર્વંશ જશે. છતા આ દીકરાએ મૂળ કાપી નાખ્યું અને તે નિર્વંશ ગયો. બીજી એક બાબત એ પણ જાણવા મળે છે કે પીઠા ભગતે જયારે સમાધિ લીધી તે વખતે માથા ઉપર કુંડું રાખવામાં આવે છે તે મુકવાની ના કહી હતી. છતા તે વખત ના કાનદાસ સાધુએ માથા ઉપર કુંડુ મુકયું અને સમાધિના ત્રીજા દિવસે કાંકરી કાઢવામાં આવે છે તે વખતે સિધ્ધ સાધુ સમાધિ પાસે સીતારામ બોલે તો અંદરથી સીતારામનો પ્રત્યુત્તર સંભળાય છે. પીઠા ભગતની સમાધિમાંથી આ અવાજ સાંભળવા દીકરાઓને કૌતુક થયું ને સમાધિ ખોલે છે તેનું પરિણામ એ આવ્યું કે તેની પેઢીમાં એક દીકરો મંદબુધ્ધિનો થાય છે.

આમ પીઠા ભગતે ભૂખ્યાને ભોજન કરાવવામાં અને હરિભજનમાં સદાય માટે રત રહેતા તેવા સંત ગૃહસ્થાશ્રમ ધર્મ બજાવતા અને યોગસાધનામાંથી શબ્દ સાધના તરફ વળેલા હતા.

## પીઠા ભગતની વાણી :-

પીઠા ભગતની વાણીમાં તત્કાલીન સમાજ જીવન અને ઉપદેશ વિશેષ જોવા મળે છે. યોગ રહસ્યની ગહન ફિલસૂફીને બદલે સરળ ભાષામાં સમાજ સુધારકનું કામ કરેલ છે. પીઠા ભગતે તત્કાલીન સમાજ જીવન વિશે તે સમયનું સમાજ જીવન-રીતરિવાજો, ધાર્મિક અંધશ્રધ્ધા અને ધાર્મિક વિધિઓનો ખ્યાલ આવે છે.

ધાર્મિક વિધિની દૃષ્ટિએ જોઇએ તો હરિજન સમાજમાં 'મંડપ' નું ખૂબ મહત્ત્વ છે. પીઠા ભગતના સમકાલીન મેપા ભગતે ત્રણ મંડપ કર્યા હતા. પીઠા ભગત આ મંડપ વિશે જણાવે છે કે ...

"મોટો થઇને મંડપ કર્યો,
ધ્યાન ઘણીનું તું ધર્યો નહીં."[3]

મોટાઇ ખાતર મંડપ કરવાથી કે અભિમાન રાખીને ધૂપ કરવાથી તે ઘણીને મેળવી શકતો નથી. આ માર્ગમાં અભિમાનને બદલે નમ્રતા જરૂરી છે. આ પદ દ્વારા તે સમયનું સમાજ દર્શન અને મંડપ થતાં હતા એની વાત સૂચવી જાય છે.

ધાર્મિક વિધિની સાથે ધાર્મિક અંધશ્રધ્ધા પણ હરિજન સમાજમાં જોવા મળતી હતી. ભૂતપ્રેત અને દોરાધાગાના ધતિંગ સામે પીઠો ભગત કહે છે કે...

'ભૂવો તેડાવી જોશ જોવરાવો રે હા,
ઓસડનો કાંઇ પાર નહિ, પાર નહિ,
પીઠો ભગત કહે સર્વે પાપરા,
હરિ વિના આધાર નહીં."[૪]

તે સમયમાં ભૂવા-ડાકડા અને દોરા-ધાંગા જેવી અંધશ્રધ્ધાની પ્રવૃત્તિ વધુ હશે તેની સામે પીઠા ભગતે આ પદ રચાયું હોય તેમ માની શકાય છે. તે સાથે જ ધાર્મિક રીતરરિવાજો અને મૃત્યુ પછીની ધાર્મિક ક્રિયાનો અણસાર આ પદ દ્વારા પીઠા ભગત આપે છે..

"એક વીસામો ઘરને આંગણે, બીજો ઝાંપા બાર,
ત્રીજો વીસામો ગામને ગોંદરે, ચોથો વીસામો સ્મશાન"[૫]

માણસ મૃત્યુ પામે પછી તેના મૃતદેહને લઇ જતી વખતે ચાર વીસામાં આપવામાં આવે છે. આ દર્શાવી કવિ ઉપદેશ આપે છે કે આ કાયાને એક વખત માટીમાં મળી જવાનું છે. માટે હરિભજન કરી લે તેમ જણાવે છે. હરિજન સમાજે મૃતદેહને બાળવામાં નથી આવતો પણ જમીનમાં ઘટવામાં આવે છે. આ બાબતનો સંકેત આ પદ દ્વારા પીઠા ભગત આપે છે.

એ સમયના લોક ધાર્મિક વૃત્તિઓને બદલે મનોરંજન તરફ વળ્યું હતું. તેનો પણ ખ્યાલ આવે છે. હરિકથામાં લોકોનું ધ્યાન નહીં લાગતા ભાંડ-ભવાયા તરફ લોકોનું વધુ આકર્ષણ જોઇ પીઠાભગત કહે છે કે...

"હરિકથામાં હેત નહીં ને, સાંભળે નહીં કોઇ ગીતા રે,
ભાંડ-ભવાયાના ભૂંગળ વાગે, રીઝીને આપે દાન રે."[૬]

સંસારની અસારતા વિશે પીઠા ભગતનાં પદોનો મુખ્ય સૂર એક છે કે સંસારની ક્ષણભંગુરતા છોડી ભકિત તરફ વળવાનો છે. આ માટે તેમને મૃત્યુને કેન્દ્ર સ્થાને રાખીને વાત કરે છે.

"એક દિ ફુલડા વેડી લેશે, વ'લો-મોડો વનમાળી."[૭]

ફૂલ અને વનમાળીની ઉપમા કવિની સફળ સૂઝ દર્શાવે છે. આપણા દેહને ફૂલ રૂપે અને વનમાળીએ પ્રભુરૂપે આપણી સમક્ષ રાખે છે.

"સંસારિયો છોડી કાયા જીવને જરૂર એકલું જાવું,
મારા મનવા, તમે સાચી મતે સમજાવું સંસારિયામા."[૮]

આ સંસારને છોડીને એકલા એજ જવું પડે છે. મા-બાપ, ભાઇ-બહેન બધા જ વીંટાળાઇને બેસે છતાં પણ તેમાં કોઇ રોકી શકતું નથી. જે કાયાને મેલ ચડવા દેતા ન હતા એ જ કાયા ધૂળમાં મળી જાય છે. અને આ સંસારમાં જે ફૂલડા પોતાની સુગંધ

ફેલાવી જાય છે. તે જ ફળ મેળવી જવાના બાકી નાનો ફેરો ફોગેટ જવાનો.

પીઠા ભગતની વાણીમાં ગોરખ અને કબીર જેવી અટપટી ભાષા નથી. પણ સરળ ભાષામાં યોગક્રિયા સમજાવી છે. તેમણે આ કાયાને 'બંગલા'ની ઉપમા આપી છે. આ કાયામાં પ્રભુના દર્શન કરવા હોય તો મર્મીગુરુ પાસેથી કાયાના બંગલાને તાળું મારે છે. તેની ચાવી મેળવવી જોઇએ. સતગુરુ પાસેથી ચાવી મળી જાય તો ખજ્ઞાન અંધારું દૂર થઇ જાય છે. નામ સ્મરણ અને 'નિજનામ'ની માળા જપવાનું પીઠો ભગત જણાવે છે.

"રામ સમર લે તો કાંઇ નહીં,

તેરા જન્મ મરણ મટી જાવે રે."[૯]

નામ સ્મરણ અને નિજનામની સાથે વચનમાં વિશ્વાસ રાખવાનું કહે છે. આ વચન ઉપર વિશ્વાસ રાખી નુરત-સૂરતની સાધનાથી બ્રહ્મને પામી શકાય છે.

પીઠા ભગત ભજન વાત કરતા કહે છે કે...

"આ ભજનની વાતુ બહુ ઝીણિયું, ભાઇ ભજનની વાતું ઝીણિયું,

જી રે સંતો મારા આ વાતું છે ઝીણિયું, ગોત્યું એણે વીણિયું."[૧૦]

પીઠો ભગત કહે છે કે આ ભજનની વાતો બહુ સૂક્ષ્મ છે. ખરેખર બહુ જ સુક્ષ્મ છે. જે શોધે છે એ વીણી શકે છે, મેળવી શકે છે. આમ ભજના સૂક્ષ્મભાવ તરફ એણે અંગુલીનિર્દેશ કર્યો છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના અન્ય સંત-ભક્તોની જેમ પીઠા ભગતે ગુરુમહિમા દર્શાવ્યો છે. અને તેમના પદોમાં સતગુરુ-મહાત્મ્ય જોવા મળે છે જેમકે....

"ગુરુ મળિયા ફેરા ટાળિય, તમે ગુરુને વચને રે'જો,

ગુરુ પ્રતાપે 'પીઠો' બોલ્યા, અમર લોકમાં વરજો."[૧૧]

સત્‌ગુરુના મિલનથી ભવો ભવના ફેરાનો અંત આવી જાય છે જો ગુરુએ બનાવેલ રસ્તે ચાલીએ તો જીવન-મરણનો ખેલ પૂરો થઇ જાય છે.

રવિ-ભાણ સંપ્રદાયના અન્ય હરિજન ભકત કવિઓ કરતા પીઠા ભગતની જુદી તરી આવતી બાબતે 'માતા ધરતીના ગુણનું ગાન' છે. માતા ધરતી સારા-ખરાબ સૌને બરાબર સાચવે છે. હીરા, માણેક, મોતી પર્વત, વનસ્પતિ, નદીઓ, દરિયો બધાને સાચવે છે. "જેવો જીવ તેવો ખોરાક" પણ આપે છે. વળી ઘણી જ પ્રકારની ઔષધિ અને જડીબુટ્ટિઓ પણ તેમાંથી મળે છે. આ બધી ધાતુઓ માતા ધરતીના પેટાળમાંથી આપણને મળે છે. એટલે જ પીઠા ભગત કહે છે કે...

"તું જ મારગ ને તું જ મા રૂપ,
તું જ જતિ ને તું જ સતિ,
ગુરુ પ્રતાપે ગાય 'પીઠો'
તું જ થીક થાય ગત મુક્તિ"[૧૨]

આમ પીઠો ભગત સરળ, મર્મી અને સચોટ સૂક્ષ્મ વાતને ભજન દ્વારા ભાવકો સમક્ષ મુકીને સમાજને સૂક્ષ્મ બનવા તરફ વાળે છે. પોતે મરમી છે. એટલે અર્થપૂર્ણ, મર્મપૂર્ણ અને તર્કપૂર્ણ વાણી વહાવી શકે છે. એની પ્રાસ યોજનામાંથી તર્કપૂર્ણ બોલી પ્રગટે છે. પણ એ દૂર્બોધ નથી. સરળ સાદગી ભર્યું, ભરત ગુંથણ કરીને ભારે કલાત્મક રીતે અને સાથે સાથે તીણું શારકામ કરીને જે તે રીતે સારડી સોંસરવી ઉતરી જતી હોય છે એમ સારડીની માફક આપણા હૃદયમાં સોંસરવી ઉતરી જાય છે. આ વાણી હાથવગા અને પાછા ચિરપરિચિત ઉદાહરણ અને દૃષ્ટાંતોના માધ્યમથી પીઠો ભગત જે કહેવાનું છે તે કહી શકવામાં સફળ રહ્યો છે.

# સંદર્ભ સૂચી

(૧) મેધપાળાના મણકા સં. મહેન્દ્રવાળા પ્ર. સા. પૃ.૧ (એક)

(૨) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ : લે. ડો. નાથાલાલ ગોહિલ પ્ર.સા. પૃ.૨૪૨

(૩) એજન પૃષ્ઠ-૨૪૩

(૪) એજન પૃષ્ઠ-૨૪૪

(૫) એજન પૃષ્ઠ-૨૪૫

(૬) એજન પૃષ્ઠ-૨૪૫

(૭) એજન પૃષ્ઠ-૨૪૫

(૮) એજન પૃષ્ઠ-૨૪૫

(૯) એજન પૃષ્ઠ-૨૪૬

(૧૦) શબ્દસૃષ્ટિ જૂન -૨૦૦૪ પૃ. ૫૯

(૧૧) સૌરાષ્ટ્રના હરિજન ભગત કવિઓ : ડો. નાથાલાલ ગોહિલ પ્ર. સા. પૃ.૨૪૬

(૧૨) એજન પૃષ્ઠ-૨૪૬

# ◈ઉપસંહાર◈

" 'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંત કવિઓ"એ વિષયના સંશોધનના અંતે કહી શકાય કે, સમાજના નીચલામાં નીચલા સ્તરના અને ગામડાના અભણ અસ્પૃશ્ય ભક્ત કવિઓની વાણી વેદની ઋચાઓ સાથે તાલ મિલાવે છે. વેદ, ઉપનિષદ, ગીતા અને અન્ય આધ્યાત્મિક ગ્રંથોમાં બ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, અનાદિ, અનંત, અગમ્ય અને અગોચર તરીકે ગણાવીને 'નેતિ નેતિ' કહીને એક રહસ્ય સ્વરૂપ ગણાવ્યો છે. તેમ આ હરિજન ભક્ત કવિઓએ તેમની વાણીમાં આ રહસ્યને સમજાવવા માટે સાહેબ, નાદ, શબ્દ, પ્યાલો, જયોત જેવી રહસ્યાત્મક પરિભાષા દ્વારા બ્રહ્મને સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. છતાં અંતે આ ભક્તોએ કહ્યું છે કે...

"કોઇ રૂપ રંગ સે ન્યારા,
ઉસમે કયા જાને સંસારા."

**- દાસી જીવણ**

આ ભક્ત કવિઓની વાણીમાં વેદ અને કબીરનો રહસ્ય વાદ, ગોરખનો યોગમાર્ગ, સંતોની ગુરુ ભક્તિ, અને સૂફીઓનો મસ્તરાગ પણ જોવા મળે છે. જ્ઞાન, યોગ અને ભક્તિની સાથે આ સંતોની વાણીમાં સંસારની મોહમાયામાં ન વીંટળાવું અને આ દેહ ક્ષણ ભંગુર છે. મૃત્યુ અનિવાર્ય છે. સંસારના સંબંધો માયાવી છે. તેમાં આસકત ન થતા પરિબ્રહ્મને પામવાનો ઉપદેશ આપ્યો છે. હરિજન સમાજમાં ચાલતા કુરિવાજો, અંધશ્રધ્ધાઓ તરફ કટાક્ષ કરીને અલખના નામની ધૂન જગાડવાનું જણાવેલ છે. ભીતરના સાંઇને ઓળખી લેવાનું કહીને સામાન્ય જનને પણ સમજી શકાય તેમ બે વસ્તુનું પાલન કરવાનું ભકત કવિઓએ જણાવ્યું છે.

"લીધા સરખું નામ હરિનું લઇ શકે તો લે
દીધા સરખું દાન અન્નનું દઇ શકે તો દે."

**- દાસી જીવણ**

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન ભક્ત કવિઓની ભજનવાણીમાં યોગ, રહસ્ય, ગુરુમહિમા, પ્રેમ-લક્ષણાભક્તિ અને ઉપદેશ મુખ્ય જોવા મળે છે. તેની સાથે ભજનના જુદા જુદા પ્રકારો પણ જોવા મળે છે. વાણીનો મહત્ત્વનો ગુણ ગેયતા અને પ્રચુરતાથી છે. પ્રાસ અને પંક્તિમાં શબ્દો તૂટયા નથી. મહત્ત્વની બાબત તો એ છે કે આ સંતોએ કવિ લેખે કાયકર્મ કર્યું નથી. આ સંતોને તો જે દિવ્ય અનુભૂતિ થઇ અને ગુરુના પ્યાલાનો રંગ લાગતા કે પ્રેમની કટારી લાગતા ભીતરના દરવાજા ખુલી ગયાને

આત્મવાણી સહજ ભાવે સરકવા લાગી. આ દરેક કવિ પડેલા ભકત છે, સંત છે અને પછી જ કવિ છે અને એથી જ તો આપણે એને 'સંત કવિ' તરીકે ઓળખીએ છીએ. તેમના જીવનમાં ભક્તિ પડેલા છે પછી કવિતા છે. આ સંતોએ મોક્ષ પ્રાપ્તિને અંતિમ ધ્યેય ગણેલ છે. રિધ્ધિ-સિધ્ધિને નહિ. છતાં આ સંતોમાં આધ્યાત્મિક અનુભૂતિ અને અંતર્યામીની પ્રેરણાથી રચાયેલી એમની કવિતા જ અકૃત્રિમ છે. તેઓની વાણીમાં વૈરાગ્ય, ગુરુ મહિમા પ્રભુ વિરહ અને પ્રેમ ભક્તિ આપણે તાજગી આપે છે. તેમનાં ભજનો ભાવ અને તેનો નાદ આપણને આનંદ સમાધિ સુધી લઇ જાય છે.

'રવિ-ભાણ સંપ્રદાય'ના હરિજન સંત કવિઓ' નામના મારા આ સંશોધન કાર્યમાં બની શકે કે હજુ પણ કોઇ અજ્ઞાત ભક્ત-સંતકવિઓ રહી જવા પામ્યા હોય. તેમને વિશે આ વિષયમાં હજુ પણ વિશેષ કાર્ય થશે તો હું વધારે આનંદિત થઇશ.

અસ્તુ

# ◈ પરિશિષ્ટ-૧ ◈

## ત્રિકમ સાહેબની વાણી સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજનવાણી

(૧)

હે જી... ધરતી રચાણી માણસે, મેઘ મંડાણા મલાર,
તેણામાં નિરખું નાથને, રોમરોમ રણુંકાર.
હે જી... આજ મારે વાલાથી વસવો દુઃખ સહ્યાં ન જાય,
મળીએ આનંદથી મેગલા, જનમોજનમનાં દુઃખ જાય.
હે જી... દુઃખ મટીને સુખ ઉપજે, ગુરુઆ ગુણ ગાય,
દરસન કરીએ દેવનાં, તો આવાગમન મટી જાય.
હે જી... અજ્ઞાન-અંધારું આથમે, પ્રેમ ઉગે પ્રભાત,
ધન ધન ધરણી હરિનો જાયો, ધન ધન એની માત.
હે જી... ધન ધન સંગત સાધની, રંગે વેરાઇ ગઇ રાત,
સ્વીકારો ગુરુજી શરણે મને, ન પૂછો મારી જાત.
હે જી... રામ ગુરુના આદેશે આવીયો, અંચળો લાગ્યો છું મોરાર,
ભણે 'ત્રિકમ' રામગુરુને ચરણે,
તમો છો નોંધારાના આધાર.

(૨)

પ્રેમની પ્રેમની પ્રેમેની પ્રેમની રે,
વાલે મારે, મને મારી કટારી પ્રેમની રે.
સોના ઇંઢોણીને રૂપા બેડલું,
શિર પર છે ગાગર હેમની રે,
મને મારી કટારી પ્રેમની રે.
ઓલી કોર ગંગા, આની કોર જમના,
ત્યાંથી જાવું મારે કેમની ?
મને મારી કટારી પ્રેમની રે.
પેરલ પીતામ્બર, શિર પર છત્ર,
હાથે પેરલ વીંટી હેમની-
મને મારી કટારી પ્રેમની રે

કહે ત્રિકમ ખીમ કેરા ચરણે,
વાત પૂછું હેમખેમની રે-
        મને મારી કટારી પ્રેમની રે.

(૩)

સત્‌ગુરુ મળીયા મારા સેસા ટળીયા ને, મારી ભે ભરમણા ભાગી,
        જી હો. લરું લાગી રે... જી.
નાભિકમલમાં નાવ ચલત હૈ -માંઇ જળહળ જોતું જાગી,
બુદ્ધિની બંદૂકડી ને, પ્રેમના પલીતા, જ્ઞાનની ગોળી વાગી-
        જી હો લેરું લાગી રે... જી.
જ્ઞાનના ગભરુમેં કોઇ ન જાણ્યું-સતગુરુ મળ્યા સુહાગી,
કહે ત્રિકમ ગુરું ખીમને ચરણે, ચરણકમલમાં લેર લાગી,
        જી હો લેરું લાગી-મારો મનવો વેરાગી... જી.

(૪)

પ્રેમે વિંધાણા મારા પ્રાણ, સતગુરુએ માર્યાં શબ્દોનાં બાણ.
માનસરોવર મુકતા-મોતી, મરજીવો ચડે મેરાણ-
        હે જી, સતગુરુએ માર્યાં શબ્દોનાં બાણ.
બાવન અક્ષરથી બારો બોલે, નહીં પોથી કે પુરાણ,
ઓહંગ સોહંગ પર અલખ બિરાજે, ભીતર પ્રગટયા રવિ-ભાણ.
        હે જી, સતગુરુએ માર્યાં શબ્દોનાં બાણ.
“ત્રિકમ સાહેબ” ગુરુ ખીમને ચરણે, નેતુમાં ગગડે છે નિશાન,
                એ નિશાને મરજીવા ચડે મેરાણ,
        હે જી, સતગુરુએ માર્યાં શબ્દોનાં બાણ.

(૫)

હેજી... અનમુખ નેડા રે, સતગુરુ મેરા રે-
સબ ઘટમેં સુજત નાર, ગુરુ બીના અંધેરા રે,
                એવા અનમુખ નેડા રે.
આ સંસાર સપનોકી બાજી, એમાં ચેતે નર સવેરા રે,
આયાગમનકા ફેરા મિટાવી દે, નામથી કર લે નીવેડા રે.
                એવા અનુમુખ નેડા રે.

'ત્રિકમસાહેબ' ખીમને ચરણે, ગુરુએ મેલ્યા જંજીરા રે,
સબ ઘટમેં સુજત નાર, ગુરુ બીના ઘોર અંધેરા રે.
એવા સનમુખ નેડા રે.

(૬)

સદાય રેવે ગુલતાની બાવા, લાગી પ્રિત્યું નઇ રેય અછાની... ટેક
અનહદ નાદ ગગન ધુન ગાજે, ઝાલરી વાગે ઝીણી ઝીણી.
આદ હુવા તે અબ પાયા, પૂચ્છા વાત પ્રીછાની ... ટેક
ખીમ ન ભાણ રવિ રમતા છે, રામા, મીટ જાવે કુરબાની.
અગમ વાત અવાકુ અબુઝે, નીગમ ભરે જલ પાની... ટેક
કુટુંબકબીલાની કુડી છે માયા, છોડ દે કુલ કેરી કાની.
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે, વારે વારે જાઉં કુરબાની... ટેક

(૭)

લિખ દિયા પરવાના, મેરા સતગુરુએ લિખ દિયા પરવાનાજી.
તેરા અગમપંથ નિરવાણા, મેરા સતગુરુએ લિખ દિયા પરવાનાજી.
નાભિકમલથી ઉલટયો આવે, ગગન ધુન ગરજાના,
ઇંગલા પિંગલા સુષુમણા સાંધી, ત્રિવેણી તાર મીલાના,
લિખ દિયા પરવાના.
નામ નિરંજન તેજ અપારા, ટીકા ત્યાં ઠેરાના,
ખીમ-ભાણરવિ રમતા રામ, અરસપરસ દરશાણા,
લિખ દિયા પરવાના.
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે, સે'જે સુનમાં સમાણા,
લિખ દિયા પરવાના, સતગુરુએ લિખ દિયા પરવાના.

(૮)

હે જી... ગુરુજી કાળીંગાને વારો, જગમાં જુલમ કરે,
જુલમ કરે ને કાળો કેર કરે, જગમાં જુલમ કરે.
હે જી... નાહીધોઇને સંતો ધ્યાન લગાવે,
તોય મનડાં ભરતાં ફરે, જગમાં જુલમ કરે.
હે જી... ભકિતનાં બા'ને, મેલા મંત્રો સાધે,
વૈકુંઠ જાતાં જમડા આડા ફરે, જગમાં જુલમ કરે.
હે જી.... સંત શબ્દ એણે દિલમાં ન ધર્યો,
ચોરાશીના ફેરા કેમ ટળે ? જગમાં જુલમ કરે.

હે જી... 'ત્રિકમસાહેબ' સંતો ખીમ કેરે ચરણે,
સંતને સેવ્યે ચોર્યાસી ટળે, ગુરુજી કાળીંગાને વારો,
જગમાં જુલમ કરે.

(૯)

દાસી જાણીને દરસન દેજો,
સદગુરુજી મારા નયના આગળ રે'જો.
મેં અપરાધી બાવા દાસી તુમ્હારી,
સદગુરુજી મારા નયના આગળ રે'જો.
કુટુંબ-કબીલાની કૂડી છે માયા, નઇ ખાર ને નઇ ખેદો,
સદગુરુજી મારા નયના આગળ રે'જો.
ખીમને ભાણ રવિ રમતા છે, રામા, અલખપુરુષ લા'વ લેજો.
સદગુરુજી મારા નયના આગળ રે'જો.
'ત્રિકમસાહેબ' ખીમ કેરા ચરણે, અંતકાળે અળગા ન રહેજો,
સદગુરુજી મારા નયના આગળ રે'જો.

(૧૦)

અમર જોગી ઉલટયા આવે, રગોરગ બોલે તાતી,
લીધો સહિરીયો ગોતી, અવનસ વરમેં ગોતી.
ઇંગલા-પિંગલા ! સુષુમ્ણા લાધી, ઝળહળ ઝળકે જોતી,
હે જી સંતો અવનસ વરસે મોતી.
માનસરોવર મરજીવા ઝીલે, પેરી પ્રેમજળ મોતી,
હે જી સંતો અવનસ વરસે મોતી.
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમના ચરણે, મિટ ગઇ કુલ વરણ ભ્રાંતિ,
હે જી સંતો અવનસ વરસે મોતી.

(૧૧)

નીત-નીત વર્ષે નુરા, શિખર પર પહોંચે વીરલા પૂરા,
નટડી ખેલે, પાવજ મેલે, ન ડગે સુરતા, ન ડગે દોરા.
ઉંચી ચડું તો પ્રેમરસ લાગે, પડું તો ચકમાચુરા,
શિખર પર પહોંચે વીરલા પૂરા.
ઝાંઝ-પખાજ વીણા-જંત્ર વાગે, મોરલી કરે છે મલારા,
શબ્દ શીંગી વાગે સુનમાં, ગાજી રહ્યા માંય તુરા
શિખર પર પહોંચે વીરલા પૂરા.

તન કર તરવારૂ, મન કર ઢાલ-જ્ઞાનકામઠી ચડાવેલ સૂરી,
મન મરતાનો માંઇ મારે મરઘલો, હરદમ હાલે હજૂરી.
શિખર પર પહોંચે વીરલા પૂરા.
સાચા સતગુરુ મળીયા, અગમ પર વર્ષે નુરા,
'ત્રિકમ સાહેબ' ગુરુ ખીમને ચરણે, હરદમ હાલે હજુરા.
શિખર પર પહોંચે વીરલા પૂરા.

(૧૨)

સાધુ તારો સંગડો ન છોડુ મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી... સાધુ તારો સંગડો.
કપડા બી ધોયા સંતો, અચલા બી ધોયા,
જબ લગી મનવો ન ધોયો મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી... સાધુ તારો સંગડો.
દિલમાં લાગી સંતો જોયું મેં જાગી હે જી.
ખેલતાં માળે ઘેરી, ગગન ગાજે મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી... સાધુ તારો સંગડો.
વસ્તીમાં રેના સંતો, માંગીને ખાના જી.
ટુકડે મેં એ ટુકડા કરી દેના મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી... સાધુ તારો સંગડો.
હે... જી. કુડી રે આ કાયા સંતો, એમાં
માનસરોવર હંસો ઝીલન આયો લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી... સાધુ તારો સંગડો
'ત્રિકમ સાહેબ' ગુરુ ખીમને ચરણે,
હે... જી સંત મળ્યા છે સોહાગી મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી.... સાધુ તારો સંગડો

(૧૩)

દિલ-દરિયામાં નિરંજનદેવ છે, ચેતન ચાલ્યા હરદે આવે.
પ્રેમભકિત કોઇ પૂરા નર પાવે, સાંભળ, સતગુરુ શું કહે છે ?
અનહદ નાદ ગગનમાં ગાજે, નુરત સુરત કરી લેર લાવે.
અણી અગર પર અઘર દલિસા, રમતા રામ મારી નજરે આવે.
અંતરમાં એક દેવ નિરંતર ન્યારા, હરદમ ગુરુસે હેત લાવે.

પર આતમ જેણે પ્રગટ ચીન્યા, સમદષ્ટિએ સોય સંત રે'વે.
જ્ઞાન ગરીબી જેણે સતગુરુ સેવ્યા, વે'લા વૈકુંઠ સોઇ નર જાવે.
આયા ગેમન એને કલુ ન લોપે, સેજે સુનમે સમાવે.
સુરા સાધુ સનમુખ રે'વે-કાયર ભાગી ભાગી વન જાયે.
સતગુરુના જેણે શબદ ન માન્યા, ગાફીલ ગોથાં ખાવે.
ખીમને ભાણ, રવિ રમતા રામ અસરપરસ ગુરુ કહાવે-
પાંચ તત્ત્વમાં પરગટ બોલે, આંખે બોલે ને બોલાવે.
આદિતસો અબ મેં પાયા, અબ મેરો મનવો કાંહી નઇ જાવે,
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે, ઠીક કરીને ગુરુજી ઠેરાવે.

(૧૪)

ખેલીયા, ખેલીયા, ખેલીયા રે, મારા સદગુરુએ ચોપાટ ખેલીયા,
'સુન' મંડલમાં ચોપાટ ઢાળી
મેં સદગુરુ સાથે ખેલીયા... રે, મેરા સદગુરુ ચોપાટ ખેલીયા,
અહર્નિસ છે ગુરુ આનંદ
મેલ મનના મેલીયા... રે, મેરા સદગુરુ ચોપાટ ખેલીયા.
વનરાવનની કુંજગલીમેં મેરા સદગુરુએ રાસ ખેલીયા,
કહે 'ત્રિકમ' ગુરુ ખીમને ચરણે, ઠાઠ ઠગાઇને ઠેલીયા... રે
મેરા સદગુરુ ચોપાટ ખેલીયા રે.

(૧૫)

અબ તો બુઢાપણ આયો-એ સજની મોરી રે....
અબ તો બુઢાપણ આયો.
ગર્ભવાસમાં તે ભકિત કબૂલી, બહાર આવીને લલચાયો,
એ સજની મોરી રે, અબ તો બુઢાપણ આયો.
બાલાપણમાં તું બહુ સુખ પામયો, બંદો હાલરડે હુલાયો,
એ સજની મોરી રે.. અબ તો બુઢાપણ આયો.
જીુવાનીમાં તું કામ કમાયો, બંદો ભામિની સાથે ભરમાયો,
એ સજની મોરી રે... અબ તો બુઢાપણ આયો.
ખખડી તારી આ કાયાને મુખડાનું નૂર કરમાયો,
એ સજની મોરી રે... અબ તો બુઢાપણ આયો.
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે, સમજી-સમજીને ઓળખાયો
એ સજની મોરી રે... અબ તો બુઢાપણ આયો.

(૧૬)

કાયા બેઠી મારી કણકવાને લાગી રે,
ગુરુજી તમે મને પાર ઉતારો.
સ્થાવર જગમાં, જલ-થલમાં છે, સાગર સુંભર ભરિયો,
કરતા-હરતા આપ હરિ તમે છો, ગુરુજી રાંકથી રે'શો ન ન્યારા,
કાયા બેડી મારી કણકવાને લાગી રે.
ઠાલાં ભરોને ભર્યાં તમે ઢોળો, ગુરુજી એવી અકળ મતિ છે તમારી.
હૃદયકમળથી અધર છે આતમા, મહારાજા મારે મે'લે પધારો.
કાયા બેડી મારી કણકવાને લાગી રે.
ગુરુમાં ગોવિંદ, ગોવિંદમાં ગુરુ, અલખ પુરુષ એક તારા,
શબ્દસ્વરૂપી શ્યામ હમારા, બોલે બોલાવનહારા.
કાયા બેડી મારી કણકવાને લાગી રે.
કામ ક્રોધ માંઇ બહુ જોર કરે છે, એ કાળીંગાને ગુરુ વારો રે,
પતિતના પાલનહાર આપ છો, ગુરુજી, સતવચન છે તમારું રે,
કાયા બેડ મારી કણકવાને લાગી રે.
પવન-પાણીમાં તમે પરમેશ્વર, સાચા છો સરજનહાર રે,
ખીમ-ભાણ-રવિ રમતા રામ, ગુરુજી, મારે બાનું-બરદ તમારું રે,
કાયા બેડી મારી કણકવાને લાગી રે.
આદિ-પુરુષ તમે છો અવિનાશી, મારે રોમ રોમ હોજો રણુકાર રે,
હેત કરીને ઉપન્યા 'ત્રિકમ'ને લે જો ચરણ મોઝાર રે,
કાયા બેડી મારી કણકવાને લાગી.

(૧૭)

કાયા બેડી જાજરી, ભરિયા ભાર સંભાર,
તેના તારૂડા સંત છે, તારી ઉતારે ભવપાર,
માની લે ઘેલા, તારો સગો નથી સંસાર,
કાયા બેડી જાજરી.
મોટા છત્રપતિ રાજીયા, છે સર્વે ધુંવાના કોઠાર,
વાદળ છાયા વળી જાશે, તેને વળતાં નહિ લાગે વાર.
કાયા બેડી જાજરી.

તું નથી કોઇનો, તારું નથી કોઇ, છે તું હી ઓંકાર,
અનભે વખતે આગળ મોરલિયું, કરે છે મલાર,
કાયા બેડી જાજરી.
ખીમ-ભાણ-રવિ રમતા રામ, જીવનપ્રાણ આધાર,
'ત્રિકમસાહેબ' ખીમને ચરણે, શરણે લેજો જુગદાધાર,
કાયા બેડી જાજરી.

(૧૮)

પાન પરવાના પ્રેમકા, મેરે સતગુરુ દીયા શીખાઇ,
સુરત શબ્દ મેં ડુલા, તનકા લેખ લખાઇ,
મેરે સતગુરુ દીયા શીખાઇ.
મતવાલા અટકી રહ્યા, દુનિયા દૈત દીખાઇ,
રામ-રતનથી ઉતરી, એ ચોરાશીમાં જાઇ,
મેરે સતગુરુ દીયા શીખાઇ.
અનહદ વાજાં વાગિયાં, તખતે તાર મીલાઇ,
અણી અગર પે એક હૈ, અવિનાશી આઇ,
મેને સતગુરુ દીયા શીખાઇ.
મન-પવનકા મેળા હુવા, નુરતી નીજ ઘર પાઇ,
સોહી બ્રહ્મ સતનામ હૈ, નહીં ધૂપ છાંઇ વરતાઇ,
મેરે સતગુરુ દીયા શીખાઇ.
અજર હંસ અમુલખ હૈ, કરતા કબીર કમાઇ,
જે કોઇ સમજ્યા શાનમાં તેને, દૂજા નહિ દરસાઇ,
મેરે સતગુરુ દીયા શીખાઇ.
આગે હતાં વો અબ મીલા, અબકે સાંસે નાંઇ,
કહે 'ત્રિકમ' ગુરુ ખીમને ચરણે, હંસા-હંસ મીલાઇ,
મેરે સતગુરુ દીયા શીખાઇ.

(૧૯)

મનવો મારો વેરાગી, મારી ભે ભરમણા ભાગી,
હે જી મનવો મારો વેરાગી
કુટુંબ-કબિલાની કૂડી છે માયા સતગુરુ મળ્યા સુહાગી,
હે જી મનવો મારો વેરાગી.

ઇંગલા પિંગલા સુષુમણા સાધી, માંઇ જળહળ જોતું જાગી,
હે જી મનવો મારો વેરાગી.
ત્રિવેણી ઉપર તાર મેળવ્યા, અનહદ નોબત ત્યાં વાગી,
હે જી મનવો મારો વેરાગી.
'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે,
ઘટડામાં જોયું મેં જાગી,
હે જી... મનવો મારો વેરાગી.

(૨૦)

ત્રિવેણીના તીરે સંતો મોતીડાની હાર છે,
સાધુજન નીજ હંસની હારો,
જેને હીરાનો આહાર છે,
સંતો મોતીડાની હાર છે
સુરતા-સિંહાસન, પ્રેમ-પાથરણાં,
અવલ ઓશીકાં સાર-
તા પર મારા સદગુરુ બેઠા,
નીરખીને થઇ છું ન્યાલ,
સંતો મોતીડાની હાર છે.
વ્રેહમંડલમાં રાસ રચ્યો છે,
થઇ રહ્યો છે થૈથકાર-
રોમેરોમ રામ રમી રહ્યો
અંમર ખેલ નિરધાર....
સંતો મોતીડાની હાર છે.
જમુનાને કાંઠે જાદવો, કરસનજી છે કિરતાર,
મોહનના સંગે મોરલી, રણ વેરે છે મલાર,
ભવસાગરમાં બૂડતા, મારા સતગુરુ તારણહાર,
'ત્રિકમ સાહેબ' ગેલી ગાવે ખીમ મલકનો અવાતર.

(૨૧)

દેખો ખાવીંદકા ખેલ, દર્શન મૈં તો દેખ્યા રે,
બાહીર દેખ્યા ઓર ભીતર દેખ્યા,
દેખ્યા અગમ અમારા રે,
દર્શન મૈં તો દેખ્યા રે.

સાંયાથી ન્યારા મારા સતગુરૂ દેખ્યા,
પલ પલ આવે પ્રકાશા રે,
નાભીકમલસે આવે ને જાવે,
અંતરમાં હુવા ઉજાસા રે,
દર્શન મૈં તો દેખ્યા રે.
રણુંકાર-ઝણુંકાર હોઇ રહ્યા,
ઉનકા નામ અવાજા રે.
દેખો ખાવીદંકા ખેલ,
દર્શન મૈં તો દેખ્યા રે.
ઘેરી નોબત ગડગડે, ધીરપ રાખો ધ્યાન,
સુરતા ધરીને સાંભળો, સત વચન સુલતાન.
દેશો ખાવીંદકા ખેલ,
દર્શન મૈં તો દેખ્યા રે.
ખમૈયા તણા નેન ખોડયા, નામ તણાં નિશાન,
કહે 'ત્રિકમ' ગુરુ ખીમને ચરણે,
ગુરુજીએ બતાવ્યાં જ્ઞાન,
દર્શન મૈં તો દેખ્યાચ રે.
દેખો ખાવીંદકા ખેલ,
દર્શન મૈં તો દેખ્યા રે.

(૨૨)

નેચર પરચો ગુરુ નામ તમારો, અમે વિશ્વાસે વેંચાયા,
ખીમ ભાણ રવિ સાંયા, આઉ તોજી ગોલી બાની આયા,
અમે વિશ્વાસે વેંચાયા જી.
સતગુરુ સ્વામી સામા પધારો, પલ પલ દર્શન પાયા,
ખીમ ભાણ રવિ સાંયા, આઉ તોજી ગોલી બાની આયા,
અમે વિશ્વાસે વેંચાયા જી.
અધર તખત પર આપ બીરાજે, અમે ચરણરજ પાય,
ખીમ ભાણ રવિ સાંયા, આઉ તોજી ગોલીલ બાની આયા,
અમે વિશ્વાસે વેંચાયા જી.
'ત્રિકમસાહેબ' ખીમ કેરા ચરણે, હેતે હરિગુણ ગાયા,
ખીમ-ભાણ-રવિ સાંયા, આઉ તોજી ગોલી બાની આયા,
અમે વિશ્વાસે વેંચાયા જી.

(૨૩)

એવા એવા સંતને વારણે, હું ઘોળી જાઉં રે... ટેક
નુરતસુરતની સાન ઠેરાણી રે, બેઠા છે બે હદને બારણે...
કાળ ક્રોધ મમતા ને મારો તો, ઉનમુખી ધીરપ ધારણે...
અધર તખત પર આસન કીનારે, ઝુલે છે સોના કેરે પારણે...
'ત્રિકમસાહેબ' સતખીમને ચરણે રે, આ સંસારીઓ છે ધારણે.

(૨૪)

શબ્દોનાં તીર ગુરુ અનહદ લાગ્યાં, કલહી કાલીંગા કો મારુંગા,
મેં એક નુરીજન ધારુંગાએ જી...
ગંગા ન નાવું દાતા, જમના ન નાવું, જલકો કભી ન સતાઉં,
અડસઠ તીરથ બનાયો ઘટ ભીતરમેં, નીત ઉઠ કર નહાઉંગા.
દાતા એક નુરીજન ધારુંગા...
જળ ન બાંધું બુટી ન ખાઉં, નાડી વૈદ ન દિખલાઉંગા,
પૂરણ વૈદ મિલા સતગુરુ મેં નિત ઉઠકર દિખલઉંગા,
દાતા એક નુરીજન ધારુંગા.
જોલી ન બાંધું દાતા, ભીક્ષા ન માગું, સુતે બેઠે ખાઉંગા,
પાઉંભર પંથ કબુ ન કાયુ ઘર બેઠે રિદ્ધ લાઉંગા,
દાતા એક નુરીજન ધારુંગા
પાંચકો મારું પચીસકો પકડું, એકઠો આંચ ન લાઉંગા,
ખીમ કેરા ચેલા 'ત્રિકમદાસ' બોલ્યા, નિત નિત તેરા ગુણ ગાઉંગા,
દાતા એક નુરીજન ધારુંગા.

(૨૫)

મોતીડાં ચરે રે હંસલો (૨)
હે સુખ રે સાગરમાં હંસો મોતીડાં ચરે.
અમુલખ મોતી મારે હુવા અજવાળાં રે,
માલમાં મળે તો તેનાં મૂલ તો કરે.
ગરીબ અરજી કરે તેને ખોટ નવા આવે રે,
પૂરા રે હોય તે તો વણજું કરે.
ઇ રે મોતીડામાં ચૌદ લોક સમાણા રે,
અરે બ્રહ્માને વિષ્ણુ તેનાં રટણ કરે.
કહે રે 'ત્રિકમ સાહેબ' ખીમને પ્રતાપે રે,
મરજીવા હોય તે તો મૂલ કરે.

# ◈ પરિશિષ્ટ-૨ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજનવાણી :

## ભીમ સાહેબની વાણી

(૧) "આરતી"

ઉઠત રણુંકારા અપરમપારા
અખંડ આરતી બજે ઝણકારા,
બજે ઝણકારા.
આપ નર ને આપે નારી
આપે બાજી પર વારી
ઉઠત રણકારા અપરમપારા.
ઝલમલ જયોતિ અખંડ ઉજિયારા
નૂર નિરંતર તેજ અપારા
ઉઠત રણકારા અપરમપારા.
સોળ વાલ પર એક રતી સરદારા
ચૌદિસે બોલે વચન ચોધારા
ઉઠત રણકારા અપરમપારા.
સતગુરુ ત્રિકમસાહેબ અમારા
આપે બોલે ગુરુ બોલનહારા
ઉઠત રણકારા અપરમપારા.
કહે 'ભીમદાસ' ભ્રમ સિન્ધુ સારા
બ્રહ્મજલ ભરિયા ભીતરવારા
ઉઠત રણકારા અપરમપારા.

(૨)

સુન લે સુષુમણા નારી, મૈં અજબ નામ પર વારી,
અજબ નામ હૈ સબસે ન્યારા, ખોજ ખોજ સંસારી,
મૈં અજબ નામ પર વારી.
પરાપાર મેં અપરમ દેખ્યા, ઐસા હૈ ગિરધારી,
અકડ ભોમ પર, સકડ સોમ હૈ, ગજગુણીકા ઉગારી,
મેં અજબ નામ પર વારી.

ગરજે ગગના પ્રમતત્ત્વસુ, પ્રેમ હેત કર પ્યારી,
ધ્યાન ધર કર સતગુરુનું શબ્દે હદ, બે હદે બીચારી.
મેં અજબ નામ પર વારી.
સુરતી કર લે ચૌ લોક મેં આર પાર ધૂન ન્યારી,
સેજ સુનમેં, ત્રિકોટી ધૂન મેં, અખંડ જયોત ગ્રહે સારી,
મૈં અજબ નામ પર વારી.
કહે 'ભીમદાસ' ત્રિકમને ચરણે, વારી વારી જાઉં બલહારી,
શરણમાં રાખો તુમ્હારી, મૈં અજબ નામ પર વારી,
મૈં અજબ નામ પર વારી.

(૩)

જીવણ જીવને જયાં રાખીયે, વાગે અનહદ તુરા,
જયોતિ અખંડ ત્યાં જળહળે, વરસે નરમર નુરા... જીવણ
પાંચ તત્ત્વ ત્રણ ગુણસે, પચ્ચીસ જોજો વિચારી,
મથન કરો એના મૂળનું તત્ત્વ લેજો તારી... જીવણ
તખત ત્રિવેણી અલોપ છે, ગંગાજમનાને ઘાટે,
સુષુમણામાં જીવણ સાધજો, વળી જાજો ઇ વાટે... જીવણ
અખંડ રણુકાર હોઇ રહ્યા, કર બીન વાજાં વાગે,
સુરતા રાખી જીવણ સાંભળો, ધૂન ગગનમાં ગાજે... જીવણ
અણી અગર પર એક છે, રમતા રહેશે રામા,
નિતનિત નિરખો તનડામાં, સતગુરુ ઉભા છે સામા... જીવણ
નુરતસુરતની સાધના, પ્રેમ વિના નહિ પાવે,
અંધારું ટળે અંતરનું તો, નુર નજરુંમાં આવે... જીવણ
સંદેશડો આ સત તણો, 'ભીમસાહેબ' ભેજયો,
પત્ર લખીયો પ્રેમનો, વિધિયે લગનડાં લેજો.
જીવણ જીવને ત્યાં રાખીયે.

(૪)

સંતની સેવા ગુરુની ભકિત, અવિચળ રૂડો ઉપાય,
આધીનતા રાખો અંતરમાં, તાકું કાળ ન ખાય.
બ્રહ્મનો ભેદ 'ભીમ' આપ્યો, સ્મરણ સાચું માઇ,
સત વચનમાં રાખો સુરતા, તાકું કાળ ન ખાય.

સતગુરુએ કરુણા કરી, કુતાસી ચાલ્યાં મોંઘીમાઇ,
નામવચનની ફેરવતાં માળા, ભવપાર ઉતરી જાઇ.

(૫)

સહુ નગરમાં વણજે મળ્યા, થોકે ભેળા થાય,
ભરાણી ગુજરી, 'ભીમ' કહે, આવ્યા તેવા જાય.
વેલેથી વછૂટયું પાંદડું, ફરી વેલે ન સંધાય,
કાયાવેલો પવનપાંદડું, ભાગ્યો ભવ ન સંધાય.
હુકમ વિના હાલે નહીં, પૃથ્વી ઉપરનાં પાન,
ભૂલેલ મન 'ભીમ' ખાલી હૈયાંની ભરે હામ.
ચેત મન, ભાઇ, ચેત મન, માથે આવશે મોત,
એક દિ થાશે ઉઠાંતરી, જાશે ગોફણ ગોળા સોત.
'ભીમ' કહે ભડકો થયો, ત્રણ ભવનમાં લાગી લાહ્ય,
પૂરવજનમમાં પૂણ્ય મળે તો, લાગી લાહ્ય બુઝાય.

**સાખીઓ**

(૧) ત્રિકમ તનમાં પ્રગટિયા, અખંડ હુઆ અજવાસ,
તમીર હતાં તે ટળી ગયાં, ભાવે કહે ભીમદાસ.
(૨) બાના હમારા બાપ હૈ, ત્રિકમ તારણહાર,
અબ ના દૂજે આથડું, મૈં લગી તેરે લાટ.
(૩) હુકમ વિના હાલે નહિ, પૃથ્વી ઉપર પાન,
ભૂલેલ મનુષ્ય ભાન, ભીમકે કાલી પરે મન હામ.
(૪) કાયા વચ્ચે ગુંખડું ઓસડ એનું છે અન્ન,
ભયાર્ પછી ભીમદાસ કે, મોજું કરે છે મન.

# ◈ પરિશિષ્ટ-૩ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ સંતો ભજનવાણી :

# નથુરામ સાહેબનાં પદો

(૧)

અલખનામનની ધૂન લાગી, ગગનમેં મગન ભયા મન મેરા,
આસન વાળી સુરતાથી, દૃઢ કીયા, દિયા અગમ પર ડેરા,
ઇંગલા પિંગલા દોનું સાંધકે, સુખમણાં ચિત દૃઢ ધાર્યા.
જે નર કરે અમીના, પાણીકા હે પરપોટા,
તિન તલપ સે નામ નિરખ લે, મેરમ, ધણી હે મોટા,
જહા તંત અનહદ કે આગે, અહોનિશ નાદ ઝણકારા,
અનહદ હોત ગર્જના, અહોનિશ નાદ ઝણકારા,
સતગુરુએ મંત્ર સુનાવ્યો, મોરલી મધુરી વાગી,
નથુરામ કહે ત્રિકમ ચરણાં, તો અલખ દીયા દિદારા.

(૨)

જૂઠડી કાયા રાણી, જૂઠડું શું બોલે ?
વઢશે તુંને તારો ઘડનારો.
જૂઠડી કાયા રાણી, જૂઠડી માયા,
જૂઠડા જગ ભરમાયા રે.
અંતકાળે જીવને જાવું રે એકલું,
મરમ કોઇએ નવ પાયા.
આ રે જગતમાં વેલા આવશું,
આવી ભરતમાં ભરાણા.
સગા કુટુંબની લાલચ લાગી,
પ્રિયાના બોલે બંધાણા.
અહીં પદારથ મોટું પામ્યા,
ભજન કરી લે ગુરુદેવના.

દુધ પૂતને અન્ન લક્ષ્મી,

એ ફળ છે તારી સેવાનાં.

આ રે જગતમાં કંઇ નર વહી ગયા,

હાથી-ઘોડાના ચડનારા.

ઘટ ભીતર ગુણ આવે નથુરામ,

અહીંયા કોઇ નથી રહેનારા.

# ◈ પરિશિષ્ટ-૪◈

# સંશોધનમાં સમાવિષ્ટ: લક્ષ્મીસાહેબની વાણી

(૧)

બેની મુને ભીતર સતગુરુ મળિયા,
આજ તો વરતાણી છે આનંદની લીલા,
મારી બેની મુને ભીતર સતગુરુ મળિયા.
ભીતર સતગુરુ મળિયા.
અખંડિત ભાણ ઉગિયા ઘટમાં
સત ભોમકા દરસાણી.
દસમા દુવારે મારા સતગુરુ બેઠા
દિલડામાં લાગી તાળી.
ભીતર સતગુરુ મળિયા.
બાવન બઝારૂં ને ચોરાથી ચોવટા
કંચનના મોલ નજરે કીધા
જલમલ જલમલ જયોત જલત હૈ
દલડામાં દિદાર દીધા... ભીતર.
ઘડી ઘડીનાં માથે ઘડિયાળાં વાગે,
માંઇ છત્રીસ રાગ રાગે ઝીણી
અજબ ધડાકા માંઇ અનહદ વાગે
ઝાલરી વાગે ઝીણી ઝીણી... ભીતર.
સતવચનનો સતાર બનાવ્યો,
ત્રણ વખત પય બેસીને ગાયો
લખીરામને ગુરુ ત્રિકમ મળિયા
ગુરુજીએ ગુપ્ત પિયાલો પાયો
ભીતર સતગુરુ મળિયા.

(૨)

મનખાની દેય મોટા દેવતા માગે
આઠ પોર આરાધે રે
ભવોભવ ભકિત રે કીધી
સંત ચરણોનો સાથ રે... આઠે.

આવાં પદ પામીને મનખા
એળે મત ગુમાવીશ રે... આઠે.
સાધુ-સંતનો સાથ ગ્રહીને
રેન-દિવસ રે જાગી રે... આઠે.
ધ્રુવ, પ્રહલાદ, અંબરીષને ઉગાર્યા
તે પણ રહ્યા છે ત્યાગી રે... આઠે.
જે કરો તે બંદા અહીંયા થાશે
મોકલીયા છે મા’રાજે રે... આઠે.
આવો અવસર ફેર નહિ આવે
પરમારથને કાજે રે... આડે.
કીધી ભકિત ભકત ધ્રુવજીએ
ઠીક કરીને ઠેરાયો રે... આઠે.
બાંઇ મીરાંએ વખડાં ઘોળ્યાં
અલખ આરાધે આયો રે... આઠે.
જ્ઞાન ગભરૂ કોઇ ન જાણે
પ્રીતમ પિયુની પરમાણે રે... આઠે.
‘લક્ષ્મીસાહેબ’ ગુરુ ત્રિકમ ચરણે
ફેરો સમજાુને ફાવે રે.
આઠે પોર આરાધે રે.

(૩)

મુને મતવાલે પિયાલો પાયો, પીધે પ્રેમ હુદો,
જરણ મરણ વાકો નહિ, સદગુરુ વચને સુધો,
મનુ મતવાલો પિયાલો પાયો.
બક નાડેથી દમ ચાલીયો, બ્રહ્મ મધ્યે પર વારી,
ઇંગલા પિંગલા અને સુષુમણા, ત્રિકોટીમાં લાગી તાળી,
મુને મતવાલો પિયાલો પાયો.
વિના દીવેટ વિના કોડિયે, ઘ્રથ વિના જાગે છે જ્યોતું,
વિના વાદળ વિના વીજળી, ધમકે મેઘાડમ્બર સોતું,
મુને મતવાલો પિયાલો પાયો.
ગગનમંડળમાં ભઠ્ઠી જલે, વર્ષે અમીરસ ધારા,
ચંદા સૂરજ દોનું સાખિયા, સદગુરુ ઉતારે પારા,
મુને મતવાલો પિયાલો પાયો.

સોહમ નાદે સુનાકાર હોવે, ધીરા હોવે શ્વાસા,
વ્રેહમંડલસે ધારા વરસે, એમ બોલ્યા 'લક્ષ્મીદાસ'
મુને મતવાલો પિયાલો પાયો.

(૪)

એમાં જુઠડો નથી રે લગાર, ધાર્યો મેં ધુન ધણી સરદાર,
પાપના ભારા ખડકીને બાંધો, ભાર થશે અપરમપાર,
તજ જેટલી માંહી તણખી નાખો તો, જલીને થાશે અંગાર.
ધાર્યો મેં ધુન ધણી સરદાર.
અસુરપણામાં હાલે આથડતો, મુરખ મૂઢ ગમાર,
આગળ જીવને ખોટ પડશે, ખાસ જમડાનો માર.
ધાર્યો મેં ધૂન ધણી સદાર.
ખોટાં મોતી ખે થાશે, ફૂટશે ફટકીયાં હજાર,
ઘણ તણા માથે ઘા પડશે, તો નીકળશે એરણ બાર.
ધાર્યો મેં ધુન ધણી સરદાર.
તારા બાનાની તમે પત રાખજો, તમો છો તારણહાર,
'લક્ષ્મીસાહેબ' ત્રિકમને ચરણે, પકડી કાઢો મુને બહાર.
ધાર્યો ધુન ધણી સરદાર જી.

(૫)

ગણેશ ગાઇએ સદા સુખ પાઇએ, ગુરુ મલ્યા છે જ્ઞાની રે,
કરો સીધ કામ, વીધન હરો વીરા, ક્રોડ તેત્રીસ દેવ આગેવાન,
સંતો ભાઇ પીઓને પ્રેમરસ પાણી રે જી.
સતગુરુયે હાથ ધર્યો શીર પર, દેઇઓમાં જોતું દરસાણી રે,
ઉપન્યા ભાવ પ્રેમ કેરી ભકિત, હરિજન હીરલે મોજું માણી રે,
સંતો ભાઇ પીઓને પ્રેમરસ પાણી રે જી.
ત્રિવેણી મોલમાં જોવો તપાસી ક્રોડ તેત્રીસ છે કયારી રે,
ખોલ દીયા તાળા, ભયા અજવાળા, જલહલ જોતું દરસાણી રે,
સંતો ભાઇ પીઓને પ્રેમરસ પાણી રે જી.
ભૂલ્યો ભમરો હાલે ભટકતો, બોલે છે બ્રહ્મરસ વાણી રે,
લક્ષ્મીસાહેબ ત્રિકમની ચરણે, આગળની છે ઓળખાણી રે,
સંતો ભાઇ પીઓને પ્રેમરસ પાણી રે જી.

# ◈ પરિશિષ્ટ-૫ ◈
# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજનવાણી:
# દાસી જીવનનાં પદો
## (૧) આત્મજ્ઞાનનાં પદો

(૧)

અરે તું આવડાં રૂપ કયાંથી લાગ્યો રે,
મોરલો મરતલોકમાં રે આયોજી. (ટેક)
નહીં એ નાદનો ને નહીં એ બુંદનો, આપે આપ બની આયો,
પાંચ તત્ત્વ ને તીન ગુનથી ન્યારો, વેદપુરાણે નહીં પાયો રે... મોરલો.
નાભિકમળથી ચાલિયોને રે, બંકનાળે ઉલટાયો,
ત્રિવેણીનાં તીરમાં નીરત કરે ને, વિના પાંખે ઉડી ધાયો રે... મોરલો.
લીલો ને પીળો કળ્યામાં ના'વે, અનેક રંગ ભરી લાવ્યો,
દેખ્યો હોય તો કહી સમજાવો, મોર અખંડ કણ્યો રે... મોરલો.
મેર ભઇ મહારાજની ને, અમર પિપાલો પાયો,
દાસી જીવણ સત ભીમનાં ચરણે, અસરપરસ દરસાયો... મોરલો.

(૨)

એ જી એ તો જીવણની, નજરમાં આયો રે
મોરલો ગગનમંડળ ઘર આયોજી. (ટેક)
ઉંચો જોયો આસમાનસે, ચોડો જોયો સવાયો,
માય કરું તો માયામાં નાવે, નેનકમળમાં સમાયો... મોરલો.
કાયાનગરમાં ડોલતો ને, વિના પાંવ ચલાયો,
ગ્યાન કરીને ગોત્યો ત્યારે, આપ મેં આપ દરસાયો... મોરલો.
સુખમનાને ઘર ચારો ચુગિયો ને, ત્રિવેણીમાં જલ પાયો,
ઓહં સોહંમાં ઉઠત બેસત, વિના મુખે રે બોલાયો... મોરલો.
મેર ભઇ જબ મારાજની રે, ઓઘટ પિયાલો મુને પાયો,
દાસી જીવણ સત ભીમના ચરણે, અરસપરસ દરસાયો... મોરલો.

(૩)

અજો ગગનથી લહેરું આવે, ઝર ઝર નૈણાં અમર ઝરે રે
ઝીણાં ઝીણાં મોતીડાં વરસે, ધ્યાન અખંડી જો ધરે રે જીવો સાધુજી-ટેક
ચહુદીશ ફોર વાસના વ્યાપી, બીજ રૂપિયો નહિ બળે રે,
લાગુ લુંબ ગગનમાં મોરી, ઇ આંખલીયો સુફળ ફળે રે... અજો.
મરજીવા નર ચડે મેદાને, વીણી મોતી સોઇ વળે રે,
પારસમણિનાં એજ પારખાં, નિપજ આવે ખૂબ ખળે રે... અજો.
ઓહં સોહંકી ઝલમલ જયોતિ, ચાંદો સૂરજ માંઇ દીપક ઝરે રે,
પૂરવી ગંગા પછમ પ્રકાશી, ગગન ગુફામેં ગવન કરે રે... અજો.
ત્રિકુટી મોહોલ મેં કર લે તકીયા, સુખમન સાંધે અરથ સરે રે,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, કિમ્મતવાળા દેશ કળે રે... અજો.

(૪)

અબધુ દિયા વખત પર ડંકા રે, સો ઘર સેજે પાયો રેજી (ટેક)
નાભિકમલથી નટવર ચડીયા, પવન પુરુષ પલટાયા રે જી.
વંકનાળકી ખડકી ખોલી, ઉલટા રાહ ચલાયા રે... સો. ઘર.
જો ઝાલર વાગે બીન હાથે, બીન મોઘરે બજાયા રે જી,
અટલ મોહોલમાં પુરુષ અભંગી, બંનગી કરી બોલાયા રે.. સો. ઘર.
નૂરતેં સુરતેં સુહાગણ ખેલે, રંગભર રાશ રમાયા રે જી,
પ્રેમે પ્રેમે પ્રેમે રસ પાયા, અમ્મર ચીર ઓઢાયા રે... સો ઘર.
દેવળ તો એક દેહીમાં જ દેખ્યા, ભીમે ભેદ બતાયા રે જી,
દાસી જીવન ગાઇ ગુલતાના, ઐસા ધરા સુખ આયા રે... સો ઘર.

(૫)

અબધું રણ રણ રણ રણ વાગે રે, ગગનમંડળ વર માંઇ રેજી. (ટેક)
અનભે નાદ અખંડ ધૂન ગાજે, ઝલમલ જયોતિ ઝાંઇ રે જી,
ધનન ધનન ધન હુવા ધનકારા, તકીયા તિયાં ટકાઇ રે....ગગન.
એક જાગેશ્વર વા ઘર બેઠા, ઉનસે કર ઓળખાઇ રે જી,
અટળ અભંગી તો પદ પાવે, સૂરતા તીયાં ચડાઇ રે.... ગગન.
મુકતાફળ પ્રેમકા મેવા, વિણ વાદ વરસાઇ રે જી,
ચાર સરોવર સુભર ભરીયાં નિતમિત અબધુ નાઇ રે... ગગન.
ભેટયા ભીમ ભરમના ભાંગી, ઓ ઘર દીયા ઓળખાઇ રે જી.
દાસી જીવણ સત ભીમકા ચરણાં, ગુરુ મળ્યા ગુંસાઇ રે... ગગન.

(૬)

આ જોને ગગનમાં રે, ગોટકા ખેલે છે જ્ઞાની,

આ જોને ગગનમાં રે. (ટેક)

અટળ અભંગી એવા, પુરુષ અલંગી વાલા,
દશમેં દ્વારે મેં તો, દેખ્યા રે દીવાની જ્ઞાની.... આ જોને.
ઇંગલા ને પિંગલા રે, સુગમનાં સાંધી લે,
જાલમ જોગશ્વરને તું , જોવાને જાને રે જોની... આ જોને.
અગમ ઘરકી ખડકી ખોલી, જોને અસમાને,
ઉલટા આકાશે ચડી લેને તું, પીછાની જ્ઞાની... આ જોને.
દાસી જીવણ સંતો, ભીમ કેરા ચરણાં,
માલમ જોગશ્વર મળ્યા, મજરા તો લીધા છે માંની... આ જોને.

(૭)

કોઇ જાગંદા આ દિલમાંય, ઝણંક ઝાલરી વાગી. (ટેક)
નાભિકમળથી ચલી મેરી ઝાલરી, નિરાધાર ઠેરાઇ,
ઇંગલા પિંગલા સુખમણા સાધી, ત્રિવેણી મોલમેં આઇ... કોઇ.
જયોતિ રૂપે સબ ઝબકી એ ઝાલરી, ગગજ મંડળ મેં ગાજી,
ઓહં સોહંમા ઉલટ સમાણી, અજંપા જાપે લાગી... કોઇ.
જાગ્રત સ્વપ્ન સુશોપતિ તુરીયાણ ઉનમુનિ મુંદ્રા લાગી,
અક્ષરાતીત આપે નર ઓળખ્યા, તેની ભે ભરમનાં ભાંગી...કોઇ.
હું નહિ તું નહિ તે પણ નહિં, પરપંત દીધા ત્યાગી,
દાસી જીવણ સત ભીમને ચરણે, લેહ ગગનમાં લાગી...

(૮)

કોઇ રૂપરંગસે ન્યારા, ઉસમેં કયાં જાને સંસારા રે જી. (ટેક)
ઓહં-સોહંની ઉપર નીરખો બાર આંગલ છે બારા,

ગુરુ, બાર આંગલ છે બારા,

મતિ મૂરતિ નેણે નીરખો, નીજા નામ છે ન્યારા... ઉસમેં
ચંદ્ર-સૂરજકી ઉપરે કાંઇ જલમલ જલકે તારા,

ગુરુ, જલમલ જલકે તારા,

શિવ-શકિતકી ઉપરે, ત્યાં અણઘડકા રણકારા... ઉસમેં

(૯)

ઓ જોગી જાવે, ગગનમંડળ ઘર માંય. (ટેક)
ઇંગલા પિંગલા સુખમન સાધી, ઉલટા પવન ચડાય,
આશનવાળી બેઠા અબધુ, તકીયા તીયાં ટકાય... સો જોગી.
સબ ઘટમેં એક સાયબ દેખ્યા, નજર ભરમના નાંય,
હરજ શોક વ્યાપે નહિ તનમાં, એસી અદલ ચલાય... સો જોગી.
અખંડ વીલા ખંડિત નહીં, ખંડમોં, પ્રેમે પ્રીત લગાય,
આઠ પ્રહરકા હુવા આનંદા, કાળ કબુ નહિ ખાય... સો જોગી.
સોહં ઘર જાવે સંત સુભાગી, બીક કછુએ નાંય,
દાસી જીવન સત ભીમકા ચરણાં, અટળ અભેપદ પાય... સો જોગી.

(૧૦)

જ્ઞાની તું લે ને ગગનિયામાં ગોતી રે,
    તકીયામાં ઝલમલ ઝલકે જયોતિ
નાભિકમળસે નાવ ચલત હે,
    જી રે તીયાં તપીયો બેઠો એક તંતી રે.
ઇંગલા ને પિંગલા સુખમન ઉપરે,
    અખંડ આરતી પણ હોતી રે.
ઇ ગમ તો કોઇ વીરલા જાણે,
    ત્યાં આવી મળ્યા છે અજાતી રે.
દાસી જીવણ ભીમ કેરા, ચરણાં,
    મેરમ મળીયા સાચું મોતી રે.

## (૨) પ્રેમલક્ષણા ભકિતનાં પદો

(૧)

આજ તો મારે પડીયા છે, તાઇલા કામ હે કાનુડા તમ સાથે. (ટેક)
થર થર થંભ ધગાવીઓ, હરણાકંશનાં કામ,
પત રાખી પ્રહલાદની ધરીયા'તા નરસિંહ નામ રે... કાનુડા.
રામે સેન હંકારીયું, જે દી પથરેણ બાંધી પાજ,
મહા યોધ્ધાને મારીયો, રોળ્યાં'તાં રાવણનાં રાજ રે... કાનુડા.
પાંડવ પૂર્યા પ્રજમાં, જે દી હાર્યા હસ્તીનાપુર ગામ.
કડીયો થઇ આવ્યા કાનજી, તે દી તમને શું બેઠા દામ રે... કાનુડા

પૂરવ જનમની પ્રીતડી, કેમ છોડો, મારા શામ ?
દાસી જીવન ભજે ભીમને, મારા હૈડામાં ઘણીયલ હામ રે... કાનુડા.

(૨)

આવજો આવજો આવજો રે,
હે મીઠાજી મારે મોલે આવજો. (ટેક)
વ્રજમાં ખેલનકું, ગોપીયે બોલાવ્યો રે,
લાલન લટકું તમે સોઇ પણ લાવજો...
કૂડ કપટ છળ પરાં કરીને, કૃષ્ણ !
સંદેશો મારો ક્રિયાનો કહાવજો...
વલ્લભ વિલાસીવાલે એવાં સુખ દઇને ઇ રે,
મીંટે ચડયો મીઠાબોલો માવજો...
દાસી જીવણ સત ભીમ કેરાં ચરણાં રે,
પ્રીતમ પ્રેમના રસ ભરી ભરી પાવજો...

(૩)

આવો વાલા કરીએ વાતું,
તમ વિણ નથી રે'વાતું,
આવી છે એકાંતુ રે- કે'જે તારા કાનુડાને.
માતાજી મોહનને રે-કે'જે તારા કાનુડાને,
જોઇ જોઇ વોરીયે જાત્યું,
બીબાં વિણ ન પડે ભાત્યું,
ઝાલે ભાર ભીત્યું રે - કે'જે તારા કાનુડાને.
ભીમ સતગુરુએ દીધી દાત્યું,
વરસી છે ઇ સ્વાંત્યુ રે-કે'જે તારા કાનુડાને.

(૪)

એ જી કામણિયાં કીધેલ કોય,
આયાં કણે આવીને,
એમાં નંઇ રે જડીનું કાંઇ જોર,
શું કરીએ અમે ચાવીને.
મારે નથી બીજાનું કામ, કામ છે તમારું રે,
તમ આવ્યે દીનાનાથ, સરવે મારે સારું રે.

મારી ખબર્યે આવોને ઓધાર, દુખડાં પામે દાસી રે,
તમ વિના ના'વે કોઇ, નાથ, સરવે વાત કાચી રે.
રખે લોભાણા નંદલાલ, દાસીને દરસન દેતાં રે,
મારે છે રે તમારો વિશ્વાસ, બનાની પત નંઇ ખોતા રે.
વે'લા વે'લા વૈકુંઠનાથ, વે'લા હરિ આ ઘડિયે રે,
એમ કહે છે રે દાસી જીવણ, વાલા, અમે તમ વડિયે રે.

એ જી કામણિયાં કીધેલ હોય,
આયાં કણે આવીને.

(૫)

એવાં કામણિયાં ઓલ્યો કાનુડો જાણે,
દૂજાં કામણિયાં મારી નજરે ના'વે.
ચૌદ રે વિદ્યા મારો સતગુરુ જાણે,
કૂડિયું વિદ્યાયું કે'ની કામ ન આવે.
સંસારસાગર મહાજળ ભરિયો,
જળમાં મછલિયાં કયા ખાવે.
આ રે સંસારિયાની કૂડી છે માયા,
ગોડ વિદ્યામાં ગોથાં કયા ખાવે.
ગિરધારી, તારી અકળ છે ગતિ,
ઇંડામાં જીવ કયોને કયાંથી આવે.
લખી દિયો રે મુને કટકો કાગળિયો,
મોહન વર મારે મો'લે આવે.
દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
દાસી તમારી દુઃખ બઉ પાવે,
એવાં કામણિયાં ઓલ્યો કાનુડો જાણે.

(૬)

કામણિયાં કીધેલ હોય, આંયાં કેણે આવીને રે,
એમાં નહીં રે જડીનું કાંઇ જોર,
શું કરીએ ચાવીને રે.... કામણિયાં (ટેક)
મારે નથી બીજાનું કામ, કામ તમારું છે રે,
તમ આવ્યે રે, દીનાનાથ, સર્વે મો સારું છે રે... કામણિયાં (ટેક)

મારી ખબરે આવોને ઓધાર, દુખડાં પામે દાસી રે,
તમ વિના નાવે કોઇ નાથ, સર્વે વાત કાચી રે... કામણિયાં.
રખે લોભાણા નંદલાલ દાસીને દરશન દેતાં રે,
મારે છે રે તમારો વિશ્વાસ,
જો બાનાની પત ખોતાં રે, કામણિયાં.
વેલા વેલા વૈકુંઠનાથ, વેલા હરી આ ઘડીએ રે.
એમ કહે છે રે દાસી જીવણ,
વાલા અમે તમ વડીએ રે... કામણિયાં

(૭)

ઘણા રંગ લાવે રે, મારે મો'લે માવો આવે,
મારે મો'લે માવો આવે, લૂંટી લૂંટી માખણ ખાવે,
દાસી દુભાવે રે-મારે.
સામળો સંદેશા લાવે, ઘડી અળગો ન જાવે,
શબ્દ સુણાવે રે-મારે.
વા'લો મારો વેણ બજાવે, રાસ રંગ ઘણા લાગે,
લાડમાં લડાવે રે. મારે.
ભીમ ભજવે બહુ સુખ થાવે દાસી જીવણ ગુણ તો ગાવે,
પ્રેમરસ પચવે રે-મારે.

(૮)

ઘણું ભાવે રે, માડી મુંને મીઠુડો મોહનજી... (ટેક)
પ્રેમને વચને બાંધ્યો હરિ કેમ ના'વે રે,
વણતેડયો મારે મોલે આવે રે... માડી.
બહુ સુખ દીધાં મુને શામળે વાલે રે,
પછી ગુલતાન કરીને ગવરાવે રે... માડી.
નંદજીને લાલે મુને ખુબ નવાજી રે,
પછી લાલન રંગ ઘણા લાવે રે... માડી.
ભીમ ભેટયે મારાં ભવદુઃખ ભાંગ્યાં રે,
દાસી જીવણ ગુણ ગાવે રે... માડી.

(૯)

ઘણું સુખિયા રે, મારે મનડે વસ્યા,
અહીંયા રો'ને વાલમ, ઘણું સુખિયા.

તંબૂ ડેરા, વા’લા, માથુરામાં દિયા રે,
        પ્રેમના કટારા તે પર કસિયા-અહીંયા.
કહી કહીને થાકી, મારાં કે’ણ ન માને,
        રંગરાગના બહુ રસિયા-અહીંયા.
રાણી રુખમણીનાં મંદિર તજીને,
        કુબજાને મો’લે જઇ વસિયા-અહીંયા.
દાસી જીવણ સત ભીમ કેરાં ચરણાં,
        તમને નીરખીને નેણાં-હસિયાં.
        અહીંયા રો’ને, વાલમ, ઘણું-સુખિયાં

(૧૦)

ચરણું કી દાસી મેં તેરી હે મેરમ,
        જલદી ખબર લ્યો, મેરી રે.
જા દિનસે પિયા, વિછડો પડયો, હે વા’લા.
        અબ તો રાખો મોઇ નેરી... મેરમ.
ચકોરડું જેમ ચંદા, વા’લા,
        ને ઓર અમૃત સબ વેરી... મેરમ.
જળ વિના જેમ મીન ન જીવે, વા’લા
        ઇ તો ઝાકળ હુંદા સબ ઝેરી... મેરમ.
દાસી જીવણ સત ભીમ કેરાં ચરણાં, વા’લા
        મારી વરત તો તુમ પર ઠેરી,
        મેરમ, જલદી ખબર લ્યો મેરી.

(૧૧)

જન્મોજન્મની પ્રીતું રે, મીઠા મોહોલે આવજો રે. (ટેક)
જોઇ-જોઇ વોરીયે જાતું, બીબાં વિનાં ન પડે ભાતું,
        ભાર જાલે ભીતું ... મીઠા.
દિલડામાં દીસે દ્વાંતું, મેલી દિયો મનની ભ્રાંતુ,
        ખોળી જુઓ ખાતું રે... મીઠા.
પ્રહલાદ કારણ આપે પધાર્યા રે,
        રાખેલ પાંડવોની લાજ રે,
એવડા લોભી તમે થીયા નંદલાલ,
        છાયાં નાંમા નાં છાજ... શું કઇયે.

દાસુંને કે તમે દુઃખ ન ખમાય,
        વળી પોતે બંધાવી વાલે પાંજ રે,
રાવણ મારી એનું રાજ ઉથાપ્યું,
        લીધી લંકાની લાજ... શું કઇયે.
ઉપર કરીને આશરો આપ્યો,
        રાખો બનાની લાજ રે,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
        અવસર વેલો હરિ આજ... શું કઇયે.

(૧૨)

ના'વ્યાં ના'વ્યાં હજીતાં દિનોનાથ, આશા અમને દઇને રે,
એવા અબોલે ગયા છે દિનોનાથ, અંતુરની અમને કહીને રે૦
હું જોતી, વા'લા તારી વાટ, વેરાગણ થઇને રે,
જેના પિયુ ગયા છે પરદેશ, અંતરની અમને કહીને રે૦
મારાં કયાં છે આશા ગોરી રાગ, મધુરી બંસી લઇને રે,
હવે વનમાં કરું છું ઉદાસ, હાથમાં જંતર લઇને રે૦
હું ભરી લાવું પાણીડાંની હેલ, જમનાજીમાં જઇને રે,
પછી તમને નવડાવું દિનાનાથ ચરણુંમાં આધિન થઇને રે૦
જીવણ કે શોક તણો સંતાપ, પાડોસણ મેણાં બોલે રે,
નણંદી છે નાના બાળ, સાસુડી સંતાપે રે૦
જીવણ કે દુઃખડાની વાત, મારા વાલા સંભળાવું તમને રે,
તમે ગિરિધર નવ જાણી મારી લાજ, શું ઠબકો દઇએ તમને રે૦

(૧૩)

આવીને ઉકેલી જાજો સામળિયા સુધારી જાજો,
        કરશન મારું કાજ સુધારો (ટેક)
સતજુગને દ્વારાવારી જુગ, ત્રેતામાં તમે લીધા'તા તારી.
હવે આવ્યો કળજુગ એક બુરો, કરશન મારું કાજ સુધારે-૦
ભીડવું પડશે આવતું જોશે, ધણી વિનાનું ઘર કોણ લેશે,
એ રાયાં ગાડાને ઉખેડી જાજો, કરશન મારું કાજ સુધારી જાજો-૦
ખજાનામાં ખોટયું પડી કયાં ગયાં હજારું હાથ,
અમે ભીડમાં ભેરાણાં કરશન મારું કાજ સુધારી જાજો...૦

દાસી જીવન ભીમને ચરણે, અને ચરણ ગળામાં તમારો,
ઓરે એને તો ઉગારી લેજો, કરશન મારું કાજ સુધારી જાજો...૦

## કટારી

(૧૪)

કલેજા કટારી રે ગ્રહની કટારી રે,
મારી મુને માવજીડે (ટેક)
વાલે મારે વાંભુ ભરી ઘા કર્યો બળ બહુ કરી,
ભીતર ઘા છે ભારી રે... મારી ૦
જડીબુટી ઓખદ મૂળી કેનીએ ન લાગે કારી,
વૈદ ગીયા હારી રે... મારી ૦
વ્રેહતણી વેદના ભારી ઘડીક ઘરમાં ઘડીક બારી,
મોટુંમાં મોરારી રે... મારી ૦
ભેટયા ભીમ બ્રહ્મચારી જીવણ તો છે દાસી તારી,
ખબર લ્યો હમારી રે.... મારી ૦

(૧૫)

પ્રેમ કટારી આરંપાર નિકસી મેરે નાથકી,
ઓરકી હોય તો ઔષધ કીજે, આ તો હરિ કે હાથકી. (ટેક)
ચોધારીનો ઘાવ ન સૂઝ, જો જોયે કોણ જાતકી,
આંખ મીંચી ઉઘાડી જોયું, વાર નો લાગી વાતકી... પ્રેમ ૦
સઇ, જોયું મેં શામળા સામું, નિરખી કળા નાથકી,
વ્રેહને બાણે પ્રીત્યેં વીંધ્યા, ઘાવેડી બહુ ઘાતકી... પ્રેમ ૦
ઔષધ બુટી પ્રેમની સોઇ, જો પીવે એક પાતકી,
રાત દિવસ રંગમાં ખેલે, રમતું ઇ રઘુનાથકી... પ્રેમ
દાસી જીવણ ભીમ પ્રતાપે, મટી ગઇ કુળ જાતકી,
ચિતડાં હર્યાં શામળે વાલે, ધરણીધરે ઘાતકી... પ્રેમ ૦

(૧૬)

મતમારો રે મત મરો, રામ નૈણાની કટારી. (ટેક)
એસી કટારી મારાં તનમન વીંધ્યાં,
ઠીક તો કલેજા બીચ ઠેરી રે... રામ ૦
જડીબુડીનું તેમાં જોર નવ ચાલે,
ધન્વંત વેદ ગ્યા છે હારી રે... રામ ૦

જગના જીવન સાથે જોર નવ ચાલે,
        કેનીયે નવ ચાલે કારી રે... રામ ૦
દાસી જીવણ સત ભીમકાં ચરણાં,
        ઓલીયો મળ્યો છે અવતારી રે... રામ ૦

(૧૭)

યાર બે કટારી પ્રીતમની લાગે પ્યારી,
        હો ગિરધારી રે, પણ વ્રેહની તો કટારી

સાખી :કાં તો કોક કરામત કરી, કાં નશાં જાદુગર જાણ,
        કાં તો કોક મંતરપઢી, અમને માર્યા મૂરછાનાં બાણ,
        કાં તો ઉંચ પાડાં અમલ આણીયાં, કાં જાદુ વિદ્યાવંત જાણ,
        કાં તો કોક કામણ કરી, અમ પર ચલાવ્યાં સારંગ પાણ,
        એસી કળા અમ પર કરી, લટકે પ્રીત લગાડી,
        બીજું બળ સખી શું કહું, નાથજી લાગે થઇ છું નારી.

સખી :દેખો કળા દેવકી, કૃપા ગોપી સંગ ખેલે કાન,
        ખુલ ખ્યાલક કો ખેલનો, એસો ત્રિકમ લાયો તાંન,
        પ્રીતમ પાયો પ્રેમ રસ, આગે હતી અટારી,
        મરવાળે લઇ મારી મુને, કનક કલેજા બીચ કટારી.

સાખી :તકક ભઇ તા. દિનકી, છૂટી કલપના કામ,
        પંપાળ સર્વે પરહરી, મારે હરદે વાલા રામ,
        નેહ લાગ્યો દીનાનાથ સેં, ચટક ગઇ ચોધારી,
        સાન કરી મુને શામળે, બોલાવી વ્રજથી બારી,

સાખી: નેહ લાગ્યો દીનાનાથસેં, અધ ઘડી રહ્યો ન જાય,
        સખી કે'જો મારા શામને, લગારેકમાં શું લોભાય,
        પ્રીતમ પાયો પ્રેમરસ, પ્રીતમ પ્રેમે શું બોલાય,
        મીઠાજી વીનાં મનવો મારો, નલપ તલપ બહુ થાય,
        તલપ તલપ બહુ થાય, વેર વેર જાઉં બલિહારી
        દાસી જીવણ ભજે ભીમને, હરિ જીત્યાને હું હારી

## ઉપદેશ

(૧૮)

અવસર બોત ભલો તેરા આયો,
તુંને રસના દઇને રમાયો,
કાં તે પૂરવની પ્રીતે પાયો.
સેવાને સમરણ બંનગી બહુ કીદી, જીભ્યાસે રામ જપાયો હેજી,
તીરથ વ્રત દાન બહુ દીધાં, કાં તું નીર ગંગાજીમાં નાયો.
કાં ભજને, કાં કોક ભાગ્યે, કાં તે જોગ કમાયો હે જી,
કાં તુંને નાથે નવજીને મેલ્યો, કાં તે નિરભે શીશ નમાયો.
આપણે જન્મ્યા સો પણ જાગતા, જાશે આપણો જાયો હે જી,
છેલ્લે નહીં કૂવા કેરી છાયા, એમ સમજ સમજ સમાયો.
આદિ અનાદિ એક રંગ રેણાં, લે શીતળ વનનો છાંયો હે જી.,
ભીમ ભેટયે મુને ઇ ગમ આવી, તેરા દાસી ગુણ ગાયો.
અવસર બોત ભલો તેરો આયો.

(૧૯)

આ જીવન જાશે તે તો નશાંએ જાણજો.
રૂદે રવિ ઉગે રે મેલી ઘો તાણમતાણ... આ જીવ. (ટેક)
ભાણને તો ભલો ભેદ લાધ્યો આપે હતો લુવાણો,
જરા મરણનો જોખો મટીયો આપે સાહેબ કે'વાણો,
જેની નશા નાભીએ તેને કેમ થડકે થાણો... આ જીવ.
ખીમ સાહેબને ખરી ખબર છે આપે આપ ખોળાણો,
ત્રિકમસાહેબે તાર આણ્યો કયાંય નથી રૂંધાણો,
કબુદ્ધિ સર્વે કાપી રે અક્ષર એક લખાણો... આ જીવ.
રવિસાહેબ તો રંગભર ખેલ્યા, જેનો ઠીક નશાં ઠેરાણો,
ખરા સિપાઇ થઇને ખૂબ ખેલ્યા પટો અમ્મર લખાણો,
જે કોઇ ભૂલ્યા રામને તેનો નથી થિર કે ઠેકાણો... આ જીવ.
ભીમ સાહેબ તો બ્રહ્મરસ ભોગી જેને દુજો નહિ દરસાણો
ત્રિકમસાહેબ તનમાં પ્રગટયા તેને અલખ એક ઓળખાણો,
સર્વાતર સરખો રે રૈયતને રંગ કે રાણો... આ જીવ.
પાપનો ઘડો ભરાણો તેને કરી દીધો કાંણો,

રાખણહારો રાખશે જેમ આંધણમાં ઓરાણો,
દાસી જીવન કહે છે કે ગુરુજી એમ ચરણે આણો... આ જીવ.

(૨૦)

ઉઠી રામકૃષ્ણ મુખ રટ રે,
શું રે નર, સૂઇને રિયો છો રે.
કાયા પાણીનો પરપોટડો, ફૂટી જાશે ફટ,
જમરા આવશે જોરમાં ગળી જાશે ગટોગટ.... ઉઠી.
લાખુંની માયા લાંપડા જેવી, ઘડી જાશે ઘટ,
તલ જેવડો પડશે તિખારો, સળગી થાય ચાવડ ચટ...ઉઠી.
આગુંની કમાઇ એવી હતી, પામ્યો હિંડોળા ખટ,
પુન્ય કરશો તો પામશો, રાજા ધરમને હટ... ઉઠી.
જમરા જોરો શું કરે, કુળનો દાવો મેલ્યો કટ,
દાસી જીવણ ભજે ભીમને બાંધી લાલન સાથે લટ,
ઉઠી રામકૃષ્ણ મુખ રટ રે.

(૨૧)

કર મન ભજનનો વેપાર, ધણી તારા નામનો આધાર,
બેડલી ઉતારો ભવપારજી.
સરોવર જયારે ભર્યાં હતાં, ત્યાં પહેલી ન બાંધી પાળજી,
આગળ નીર સુકાઇ ગયાં, ત્યારે હાથ ઘસે શું થાય.... કર
શેરી લગણ સુંદરી, ઝાંપા લગી મા-બાપજી,
તીર્થ સુધી બે બંધવા, કોઇ ના'વે તારી સાથે ... કર
હાડ જલે જેમ ગાંસડી ને કેશ જલે જેમ વાસજી,
કંચન સરખી કાયા જલશે લાગે નહિ પળવાર... કર
આ રે કાયામાં કોણ સૂવે, કોણ જાગે, કોણ ચોકીદારજી,
સુરત જાગે નૂરત ઉંઘે ને ચેતન ચોકીદારજી... કર
હું -મારું મૂકી ઘો ને ખોટો આ સંસારજી,
દાસી જીવણ એણી પેરે બોલ્યા, પૂરો મનનો કામ... કર

(૨૨)

કેમ તરશો તમે કેમ તરશો,
અજ્ઞાની નર અંધારે તમે કેમ તરશો ? (ટેક)

કથા ને કીરતન કેદી શ્રાવણે ન સુણિયાં,
ભાંડ ભવાયા ભેળાં જઇ ભળશો... અજ્ઞાની.
પુણ્યને નામે કદી પાઇ ન વાવરી,
પાપ તણાં રે પછે ડગલાં ભરશો... અજ્ઞાની.
ઘરની પ્રિયાનો સંગ તજીને,
પારકી નારીની તમે આશા કરશો... અજ્ઞાની.
દાસી જીવણ કે દિલમાં વિચારો,
કર જોડીને પછે અરજું કરશો... અજ્ઞાની.

(૨૩)

ગુણ માથે અવગુણ ફેરે પાણી,
એવી કળી યુગ નિસાણી રે નિસાણી રેજી. (ટેક)
સતગુરુ માતમ મહિમા તરણા ને તોલે,
ગુરુની મરજાદા લજ્યા નાણી... એવી.
સતગુરુ સેવા છોડી પાખંડ પૂજે, મિથ્યામાં જગત મોરછાણી... એવી.
કરણ કગાની બુદ્ધિ બગાની, વૈખરીયેં વરવી વાણી... એવી.
ગળા સવાદે ગાવાને શીખે, સમજ્યા વીના ચારે ખાણી... એવી.
ત્રિવિધી તાપમાં ત્રણ લોક તપે, કરી કમાણી ધૂળધાણી...એવી.
દાસી જીવણ સત ભીમને ચરણે, સમરી લે સારંગપાણિ... એવી.

(૨૪)

ચેતન, ચેતજો રે, આવ્યો મનુષા જનમ અવતાર,
સમરણ કર, જીવડા રે, પ્રભુને ભજો તો ઉતરો પાર.
દૂધ પુત્રને બાંધવ બેની, ધીરે સકળવંતી નાર,
હરિ ત્રુઠયાનાં એ ફળ પામ્યો, જમવા આપી ઝાઝી જાર... ચેતન.
સેજ તળાયું ને અવલ ઓશીકાં, માયાનો નહીં પાર,
આંયાનું હશે તારું આંયાં રે’શે લેવાનું નથી લગાર... ચેતન.
હરિનામનું હાટ જ માંડો ને ભકિતનો કરોને વેપાર,
વિઠ્ઠલ નામની વસ્તુ વેરોને, તોલાં મેલો ટંકશાળ... ચેતન.
ધીરપની તમે ઢાલું બાંધોને, સતની બાંધો તલવાર,
શીલ સંતોષનાં બખ્તર પેરો ને માઇલા કાળિંગાને માર... ચેતન.
કાયા કાગળ કેરી કોથળી ને ભરિયો લોહા કેરો ભાર,

ભવ રે સાગરમાં બેડી બૂડવાને લાગી, ગુરુજી ઉતારે ભવપાર... ચેતન.
દેવાય તો, માઇ અન્નદાન દીજે ને ભર્યો રહે ગરથ ભંડાર,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, સતવચન સરદાર... ચેતન.
ચેતન, ચેતજો રે, આવ્યો મનુષા જન્મ અવતાર.

(૨૫)

જીવન મુગ્તા જેને સંતો જાણીયે, પ્રીતુ ગુરુજીસે પાળે,
શબ્દ વિચારી મહાસંતને સેવીએ તો,
ત્રિગુણી ફાંસી લઇ ટાળે રે... (ટેક)
જાણ્યું જગતમાં જોગીડા જીત્યા રે, જ્ઞાનમાં આપું લઇ ગાળે રે,
શબ્દોનું ચસમું તુરત ચડાવીને, ચડે માયલે માળે રે... જીવન.
સહુમાં હાલે ને સહુમાં માલે રે, ખેલે મર રંગ રસાળે રે,
વળગે નહિ વાંકું કછુવે વિકારા રે, ઘાત હેમની ઢાળે રે... જીવન
આતમ દરશી એમ જ ઓળખો રે, એક ભરોસો ભાળે રે,
રેવે દેહીમાં ને ખેલે વિદેહીમાં રે, ખેલ મરજીવા ખાળે રે... જીવન.
જીતી જાણે ને મહારસ માણે રે, આઠે પોહોર અજવાળે રે,
દાસી જીવન સત ભીમ કેરાં ચરણાં રે, પ્રેમ ઠેયાં એક થાળે રે.
જીવન-મુગ્તા જેને સંતો જાણીયે.
દાસી માથે શેખો છે દાવો, મંદિર મારે કેમ ના'વે માવો,
આવડો શેનો અભાવો રે, ઓધા મંદિર આવજો.
દાસી જીવણની ભાંગી ભ્રાંતું, ભીમસાહેબે દીધી દાંહીતું,
ત્યારે વરસી'તી સુવા'તું રે, ઓધા મંદિર આવજો.

(૨૬)

રામને ભજી લે, સીતારામને ભજી લે,
રામ ભજયે તારાં કારજ સરે, અવિચળ પટો છે.
આ કળજુગની કૂડી માયા, સામળો, સગો છે,
અંતવેળાનો એ ધણી, ભજ તો ભાંગે ભે. -રામને ૦
ધરમના કામમાં ઢીલ ન કરવી, દેવું હોય તો દે,
પછે તારાં દૂર પરિયાણ, લે, બાવાજી, લે. -રામને ૦
સંત બોલાવે ત્યાં ચાલતો નથી, કયે છે કામ છે,
માર પડે ત્યારે મોર્ય ચાલે, વેઠે ભાર વે.-રામને ૦

બળ કરીને બોલતો પ્રાણી, મોટી હતી મે,
જમરે આવી ઝાલિયો ત્યારે, હારી દીધી હે.-રામને ૦
હાલત ચાલત ઉઠત બેસત કૃષ્ણ કૃષ્ણ કે,
સાંજ સવેરા, ખરા બપોરા જે ગોવિંદા જે.-રામને ૦
તું તારું તપાસી જોને, બાર કાં ભાળ બે,
દાસી જીવણ ભીમને ભજો, સબળ સારું છે,
રામને ભજી લે, સીતારામને ભજી લે.

(૨૭)

સમજ સમજ મન સોઇ નર ઘેલા, આવ્યો તારો વાયદો અડેકડે(ટેક)
રામનામકી છડીયું ચાલે, સિંચાણા આસમાન ચડે,
પલમાં જીવને પકડી જાસે, જેમ તેતરમાં બાજ પડે-સમજ
સોના સરખી રૂપા સરખી, પર નારી સે પ્રીત કરે,
એવા દાગીગલ દિલમાં રાખે, અંતે જીવને આડાં ફરે-સમજ
સતગુરુ કેરા શબ્દ ન માને, ધારણ વિના કેમ આવે ધડે,
ઇ વાતું છે અગમ અગોચર, જુગટીયાને કેમ જડે-સમજ.
જગજીવન સે જગડો લાગ્યો, ભૂપ અનેરા જઇ ભડે,
દાસી જીવણ ભીમકા ચરણાં, પ્રભુ ભજે તો પાર પડે.-સમજ

(૨૮)

શાને માટે ભજતો નથી, સેજે સીતારામ (ટેક)
આર રે કાયામાં શું છે, હાડકા ને ચામ,
તેમાં તું શું મોહિ રીયો, વીખીયાનું ઠામ... શાને. ૦
ધાઇ ધૂતી ભેળુ કીધું, દાટી બેઠો દામ,
બાપ દાદા ચાલ્યા ગિયા, કેને ના’વ્યુ કામ... શાને. ૦
આંયા તારો હુકમ હાલે, પછે થાઇસ ગુલામ,
બાજીગરનો વાંદર સરજીસ, ભરીસ સલામ... શાને.૦
આંયા તારો હુકમ હાલે, પછે થાઇસ ગુલામ,
બાજીગરનો વાંદર સરજીસ, ભરીસ સલામ... શાને.૦
પાપની તેં પાળુ બાંધી, પુન્યનું નહિ નામ,
સંતોની સેવા ન કીધી, હૈયે રેસે હાંમ... શાને. ૦
હેતે પ્રીતે હરિને ભજો, અખંડ આઠો જામ,

દાસી જીવણ ભીમકાં ચરણાં, નશાં એક નામ... શાને.૦
ગુરૂ મહિમાનાં પદો

(૨૯)

અંજવાળું હવે અંજવાળું
ગુરુ, આજ તમ આવ્યે રે મારે અંજવાળું
સતગુરુશબ્દ જયારે શ્રવણે સુણાવ્યો,
ભેટયા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું... ગુરુ
જ્ઞાન ગરીબી, સંતની સેવા,
ભેટયા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું.... ગુરુ૦
ખીમ ને ભાણ રવિ રમતા રામા,
તેજ તત્ત્વમાં, ગુરુ તમને ભાળું... ગુરુ
દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
અવર દૂજો ધણી નહીં ધારું... ગુરુ

(૩૦)

આ જીવ જાસે રે, તે તો નશાંયે જાણો,
રૂદે રવિ ઉગેરે, મેલી દિયો તાણમ તાણો... (ટેક)
ભાણને તો ભલો ભેદ લાધ્યો, આમેં હતા લુહાણો,
જરા મરણનો જોખો મટિયો, આપે સાહેબ કે'વાણો,
જેની નશાં નાંભેરે, તેનો કેમ થડકે થાણો... આ જીવ ૦
ખીમ સાહેબને ખરી ખબર છે, આપે આપ ખોળાણો,
ત્રિકમ સાહેબે તાર આણ્યો, કયાંઇ નથી રુંધાણો,
કુબુદ્ધિ સર્વે કાપી રે, આખર એક લખાણો... આ જીવ ૦
રવિસાહેબ તો રંગભર ખેલ્યા, જેનો ઠીક નશાં ઠેરાણો,
ખરા સિપાઇ થઇને ખૂબ ખેલ્યા, પટો અમ્મર લખાણો,
જે કોઇ ભૂલ્યા રે, તેનો નથી થિર ને ઠેકાણો... આ જીવ ૦
ભીમ સાહેબ તો બ્રહ્મરસ ભોગી, જેને દૂજો નહિ દરસાણો,
ત્રિકમસાહેબ તનમાં રે પ્રગટયા તેને, અલખ એક ઓળખાણો,
સર્વાતર સરખો રે, રૈયતને રંક રાણો... આ જીવ ૦
પાપનો તો ઘડો ભરાણો, તેને કરી દીયો કાણો,
રાખણહારો રાખશે જેમ, આંધણમાં ઓરાણો,
દાસી જીવણ કહે છે રે, ગુરુજી એમ ચરણે આણો... આ જીવ ૦

(૩૧)

આવોને ગુરુજી મારા વેલેરા પધારો રે અનહોહો હોજી રે,
મારી વારું રે કરો વિસ્તારી રે, આવોને ગુરુજી મારા રે... (ટેક)
ઋષિ માતંગને ઘેર પાટ મંડાણો રે, સંતોને વાક દીધાં રે,
વાયક લઇને સંતો પાટે પધાર્યા રે, આવ્યા છે મુનિવર દેવા રે... આવો ૦
રાવળ માલો જેદી ભ્રાંતે ભરાણો એને અંગડે ઓઢી'તો અંધારી રે,
હ'ડને ગુડના હુવા બીજોરા અને ફૂલડાંની છાબું ભરાણી રે આવો ૦
નિંભાડામાં જે દી બચ્ચાં ખડકાણા રે, બિલ્લી રૂવે નિંભાડા બારી રે,
શ્રીબાઇના તે દી બોલ સંભારી રે, તમે બચ્ચાં ઉગાર્યાં મોરારી રે. આવો ૦
જૂનાગઢમાં નાગર નરસી કેવાણાં એની હૂંડી હરિએ સ્વીકારી રે.
કુંવરબાઇનાં વાલે મામેરાં પૂર્યાં, તે દીવાલો બન્યા'તા મોરારી રે,
દાસી જીવણ સંતો ભીમ કેરાં ચરણા, મને દર્શન દિયારે દીદારી રે. આવો.

(૩૨)

ગુરુના ગુણ ગાવતાં રે પ્રતીત, તુને લેતાં ન આવે પાર રે,
નેંચે પરચે અહોનિશ રેવું, આપું તજીને એંકાર... (ટેક)
સાસ ઉસાસે સમ્રણ કરવું, વેલ ન કરવી વાર રે,
સતગુરુને જેણે સાહેબ જાણ્યા, પલમાં ઉતાર્યા પાર... ગુરુના ૦
જનક વિદેશી ગુરુ શુકદેવ ચિન્યા, પાયા હરિના દીદાર રે,
ગુરુજીને પરચે ગુણીકા ઉધારી, નજરું કરીને નિહાર... ગુરુના ૦
નારદની ચોરાશી છોડાવી, જેના ઢીમ્મર ગુરુ મચ્છીમાર રે,
રાજા અંબરીષનો શ્રાપ ટાળવા, ધરિયા દશ અવતાર... ગુરુના ૦
આપું ખોંજીને જો તારા આપમાં, જોજે દશમે દ્વાર રે,
ઝલમલ ઝલમલ જ્યોતિ ઝલકે, અઘર ખેલ નરાધાર... ગુરુના ૦
રામ વિનાં કોઇ કામ નથી, એવી દિલમાં વાત દર્શાણી,
ગુરુજીનાં વચને એ ગમ આવી, સુરતા નામે સમાણી... મારા
સોહમ શબ્દની માળા આપી, નિરભે નામ નિસાણી,
દાસી જીવણસંત ભીમનાં ચરણાં, ઉર આનંદ લહેરાણી... મારા.

## પ્રાસંગિકપદો

(૩૩)

આમ કાં કરો ? તમે આમ કાં કરો ?
આવડા એંકાર્યા તમે ફૂલ્યા શું કરો ?

જગત ભગત મળીને ચોરાશી કાં પડો ?
કયાં હમરાં માનો તો કાંક પ્રભુથી ડરો... આમ
સેવા કરો સંતની કાંઇ દાસ થઇ ડરો,
હાર્યા હાર્યા હરિ ભજો તો કોક દી તરો... આમ
એકમના થઇ  અલખ આરાધો, વાલાને વરો,
મૂળગાં લેણાં માથે છે ને તાવાં કાં કરો ? .... આમ
દાસી જીવણ કે ભીમને ભજો, ઠીક તો કરો,
જરણાવાળો જીતશે બીજો ખમે ઇ ખરો.
આમ કાં કરો ? તમે આમ કાં કરો ?

(૩૪)

એક દાડે જાવું એક દાડે,
આવો મોંઘામુલો મનખ્યો મેલીને જાવું એક દાડે,
ઉછી ઉધરાં તારાં કેટલા દી રડશે રે,
ખોળિયું લીધું છે માગી માંડ ભાડે .... આવો
ઢળીયા ડુંગર તારા ઘર નહિ ઝાલે રે,
બંધ બાંધશે લઇ કાચે નાડે... આવો.
જમરા આવ્યે કે'નું જોર નહિ ચાલે રે,
જનની જોઇ તો રોશે સહુ ફાટે જાડે... આવો.
વોળાવે તુંને ઝાંપલા સુધી રે,
મિતરું મેલીને જાશે ઉજડ પહાડે... આવો.
દાસી જીવણ સંત ભીમનાં શમણાં રે,
હરિનાં વોળાવ્યાં પાછાં કોણ વાળે... આવો.

(૩૫)

એવા શું કરવાં સુખ પારકાં બાઇ! કરમેમાં ડલે હોય તે જ થાય જી.
સામે રે મંદિરિયે મઇડાં રે ઘૂમે, ભુખ્યા તણું મન જાય જી.
દીઠેથી તૃષ્ણા ન છૂટે, પત પોતાની જાય જી... એવાં
પારકો પૂતર પામીએ, બાઇ, પોતા તણો ન કેવાય.
એને હાથે પરિયાં ન પામે, મર કાશીએ જઇ સરાય... એવાં
રૂપ દેખી નવ રાચીયે, બાઇ ! પત પોતાની જાય... એવાં
નબળો સબળો પુરુષ પોતાના, ઇશ્વર કહ્યો ન જાય... એવાં
દાસી જીવણ કે દિલમાં વિચારો, રામને ભજો તો સુખ થાય... એવાં

(૩૬)

કામ છે કામ છે રે, હો મેરમજી મારે તમને કામ છે.(ટેક)
સંસાર દૃષ્ટિએ સાંસો પડયો રે,
ઓરા આવોને હરિ આંયાં તો આંમ છે... હો.
સરવે કાંમ પિયા તમ આવે સીજે,
હુકમ કરો તો હરિ ઓઢયાની હામ છે.. હો.
મહેર કરો તો પિયા મેરા કાંમ ચલના
ઉંઇ તો દાસીનું આડું રે નામ છે... હો.
દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
થાકી વેળાનું મારે હરિ તો તો ઠામ છે... હો.

(૩૭)

તાણીને પ્રીતુ શીદા પ્રોડ, હે મારા શામ, તાણીને પ્રીતું... (ટેક)
ભાંગ્યાં છે પઇ ન ચાલે નિસરણી વાલા રે,
ઘર છૂટીને વેલો ધ્રોડ રે ધ્રોડ મારા
આવું જાણ્યું હોય તો ન કરત નેડો વાલા રે,
નથી મારે ખેતવાડી ખેડ રે ખેડ .... મારા.
એંસી કોરીમાં શું લોભાણો વાલા રે,
નથી જોતી મારે લાખ ક્રોડ  રે ક્રોડ.. મારા
અલપજીવ તારે આશરે આવ્યો, વાલા રે,
બેડીના બંધીવાળ છોડ રે છોડ .... મારા
દાસી જીવણ સત ભીમકા ચરણાં વાલા રે,
નામના નેજા લઇ ખોડ રે ખોડ... મારા

(૩૮)

પડિયાં તમારાં કામ રે, શામળિયા, મારે પડિયાં... (ટેક)
લક્ષ્મીના વર તમે શું રે લોભાણા, વાલા,
દેવા સંતાને હવે દામ રે... શામળિયા
તાંજળામાં તમે નવે નિધિ કીધી, વાલા,
રાંકુંના નિવાજણ રામ રે... શામળિયા.
તમ વિના અમે કેને જઇ કઇયેં, વાલા,
નથી ઠેકાણું દૂજે ઠામ રે... શામળિયા.

દાસી જીવત સત ભીમનાં ચરણાં, વાલા,
પૂરો મારા હૈડાની હામ રે... શામળિયા.

(૩૯)

મેં મસ્તાના મસ્તી ખેલું, મેં દીવાના દર્શનકા,
ખમિયા ખડગ હાથ લઇ ખેલું, જીત તણા અબ દઉં ડંકા... મેં
રા'અંગનમેં વાસ રોપાવું, ધીરપ ઢોલ બજાઉંગા,
નુરત સુરતકા નટવા ખેલે, અભય મોજ લઇ આવુંગા... મેં
પ્રીત પરવાના પટા પ્રેમકા, સંત ચરણરજ મેં રંકા,
કાળ ક્રોધ દુશ્મન કું ડરાવું, સત નામકા દઉં સંકા... મેં
ચરણું તણી ચોહટ લઇ ચાલું, હુકમ ગુરુકા હલાવુંગા,
રામનામકા, અમલ પિલાવું, રસના નામ રટાવુંગા... મેં
બેઠા મોજ લેઉં બંદગીસે, કોટ વસાવું ગુરુ વંકા,
દાસી જીવણ સંત ભીમને ચરણે, મેં સિપાઇ મેરકા... મેં

(૪૦)

રામને ભજી લે, સીતારામને ભજી લે,
રામ ભજયે તારાં કારજ સરે, અવિચળ પટો છે.(ટેક)
આ કળિયુગની કૂડી માયા, શામળો, સગો છે,
સંત વેળાનો એ ધણી, ભજ તો ભાંગે ભે. -રામને ૦
ધર્મના કામમાં ઢીલ ન કરવી, દેવું હોય તો દે,
પછે તારાં દૂર પરિયાણ, લે, બાવાજી, લે. -રામને ૦
સંત બોલાવે ત્યાં ચાલતો નથી, કહે છે કામ છે,
માર પડે ત્યારે મોર ચાલે, વેઠે ભાર વે.-રામને ૦
બળ કરીને બોલતો પ્રાણી, મોટી હતી મે,
જમરે આવી ઝાલિયો ત્યારે, હારી દીધી હે.-રામને ૦
હાલત ચાલત ઉઠત બેસત કૃષ્ણ કૃષ્ણ કે,
સાંજ સવેરા, ખરા બપોરા જે ગોવિંદા જે.-રામને ૦
તું તારું તપાસી જોને, બાર કાં ભાળ બે,
દાસી જીવણ ભીમને ભજો, સબળ સારું છે...રામને

## પ્યાલો

(૪૧)

પ્યાલો મેં પીધેલ છે ભરપૂર, દયા કરીને દીધો પ્રેમરસ પીધો,
નેનુંમેં આયા નૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર... (ટેક)
નૂરત સૂરતની સાન ઠેરાણી રે, બાજત ગગનામેં તૂર,
રોમે રોમે રંગ લાગી રિયો'તો, નખસીખ પ્રગટયા નૂર... પ્યાલો.
સ્થાવર જંગમ જળ સ્થળ ભરિયો રે, ઘટમાં ચંદાને સૂર,
ઘટોઘટ માંહી રામ રમતા બિરાજે, દીલ હીણાથી રીયા દૂર... પ્યાલો.
ભાવે પ્રીતે જેને નર ભેટીયા રે, વરસત નિરમળ નૂર,
જે સમજ્યા સતગુરુની સાનમાં, ભર્યા રિયા ભરપૂર... પ્યાલો.
ભીમ ભેટયાને મારી ભે સરવે ભાંગી રે, હરદમ હાલ હજૂર,
દાસી જીવણ સત ભીમનાં ચરણાં, આયો તેને ચકનાચૂર... પ્યાલો.

## બંગલા

(૪૨)

બંગલા બેશ બન્યા હદ લેશ, વામેં સાહેબજી બોલે... (ટેક)
પાંચ તત્ત્વકી ઇંટ બનાઇ, તીન ગુનકા ગારા,
પચીસ પ્રકારકી પુરણી, પુરાઇ, રેને વાલા ન્યારા... બંગલા.
આ કાયામાં દશ દરવાજા, બીચ પવનકા થંભા,
આવત જાવત કછુ ન દેખ્યા, ઓટી બડા અચભા... બંગલા
ઇંગલા પિંગલા સુખમન નારી, તીનું તાર મિલાય,
નૂરતેં સૂરતેં ગાવન લાગી, રાગ છતીસે લાયા... બંગલા
પૂરા ગુરુ પુરુષોત્તમ મળીઆ, ભીમે ભેદ બતાયા,
દાસી જીવણ કે ભીમનાં ચરણાં, ખોજ ખબર કર પાયા... બંગલા

(૪૩)

રહી જાવ હંસા રહી જાવ પવના, રહી આજુની રાતડિયા,
તારા રે દિલની વણજ વિનંતી, કરી લે હંસાવાતડિયા,
બાંધી કમરને ચાલ્યો રે હંસો, કાયા નગર તરછોડી,
એક સંસારના હુવા સંગા થી, આવો રે આપણ દો જોડી,
સંસારનગરીમાં સુંદરી રે રોવે , અમે રે અબળા ટળવળિયા,

ખાયા પિવા ને લાડ લડાવ્યા, ઝાઝા જતન કરી જાળવિયા,
વાલા મારે મોકલ્યા વિચારીને કેની રે સાથે ભળીયા,
રાખો રખોલિયા ટાંપો પાણતીયો, ઉજ્જડ કરી ચાલ્યો ગામડિયા
દાસી જીવણ ગુરુ ભીમને ચરણે, ફેર વસાવ્યા ગામડિયા.

(૪૪)

સાયાંજીને મળવાને હાલો જાયેં શુનમાં (૨)
સર્વે સાહેલીઓના પહેરી લેને ભગવો ભેખ
સાયાજીને કેજો રે એટલી મારી વિનંતી
પિયુને કેજો રે દાસી તણો સંદેશ રે હાં... સાયાંજી
વીતી હોય એ જાણે, પરવીતીશું જાણે પ્રીત,
કુંવારી શું જાણે પિયુ રે તણો વિયોગ રે... સાયાંજી.
જઇને કેજો રે દાસી તણો રે સંદેશ,
દાસી છઉં તમારી દર્શન કારણ દૂધળી
આ દાસીને દર્શન દ્યોને હંમેશ રે હાં.. સાયાંજી
ભીમ ગુરુ ચરણે દાસી જીવણ બોલ્યા,
દેજો અમને સંતચરણોમાં વાસ રે... સાયાંજી.

(૪૫)

મત કર દિલ પતિયારો, દિવાની કાયા... મત કર.
પૂર્વ દિશાથી આવ્યો એક હંસલો, ને ઘર ઘર ફરે કુંવારો રે જી(૨)
ઇ રે હંસલાને મેં ભૂખ્યો ન રાખ્યો, ભાઇ (૨)
ઘર ખવરાવી દિયો સારો, દિવાની કાયા (૨) મત કર.
અદકું લાવ્યો, ઉછીનું લાવ્યો ને ઘર-ઘર કિયો ઉધારો રે જી (૨)
ઇ રે હંસાલાને મેં ઘણો સંતોષ્યો ભાઇ (૨)
ઘર ખવરાવી દિયો સારો, દિવાની કાયા (૨) મત કર.
કાયા કહે મેં સદા સોહાગણ, એ છે પિયુજી હમારો રે જી (૨)
તુજ સરીખી મેં ઘણી મેળવી, ભાઇ (૨)
ન જોઇ રાત કે દહાડો, દિવાની કાયા (૨) મત કર.
કાયા કહે મેં ઠગ જ પડકયો ને, એ છે બડો ઠગારો રે જી(૨)
તુજ સરીખી મેં સૂતી જ મેલી, ભાઇ (૨)
રમી ગયો પિયુજી પ્યારો, દિવાની કાયા (૨) મત કર.

ઉઠ ગયો કાયા કો કારીગર, બંધ ભયો લલકારો રે જી(૨)
દાસી જીવણ સંતો ભીમકે ચરણે, ભાઇ (૨)
હરિ ભજીને ગુણ ગાયો, દિવાની કાયા (૨) મત કર.

## સાખીઓ

(૧) વણ અક્ષરે અક્ષર લખ્યા, વણ લીયેલી,
જીવણને ભીમ ભેટયા, રાતમાંથી થયો દી-૧
(૨) નાનક સખી સાન લખી, પ્રેમી સાથે પ્રણામ,
જઇ દેજો જીવણદાસીને, ઘોઘાવદર ગામ-૨
(૩) જીવણ જગમાં જાગિયા, થયા નરમાંથી નાર,
દાસીપણું દર્શાવ્યું, રાધિકાનો અવતાર-૩
(૪) ભીમ સાહેબ વસ્યા આમરણમાં, એકલશૃંગીનો અવતાર,
જ્ઞાતિ ગરવા તણી, તમો અધમ-ઓધારણહાર
(૫) જીવણ જ્યોતું જાગિયું, ભીમ પ્રગટયા ભાણ,
દાફડા ઘેર હુવો દીવો, જીવણ પંડે જાણ
(૬) જીવણ જીવણ જગ કહે, જીવણ હંસા પરાણ,
નિરખતાં નૈણાં ઠરે, સતગુરાંની આણ.
(૭) દિન આંબલીએ દાયરા, કાસીરા ઠણકા થાય,
તણ પાદશાહી જગા તણા, જીવણ મોહોલ જમાય.
(૮) આંબલી તું અણોસરી તુંને કહું વનરાય,
આ જગમાં જીવણ સમો, મેમાન મળશે નાંય.
(૯) રાજા પરજા રાળ કર્યા, આરબને અહરાણ,
ડહાપણ અમે શું દાખીયે, જીવણ પંડે જાણ.
(૧૦) ક્રોડો મર ભકિત કરે, કેહવાસેં કઇ,
જગમાંહિ જીવણ તણું, નખતર આવે નંઇ.

# ◈ પરિશિષ્ટ-૬ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ અક્કલદાસની ભજનવાણી

(૧)

ગુરુ બાલકના વચનને પૂજે, દિલની વાતો કેને દઇ દૂજે,
પ્રેમી મળે તો પ્રેમને પૂજે, સાચવાળાને આ માર્ગ સૂજે.
અવિનાશીની જેને સાધના આવે, લાભ લક્ષ્મી ઘેર બેઠાં આવે,
ભકિત કરે પ્રેમને ભાવે રે, તો નામ વાળાને કદી તૂટો નાવે.
જુગના જીવનને હું તો હાલું જોતી, જોયા પુસ્તક પાનાં પોથી,
મરજીવે નર લીધા મોતી, ઓમ કાયામાંથી ગુરુ લીધા ગોતી.
તેત્રીસ માયલો જીવ નહીં ટૂટે, કડિયાં જ્ઞાન ઠાલાં મર ફૂટે,
સંત સેવે તો ચોરાશી છૂટે, ખસ સેવક નહીં ખૂટે.
ગુરુના વચને મને પ્રેમ વ્યાપ્યો, તેજ ધૂણીનો તારો સેવક તાપ્યો,
અમર બોલ મારા ગુરુજીએ આપ્યો. થાનમાં દુવારો થાપ્યો.
રામ નામની થઇ છે આનંદ લીલા, મળ્યા સંત મારે નિત્યના મેળા,
સિદ્ધા અકકલદાસ થયા ચેલા, તો સતગુરુ ભીમ વચને રે'જો ભેળા.

(૨)

ત્રિકમસાહેબને તીરે, વૃક્ષ મૂળનો વધતો વેલો રે,
ઉલટ આણી અંગમાં વસ્યા, દયા કરી દિલમાં વસ્યા,
ત્રિવેણીને રિયે છે તીરે, ખરેખરો ભેખમે ખેલ,
ફળ અમૃત કોકને મળે, સાયર સંત કદીના છલે,
જીત અજીત અખંડ જોગી, બીજા ભેદ વિનાં ભલે ભજે,
ગગનમંડલમાં રહે ગેબી, વહાં હોઠ જીભ્યા નહીં હલે,
દાસી અક્કલ ભીમ ત્રિકમ દેખ્યા, પિયુજીને વળગીયે પલે.

(૩)

મારા રામ પ્રાણિયા રે, મારા પ્રેમ પ્રાણિયા રે, તારો નેઠ નગરમાં છે,
તારો ભવસાગરમાં છે, મારા પ્રેમી પ્રાણિયા રે, તારો ધણી નગરમાં છે,
દશ દરવાજે હાટ હવેલી, ધરું દિપક માંય દરિયા,
નવસો નવાણું નહિં નાળવાં, દિલ ભીતરમાંય દરિયો,
દશ દરવાજા, લાખો ખડકી, પચાસ કરોડ માંય પ્રેમી રે,

અરબત પરબત વસે અવેલિયો, લાખુ છે માંય નીમાધારી રે,
અઢારભાર વનસ્પતિ મોરી, દાડમ લીંબુ એમાં લટકે,
ચંદ્રમાંથી તેજ અપાયા, જળહળ હીરલા જળકે
તેંત્રીસ કરોડની દેવ કંસારી, સોળ પુરુષ માંય સાચા રે,
અનહદ હંસો માંય તાલ મિલાવે, નવસો પાતર નાચે રે,
હાથ ગાંધીને હીરલો લાધ્યો, જોનારાને જડશે રે,
માલ ધન ને ખૂટે મૂડી, વીરા વિપત નહીં વરસે છે,
સિદ્ધા અક્કલદાસ ભીમને ચરણે, મથનારાને મળશે રે.

# ◈ પરિશિષ્ટ-૭ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજનવાણી:

## કરમણ ભગતનાં પદો

(૧)

ભીતર સતગુરુ મળિયા, બેની ! મુંને ભીતર સતગુરુ મળિયા રે,
વરતાણી આનંદ લીલા : મારી બાયું રે...
કોટિક ભાણ ઉગિયા દિલ ભીતર, ભોમ સઘળી ભાળી,
સૂન-મંડળમાં મારો શ્યામ બિરાજે,
ત્રિકોટી મેં લાગી મુને તાળી : મારી બાયું રે...
બેની ! મુને ભીતર સતગુરુ મળિયા રે,
ઘડી ઘડીનાં ઘડિયાળાં વાગે, છત્રીશે રાગ શીની,
ઝળકત મોલને ઝરૂખે જાળીઆં,
ઝાલર વાગી ઝીણીઝીણી : મારી બાયું રે...
પ્રેમ પૂતળી સિંગાસણ શોભતી, નેણે નિરખી-નિરખી,
અંગનાં ઓશિકાં ને પ્રેમનાં પાથરણાં,
ગુરુજીને દેખી હું તો હરજી: મારી બાયું રે...
બાવન બજારૂં ચોરાશી ચોવટા, કંચનના મોલ કીના,
ઇ મોલમાં મારો સતગુરુ બિરાજે,
દોય કર આસન દીના : મારી બાયું રે...
સતનામનો સંતાર લીધો, અને ગુણ તખત પર ગાયો,
મોરાર ચરણે કરમણ બોલ્યા,
ગુરુજીએ ગુપત પિયાલો અમને પાયો : મારી બાયું રે...

(૨)

નાઇ ધોઇને કરે અસ્નાના, માયલાનો મેલ તારો નઇ આવે,
ધ્યાન વિનાનો ધૂન મચાવે, ત્યાં સાહેબ મારો નઇ આવે,
વૈષ્ણવ થઇ વિવેક ન જાણે, નિત ઉઠીને નાવા જાવે,
નટવા હોકર નાચ નચાવે, ત્યાં સાહેબ મારો નઇ આવે,
જોગી હોકર જટા વધારે, કામ ક્રોધ બાવો બહુ લાવે,

ભભૂતી લગાવી ભવ હારે, ત્યાં સાહેબ મારો નઇ આવે,
ભમ્મર ગુફામેં સાધે ગોઢકો, વીર વિદ્યા બાવો બહુ લાવે,
સમાધિ ભાવે કરે સાધના, ત્યાં સાહેબ મારો નઇ આવે,
ધન માલનો કરે ઢગલો, તે પણ તારી સાથે નઇ આવે,
કરમણને ગુરુ મોરાર મળિયા, ગરીબ થઇ ગુરુ ગુણ ગાવે.

# ◈ પરિશિષ્ટ-૮ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ: દાસ વાધા ભગતની વાણી

(૧)

માઇલા શહેરમાં સંધુર નોબત વાગી, મનવા જોને જાગી,
પ્રેમ ચરણ પદ પામી, અજબ વાત છે નથી કાંઇ નાની,
પૂર્વેની ખેડ હશે તેને મળશે, મનવા જોને તું જાગી,
ઓહંગ સોહંગ ધર તેને તાગી, ત્રિવેણીમાં ઝીલમિલ જયોતિ જાગી,
નુરતે સુરતે તું નિરખ લેને જોગી, મનવા જોને જાગી,
ગગનમંડલમેં ખેલે કોઇ નર જ્ઞાનિ, ત્યાં ધ્યાન ધરી લે તું ધ્યાની રે,
દૃષ્ટિમાં ધૂન ઇ તો  નહીં રહે છાની, રે મનવા જોને તું જાગી,
સંતરણ ગુરુ હોય જ્ઞાની, એ પદ મનવા લે ને માની,
દાસ વાઘો રે ગુરુ પ્રેમ કેરી બાની રે, મનવા જોને તું જાગી.

(૨)

ચૂંદડીએ મન મોહ્યાં સખી, અમરવરની ચૂંદડી,
ચૂંદડી ઓઢે તેને આવાગમન નવ હોય સખી,
પહેલા જાુગમાં પ્રહલાદનાં મન મોહ્યાં, સખી,
પાંચ કરોડે સાહેલી મળી, આનંદમંગળ ગાય સખી,
બીજા જાુગમાં હરિશ્ચંદ્રનાં મન મોહ્યાં, સખી,
સાત કરોડે સાહેબલી મળી, આનંદમંગળ ગાય સુખી,
ત્રીજા જુગમાં યુધિષ્ઠિરનાં મન મોહ્યાં સખી.
નવ કરોડે સાહેલી મળી, આનંદમંગળ ગાય સખી,
ચોથા જુગમાં બળીરાજાનાં મન મોહ્યાં, સખી,
બાર કરોડે સાહેલી મળી, આનંદમંગળ ગાય સખી,
દાસ વાઘાને ગુરુ પ્રેમ મળ્યા, ઓઢાડી પ્રેમની ચૂંદડી,
ચૂંદડીએ મન મોહ્યાં, સખી, અમરવરની ચુંદડી.

(૩)

સતગુરુ બીજક વાવિયાં, ભાવે કયારો પવાય,
અનામે છોડ ઉભો થયો, પ્રેમે એની ડાળુ કોળાય,

દયા તણાં ફૂલ લાગિયાં ધર્મે જીંડવું કહેવાય,
રેણી-કરણી રૂ ઉપજ્યાં, નુરતે-સુરતે કંતાય,
ત્રણે દેવ તાણો તણ્યો, કબીરહાથે વણાય,
નામદેવે ભાત પાડી, આ અમુલખા ચૂંદડી કહેવાય,
અખંડ વરની ચૂંદડી, ઓઢે અમર થાય,
દાસ વાઘાની વિનંતી, સાગર પ્રેમતણાં ગુણ ગાય.

(૪)

મુને વાત જડી એક નામી, પ્રેમ મળ્યા જયારે સ્વામી-ટેક.
મીસરી વેરાણી મેદાનમાં ઇ કડી કેરે મુખમાં સામી,
તેની સુગંધ લઇ શ્વાન મોં ચાટે, એના મુખમાં આવી વાની.
વસે વાત એ ચૌદ લોકમાં, નિસાણ ઘરે ઠેરાણી,
ઇ રે વાત પરીવરી આ પિંડમાં, તેમાં હું થઇ છું દીવાની.
નેજા પકડયા નામના, ઇ પાછી ન ભરે પાની રે,
કુડની કમાઇ પાર નહીં પોંચે, સાચની લખો પરવાની.
પુરવના નર ચેતજો એમ કહે સતગુરુની બાની,
દાસ વાંધો સાગર પ્રેમને ચરણે વિરલે વાત માની.

(૫)

મારે દિલે આનંદ બહુ આયા, ગુરુ બૂડતાં ની બાંય જાલો.
નાભિકમલ એ સુરતા ચાલી, ગગન પવન ચલાયા રે,
ઇંગલા પિંગલા સુખમણાં સાધી, ત્રિવેણી તાર મિલાયા રે,
નુર તખત પર નામ નિરંતર, પ્રેમે ભેદ બતાયાજી,
મેરૂ શિખર પર મનવો ચડયો, દેવ તિયાં દર્શાયાજી,
ભીમ, જીવણ, ત્રિકમ સાહેબ, પ્રેમ તિયાં પરખાયાજી,
સતગુરુએ મુને ચરણું માં રાખ્યો, મનવા એક ઘર આયાજી,
દાસ વાઘો સાગર પ્રેમ કેરાં ચરણાં, પુરણ પદવી પાયાજી.

# ◈ પરિશિષ્ટ ૯◈

# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજનવાણી :

## બાળક સાહેબની વાણી

(૧)

સરસ્વતી માત સમરૂં મા શારદા, પાય રે લાગું ગરવા ગુણપતિ,
કુંવરબાઇનાં વાલે મામેરાં પૂર્યાં, મહેતા રે નરસિંહને ગાંઠે મૂડી નોતી,
નાથ નુરિજન તેરા ઘર અકળ હે, માંડ કરીને નર પહોંચ્યા મથી મથી.
ઍંકાર થકી તને અવતાર આવ્યો છે, પાંખું પણ ઉડી શકયો નહીં,
રાતનો દિવસ હાલે પોકારતો, જરા મરણની તને ખબર નથી.- નાથ
ધ્રુવ, પ્રહલાદની સુરતા છે સાચી, ગુનાકા હતી ત્યાં થઇ સતી,
મીરાં તોરલ ને રાણી રૂપાંદે, ત્રણની ભકિત નેશનળ હતી.-નાથ
પાણીની માથે વાલે પાજ તો માંડી, જગડો જીતવા હાલ્યો હનમો જતિ,
રીંછને ભેળા રામને લક્ષ્મણ જતિ, વાળો લાગ્યા તમે સીતા સતિ-નાથ.
ગુરુ મળ્યા મને ગુપત ગેબી, આગળ તણઝી ઓળખાણ હતી,
નથુરામ ચરણે બોલ્યા બાળક સાહેબ, રામના ભજન વિના મુકિત નથી,
નાથ નુરિજન તેરા ઘર અકળ હે, માંડ કરીને નર પહોંચ્યા મથી મથી...

(૨)

ઝીણી માળાનાં ઝીણા મોતી, પ્રેમની દોરીએ હાર પરોતી રે,
સંતો ભાઇ જીણી માળનાં જીણાં છે મોતી રે... (ટેક)
એ રે મોતીનો ગુરુજીએ બંગલો બનાવ્યોજી,
        સુરતાથી હાલુ ગગનમાં જોતી, જીણી માળાના.
એ રે બંગલા પર ધજા ફરું કે જીરે,
        ધજાનું નામ છે ચોટી સંતો ભાઇ, જીણી માળાના.
ઇ રે મોતી ભાઇ કોક નરને મળશે,
        થાશે ગોવંદ કેરી ગોપી, સંતો ભાઇ, જીણી માળાના,
નથુરમ ચરણે બોલ્યા બાળક સાહેબ,
        દશમા દુવારે જઇ સુરતા પોંચી, જીણી માળાના.

(૩)

કદી ના સરે કાજ, કદી ના સરે કાજ,
        સંતો સતગુરુ વિનાં કામ કદીના સરે.
ધન્ય ધનય સોઇ નરને સાચા સતગુરુ મળ્યા.
        ઉંડે દરિયામાં નુગરાં બુડી તો મરે રે... સત.
આ દેહ કેરો ભેદ સુગરા જાણે રે,
        નુગરાં નફળ નર નરકે ઠરે રે.. સત.
સતગુરુ ચરણે બોલ્યા બાળક સાહેબ,
        ગુરુજી મુખમાં મીઠાં મોતી ઝરે રે.... સંત

(૪)

શ્રવણ દઇને સાંભળો તમે, નિમર્ળ નામ નિશાની (ટેક)
નુરતે સુરતે દોનું લિયો રે, આત્મરૂપ ઓળખાય,
સુણો સવાલ બોલે, એક સાંઇકો... શ્રવણ.
બાવન માંહી બોલતો ને, અબોલ બાવનથી બાર,
અબોલ અનામી એક છે રે, પરા ઉપર અપાર... શ્રવણ
શૂન્ય શિખર કેરી ધૂનમાં, ઉન્મુનિ આસન લગાઇ,
અગમ નિગમ કેરી ઓથમાં, કોઇ વીરલા સંત જાઇ... શ્રવણ.
ગુરુ નથુરામની ગાદીએ, બાળકને મળ્યા મન માંહી,
સતગુરુ કેરી શાનમાં પ્રેમ ભકિત થકી શુભ થાય... શ્રવણ.

# ◈ પરિશિષ્ટિ-૧૦◈
# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજવાણી:
## માણંદ ભગતની વાણી

સરસ્વતી માતા સન્મુખ રેવે, લુણીગર લેરૂ લાવે રે,
સ્વામી સૂંઢાળાને સમરીયે તો, પલ પલ દર્શન પાવે રે,
નુરતે સુરતે રે પારસનો પ્રકાશ, પ્રેમી થઇને પરખો રે,
ઓહંગ સોહંગ એક તાર...
મુને સતગુરુ મળિયા સાન બતાવી, ભે ભ્રમણાં ભાંગી રે,
આ દેહમાં અજવાળું દીસે, જોજો સંતો જાગી રે,
આ ઘટ ખોજો રે, પારસનો પ્રકાશ...
ગગન મંડલમાં વાજાં વાગે, રોમે રોમે રણુંકાર,
ત્રિકુટી મહેલમાં ખોલી દે તાળાં, તો મટી જઇ ઘોર અંધેરા,
વાજાં વાગે રે, પારસનો પ્રકાશ...
હંસોને બગલો એક જ રંગના, એક કરી ઓળખાણ,
નીરને ખીરનો કેર નિવેડો, હંસો મોતી માણે રે,
નુગરા નર શું જાણે રે, પારસનો પ્રકાશ....
સતગુરુ બાલક સન્મુખ રેજો, મટી જાવે મનનો મેલ,
દાસી માણંદ કહે દીલમાં સમજો, સમજે એને સહેલ,
ભકિત ભાવે રે છે શૂરા, પુરુષના કામની પારસનો પ્રકાશ...

# ◈ પરિશિષ્ટ-૧૧ ◈
# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજવાણી:
# અરજણદાસની વાણીમાં પ્યાલો

(૧)

પ્યાલો ગુરુએ પાયો ને પીધા ભેળી ખબર પડી,
એવા હજુર થઇને હાલુ રે હરિના નામની હાથે છડી-ટેક
પ્રથમ પ્યાલો સતગુરુએ પાયો, પાયો અમીરસ પલ,
અંતરના તાળાં ઉઘાડયાં ને કુંચી બતાવી દલ,
હૃદયકમળમાં રૂખડું ફુલ, પાંખડિયે ફળ,
એવું અમીરસ ફળ આપ્યું રે ચાખી જોયું તો રકમ જડી.

(૨)

બીજે પ્યાલે બાના તણી ત્રિકમ રાખજો ટેક,
જીવ-શિવનો'તા જુજવા ત્યારે અલખ નિરંજન એક,
જોખો મટાડયો જમરા તણો, વા'લે વડો કર્યો વિશેષ,
એવી દયાળુ મોર છાપ દીધી રે,
વા'લે મારે આપી વડી... એવો પ્યાલો-૦

(૩)

ત્રીજે પ્યાલે તીન ગુન તોળ્યાં, અને તોળ્યાં પાંચે તંત,
જગત ઓધારણ જાદવા તમે શામ ઓધારણ સંત,
નવસે નાડી બોંતેર સો કોઠા, જડયા જકડ બંધ,
એવા કારીગર છે કડિયા રે,
ઘણ એરણ વિના કાયા ઘડી... એવો-૦

(૪)

ચોથે પ્યાલે સતગુરુ મને નાખી રત્નાગર લે'ર
કાળ, ક્રોધ મટાડયા, વા'લે મારે મટાડી મુખડાની વેણ,
નામથી ગોળા ફેંકયા, એવા સતગુરુ બંદા શેલ,
એવા પ્રેમના બખતર પહેરી રે,
ભાલાભાઇ સામે ભળી... એવો-૦

(૫)

પાંચમે પ્યાલે પ્રગટયાં મને સન્મુખ મળ્યાં છે શામ
એકવીસ બ્રહ્માંડની ઉપરે જયાં રણુંકારમાં બોલે રામ,
અંતર ખડકી ઉઘાડી કરીને કીધાં પૂર્વ ખડકીએ પ્રણામ,
એવી ઝળહળ જયોતું ઝબકી રે,
દેખી મેં તો હીરલા જળકી... એવો-૦

(૬)

છઠ્ઠે પ્યાલે સતગુરુ, વળી ભાણ ત્રિકમના ભેદ,
પૃથ્વીમાં કયાંય પહોંચે નહીં ત્યાં વાણી, ખાણીને વેદ,
જાવરલા નર કોક જાણે જેની કળા અકળ છે કેશ,
એવા નુરિજન હીરલા નીરખી રે,
બંબતણી શોભા બત્તી... એવો-૦

(૭)

સાતમો પ્યાલો શરીરમાં જલ વિના પાંચ જતિ,
ત્રાજવાં લઇને તોળજો, મારા રામ શું રાખો એકમતિ,
મુકિત, શુગતિ, મુખે રાખો એક મતિ,
એવા વચન વા'લા રાખો રે,
રાખો હરિશીષ વડી... એવો-૦

(૮)

આઠમો પ્યાલો ઉગિયો મારે સોળે ઉગ્યા સૂર,
ગગનમંડળમાં મેહુલા ગરજે જયાં નામને પ્રકાશ છે નૂર,
અખંડ ધારા વરસિયા મારે ભર્યાં મોતી ભરપૂર,
એવી ઉપત અમને આવી રે,
થાપી ગુરુએ દેહમાં થળી... એવો-૦

(૯)

નવમે પ્યાલે નામની અમને સતગુરુએ આપી છાપ,
જોણીએ (યોનિ) સૌ જન્મ્યા અને અજોણી (યોનિ વગર)
જન્મ્યા આપ.
ઓળે (ચરણે) આવ્યાને ઉગારજો, બાનું જાણીને બાપ,
એવું બાનું ગ્રહીને બેઠા રે ધ્રૂવ,
અમૃત ને અંતરમાં ઘડી... એવો-૦

(૧૦)

દશમે પ્યાલે દેહમાં અમને સતગુરુએ બતાવી સાન,
સ્વર્ગાપુરીની શેરીએ, સાચાં છે સતગુરુનાં ધામ,
અણીકાર ગાદી ઉપરે એક નરા કેવળ છે નામ,
એ નામથી ત્રોટા નાવે રે,
ગુરુએ મારે મારી અડી... એવો-૦

(૧૧)

અગિયારમાં પ્યાલા આગળે મેં કીધી વિનંતી કરોડ,
ચોરાશીના ફેરા મટાડો શામળા રે,
મારી સતગુરુ બંધી છોડ,
કરોડ ગુના કીધા કેશવજી, મારી ત્રિકમ ફાંસી તોડ,
એવા સતગુરુ ખાનને સ્મરી રે,
રાવું કરે પાયે રડી... એવો-૦

(૧૨)

બાર મે પ્યાલે તખત બેઠા, નોખા નથી દીનાનાથ,
જાળી અજાળી ઉતારજો, સતગુરુ રહેનો મારે સાથ,
ઓળે (ચરણે) આવ્યાને ઉગારજો હરિ ગરાવજો હાથ,
એવી મુકિત મેં માંગી રે,
ગુરુજી તમારી નોબત ગળી... એવો-૦

(૧૩)

તેરમે પ્યાલે ત્રિકમજી તમને તમે નર ને નાર,
ઇચ્છે તેને આલજો, ભરજો અખૂટ ભંડાર,
સુખ આપોને શામળા, મારી, પુરો ને હૈયાની હામ,
એવા ભગવંત ભીડે રહેજો રે,
મારી ગુરુએ દેહમાં અડી... એવો-૦

(૧૪)

ચૌદમે પ્યાલે સતગુરુએ કળા બતાવી શાન,
ચિત્રોડ દ્વારો સાહેબ ત્રિકમનો,
એમ ખોળી બતાવ્યા ખાન,
અયોધ્યાપુરીથી આવજો, મારી રંજની બતાવવા રામ,
એવી રામથી લગની લાગી રે,
એમ ઘટોઘટ બોલે ઘડી... એવો-૦

(૧૫)

પંદરમો પ્યાલો પંદર તિથિનો સ્મરે તેને સાંય,
ચૌદ લોક સમજી લેજો, મુળ વચન છે પ્યાલાની માંય,
આ પ્યાલો અમર પુરુષનો, આવ્યો મુત્યુલોકની માંય,
એ પ્યાલો જે પીશે રે, પીશે તેને ખબર ખરી... એવો-૦

(૧૬)

સોળ મતિકા શ્યામ હે, મતિ સોળમાં રામ,
સવા સોળમાં સમજી લેજો, મારે ખરી મૂડી છે ખાન,
રજને ચરણે અરજણ બોલ્યા, જેને લાગ્યાં ગ્રેહનાં બાણ,
એવા નામના બાળ લાગ્યાં રે,
ઘાયલ વસિયલ જીવે નહીં ઘડી... એવો-૦

# ◈ અરજણદાસના પદ-૧ ◈

પ્રેમ કરીને હીર પરખું, મારા નૈનમાં મૂતિર્ નિરખું,
બાવાજવી આતમ ફેરાણા આપના ગુરુખાન મળ્યા મને સતના,
ઉમરા દશર્ન આવે, મોટા મહિપત શીખષ નામાવે,
ગુરુખાન વાડી છે ગતના, તો મને માર્યાં બાણ મહોબતના.
સૂર્યવંશી મૃગ્યા ચંદા, જેણે રોજ આનંદ અખંડા,
એ બાવાજી રોન કરે સારી નતના સડીદાર હજુરી સતના,
ખલકા પહેર્યા વરમંડ ખાના, આવ્યા મોસન ગુરૂના
પહેર્યા વરમંડ ખાના, આવ્યા મોસન ગુરુના વિમાના,
જપ, તપ સર્વે જપના ગુરુ તેજ ધુણી પર તપના,
વિવેકી સાધુ બુદ્ધિવંતા, જેને ત્રણ ગુણ લીધા તંતા.
હઠ સમાધિ હેમંતના, મુને નટ ખેલાવે નતના,
સમરે અરજદાસ સાધુ, મારું બાવા ચરણ દિલ બાંધ્યું,
રોટી પરમારથ રખના, મહા ધર્મ સદાય વર્તના.

# ◈ આરતી ◈

ધજ નેજા ધારી, ધન પરચા ધારી,
ખીમ, ભાણ, ત્રિકમ, ખાન, રવિ મોરારી,
આદ્યશકિતએ જુગ ઉપાયો (ઉપજાગ્યો )
ઉપાયા નર ને મારી
જુગ રચાયો ફળ નિપાયો, હુનર કોટ હજારી... ધન૦
એક પલમાં જમીન-આસમાના, કરનવાલા કિરતારા,
જુગ રચાયો, ફળ નિપાયો, ઉલટસુલટ અવતારા... ધન૦
પોકરણ ગઢથી રામ પધાર્યા, શાપુર શહેર સુધારી,
ચિત્રોડમાં આવી ડંકા દીધા, ત્રિકમ લીધા તારી... ધન૦
ગામ રંગ પુર નામ રામગર, સૌગણ (સવૈયા દાદા) ને સુધારી,
અંગ્રેજને પરચા દીધા ભારી, ભારી મેં શોભા ભારી.... ધન.
સાહેબ જીવણને ગુરુ ભીમ ભેટયા, અક્કલદાસ ઓધારી,
હેમ, ખેમ પ્રેમહંસે મુકિત અમારી... ધન૦
બાળક સાહેબને બોલ દીધા, ગુરૂ મળ્યા ગિરનારી,
સમરૂ અરજણ ખાન સાહેબને આરતી ઉતારું... ધન૦

# ◈ પરિશિષ્ટ-૧૨ ◈

# સંશોધનમાં સમાવિષ્ટ સંતોની ભજવાણી:

# પીઠા ભગતની વાણી

(૧)

હંસલા રાજા કાયા પડે તેને વાર નહીં હંસલા,
તો વાટું જોતી તારા વદાડની.
આ રે કાયામાં ઉડણ ઉડ રે હાં...
વાતો કરે વેપારની વેપારની, ચેતવણી તો કેની ન ચાલે,
કારી ચાલે કિરતારની ... હંસાલા.
ભવસાગરમાં રમવાને નીસર્યા હાં,
રમત રમતો નિરધારની નિરધારની,
સારા રમો તો સાહેબની બાજી,
જીતી બાજી રખે હારની... હંસલા.
ધાઇ ધૂતી ધન ભેગું કીધું રે હાં,
માયાનો કોઇ પાર નહીં પાર નહીં,
સગું કુટુંબ તારું વીંટીને બેઠું,
આડુ ફરે કોઇનો ભાર નહીં... હંસલા.
ભુવો તેડાવી જોશ જોવરાવો રે હાં,
ઓસડનો કાંઇ પાર નહીં પાર નહીં,
પીઠો ભગત કહે સર્વે પાપરાં,
હરિ વિના ઓધાર નહીં...હંસાલા.

(૨)

કયાં જઇ રહેશો રાત મારા બાળપણાના સાથી,
રે... જીત હંસલા આતમ જીવડા કયાં જઇ રહેશો રાત... (ટેક)
ગાડું ભર્યું ચંદન લાકડે, ચડવાને ઘોડા ખાટ,
ચાર જણાં તુંને ઉપાડી ચાલ્યા, ખોખરી હાંડીમાં
લીધી આગ-
બેની રૂવે બજારમાં તારી, માતા રુવે ઘર બાર,

એક વિસામો ઘરને આંગણે, બીજો તો ઝાંપા બાર,
ત્રીજો વિસામો ગામને ગોંદરે ચોથો વિસામો સ્મશાન-કયાં.
દોય કરે જોડી પીઠો ભગત બોલ્યા, હરિ વિના
એક ન ઓથ,
રે જીવ હંસલા આત્મ, કયાં જઇ રહેશો રાત-કયાં

(૩)

મારું માનો તો સાન બતાવું, ગરીબ જીતે બીજું કોઇ નહીં. (ટેક)
મોટા થઇને મંડપ કર્યો, ધ્યાન ધણીનું તું કર્યો નહીં.
કોટો આણી ધૂપ કરવા બેઠો, ધૂપ ધણીને ચડયો નહીં -મારું
મૂર્ખા નરને પ્રમોદ આપ્યો, સાન કરી પણ સમજ્યો નહીં,
કો'ક વેણાનું આનું બુંદ પડયું કે ઠીક ઢાળો ઢળ્યો નહીં -મારું
રાજા ગોપીચંદ ગુરુ ભેગા ચાલ્યા, માયામાં મન એનું મોયું નહીં,
રાણીઓ સૌ રુદન કરે છે, પાછું વાળીને જોયું જ નહીં-મારું.
પીઠો ભગત સતગુરુને ચરણે, રામ મજુરી રોકો નહીં,
મારું માનો તો સાન બતાવું, ગરીબ જીતે બીજું કોઇ નહીં-મારું

(૪)

રવિ સાહેબે કિયા બંગલા, ત્રિકમસાહેબે કિયા હે બંગલા,
ઠીક થયા, અજબ બન્યા હે... (ટેક)
વ્યકિતના એંધાણ જોઇ લ્યો, જેણે વચન ઓળખી લિયા,
ઇ વચનની જેણે કિયા જાણી, ઇ પાર પહોંચી ગયા -બંગલા.
ઇ બંગલાને હતા આંડા તાળાં, કુચી ગુરુજીએ દિયા,
નિશા પકડી જેણે નીજ નામની, એના કપાટ ઉઘડી ગયા-બંગલા
આ રે બંગલામાં આવનજાવન, બંગલા બદલી ગયા,
દેહ પડે પણ એના નામ ન જાવે, જેણે અમર પ્યાલા પિયા-બંગલા
બાપુ બાલકસાહેબ બ્રહ્મજ્ઞાની, જેણે નિરભેય નાચ દિયા,
પીઠો ભગત સત-વિશ્વાસી, સદા ગુરુજીના ચરણમાં રિયા. -બંગલા.

(૫)

રામનું નામ મને સાકરથી મીઠું, સીરોળી કેમ ચાવું,
ગુરુ મળે તો મને જ્ઞાન બતાવે, આપે અકલ કયાંથી લાગું - (ટેક)

સંસારીયો છોડી કયાં જીવને જરૂર એકલું જાવું,
મારા મનવા તને સાચી મને સમજાવું સંસારીયામાં -રામ.
સગા કુટુંબ સર્વે વિંટળાઇને બેઠાં, નજર ફેરવું ને બોલાવું,
આમા સગા કે મારી કારી નહીં ચાલે, રામ સંભાળશે
તારી રાવું-રામ
સમશાનમાં જઇને ઘર કરવું, સૌથી ઉંડેરું સમાવું,
આ કાયાની માથે મેલ નો'તો ચડતો, એક દિ ધૂળ ભેગું
ધૂળ થાવું -રામ.
મનવા હું તને કઇ રીતે સમજાવું, માથે જોખો મોટો છે મોતનો,
સતગુરુ ચરણે ગાય પીઠો કે મને જયારે તેડાવો ત્યારે આવું રામ.

(૬)

રામ સમર લે તો કાંઇ ફિકર નાંહી, જન્મમરણ મટી જાવે રે,
વિંધાણાં એટલાં થયાં છે મોતી, અણવિંધ્યાં પથરા કહાવે રે,
રામ ભજે એ માનવી, ગાફલ ગોથાં ખાવે રે, - રામ સમર.
ભૂલવે છે પણ ભૂલીશ નહીં, તને લઇ ધંધે વળગાળે રે,
કરતા હરતા તે છે સ્વમી, સતગુરું કરે તેમ થાવે રે, -રામ સમર.
મોરથી મન તારું માતતું નથી, કહોને પ્રભુ કેવા હશે,
પાંચ તત્ત્વને પડદે રહીને, અવિનાશી ઘટોઘટ બોલે રે-રામ સમર.
પાંચ પુરુષ વસે તારી દેહમાં, તત્ત્વ નજરે મેં આવે રે,
જ્ઞાની થઇને ગોતજો, ગાફીલ ગોથાં ખાવે રે-રામ સમર.
સાત સમુદ્ર ને વચમાં છે બેટ, કેમ કરી દર્શન પાવે છે,
નુરત સુરતના દોર સાંધી લે, તો સતગુરુ નજરેમાં આવે રે-રામ.
દાસ હરિનો સતગુરુ બાલક ચરણે, દાસ પીઠો ગુણ ગાવે રે,
રામ સમર લે તો કંઇ ફીકર નહીં, તેરા જનમભરણ મટી
જાવે રે. -રામ સમર.

(૭)

મેં મારા ગુરુની ગતિ નવ જાણી, સંતો પેદાશ સર્વે પ્રાણી,
અજબ જાતની બાગ બનાવી, અજબ જાતની જાળી,
ગુરુજીએ મારે રચના બનાવી, ફોરું દિયે ફુલવાડી-૦
એક દિ ફુલડાં વેડી લેશે, વેલો-મોડો માળી,
એમાં કોઇક ફૂલ તણી રહેશે વાસના નામ તણી નિશાની-૦

સંત સાધુની કરો ચાકરી તો કાંઇક દેશે નિશાની,
લખી પરવાના મોકલે તો નહીં રોકે દરવાણી-૦
તમારા બાનાનની તમે ટેક રાખો સેવકને સંભાળી,
ગુરુ બાલક ચરણે બોલ્યા પીઠો, હશે આગુતણી ઓળખાણી-૦

(૮)

આજ કળજુગ કુળો ચાલીયો, બે કાંઠાની બહાર રે,
પાપનો પોરો આવીયો, તારા ધરમને સંભાળ રે,
રાજા દંડે, ચોર લૂંટે, વા'રે ન ચળે કોઇ વહારે રે-ગુરુ મારા.
પ્રજાનો કોઇ ધણી ન મળે તે લૂંટાણો સંસાર રે,
હરિ કથામાં હેત નહીં ને, સાંભળે નહીં કોઇ ગીતા રે-૦
ભાંડ ભવાયના ભુંગળ વાગે, રીઝીને આપે ત્યારે દાન રે,
સગા કુટુંબમાં સંપ ન મળે પિયરે ન માન રે-૦
પરણેતર ઘણી શું પ્રીત નહીં ને અવરને આધીન થઇ રે,
પોકારીને કહું છું પ્રાણિયા,જાુઠું નથી લગાર રે,
ગુરુ-પ્રતાપે ગાય 'પીઠો' ઓરે આવિયાને ઉગારો રે,
આજ કળજાુગ કાળો ચાલીયો, બે કાંઠાની બહાર રે,-૦

(૯)

એડા નર ભોગવો માતા ! મોટું ગજું, તારી મોટી મતિ,
સારા નરસા સૌને સંઘરો, જગનું ઢાંકણ છો ધરતી,
રાજા તો બૂડયા મેઘરાજા, તેને માતા ! તું વરતી,
હીરા માણેક મોતી તુજ પર નિપજે, સાગર સાત ચોકી ફરતી,
રમઝમે આગળ જ્યોત જગાવે, હાજમી ડુંગર ઉપર વનસ્પતી.
નવસે નવાણું નદીયું તુજ પર રમે, ગંગા, જમના સરસ્વતી,
જેવા જીવ તેને તેવું ખાવું, જમીન ઉપર જગત રચતી,
જે જોઇએ તે માતા તુજ પર નીપજે, જડીબુટીએ ત્યાં જડતી,
જીવતાં ન જોગવતી સંઘરતી, કેટલાક રાખ્યા જુવતી,
ચાર શપરદાન, બાવન દુવારા, અડસઠ તીરથ તુજ ઉપર થતી,
સોનું રૂપું, ત્રાંબા, પીત્તળ, કથીર લોહા તું કરતી,
તું જ મારગમને તું જ "મા" રૂપ, તું જ જતિ ને તું જ સતી,
ગુરુપ્રતાપે ગાય "પીઠો" તું જ થકી થાય ગતમુકિત.

(૧૦)

જી રે સંતો ભાઇએ વાતું છે જીણીયું, ગોત્યું એણે વિણ્યું,
જડયું એણે વીણીયું, મેરે સાધુભાઇ એ વાતું છે જીણીયું-૦
ખાંડ, કાકરી ધૂળમાં વેરાણી, ગોત્યુ એને વીણ્યું,
હાથી હતો તે હાલ્યો ગયો, ખાંડ ખાઇ ગયું કીડીયું-૦
લોઢા મંગાવો, કુહાડા ભંગાવો, ખબર કઢાવો એનિયું,
મોટા કુહાડા ભાંગી પડયા, લોઢા કાપે સીણીયું-૦
કડી, કાકડી લડવા લાગી, વચમાં સુતર પુણીયું,
તેમાંથી એક રજમો ઉડયો, જુગમાં જ્યોતું એની-૦
સોના ભારોભાર તોરાય ચણોઠી, ધન કમાયું એની,
બાળક પ્રતાપે ‘પીઠો’ બોલ્યા, સ્વગર્ પડી બેડીયું-૦

# ◈ પરિશિષ્ટ-૧૩◈

## ભકતકવિઓની વાણીના કેટલાક શબ્દોના અર્થ

૧. અજપાજાપ- નામનો જાપ મુખેથી કે મનથી પણ થતો નથી અને છતાં પણ શ્વાસોચ્છ્વાસ સાથે અનાયાસ અને નિરંતર થતો જાપ. જીવનની પ્રત્યેક ક્રિયા સાથે સહજ જાપ થતો હોય તે અજપાજાપ.

૨. અનાહતનાદ- અન-નહીં, આહત-આઘાત. જેમાં આઘાત વગરનો નાદ થાય છે.

૩. અલખ- અ-નહીં, લક્ષ્ય-દેખાય તેવું તે નિરાકાર અને અદૃશ્ય છે. અલક્ષ્ય, નિર્ગુણ બ્રહ્મ, ઇશ્વર, 'અલખ નિરંજન' પણ બોલાય છે.

૪. અલખનો આરાધ-અલખની આરાધના કરવી.

૫. ઉન્મુની- મનની ઊંચી અવસ્થા, પ્રશાંત સ્થિતિ, યોગની એક મુદ્રા (નાકના ટેરવા ઉપર નજર ઠેરવી ભવાં ઊંચા ચડાવી કરાતી હઠયોગની ઉન્મની નામની મુદ્રા)

૬. ઇડા- ઇંગલાવાડી, નાકની ડાબી બાજુની ચંદ્રનાડી

૭. કવલીગાય- વાછરુનો જન્મ આપે નહીં છતાં દૂધ આપે તેવી ગાય.

૮. કળશ- પાટની સ્થાપનામાં કળશમાં પાણી ભરી માથે રાખેલ નાળિયેર

૯. કાંકણ- ગુરુબોધ આપે ત્યારે કુંભાનાડાથી જમણા હાથે બાંધવામાં આવતી દોરી.

૧૦.કોટવાળ- પાટનો રક્ષક.

૧૧.ખટદર્શન- ખટશાસ્ત્ર, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશૈષિક, પૂર્વમીમાંસા ઉત્તરમીમાંસા.

૧૨. ગગનમંડળ- ચૈતન્ય આકાશ

૧૩. ગત્યગંગા- મહામાર્ગની જયોતે (પાટે) મળતા જતિસતીના

જમેલા (સંત સમાજ)ને ગત્યગંગા કહે છે.

૧૪. ચૌદલોક-ભૂર્લોક ભૂવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અથવા બ્રહ્મલોક, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ. સમગ્ર બ્રહ્માંડ પહેલા સાત ઊર્ધ્વલોક અને પાછલા સાત પાતાલલોક ગણાય. છે.

૧૫. જતિ-સતી-જતિ-નિજારપંતી પુરુષ સતી-નિજારી સ્ત્રી. (મહામાર્ગમાં સતી પાટની અધિષ્ઠાત્રી તરીકે બીરાજે છે)

૧૬. જયોત- પાટની વચ્ચેનો દીપક, બ્રહ્મજયોત.

૧૭. ઠાકરથાળી- પાટ ઉપાસનાનું નાનું સ્વરૂપ.

૧૮. ત્રિવેણી- ઇડાં, પિંગલા, સુષુમણા નાડી જયાં ભેગી મળે તે સ્થાન

૧૯. ત્રિકુટી- આંખની બે ભ્રમર વચ્ચેનું સ્થાન જેને ત્રિકુટી શિખર કે ત્રિકુટી મહેલ પણ કહે છે.

૨૦. થાત- પાટ ઉપાસનામાં ધરાવતું નૈવેદ્ય.

૨૧. થાવરવાર- શનિવાર

૨૨. દશ દરવાજા- યોગની પરિભાષ પ્રમાણે દશ દરવાજા. ૨ આંખ, ૨ નાક, ૧ મુખ, ૧ ગુદા, ૧ લિંગ, ૧ દૂટી (નાભિ) બ્રહ્મંધ્રનું ઉદ્ગમ દ્વાર. યોગીઓ જેને દશમું દ્વાર (બ્રહ્મરંધ્ર) કહે છે તેનાં કરતાં સંતોનું દશમું દ્વાર તદ્દન જુદું છે.

૨૩. દાસો- દાર્શનિક પાટ.

૨૪. વીસો- ગુપ્તપાટ, જતિ-સતીનો પાટ.

૨૫. ધર-અધર- ધર-પંચભૂતોનું બનેલું શરીર-સ્થૂળ અધર-નિરાલંબ બ્રહ્મ તત્ત્વ-સૂક્ષ્મ.

૨૬. ધ્રુવ- પાટમાં ઉત્તર દિશાનો દીપક

૨૭. ધૂનો- મહાધમર્, ધૂનધરમ

૨૮. નાભિકમળ- નાભિ પાસે જે સૂક્ષ્મ ચક્ર આવેલું છે જેને

યોગમાં મણિપુર ચક્ર કહ્યું છે.

૨૯. નિજાર- કોઇપણ જાતની વાસના રહિત.

૩૦.નામ- સંતો જેને નામ કહે છે એ તો ગુપ્ત છે. એ નામને સંતો ૐ, નિજનામા, સતનામ, એવા નામથી પણ ઓળખાવે છે. બીજી કેટલીક પરંપરામાં ઉનામ કે બ્રહ્મને પણ નામ તરીકે ઓળખાવે છે.

૩૧. નાદ- અવાજ, (કુંડલિની જયારે ઊલટી ગતિએ ઉપર ચઢે છે ત્યારે એનાથી જે સ્ફોટ થાય થાય તેને નાદ કહે છે.) અનાહત નામદના અર્થમાં નાદ છે.

૩૨. નાદ બુંદ- નાદ-ગુરુ શિષ્ટ પરંપરા બુંદ-પિતા પુત્રની શિષ્ટ પરંપરા.

૩૩. નુગરા- જેને ગુરુ નથી તેવા.

૩૪. નુરત સુરત- નિ:રતિ સુરતિ, નુરતા-સુરતા નિ:રતિ ઉદા. સીનતા-સુરતી-તલ્લીનતા (બધી જ અસાર વસ્તુઓમાંથી મનને હટાવી લેવું અને સાર તત્ત્વ-પરમાત્મામાં મનને જોડવું.) નુરત-સુરતની નળીથી સુષુમણા દ્વારા પ્રાણની ઊર્ધ્વગતિ કરી શકાય છે.

૩૫. પરમોદ- પ્રબોધ-ગુરુ જે બોધ આપે છે તે.

૩૬. પિંગલા- નાકની જમણી બાજુની સૂર્ય નાડી.

૩૭. પિંડ- દેહ.

૩૮. પ્યાલો- કોઇવાર ગુરુ અભિમંત્રિત જળનો પ્યલો શિષ્ટને પાય છે.

૩૯. પાટ- દાસો, વીસો, પંજો પાટ ભરાય છે તેનું ટૂંકું નામ.

૪૦. પરભૂડી- પાટ વખત જ્યોત પ્રગટાવવા માટે સૂતરમાંથી બનાવેલી નાની દિવેટ.

૪૧. પ્રગટિયા- પરભૂડીથી મોટી હોય તેવી દિવેટ.

૪૨. બંકનાળ- નાડીનું નામ છે જે બંક/વાંકી છે.

૪૩. બારપોરો- પાટ બારપોટો ભરાય છે. રાત્રી, દિવસ અને રાત્રી પ્રહર માટે પોરો શબ્દ વપરાયો છે. (છત્રીસ કલાકનો પાટ)

૪૪. બીજ- દ્વિજનું જ રૂપાંતર બીજ છે. 'માયલા'ને. અહમ્‌ને મારી નવો જન્મ મેળવવાનું છે. અજવાળી બીજના દિવસે ગુરુ બોધ આપે છે. મહામાર્ગમાં અષાઢી બીજનું ભારે માહાત્મ્ય છે.

૪૫. બીજધર્મ- મહાધર્મ, નિજારધર્મ, અજવાળી બીજ સાથે પાટ ઉપાસના થતી હોવાથી બીજધર્મ કહે છે.

૪૬. બાવન અક્ષરથી બારો- બાહ્ય જગતથી ન્યારો, ગુજરાતી મૂળાક્ષર બાવન છે તેનાથી પર, અવ્યકત ભાષા દ્વારા વર્ણવી ન શકાય તેવો.

૪૭. બંગલો- દેહને આપેલી ઉપામા.

૪૮. મોતી- 'મોતી' રહસ્ય બ્રહ્મ માટે વપરાયેલો શબ્દ છે. જીવ એ હંસ છે, જે મોતીની શોધમાં છે. આ મોતી પિંડમાં જ શોધવાનું છે. (દિલ દરિયામેં ડૂબકી દેના મોતી લેના ગોતી)

૪૯. મોરલો- જીવને આપેલી ઉપમા.

૫૦. મંડપ- નિજારપંથ સાથે સંકડાયેલી ધાર્મિક વિધિ.

૫૧. વરમંડ- બ્રહ્માંડ

૫૨. વાયક- પાટનું નિમંત્રણ (કંકુવાળા ચોખા વાયક તરીકે અપાય છે.)

૫૩. વચન- સંતો જેને વચન કહે છે તે એક રહસ્ય છે. એ વચન અશબ્દ ઉજાસ, મનુષ્યની આંતર ચેતના ૐકાર હોય શકે.

૫૪. વાડીના સાધુ- હરિજન નિજારપંથી પુરુષ.

૫૫. સમાધિ- અષ્ટાંગ યોગનું એક અંગ. ધ્યાન વડે મનનું

સ્પંદન રહિતથવું તે સમાધિ. સંતો મૃત્યુ પૂર્વે મૃત્યુનો સમય આપી બરાબર તે સમયે જ મૃત્યુ પામે તેને સમાધિ લીધી કહેવાય. સંતોના મૃત શરીરને જયાં દાટવામાં આવે તે સ્થાનને 'સમાધિ' સ્થાન કહે છે.

૫૬. સાહેબ- ધણી, પરમતત્ત્વ.

૫૭. સુષુમણા- ઇડા, પિંગલાની વચચેની નાડી.

૫૮. સંખાબોલ- પાટના કોટવાળાને બોલવાનો મંત્ર.

૫૯. સુનમંડળ- ચૈતન્ય મંડળ જેને શૂન્ય-સૂન-સૂનધર સૂનશિખર પણ કહે છે. અહીં શૂન્ય ખાલીના અર્થમાં નથી પણ 'સભર'ના અર્થમાં છે.

૬૦. સોહમ્- તે (બ્રહ્મ કે ઇશ્વર) હું છું.

૬૧. શબ્દ- સંતો જેને શબ્દ કહે છે એ પણ એક રહસ્ય છે. આ શબ્દ જ મૂળ ચૈતન્ય તત્ત્વ છે. આ શબ્દ જ દૃશ્ય-અદૃશ્ય ૐકાર છે. આ શબ્દ જ સકલ બ્રહ્માંડ જાણો, આ શબ્દથી જ દૃશ્ય જગતનું સર્જન થયું છે.

કેમ તરશો તમે કેમ તરશો,